જહાંગીર ગુલામનબી હકીમ

દિવ્ય પ્રકાશ

ઈશ પ્રેરિત સત્ય સનાતન વિશ્વ ધર્મજ્ઞાનની ખંતપૂર્વક પૂર્વાગ્રહ વગર ખોજ કરનારા નૈતિક હિંમત દાખવીને પરમ સત્ય સનાતન વિશ્વ ધર્મનો સ્વેચ્છાએ અંતઃકરણપૂર્વક સ્વીકાર કરનારા અને તેના શિક્ષણ પર આસ્થાપૂર્વક આચરણ કરનારા અને પોતાના આપ્તજનો, સ્નેહીઓ અને અન્યોને સત્ય માર્ગદર્શન આપી પોતાના નૈતિક કર્તવ્યનું પાલન કરનારા

સુજ્ઞ વાંચકોને

સપ્રેમ અર્પણ

આભાર દર્શન

પ્રસ્તાવનાના માનવંત વિદ્વાન લેખક, પુસ્તકના છાપકામ માટે સહાયક સ્નેહી, પ્રકાશક સંસ્થાના માનદ્ કાર્યકર્તાઓ, અન્ય સહાયકો અને શુભેચ્છકોનો અંતઃકરણપૂર્વક આભાર.

- લેખક

VISIT…

LANZAROTE
Caliente.com

૧. આમુખ

પરમ કૃપાળુ અને દયાળુ પરમેશ્વરના નામથી શરૂ કરૂં છું.

આ સૃષ્ટિ, આ બ્રહ્માંડ - પૃથ્વી, આકાશો, અવકાશ, સૂર્ય, સૂર્યમંડળ, ચંદ્ર, તારામંડળ, ગ્રહો અને ઉપગ્રહો, પાણી, વાયુ, વર્ષા, વગેરે કુદરતની કારીગીરીની અદ્‌ભુત નિશાનીઓ છે, અને આ પાંચ - છ ફુટનો માનવી. આ સૌનું આપમેળે સર્જન થયું નથી. તેનો કોઈ સર્જનહાર અને સંચાલક છે. એક યંત્ર પણ પોતાની મેળે બની જતું નથી. તો પછી આટલા મોટા વિશ્વ અને તેના પરિબળોનો સર્જક મહાશતિશાળી હોવો જ ઘટે. તેને કુદરત કહો કે બ્રહ્મ અથવા પરમેશ્વર, ખુદા અથવા અલ્લાહ, God કહો અથવા YAHWAH કહો અહુરમજદ અથવા ભગવાન. નાસ્તિક પણ મરણ પથારીએ તેને યાદ કરે છે માનવીઓ સંકટ, દુ:ખ અને આપત્તિ વેળા તેને જ પુકારે છે. તેઓ તેની યાચના કરે છે જેણે તેઓને પેદા કર્યા છે. આ મહાશકિતવાન કુદરત તે પરમેશ્વર જે પેદા કરે, જીવાડે, પોષે અને મૃત્યુ આપે છે. તેણે તેના આ સર્જન માટે સુવ્યવસ્થા કરી છે. તેણે તેના શ્રેષ્ઠ સર્જન - માનવીના સુખદાયી જીવન માટે તેના ઈશદુતો મારફતે માર્ગદર્શન આપ્યું. આ ઈશપ્રેરિત માર્ગદર્શન - આચાર સંહિતાનું નામ ધર્મ, મઝહબ, અને RELIGION છે.

જગતમાં વિવિધ ધર્મો - ઈસ્લામ, ખ્રિસ્તી, યહુદ, હિન્દુ, શીખ, બોદ્ધ, જૈન, જરથ્રુસ્તી, શીન્ટો - પ્રતિસ્પર્ધી છે. તેમાં સત્ય ધર્મ કયો ?

સત્ય ધર્મ એકજ છે, તે સનાતન અને શાશ્વત છે, તે પરમેશ્વર તરફથી છે, માનવરચિત નથી. સત્ય ધર્મ સુઘડ, શાંતિમય અને પ્રગતિશીલ માનવ જીવનનો પાયો છે. સંસ્કારી અને સભ્ય સામાજિક વ્યવસ્થાનો આધાર સત્ય ધર્મના શિક્ષણ પર રહેલો છે. સત્ય ધર્મ પ્રાદેશિક નથી પણ સમસ્ત જગત માટે છે.

સત્ય ધર્મ સૃષ્ટિના સર્જનકર્તા અને તેના પેદા કરેલ માનવીઓ વચ્ચે આધ્યાત્મિક સંબંધ પ્રસ્થાપિત કરે છે. અને તે માનવીઓના પરસ્પરનાં સંબંધો ન્યાય, પ્રેમ, સમાનતા અને સમાન હકો તેમજ સમાન તકોના મૂળભુત સિદ્ધાંતો પ્રસ્થાપિત કરે છે.

આ ધર્મ આચરણ સંહિતાનું શિક્ષણ ઈશપ્રેરિત ધર્મશાસ્ત્રોમાં છે. માનવ રચિત પોથીઓ, ઈશપ્રેરિત ધર્મશાસ્ત્રોનું સ્થાન લઈ શકે નહી. ધર્મ ગુરૂઓ, સંતો અને ઋષિઓની વાણી ઈશવાણી નથી. માનવવાણી અને ઈશવાણી ભિન્ન છે. સત્ય સનાતન ધર્મનું મૂળ ઈશવાણીમાં છે. જો સંતવાણી ઈશવાણીનું અનુમોદન કરતી ન હોય તો તે ધર્મનું શિક્ષણ નથી. સંતવાણી ઈશવાણી અને ઈશદુતવાણી બંને સાથે સુસંગત હોવી જોઈએ.

સત્ય ધર્મ માનવીના જીવનની વાસ્તવિકતા સાથે સુસંગત આદર્શમય જીવન માટે માર્ગદર્શન પુરૂં પાડે છે. તે માનવીની મર્યાદા, સમજ અને બુદ્ધિને અનુરૂપ

હોય છે. તેમાં સમતુલા હોય છે, સ્વછંદતા, વૈભવ-વિલાસ અને વૈરાગ્ય માનવી જીવનના આદર્શો નથી. સત્ય ધર્મ સામાન્ય માનવીને આ પૃથ્વી ઉપરના સંસારી જીવનમાં પરમેશ્વર પરાયણતા આચરવાનું શિક્ષણ આપે છે. જે ધર્મ માનવીને પરમેશ્વરનો આજ્ઞાંકિત દાસ તેમજ માનવતાવાદી અને સંસ્કારી બનાવે તે સત્ય સનાતન ધર્મ કહેવાય. આવો ધર્મ આલોક અને પરલોકનો સમન્વય સાધે છે.

સત્ય ધર્મ ધિક્કારની ફિલસુફીનું શિક્ષણ આપતો નથી. સમસ્ત વિશ્વ અને માનવજાત પરમેશ્વરનું સર્જન છે. તેમાં માનવીનું ગૌરવવંતુ ઉચ્ચતમ્ સ્થાન છે. તેનું જેટલું ઉચ્ચતમ સ્થાન છે તેટલી જ તેની જવાબદારી પણ છે. તેને તેની જવાબદારી યોગ્ય રીતે બજાવવા માટે પરમેશ્વરે માનવીના માર્ગદર્શન માટે ઈશદુતો મોકલ્યા અને તેઓને ઈશપ્રેરિત ધર્મશાસ્ત્રો આપ્યાં હતાં.

પરમેશ્વર મહા દયાળુ અને કૃપાળુ છે. તે તેના સર્જનમાં ભેદભાવ રાખતો નથી. તે નિર્બળો પર થતા અત્યાચાર અને અન્યાયને સાંખી લેતો નથી. તે તો નિર્બળો પ્રત્યે દયાભાવ અને સહાનુભુતિ દાખવવાનો આદેશ આપે છે. કોઈ માનવી ધર્મના નામે બીજા માનવીને સતાવીને, રંજાડીને અને તેનું શોષણ કરીને પરમેશ્વર સુધી પહોંચી શકતો નથી. અમાનુષી, અન્યાયી, અને અમાનવતાવાદી આચરણ અધર્મ છે; શિક્ષા પાત્ર પાપ છે.

ધર્મનું દૈવી શિક્ષણ ઈશપ્રેરિત ધર્મશાસ્ત્રોમાં છે. પણ જો ધર્મશાસ્ત્રો વિકૃત થઈ જાય તો તેનું અનુસરણ અધર્મ છે. કોઈ પણ ધર્મશાસ્ત્રનો અભ્યાસ કોઈ એક વર્ગનો ઈજારો થઈ જાય અને મર્યાદિત થઈ જાય ત્યારે તે ધર્મનું જ્ઞાન વિકૃત બને છે; અને ધાર્મિક અજ્ઞાનતા અને અંધશ્રદ્ધા નીપજે છે. સ્થાપિત પુજારી વર્ગ લોકોને ગેરમાર્ગે દોરે છે. જનકલ્યાણ માટે ધર્મજ્ઞાન તો પ્રચલિત બનવું જોઈએ.

માનવીની બે મુખ્ય ફરજો છે : પરમેશ્વરની સંપુર્ણ તાબેદારી અને બંદગી તેમજ માનવજાતની સેવા. પરમેશ્વરનો આજ્ઞાંકિત દાસ - બંદો તેની બંદગી કરે અને તેના હુકમો અને નિષેધોનું પાલન કરે તે યથાશકિત માનવજાતની સેવા કરે છે. ધર્મશાસ્ત્રો આ બંને બાબતો વિષે માર્ગદર્શન પુરૂં પાડે છે. પરમેશ્વરે તેના દુતો દ્વારા આ સંદેશ માનવજાતને પહોંચાડયો. ઈશદુતો આદર્શ માનવીઓ હતા. તેમનાં જીવન ચરિત્રો માનવી માટે બોધપાઠ છે. જો ધર્મશાસ્ત્રો અને ઈશદુતોના જીવન ચરિત્રો વિશુદ્ધ ન હોય તો તેનાં અનુસરણમાં માનવી ગેરમાર્ગે દોરાઈ જાય. એટલે કયું ધર્મશાસ્ત્ર અને કયા ઈશદુતનું જીવન ચરિત્ર વિશુદ્ધ છે કે નહી તે જાણવું અતિશય જરૂરી છે. જે ધર્મશાસ્ત્ર વિશુદ્ધ હોય તે ધર્મ સનાતન શાશ્વત, સત્ય અને ચીરસ્થાયી છે. તેમાં સુધારા - વધારાને કશો અવકાશ નથી. જે ઈશદુતોનું જીવન ચરિત્ર ઐતિહાસિક નથી, જે દંતકથા અને પૌરાણિક તેમજ કલ્પિત વાર્તાઓ પર આધારિત હોય તે આધારભુત અને સત્ય હોઈ શકે નહી. તેથી તેનું જીવન ચરિત્ર માનવીના આચરણ માટે આદર્શ થઈ શકતું નથી.

એક પરમેશ્વરની આસ્થા, તેનાં હુકમોનું પાલન અને ફકત તેની જ બંદગી

જે ધાર્મિક સંપ્રદાયોમાં થતાં નથી તે ધાર્મિક સંપ્રદાયોના અનુયાયીઓ સત્યનું આચરણ કરતા નથી. આવા ધાર્મિક સંપ્રદાયો માનવ પ્રેરિત છે, ઈશપ્રેરિત નથી. આવા ધાર્મિક સંપ્રદાયો માનવીને ઈશદ્રોહ કરવા પ્રેરે છે. આવા સંપ્રદાયો સમયે સમયે ઉભરાતા રહે છે. અને અધર્મ, સંઘર્ષ, અને ધાર્મિક અરાજકતા ફેલાવે છે. આથી માનવીના સંબંધોમાં બગાડ નીપજે છે.

સત્ય ધર્મમાં શિસ્ત હોય છે; સ્વચ્છંદતા નથી. તેમાં માનવીના જીવનને યોગ્ય માર્ગે વાળવા માટેનાં નિયમો, હુકમો અને નિષેધો હોય છે. તે ઈશદ્રોહ અને ઈશદુતોના ચારિત્ર્ય હનનનો નિષેધ કરે છે. કારણ કે તે અધર્મ અને મહા પાપ છે.

પરમેશ્વરની બંદગી તજીને અન્ય પુજ્યોની બંદગી કરનારા ભ્રમ અને અંધશ્રદ્ધામાં રાચે છે. અધર્મને ધર્મ સમજે છે. તેઓને પરમેશ્વરનો ડર હોતો નથી. એટલે તેઓ સ્વચ્છંદી જીવન જીવે છે. તેઓ પોતાના હાથે બનાવેલા પુજ્યોના તૃષ્ટિકરણ માટે પુજા - પ્રાર્થના કરે છે. બહુદેવતાવાદ અને એક ઈશ્વરવાદ પરસ્પર વિરોધી વિકલ્પો છે. બહુદેવતાવાદ કયા દેવતાને રાજી કરવો તેની સમસ્યા ઉપસ્થિત કરે છે.

જ્યારે માનવી બહુદેવતાવાદના અધર્મમાં ફસાઈ જાય છે ત્યારે તેને ઈશ્વરનો ડર રહેતો નથી. તે તેના સર્જનહાર પરમેશ્વરને ભુલી જાય છે. તે અમાનુષિ આચરણ કરવા પ્રેરાય છે. પાપ અને પુણ્ય વચ્ચે તેને કોઈ ફરક જણાતો નથી. તેના વાણી અને વર્તનમાં તે અવિવેકી બને છે. આથી સમાજ પર ઘાતક અસરો પડે છે. આવા અધર્મી અસામાજિક લોકો ત્રાસવાદ આચરે છે અને ભય, અશાંતિ તેમજ અરાજકતાનું વાતાવરણ સર્જેછે.

અધાર્મિક ઝનુની ત્રાસવાદ સભ્ય સમાજનો શત્રુ છે. તેને અંકુશમાં લેવાનું કાર્ય ધર્મગુરૂઓ, સત્તાધીશો અને બૌદ્ધિકોની ફરજ છે. ધાર્મિક આતંકવાદ અન્ય પ્રકારના આતંકવાદથી વધુ ભયંકર છે. કારણ કે તેથી ભિન્ન ભિન્ન સંપ્રદાયો અને ધર્મોના અનુયાયીઓ વચ્ચે વેરવૃત્તિ ઉદ્ભવે છે. આ વેરવૃત્તિથી નીપજતી હિંસાનું વિષચક્ર બેકાબુ બનતું જાય છે.

સત્ય ધર્મ સહિષ્ણુતા અને સદ્ભાવનું શિક્ષણ આપે છે. તેથી વિવિધ ધાર્મિક સમુદાયો શાંતિમય સહ-અસ્તિત્વના સિદ્ધાંત પર આચરણ કરે પણ જ્યારે સત્ય ધર્મ શિક્ષણ વિસારે પડે છે ત્યારે સાંપ્રદાયિક પરિબળો માથે ભાર બની જાય છે. કમનસીબે સ્વતંત્ર ભારતમાં આવી ચિંતાજનક પરિસ્થિતિ સર્જાય છે. સાંપ્રદાયિક ત્રાસવાદે ભારત દેશની શાંતિ, સલામતી, પ્રગતિ અને પ્રતિષ્ઠાને હોડમાં મુકયાં છે. ભારત દેશ એક સંક્રાંતિ કાળમાંથી પસાર થઈ રહ્યો છે.

"અહિંસા પરમો ધર્મ", "સત્યમેવ જયતે", "ઈશ્વર અલ્લાહ તેરે નામ", "મઝહબ નહી સિખાતા આપસમેં બૈર રખના" ના સુત્રો - સિદ્ધાંતોમાં રહેલ ધાર્મિક

સહિષ્ણુતા, સમભાવ, સહયોગ, સંપ, પ્રેમ અને શાંતિમય સહ-અસ્તિત્વની ઉદ્દાત ભાવના ભારતમાંથી ઝડપથી લુપ્ત થઈ રહી છે. અત્યાચાર, અન્યાય, આતંકવાદ અને હિંસા એ ભારતને બાનમાં લીધું છે. પીડીતોના જાનમાલ, આબરૂ, અને ધર્મ ભયમાં મુકાયાં છે. "ભારત મેરા મહાન" અંધકાર યુગની અધોગતિ પંથે પ્રયાણ કરી રહ્યો છે. ઉગ્રવાદી પરિબળો સંગઠિત અને સશસ્ત્ર છે. તેથી તેઓ વ્યવસ્થિતપણે અને નિરંકુશપણે ઝનુની આતંકવાદનું આચરણ કરી શકે છે. રાજકિય અને ધાર્મિક નેતાગીરી અને ભદ્ર સમાજનો બુદ્ધિજીવી વર્ગ નિષ્ક્રિય બની ગયાં છે. તેઓ દ્વિધા અનુભવે છે.

ગાંધીજી પોતાની પ્રજાને ઓળખતા હતા. તેથી તેમણે સત્ય અને અહિંસાનો સંદેશ આપ્યો હતો. દિર્ઘદષ્ટા પંડિત નહેરૂએ પણ ઉભરાતા જતા કોમવાદી ત્રાસવાદના ભય વિષે અનેકવાર ચેતવણી ઉચ્ચારી હતી.

કોઈ પણ કુટુંબ, સમાજ અને દેશ અન્યાય, અત્યાચાર, ત્રાસવાદ અને જોહુકમી પર લાંબા સમય સુધી નભતો નથી. મોટેરાં નાનાં સાથે અમાનુષી વર્તન કરે તો કુટુંબ તુટે. તેવી જ હાલત સમાજ અને દેશની થયા વગર ન રહે.

અલ્પ સંખ્યકોને ભયભીત કરીને, કચડીને, શોષણ કરીને, તેઓનાં હકો અને અધિકારો આંચકી લઈને તેઓની પ્રગતિ રૂંધીને કોઈ પ્રજા પોતાને સંસ્કૃત અને સંસ્કારી કહેવાડવવાને લાયક રહેતી નથી. જે દેશના અલ્પસંખ્યક સમુહો પોતાને અરક્ષિત અને પીડીત સમજે તે દેશ પોતાને સભ્ય કહેવડાવવાનો ગર્વ અને ગૌરવ લઈ શકતો નથી.

વિવિધ ધર્મોના અનુયાયીઓ એક બીજાનાં જીવન પદ્ધતિ, ધર્મ, ધર્મશાસ્ત્રો અને ધાર્મિક વિચાર સરણીનો તુલ્નાત્મક અભ્યાસ કરે, ચિંતન - મનન કરે, આત્મ નિરીક્ષણ કરે, સત્યની ખોજ કરે અને સત્ય સ્વીકારવા માટે નૈતિક હિંમત દાખવે એવા બુદ્ધિજીવીઓ દેશના અને સમાજના ખરા હિતચિંતકો છે. તેઓ સમાજને અને દેશને નિ:સ્વાર્થ નેતાગીરી અને માર્ગદર્શન પૂરાં પાડી શકે. રાજકિય નેતાગીરીનાં સ્થાપિત હિતો હોય છે. બુદ્ધિજીવીઓ જ અંધશ્રદ્ધા, અસત્ય અને પૂર્વાગ્રહથી ઉપરવટ જઈને સત્ય ખોજ કરવા સમર્થ હોય છે. જમાનો સત્ય ખોજ અને સત્ય સ્વીકારનો છે. અંધશ્રદ્ધાનો નથી. જ્ઞાન - વિકાસ અને પ્રગતિનો છે. સત્ય સ્વીકાર કરવાની નૈતિક હિંમતની આવશ્યકતા છે.

શું ભારતમાં પોતાના કર્તવ્ય વિષે સજાગ નૈતિક હિંમતવાળા વીરલા નથી ? શું તેઓ જનતાને યોગ્ય માર્ગદર્શન આપવા ઉત્સાહ દાખવી શકે છે ? તેઓને આ કર્તવ્યપાલન માટે જાગૃત કરવા "દિવ્ય પ્રકાશ" નું વાંચન અને મનન જરૂરી નૈતિક મનોબળ પુરૂં પાડશે એવી અભ્યર્થના.

બારોલીઆ.
૧૫ ઓગસ્ટ, ૧૯૯૫

૨. ધર્મશાસ્ત્રોનો મૂળ સંદેશ

પશ્ચિમી સંસ્કૃતિનું મુખ્ય લક્ષણ ભૌતિકવાદ અને ઉપભોગતાવાદ છે. આખું જગત યેન કેન પ્રકારે ઉચ્ચ જીવનધોરણના ધ્યેયની પ્રાપ્તિ માટેની દોડધામમાં વ્યસ્ત છે. જીવનની જરૂરિયાતો વધતી જ જાય છે. આધ્યાત્મિકતા ગૌણ બાબત બનતી જાય છે. આચાર વિચારની નૈતિકતા લુપ્ત થઈ રહી છે. ધર્મના શિક્ષણની જીજ્ઞાસા ઉત્તરોત્તર ઘટતી જાય છે. લોકોને પોતાના જ ધર્મના શિક્ષણની પરવા રહી નથી. ત્યારે વિવિધ ધર્મો અને સંપ્રદાયોના તુલનાત્મક અભ્યાસની ખોજ - ખેવના કયાંથી હોય ? વિવિધ ધર્મો અને સંપ્રદાયોના અનુયાયીઓના શાંતિમય સહ-અસ્તિત્વ માટે એકમેકના ધર્મશાસ્ત્રોના મૂળભુત શિક્ષણની જાણકારી અને સમજ સમયની અગત્યની જરૂરિયાત છે.

હિન્દુઓની આસ્થા છે કે વેદ આદી ગ્રંથ છે. વેદ ઈશવાણી અને બ્રહ્મનું નિજજ્ઞાન છે. વેદ ઘણું પ્રાચીન ધર્મશાસ્ત્ર છે. વેદ સંસ્કૃત ભાષી આર્ય ધર્મશાસ્ત્ર છે. વેદ પરમેશ્વરની ભેટ છે. વગેરે.....

વેદ કયા ઈશદુત મારફતે અને કયારે આ જગતને પહોંચાડવામાં આવ્યું હતું તે વિષે આધારભુત માહિતી ઉપલબ્ધ નથી. તેની શરૂઆત કયારે અને કેવી રીતે થઈ હતી તે વિષે મતભેદ છે. વેદના પ્રખર અભ્યાસી મેક્ષમુલરનો અભિપ્રાય છે કે વેદ આર્યોની યાદગારનો પ્રથમ ધાર્મિક ગ્રંથ છે.

અસલ વેદ એકજ હતું. આજે ચાર વેદો છે : ઋગવેદ, યજુરવેદ, અર્થવેદ અને સામવેદ. આ ચાર વેદો પૈકી ઋગવેદ સૌથી પ્રાચીન છે એવું માનવામાં આવે છે. કેટલાક વેદ - અભ્યાસીઓનું એવું મંતવ્ય છે કે, અસલ વેદ ખોવાઈ ગયું છે. કેટલાક વેદ અભ્યાસીઓ માને છે કે ચાર વેદોમાંનું એકજ અસલ વેદ છે. વળી કેટલાક એવું માને છે કે, વેદ એકજ છે પણ તેને ચાર ભાગોમાં વહેંચી નાખવામાં આવ્યું હતું.

હજારો વરસો સુધી વેદ લખાણમાં ન હતું. એટલે વેદ મુખ્યત્વે સાંભળેલું જ્ઞાન છે. તે કંઠસ્ત રહ્યું. પંડિતોએ વેદ કંઠસ્ત કર્યુ. અને વેદનો વારસો વંશપરંપરાગત જળવાઈ રહ્યો. પંડિતો અને બ્રાહ્મણો જ વેદનું પઠન કરતા. સામાન્ય માનવીઓ માટે વેદનું પઠન શકય ન હતું. કારણ કે વેદની સંસ્કૃત ભાષા લોકભાષા રહી નહી અને વેદ લખાણમાં પણ ન હતું. દરેકને વેદનું પઠન કરવાની અને તેને સાંભળ વાની પણ પરવાનગી ન હતી. આથી વેદ પંડિતોનો અકબંધ ઈજારો બની ગયું હતું.

વેદમાં બે પ્રકારનું જ્ઞાન છે. વેદમંત્ર શ્રુતિ અને વેદ તંત્ર શ્રુતિ. શ્રુતિ એટલે સાંભળેલું જ્ઞાન. મંત્ર શ્રુતિ એટલે મૂળભુત, સ્પષ્ટ અને ચોક્કસ. તંત્ર શ્રુતિ એટલે દ્વિઅર્થી, અસંદિગ્ધ, ગુઢ અર્થી, રૂપક અને અસ્પષ્ટ. વેદમાં તંત્રશ્રુતિ ઘણા મોટા

પ્રમાણમાં છે. તેથી તેનું શાબ્દિક ભાષાંતર કરવાનું કાર્ય કઠીન છે. વેદ તંત્ર શ્રુતિની રૂપક ભાષા, તેનો ખરા અર્થ સમજવામાં એક મોટો અંતરાય છે. જેથી વેદના જ્ઞાનમાં વિકૃતિ મોટા પ્રમાણમાં પ્રવેશ થઈ શકી.

અઢારમી સદી ઈસ્વીમાં વેદનો સૌ પ્રથમ પદ્ધતિપૂર્વકના અભ્યાસ અને સંશોધનનો યશ જર્મન વિદ્વાન મેક્ષમુલરને મળે છે. તેણે સેંકડો પંડિતોની મદદથી વેદનો વીસ વરસો સુધી અભ્યાસ કર્યો. ખુબ મહેનત કરી અને જહેમત ઉઠાવી હતી. કેટલાક પંડિતોના વિરોધનો સામનો તેણે કરવો પડયો હતો. વેદ ઉપરાંત બીજાં સંસ્કૃત ભાષી આર્ય ધર્મશાસ્ત્રોનો પણ અભ્યાસ કર્યો હતો. અને પોતાના અભ્યાસ અને સંશોધનના પરિપાક રૂપે " The Sacred Books of the East" નામના ગ્રંથનું અંગ્રેજી ભાષામાં પ્રકાશન કર્યું હતું. (Griffith : Preface; Hymns of Rig Vada, Volume One, first edition)

મેક્ષલરનું વેદ વિષેનું સંકલન સૌ પ્રથમ હતું. તેથી હિન્દુ પંડિતોએ તેને " Moksha Mullaru " નો લકબ આપ્યો હતો. પછી વેદના અન્ય ભાષાંતરો થયાં ભાષાંતરકારોની અજ્ઞાનતા અને નિષ્કાળજીના લીધે તેમાં મોટી સંખ્યામાં ભૂલો થઈ. (Abbe Qubois : Hindu Manners, Customs and Ceremonies, p. 174)

વેદના સંકલન અને ભાષાંતરોમાં અનેક ફેરફારો થયા હોવાનું વેદના સાક્ષરો સ્વીકાર કરે છે. તેનાં ત્રણ મુખ્ય કારણો બતાવવામાં આવે છે.

(૧) વેદ ઘણા પ્રાચીન સમયનાં હતાં. સેંકડો વરસો સુધી ફકત પંડિતોની યાદશકિત પર જ આધારિત હતાં. તેનું લેખિત સ્વરૂપ ન હતું. શ્રુતિ એટલે સાંભળેલી વાત પેઢી દર પેઢી પ્રચલિત રહી. તેમાં વિકૃતિ તેમજ સુધારા-વધારાએ પ્રવેશ કર્યો. કાળક્રમે ઋષિવાણી વેદમાં દાખલ થઈ ગઈ. એટલે વેદ વિશુદ્ધ રહ્યું નહી. વેદના લેખકો, ભાષાંતરકારો અને ભાષ્યકારોનાં મંતવ્યો પણ વેદમાં પ્રવેશ મેળવી શકયાં. વેદમાં બહુદેવતાવાદ અને મૂર્તિપુજા પાછળથી પ્રવેશ પામી હતી.

(૨) વેદની સંસ્કૃત ભાષા એક પ્રચલિત લોકભાષા ન રહી. આર્યોના આ ઉપખંડમાં આગમન પછી સંસ્કૃત ભાષા કાળક્રમે લુપ્ત થઈ ગઈ. વેદ ધર્મ શિક્ષણની કોઈ વ્યવસ્થા પણ ન હતી. વેદ ધર્મ શિક્ષણ આર્ય પ્રજામાં પણ લોકપ્રિય રહ્યું ન હતું.

વેદના પંડિતોએ અને બ્રાહ્મણોએ સામાન્ય પ્રજાને વેદના પઠન અને અભ્યાસથી વંચિત રાખી હતી. જો વેદનું અને સંસ્કૃત ભાષાનું શિક્ષણ વ્યાપક હોત તો આર્ય ધર્મ જ્ઞાનની જાળવણી થઈ શકી હોત.

(૩) વેદની ભાષા અસ્પષ્ટ અને અટપટી છે. એટલે તેની કેટલીયે બાબતોનો અર્થ માનવી સમજ અને બુદ્ધિ મુજબ સમજી શકાતો નથી. ધર્મ શિક્ષણ તો સીધી સાદી ભાષામાં હોવું જોઈએ. આ બાબતનો સ્વીકાર કરતાં ગાંધીજીએ કહ્યું હતું કે,

"શાસ્ત્રનો જે અર્થ સત્ય વિરૂદ્ધ હોય તે અર્થ ખરો હોઈ શકે નહી. (શ્રી રામનાથ સમન : "અહિંસા ઔર સત્ય") અને ધર્મના નામે જે કાંઈ પ્રકાશિત થાય છે તે બધી બાબતોને ઈશવાણી માનવી ન જોઈએ. (હરિજન; ૨૮ નવેમ્બર, ૧૯૩૬)

તેમ છતાં વેદમાં કેટલીક સનાતન સત્ય બાબતોનું ધર્મ શિક્ષણ છે જેમકે એક પરમેશ્વરવાદ, મૂર્તિપુજા નિષેધ, પુનઃ જીવન, સ્વર્ગ, નર્ક વગેરે.

મેક્ષમુલરે વેદની જાળવણી માટે તેને લેખિત સ્વરૂપ આપ્યું ન હોત તો તે કયારનું ય મૃતપ્રાય થઈ ગયું હોત. (Nirad Chaudhry : Scholar Extra - Ordinary)

વેદ કયા ઈશદુત મારફતે આર્યોના માર્ગદર્શન માટે પ્રેરિત થયું હતું તે વિષે કશી આધારભૂત માહિતી ઉપલબ્ધ નથી.



વેદના જેવી જ હાલ્રત અન્ય પ્રાચીન ધર્મશાસ્ત્રોની થઈ હતી. સહીફા, તવરાત, ઝબુર, ઝંદ અવસ્તા, ઈન્જીલ વગેરેમાં વિકૃતી અને ફેરફારો થયા. સહીફા તો તદ્દન નાશ પામ્યા. હજી પણ ઝંદ અવસ્તા, ઝબુર, તવરાત અને ઈન્જીલમાં કેટલીક સત્ય, અર્ધસત્ય અને અસત્ય મિશ્રિત બાબતોનું શિક્ષણ છે. ઝબુર, તવરાત અને ઈન્જીલ (Paslms, Pentatuech and Evangel) નો હાલના બાઈબલમાં સમાવેશ કરવામાં આવ્યો છે. બાઈબલના બે કરારો છે. તેના જુના કરાર (Old Testament) ના પ્રથમ પાંચ પુસ્તકોમાં યહુદી ધર્મનું શિક્ષણ છે. જેને TORAH (તવરાત) અથવા Pentatuech ના નામથી ઓળખવામાં આવે છે.

બાબલના નવા કરાર (New Testament) માં ૨૭ પુસ્તકો છે. તેના પ્રથમ ચાર પુસ્તકોમાં ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ છે. આ ચાર પુસ્તકો Evangel (ઈન્જીલ) અથવા Gospels કહેવાય છે. ગોસ્પેલ એટલે ઈસુની શુભવાણી - શુભ સંદેશ.

તવરાત ઈશદુત મુસા (અલૈ.) પર અને ઈન્જીલ ઈશદુત ઈસા (અલૈ.) Moses અને Jesus Christ પર પ્રેરિત થયેલ આકાશી ધર્મશાસ્ત્રો હોવાનું માનવામાં આવે છે.

ઝબુર (Psalms) ઈશદુત દાવુદ (અલૈ.) (David) પર ઈશપ્રેરિત થયું હતું. જરથુસ્તીઓ માને છે કે ઝંદે અવસ્તા ઈશદુત જરથુસ્ત પર પ્રેરિત થયું હતું. તેમાં પણ ફેરફારો થતા રહ્યા છે. તેનું શિક્ષણ પણ તેના અનુયાયીઓમાં વ્યાપક નથી. તેની પહેલ્વી ભાષા મૃતપ્રાય છે. ધર્મ શિક્ષણ ધર્મગુરૂઓ (દસ્તુરો અને મોબેદો) પુરતું મર્યાદિત છે.

આ ધર્મશાસ્ત્રો વિશુદ્ધ રહ્યાં નહી. છતાં તેના અનુયાયીઓ તેને સત્ય

માનીને અને તેના શિક્ષણમાં આસ્થા રાખીને પોતાને સત્ય ધર્મના માર્ગ પર આચરણ કરી રહ્યાનો ભ્રમ સેવે છે. તેઓની ધર્મ પ્રત્યેની આવી વૃત્તિ શ્રદ્ધા નહી પણ અંધશ્રદ્ધા છે.

પણ ઝંદ અવસ્તા, વેદ તેમજ બાઈબલના જુના અને નવા કરારોમાં અહી તહી કેટલીક સર્વમાન્ય બાબતોનું શિક્ષણ છે. જો કે આ ધર્મશાસ્ત્રો પુરેપુરાં વિશુદ્ધ નથી. તેનો સ્વકાર તેના વિદ્વાનો પણ કરે છે.

સૌ ધર્મશાસ્ત્રોમાં કુરઆન સૌથી આધુનિક સમયનું ધર્મશાસ્ત્ર છે. તેનાં પુરોગામી ધર્મશાસ્ત્રોની સરખામણીમાં કુરઆન સંપુર્ણ અને વિશુદ્ધ છે. ચૌદ સદી પસાર થઈ ગઈ. પણ તેમાં કોઈ સુધારો, વધારો, ફેરફાર અને વિકૃતી પ્રવેશ પામી શકયાં નથી. તેનો એક એક શબ્દ પંકતિ (આયત) અને પ્રકરણ (સુરહ) તદ્દન સુરક્ષિત છે શબ્દો પંકતિઓ અને પ્રકરણોના ક્રમ અને સ્થાન પણ બદલાયાં નથી. કુરઆનની ભાષા શુદ્ધ, શિષ્ઠ અને સંસ્કારી અરબી ભાષા છે. સંસ્કૃત અને પહેલ્વી જેવી મૃતપ્રાય નથી. આજે પણ અરબી ભાષા દુનિયાની પ્રથમ પાંચ ભાષા પૈકી એક હોવાનું સ્વીકારવામાં આવ્યું છે.

કુરઆન તેના પ્રેરિત થવાના સમયથી આજ સુધી સુરક્ષિત રહ્યું છે. તેનાં કેટલાંક કારણો છે. તેની અરબી ભાષા જીવંત અને પ્રચલિત છે. કુરઆનની ભાષા મનમોહક છે. તે અર્ધ ગર્ધ અને અર્ધ પદ્ય - Poetic - Prose લાગણ્યમય, મધુર શૈલીમાં છે. તે સૌથી આધુનિક, અંતિમ ઈશપ્રેરિત ધર્મશાસ્ત્ર હોવાથી પરમેશ્વરે તેની જાળવણી માટે ખાતરી આપી હતી. જ્યારે તેના પુરોગામી પ્રાચીન ધર્મશાસ્ત્રો આધારભુત રહેવાના ન હોય વિકૃત થઈ ગયા. કુદરતનું આ એક રહસ્ય છે.

કુરઆન ઈશવાણી - અલ્લાહનો કલામ છે. તે સમયે સમયે અલ્લાહના અંતિમ અને મહાન ઈશદુત - પયગંબર (સલ.) પર તેમની નબુવત્ત - ઈશદુત્ત્વના તેવીસ વરસો દરમ્યાન રફતે રફતે જરૂરીયાત મુજબ અલ્લાહના ફરિશ્તા જીબ્રાઈલ (અલૈ.) મારફતે પ્રેરિત થયું હતું. કુરઆન દિવ્ય વાણી છે. અલ્લાહે કુરઆનમાં તેની આ દિવ્ય વાણીને સુરક્ષિત રાખવાનું સત્ય વચન આપ્યું છે. “અમે તેને પ્રેરિત (નાઝીલ) કર્યુ છે અને અમે જ તેને સુરક્ષિત રાખીશું.” (૧૫:૯) અલ્લાહનો આ સત્ય વાયદો આજ સુધી અક્ષરશઃ સત્ય સાબિત થયો છે.

કુરઆનમાં ફેરફારો કરવાના કેટલાક પ્રયાસો તેના શરૂઆતના સમયમાં થયા હતા. પણ કુરઆનને માનવવાણી સાબિત કરવાના આ હીન પ્રયાસો નિષ્ફળ થયા હતા. કુરઆનના જેવી એક સુરહ - પ્રકરણ અથવા દસ આયતો - પંકતિઓની રચના કોઈ કરી શકયું નથી. તેનું એક દષ્ટાંત પુરતું છે.

બગદાદનાના એક અરબી ભાષા જાણકાર યહુદી લહીઓ તવરાતની હસ્તલેખિત નકલ - નુસ્ખા સુંદર હસ્તાક્ષરમાં લખીને વેચતો હતો. યહુદીઓ તેના આ નુસ્ખા હોંશે હોંશે ખરીદતા. તેથી તેને સારી કમાણી થતી. પછી તેને કુરઆનના

આવા નુસ્ખા લખવાનો વિચાર ઉદ્ભવ્યો. ઈસ્લામ શત્રુતા અને ઈર્ષાના લીધે તેણે કુરઆનની કેટલીક આયતો અને સુરહના નુસ્ખા (નકલ) માં અહીં તહીં ફેરફારો કરી લખીને વેચવાનો પ્રયાસ કર્યો. પણ તેમાં તેને નિષ્ફળતા મળી હતી. મુસલમાનોએ પેલા યહુદી લહીઆની ચાલબાજી છતી કરી. તેથી પેલો યહુદી લહીઓ ઘણો પ્રભાવિત થયો. તેને કુરઆનની સત્યતા અને રક્ષણની સંપુર્ણ ખાતરી થઈ ગઈ. અને તે ઈસ્લામનો કલેમહ પઢી મુસલમાન થઈ ગયો.

એક બીજી વ્યકિતએ મહીનાઓ સુધી એક ઓરડામાં ગોંધાઈને એકાંતમાં કુરઆનના જેવી કેટલીક પંકતિઓ - આયતો લખવાનો પ્રયત્ન નિરાશ થઈને તજી દેવો પડેલો. આ તો ઈસ્લામના આરંભકાળની વાત થઈ. આજે પણ કોઈ કોઈ પરધર્મીઓ કુરઆનમાં ઘુસણખોરી કરવાના મલીન હેતુથી કુરઆનના નુસ્ખા છપાવીને સસ્તી કિંમતે વેચીને અથવા મફત વહેંચીને આ અશુદ્ધ નકલોનો પ્રચાર કરે છે. પણ તેઓની આવી છેતરપિંડી ઉઘાડી પડી જાય છે.

અલ્લાહે તેના અંતિમ ધર્મશાસ્ત્ર - કુરઆનને કેવી રીતે સુરક્ષિત રાખ્યું છે ? કુરઆન પયગંબર - ઈશદુત મોહંમદ (સલ.) પર પ્રેરિત થયેલું. તેમને ઈસ્લામના શિક્ષણ પ્રચારના કાર્યમાં મદદરૂપ જરૂરી જ્ઞાન અને ક્ષમતા આપ્યાં હતાં. તેમની સ્મરણ શકિત અતિશય તિવ્ર હતી. ફરિશ્તા જીબ્રાઈલ (અલૈ.) તેમને જેટલું કુરઆન પ્રેરિત કરતા તે તેઓ તરત જ કંઠસ્ત કરી લેતા અને તેનું સ્મરણ શકિતથી નમાઝમાં અને અન્ય સમયે પુનરાવર્તન કરતા. પોતાના નિકટના સાથીઓને પઢી સંભળાવતા અને તેઓ પણ તેને કંઠસ્ત (યાદ) કરી લેતા. તેમના આ સાથીઓની સંખ્યા સેંકડોની હતી.

કુરઆન એકસામટું એકજ સમયે પ્રેરિત થયું ન હતું. થોડા થોડા સમયના અંતરે જરૂરિયાત મુજબ થોડું થોડું - કેટલીક આયતો - પંકતિઓ પયગંબર મોહંમદ (સલ.) પર ઉતારવામાં આવ્યું હતું. તેથી તે યાદ કરવાનું સરળ અને સહેલું હતું.

જ્યારે કુરઆન સંપુર્ણ થયું ત્યારે મુસલમાનોની સંખ્યા એક લાખથી પણ વધારે હતી. તેઓ સૌને કુરઆનની થોડી ઘણી પંકતિઓ અને પ્રકરણો કંઠસ્ત હતાં. તેઓ નમાઝમાં તેનું પઠન કરતા.

અરબો પાસે તે સમયે બીજું કોઈ લેખિત સાહિત્ય ન હતું. આજીવિકાના સાધનો ઘણાં મર્યાદિત હતાં. જુજ ખેતીવાડી, ઊંટ, બકરાં, ઘેંટાં, ઉછેર અને ખૂબ મર્યાદિત પ્રમાણમાં વેપાર અર્થે રણ પ્રવાસ સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ ન હતી. અરબી ભાષાનાં કસીદા - ગીતો તેઓને કંઠસ્ત હતાં. આથી તેઓની સ્મરણ શકિત તેજ હતી. અને તેનો લાભ કુરઆનને મળ્યો. પયગંબર મોહંમદ (સલ.) ના જીવનકાળ દરમ્યાન સેંકડો મુસલમાનો (જેમાં મુખ્યત્વે અરબો હતા) એ આખું કુરઆન કંઠસ્ત કરી લીધું હતું. અને જે અરબો લખી-વાંચી શકતા હતા તેઓએ જે કાંઈ લેખન સામગ્રી પ્રાપ્ત હતી તેનો ઉપયોગ કરીને કુરઆન લખી લીધું હતું. આ

હસ્તપ્રતો છુટી છવાઈ હતી. આ લખાણ કરનારાઓની સંખ્યા પણ મોટી હતી. તેનું સંકલન કરી લેવામાં આવ્યું હતું. અને એક આધારભુત આવૃત્તિ તૈયાર કરવામાં આવી હતી. આખી દુનિયામાં કુરઆનની ફકત એક જ આવૃત્તિ છે.

કુરઆનને કંઠસ્ત કરનારાઓને ઈસ્લામની પરિભાષામાં હાફેઝો કહેવામાં આવે છે. હાફેઝો એટલે હિફાઝત કરનારા - કુરઆનનો દિલમાં સંગ્રહ કરી તેને સુરક્ષિત રાખનારા. પયગંબર (સલ.)ના સમયથી આજ સુધી કુરઆનના હાફેઝોની પરંપરા અવિરત ચાલુ છે. આખી દુનિયામાં - શહેરોમાં અને દૂર દૂરનાં ગ્રામ્ય વિસ્તારોમાં લાખો હાફેઝો છે. અને આ સંખ્યામાં પ્રતિ વર્ષ વધારો થતો જ રહે છે. રમઝાન માસમાં આ હાફેઝો રાત્રે પાંચ વખતની નમાઝ ઉપરાંતની નમાઝમાં (જેને તરાવીહની નમાઝ કહેવામાં આવે છે.) આખા કુરઆનનું મૌખિક પઠન કરે છે. આ તરાવીહની નમાઝનું મુસલમાનોને જબરૂં આકર્ષણ છે. રમઝાન માસમાં તેઓ કલાક, બે કલાક, કે તેથી વધુ સમય મસ્જીદમાં હારબંધ ઊભા રહીને કુરઆનનું પઠન - તિલાવત સાંભળે છે.

રમઝાન માસમાં કુરઆનની તિલાવત એક મહાન પુણ્ય - સવાબનું કાર્ય ગણવામાં આવે છે. અબાલ, વૃદ્ધ, સ્ત્રીઓ અને પુરુષો દૈનિક કાર્યોમાં વ્યસ્ત ન રહેતાં કુરઆનની તિલાવત માટે ફુરસદ મેળવી લે છે. મુસલમાનો માટે રમઝાન માસ અલ્લાહની યાદ, તેના આજ્ઞા પાલન અને બંદગીનો પવિત્ર માસ છે. તેમાં નમાઝ, કુરઆનની તિલાવત, અલ્લાહનું સ્મરણ, અલ્લાહના નામનું રટણ (ઝિક્ર), દાન, ભલાઈના કાર્યો, માનવતાની સેવા વગેરે મુખ્ય બાબતો છે.

આખી દુનિયામાં કુરઆન ફકત એકજ છે. તે અરબી ભાષામાં છે દરેક મુસ્લિમ કુરઆન તેની અસલ અરબી ભાષામાં પઢે છે. ગમે તેટલી અલ્પ સંખ્યા હોય, ભલે પાંચ મુસ્લિમ કુટુંબો કોઈ સ્થળે વસવાટ કરતાં હોય ત્યાં ઈસ્લામ ધર્મ શિક્ષણની સંસ્થા (મકતબ, મદ્રેસા) અને અલ્લાહની સામૂહિક બંદગી - નમાઝ માટે મસ્જીદ હોય જ.

પ્રાથમિક કક્ષાના ધાર્મિક શિક્ષણ માટે પાંચ - છ વરસની ઉંમરના બાળકોને મકતબ અને મદ્રેસામાં પ્રવેશ આપવા માટે મા-બાપ ઉત્સુક રહે છે. કાળજી લે છે, અને આગ્રહ સેવે છે. આ પ્રાથમિક ધાર્મિક શિક્ષણમાં અરબી ભાષી કુરઆનનું પઠન શિખવવામાં આવે છે. તદુપરાંત દૈનિક જીવનની ધાર્મિક જરૂરિયાતોનું પણ શિક્ષણ બાળપણનાં પાંચ-સાત વરસો સુધી ફરજીયાત આપવામાં આવે છે. આ શિક્ષણ પર અમલ આખી જિંદગી કરવાનો હોય છે. બાળક બોલતાં શીખે તે ઉંમરે તેને સૌ પ્રથમ ઈસ્લામનો કલેમો "લા ઈલાહ ઈલ્લલ્લાહ" "મોહંમદુ રસુલુલ્લાહ" અલ્લાહ, સલામો અલયકુમ, અલ-હમ્દો લિલ્લાહ, બિસ્મીલ્લાહ વગેરે શીખવવામાં આવે છે.

કુરઆન મુસલમાનોના દિલોમાં રક્ષિત છે. મકતબો, મદ્રેસા અને દારૂલ

ઉલૂમો (વિદ્યાપીઠો) ઈસ્લામના ગઢો છે. હાફેઝો, મૌલ્વી અને મુલ્લાઓ આ ગઢોના માનદ્ અને માનવંત અંગરક્ષકો અને પહેરેગીરો છે.

કુરઆનની અસલ આવૃત્તિ હાફેઝોની યાદ શકિત અને છુટી છવાઈ લેખિત પૃષ્ઠોની લેખન અને કંઠસ્ત વાણીની Cross Checking પધ્ધતિ ઝીણવટભરી ચકાસણી કરીને સર્વાનુમતે પયગંબર મોહંમદ (સલ.)ના અતિ નિકટના સાથીઓના સહકારથી તેમના મરણના ત્રીજા વર્ષે તૈયાર કરવામાં આવી હતી. કુરઆનની આજ એક માત્ર સર્વસ્વિકૃત આધારભુત આવૃત્તિ છે. ચૌદ સદીઓના સમયકાળમાં આખી દુનિયામાં કુરઆનની બીજી કોઈ આવૃત્તિ નથી. કુરઆનમાં કોઈ પણ પ્રકારે કાંઈ પણ અશુદ્ધિ અને વિકૃતિ પ્રવેશ કરી શકી નથી. આ તે અંતિમ ઈશવાણી હોવાનો પુરાવો છે.



કુરઆન સિવાયના અન્ય ધર્મશાસ્ત્રો વિશુદ્ધ રહ્યાં નથી. તેમાં કુદરતી સંકેત છે કે આ ધર્મશાસ્ત્રો ટુંક સમય પુરતાં મર્યાદિત હતાં. નાશ માટે સર્જાયાં હતાં અને તેના અનુયાયીઓ માટે કાયમી સત્ય માર્ગદર્શન માટે વિશુદ્ધ રહ્યાં નહી. વળી આ ધર્મશાસ્ત્રોમાં કઈ બાબત સત્ય છે અને કઈ બાબત અર્ધસત્ય અથવા અસત્ય છે તેની કસોટી - પરખ Criteria કુરઆન જ છે. એટલે વેદ, બાઈબલ, ઝંદ અવસ્તા વગેરેના શિક્ષણની કસોટી કુરઆનથી થઈ શકે.

કુરઆનમાં વેદ અને ઝંદ અવસ્તાનો ઉલ્લેખ નથી. પણ તવરાત, ઝબુર, સહીફા અને ઈન્જીલનો ઉલ્લેખ છે. કુરઆનમાં "સોહેફે ઉલા" અને "ઝોબરોલ અવ્વલીન" શબ્દો છે. આ શબ્દોનો અર્થ પ્રાચીન સમયનાં વિખરાયેલાં (ધર્મ જ્ઞાનનાં) પૃષ્ઠો થાય છે. આ "ઝોબરોલ અવ્વલીન" અને "સાહોફે ઉલા" શબ્દો કોને લાગુ પાડી શકાય ? શું આ શબ્દો વેદ પ્રતિ સંકેત કરે છે ? શું વેદના અભ્યાસીઓ આ બાબત પર કોઈ પ્રકાશ પાડી શકે ખરા ?

જો વેદ ઈશવાણી હોય તો તે કયા ઈશદુત મારફતે કયા પ્રદેશ - દેશમાં વસવાટ કરતી કઈ પ્રજાના માર્ગદર્શન માટે મોકલવામાં આવ્યું હતું. આ એક અણઉકેલ્યો પ્રશ્ન છે. કુરઆન તો જણાવે છે કે અલ્લાહે વિવિધ પ્રજાઓના માર્ગદર્શન માટે ઈશદુતો - પયગંબરો મોકલ્યા હતા. તેઓની એક લાખથી વધુ સંખ્યા હોવાનો અંદાજ છે. અલ્લાહ તેના સર્જન (મખલુક)ને ગેરમાર્ગે દોરીને અને રંજાડીને નર્કની શિક્ષા કરવા ઈચ્છતો નથી. તે તો મહા દયાળુ અને કૃપાળુ છે. એક સ્ત્રી પોતાનાં સંતાનને જેટલો પ્રેમ કરે તેનાથી પણ વધુ અલ્લાહ તેના બંદાને ચાહે છે. તેથી માનવજાતના માર્ગદર્શન માટે તેણે ઈશદુતો - પયગંબરો નિયુકત કર્યા હતા. દુનિયાની બધી જ પ્રજાઓ તરફ તેઓને મોકલવામાં આવ્યા હતા. આ ઈશદુતો પૈકી ઓગણીસનાં નામો કુરઆનમાં છે. જેમકે આદમ, નુહ, ઈબ્રાહીમ, મુસા, દાવુદ,

સુલેમાન, ઈસા અને મોહંમદ (સૌ પર સલામ) મુખ્ય છે. આ પૈકી કેટલાક પયગંબરોને સહીફા આપવામાં આવ્યા હતા. મુસા, ઈસા અને મોહંમદ (સૌ પર સલામ) ને અનુક્રમે તવરાત (Torah) , ઈન્જીલ (Evangel) અને કુરઆન (Quran) નામનાં ધર્મશાસ્ત્રો પ્રેરિત કરવામાં આવ્યાં હતાં.



પંડિત વેદપ્રકાશ ઉપાધ્યાયે તેમના પુસ્તક ભવિષ્ય પુરાણમાં વેદના કેટલાક શ્લોકોનો અનુવાદ કર્યો હતો. તેમાં તેમણે પ્રથમ માનવી આદમ અને હવ્વા (હવ્યવતી)નાં જન્મ, સ્વર્ગમાં રહેઠાણ, સાપની શીકલમાં શેતાનનો સ્વર્ગમાં પ્રવેશ, મનાઈ કરેલ ફળ ખાવા માટેની તેની બહેકામણી અને તેના પરિણામે આદમ અને હવ્વાની સ્વર્ગ (પ્રદાન નગર) માંથી હકાલપટ્ટી, તેઓનો પશ્ચાતાપ વગેરે બાબતોનો ઉલ્લેખ કર્યો છે. બાઈબલના જુના કરારમાં પણ આ બાબતોનો ઉલ્લેખ છે. કુરઆનમાં પણ આ બાબતોનું વર્ણન કરવામાં આવ્યું છે.

શું બીજી કોઈ અગત્યની બાબતોમાં આ ધર્મગ્રંથોમાં સામ્યતા છે ખરી ?

મનુ - મહાનુવુ

વેદમાં મનુ નામનો પ્રયોગ વિવિધ અર્થોમાં થયો છે. એવા ચૌદ મનુ વિષે જાણવા મળે છે. તે પૈકી એક મનુનું વર્ણન કુરઆનમાં સૌ પ્રથમ માનવી અને ઈશદુત આદમ (અલૈ.)ના વર્ણન જેવું છે.

બાઈબલના જુના કરાર અને કુરઆનમાં ઈશદુત નુહ (અલૈ.)ના સમયમાં જે વિશ્વ જળપ્રલય થયો હતો તેનું વર્ણન છે. વેદમાં પણ આ વિશ્વ જળ પ્રલયનું વર્ણન છે. અલ્લાહના આદેશ મુજબ નુહે (અલૈ.) એક નૌકા બનાવી અને તેમાં જે માનવીઓ અને પ્રાણીઓ સવાર હતાં તે બચી ગયા હતા અને તેઓમાંથી સૃષ્ટિનું નવનિર્માણ થયું હતું. આથી આદમ (અલૈ.) જગતના બધા માનવજાતના પ્રથમ પિતા અને નુહ (અલૈ.) બીજા પિતા માનવામાં આવે છે. બધાં માનવીઓ આદમ અને હવ્વાનાં સંતાનો છે. તેથી સૌ સરખાં છે, એક છે.

એબ્બે ડુબોઈસ નામના ફ્રેંચ લેખકે હિન્દુસ્તાનમાં ૩૧ વરસો સુધી રહીને હિન્દુસ્તાનની સંસ્કૃતિનો અભ્યાસ કર્યો હતો. તેમણે " Hindu Manners, customs and Ceremonies " નામના પુસ્તકમાં લખ્યું છે કે, એક પ્રખ્યાત વ્યકિત જેના પ્રત્યે હિન્દુઓ શ્રદ્ધા રાખે છે અને જેનું સન્માન કરે છે તેને તેઓ "મહાનુવુ" નામથી ઓળખે છે. આ મહાનુવુ સાત ઋષિઓ સાથે એક વહાણમાં સવાર હતા.

તેઓ આ વિશ્વ જળપ્રલયમાંથી બચી ગયા હતા. આ જળપ્રલયમાં આખી પૃથ્વી નષ્ટ થઈ ગઈ હતી. પછી મહાનુવુના અને સાત ઋષિઓનાં વંશજોથી પુનઃ આબાદ થઈ હતી. આ વહાણ વિષ્ણુ હંકારતા હતા.

આ બનાવનું વર્ણન મારકંડ પુરાણ, ભવિષ્ય પુરાણ અને ભાગવતમાં છે. (Abbe J. A. Qubois : Hindu Manners, Customs and Ceremonies pp. 49, 100, 416-17 etc.)

મનુ શબ્દ વેદો, પુરાણો વગેરે હિન્દુ ધર્મશાસ્ત્રોમાં અનેક વેળા વપરાયો છે. વેદોમાં મનુ શબ્દ ૭૫ જગ્યાએ વપરાયો છે. મનુના નામ સાથે મનુસ્મૃતિ નામનું હિન્દુ ધર્મશાસ્ત્ર સંકળાયેલું છે.

ગ્રીફીથ નામના એક અંગ્રેજ વેદ અભ્યાસી ઋગવેદના ૪:૧૩:૧ ના મંત્રની સમજુતીમાં લખે છે કે મનુ એક અદ્‌ભુત વ્યકિત હતી. તે બધા માનવીઓના પિતા હતા.

શ્રી નરસીંગ અગ્રવાલ તેના પુસ્તકમાં લખે છે કે જ્યારે આર્ય પ્રજા હિન્દુસ્તાનમાં મનુ સાથે આવી હતી ત્યારે તે મૂર્તિપુજા કરતી ન હતી. (The Hindu Muslim Question; p. 12)

બાઈબલના જુના કરારના Genesis - ઉત્પત્તિના ૬-૭-૮-૯મા પ્રકરણોમાં અને કુરઆનમાં પણ નુહ (અલૈ.)ના સમયમાં જે વિશ્વ જળપ્રલય થયો હતો, તેનું વર્ણન છે.

જો "મનુ" અથવા "મહાનુવુ" ઈશદુત હોય અને વેદ ઈશવાણી અથવા ઈશજ્ઞાન હોય એમ માની લઈએ તો પછી પ્રશ્નો ઉપસ્થિત થાય છે કે આ ઈશદુત આ ઈશવાણી - ધર્મશાસ્ત્ર કઈ પ્રજા માટે લાવ્યા હતા ? અને આ પ્રજા તે કઈ ? તે કયા દેશ અથવા પ્રદેશમાં વસવાટ કરતી હતી ? બાઈબલમાં અને કુરઆનમાં તેના વિષે કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ ઉલ્લેખ નથી. કુરઆનમાં જે ઈશદુતોનાં નામો છે તે બધાની પ્રજાઓ અને ધર્મશાસ્ત્રોનાં નામો આપવામાં આવ્યાં નથી. કુરઆનમાં યહુદ (બની ઈસરાઈલ), નસારા (ખ્રિસ્તી), મુસ્લીમીન (મોઅમેનીન, મુસલમાનો) અને એક પ્રાચીન પ્રજા સાબેઈનનો ઉલ્લેખ છે. શું સાબેઈન આર્ય પ્રજા હતી ? તે કયા ઈશદુતની પ્રજા હતી ? આર્યોના વેદ શું કહે છે ?

શું બ્રહ્મ, વિષ્ણુ, શિવ, મનુ, મહાનુવુ, કૃષ્ણ અને રામ ઈશદુતો હતા ? હિન્દુઓ તો રામ અને કૃષ્ણને ભગવાનના અવતારો માને છે. ઈશદુતો ભગવાનના અવતારો ન હતા. ઈશદુતો માનવીઓ હતા. તેઓએ એક પરમેશ્વરની બંદગી અને તાબેદારીનો સંદેશ આપ્યો હતો. મનુ, મહાનુવુ, કૃષ્ણ, રામ, વિષ્ણુ, શિવ વગેરે કોની પ્રાર્થના કરતા હતા ? ઈશદુતો તો ફકત એકજ ઈશ્વરની પ્રાર્થના કરતા હતા.

કમનસીબે હિન્દુ ધર્મશાસ્ત્રોમાં બ્રહ્મ, વિષ્ણુ, શિવ, કૃષ્ણ, રામ વગેરેનું એટલા વિશાળ પાયે ચારિત્ર્ય ખંડન - હનન કરવામાં આવ્યું છે કે તેઓને એક

સામાન્ય કક્ષાના માનવી તરીકે પણ માની શકાય નહીં. તેઓ વિષે બિભત્સ અને કલ્પિત વાર્તાઓ પ્રચલિત કરવામાં આવી છે.

શ્રીવાસ્તવ ડો. શ્રીરાધાકમલ ચેટરજીના પુસ્તક "O You Hindu Awake" ની પ્રસ્તાવનામાં પ્રશ્નો કરે છે કે : આપણાં પવિત્ર ગણાતા ધર્મપુસ્તકો અને આપણો ધર્મ આપણને શું કહે છે ? આપણા કેટલા ભગવાનો છે ? આપણા ધર્મના પવિત્ર ગ્રંથોમાં છે તે ઈતિહાસ આધારિત છે કે કેવળ દંતકથાઓ જ છે ? જેમ કે રામ, સીતા, શિવ, પાર્વતી, બહ્મા, ગણેશ અને કૃષ્ણ ? કોઈ એમની વાર્તાઓમાં બિભત્સતા અને નજીકના સગાઓ વચ્ચેના શારીરિક સંબંધો નથી નિહાળતું ?
(પાનું ૭)

અવતારવાદે પરમેશ્વરને નિમ્ન સ્તરે હલકી કક્ષામાં હિન્દુ ધર્મશાસ્ત્રોમાં લાવી મુકયો છે અને પરમેશ્વરના કહેવાતા અવતારો - માનવ ભગવાનોની ઠેકડી ઉડાડી છે. "O Hindu you Awake" ના લેખક ડોં.રાધાકમલ ચેટરજીએ રામાયણ, ગીતા અને અન્ય હિન્દુ ધર્મશાસ્ત્રોમાંથી અવતરણો તેમનાં પુસ્તકમાં ટાંકયાં છે. રામાયણ અને મહાભારતમાં રામ અને કૃષ્ણ વિષેની કાલ્પનિક વાર્તાઓમાં તેઓનું ભારોભાર ચારિત્ર્ય ખંડન કરવામાં આવ્યું છે.

ડો. આંબેડકરે તેના પુસ્તક "Riddles of Hinduism" માં પણ હિન્દુ ધર્મશાસ્ત્રોમાંથી આવાં જ દ્દષ્ટાતો આલેખ્યાં છે.

આથી ગાંધીજીને કહેવું પડેલું કે મારો રામ રામાયણનો રામ નથી. અને ભારતના ભુતપૂર્વ ગવર્નર જનરલ શ્રી રાજગોપાલાચારીએ કહ્યું હતું કે, રામ ભગવાન નથી પણ Hero વીર પુરુષ છે.



જો આવા જ માનવ-ભગવાનો અને ઈશ્વરના અવતારો હોયતો તેઓને ઈશદુતો કેવી રીતે કહી શકાય ? ઈશદુતો તો ચારિત્ર્યવાળા, સદ્‌ગુણી અને સદાચારી મહાન વ્યકિતઓ જ હોઈ શકે.

મુસલમાનો ઈશદુતો, ધર્મ સંસ્થાપકો અને ધર્મગુરૂઓ વગેરે પૈકી કોઈની નિંદા - નાલેશી કરતા નથી. પરધર્મીઓના પુજ્યો વિષે ભલું - ભુંડું કહેવાની તેઓને મનાઈ કરવામાં આવી છે.

ઈસ્લામના ધર્મ શાસ્ત્રીઓ (ઉલેમા) વેદ, સાબેઈન, મનુ, મહાનુવુ, રામ, કૃષ્ણ, અને હિન્દુઓના અન્ય ભગવાનો, દેવો, દેવતાઓ અને દેવીઓ વિષે મૌન સેવે છે. કારણ કે કોઈ ચોક્કસ અભિપ્રાય માટે તેઓ પાસે કોઈ સ્પષ્ટ સાબિતી નથી. ભારતના વિશ્વ વિખ્યાત ઈસ્લામી શિક્ષણની વિદ્યાપીઠ - દારૂલ ઉલૂમ, દેવબંદ (ઉત્તરપ્રદેશ)ના સંસ્થાપક ઈસ્લામી જગતના એક અગ્રગણ્ય વિદ્વાન મૌલાના મોહંમદ કાસીમ નનોત્વી (રહ.) અને મૌલાના શાહ અબ્દુલ અઝીઝ દહેલ્વી (રહ.) અને બીજા અનેક મુસ્લિમ વિદ્વાનોએ રામ અને કૃષ્ણની ગુસ્તાખી કરવાની મનાઈ કરી

હતી. બીજા વિદ્વાનો પણ આમ જ કહે છે. ઈસ્લામમાં કોઈ પણ વ્યકિતનું ચારિત્ર્ય ખંડન કરવાની સખત મનાઈ છે.

★ ★ ★

વેદ આકાશી ગ્રંથ છે કે નહી તેના પુરાવા વેદના અભ્યાસીઓએ રજુ કરવા જોઈએ. ફકત શ્રદ્ધા અને અંધશ્રદ્ધાથી તેનું પ્રતિપાદન થતું નથી. જ્ઞાન વિકાસ અને વૈજ્ઞાનિક સંશોધનના આધુનિક યુગમાં શ્રદ્ધાના પ્રતિપાદન માટે પણ ઐતિહાસિક અને બૌદ્ધિક પુરાવા રજુ કરવા આવશ્યક છે.

પુરાણો, ભાષ્યો, સ્મૃતિઓ વગેરે ઋષિવાણી હોઈ શકે પણ તે ઈશવાણી નથી. રામાયણ અને મહાભારત કાલ્પનિક વાર્તાઓ છે. ગીતા ઐતિહાસિક ગ્રંથ નથી. ગીતાનો કૃષ્ણ કલ્પિત છે. (ગાંધીજી). આથી વેદ પર આધારિત આર્ય ધર્મ અને ઉપરોકત ધર્મશાસ્ત્રો પર આધારિત હિન્દુ ધર્મ વચ્ચે ભિન્નતા છે. હિન્દુ ધર્મને વેદ ધર્મની વિકૃત શાખા કહી શકાય.

એવું તો ન જ કહી શકાય કે વેદ તેના વિશુદ્ધ સ્વરૂપમાં છે. પરંતુ તેમાં અહી તહી ધર્મની કેટલીક સત્ય બાબતો છે તેને હિન્દુ જનતા સમક્ષ રજુ કરવાની જરૂર છે. તેમાં બે બહુ અગત્યની બાબતો છે : એક ઈશ્વરવાદ તેમજ બહુ દેવતાવાદનો અને મૂર્તિપુજાનો નિષેધ; અને બીજું પરમેશ્વરના મહાન અંતિમ દુતના આગમન વિષે ભવિષ્યવાણી.

★ ★ ★

(અ) એક ઈશ્વરવાદ - Monotheism - તવહીદ

સૌ આકાશી ઈશ પ્રેરિત ધર્મશાસ્ત્રોમાં સૌથી અગત્યની બાબત એક ઈશ્વરવાદનો મૂળભુત સિદ્ધાંત છે. માનવરચિત ધર્મશાસ્ત્રો આ અગત્યની ધાર્મિક સિદ્ધાંતની બાબતમાં ભિન્ન છે. વેદ, બાઈબલના જુના અને નવા કરારો - તવરાત અને ગોસ્પેલ, ઝંદ અવસ્તા અને કુરઆનમાં એક ઈશ્વરવાદ "Unity of God" વિષે સ્પષ્ટ શબ્દોમાં આદેશ છે. પણ ઈસ્લામ સિવાય બીજા ધર્મોનાં શિક્ષણમાં આ આદેશની અવહેલના કરવામાં આવી છે અને તેના પર અસ્થા અને અમલ માટે પુરતી તકેદારી રાખવામાં આવી નથી. તેથી આ ધર્મોમાં પરમેશ્વરના સમોવડીયા અને ભાગીદારો છુપી રીતે ઘુસાડી દેવામાં આવ્યા છે. સદીઓથી આ અ-ધાર્મિક ઘુસણખોરી એવી ગુપ્તતાથી કરવામાં આવી છે કે તેના અનુયાયીઓને તેની ખબર સુદ્ધાં પડી નહીં. ધર્મગુરૂઓની આ ચાલબાજીએ ધર્મને વિકૃત બનાવી દીધો. અને પોતાના અનુયાયીઓને એવા રવાડે ચઢાવી દીધા છે કે તેઓને "રૂક જાઓ" અને

"પીછે હટો" વિષે વિચાર કરવાની સમજ રહી નથી. "જે છે તે ઠીક જ છે; ચાલવા દો" ની નીતિ નિયમનું પાલન કરી તેઓ ભ્રમ સેવી રહ્યા છે. તેઓના ધર્મગુરૂઓ કર્તવ્ય પાલનથી ચલિત થયા છે. આંધળા બીજાને કેવી રીતે માર્ગ બતાવે ?

ખરી રીતે તો સામાન્ય માનવ બુદ્ધિ અને સમજ ધરાવનાર વ્યકિત સ્વયં સમજી શકે કે સૃષ્ટિનો સર્જનહાર તો એકજ હોઈ શકે. ફકત તે જ સર્વશકિતશાળી છે. તેની જ પ્રાર્થના થઈ શકે, અન્ય કોઈ બંદગીને લાયક નથી. અફસોસ તો એ વાતનો થાય છે કે કહેવાતા શિક્ષિત લોકો પણ એક પરમેશ્વરની બંદગી કરવાના બદલે બહુદેવતાવાદ અને મૂર્તિપુજામાં ગોથાં ખાઈ રહ્યા છે !

★ ★ ★

વેદમાં બ્રહ્મસૂત્ર છે: "એકમ બ્રહ્મ, દ્વિતીય નાસ્તે, ના, નાસ્તે કિન્ચન" અર્થાત્ બ્રહ્મ એકજ છે. તેના સિવાય બીજો કોઈ બ્રહ્મ નથી, નથી, નથી; અંશમાત્ર નથી. "એકમ એવં અદ્વિતીયમ્" તે એકજ છે. તેનો કોઈ સમાવડિયો નથી.

બાઈબલના જુના કરારમાં યહુદ ધર્મનો સૌથી અગત્યનો સિદ્ધાંત- The First Article of Faith આ મુજબ છે : "I am the Lord, your God, you shall have no other gods. You shall make yourself no Idols .... You shall not bow down to them or serve them for I, the Lord, your God who brooks no rival." (God's first commandment for the Israelites ; The Holy Bible; Exodus, 20 : 2 - 5)

"There is no other god besides Me..... I am God and there is no other." (The Holy Bible: Isaiah, 45:21)

ખ્રિસ્તી ધર્મના ધર્મશાસ્ત્ર બાઈબલના નવા કરારના પ્રથમ ચાર પુસ્તકો (પ્રકરણો)ને Evangel કહેવામાં આવે છે. તેમાં ચાર Gospels છે. આ ગોસ્પલને ઈસુવાણી ગણવામાં આવે છે. ઈસુ ખ્રિસ્તે (Jesus Christ) પણ એક ઈશ્વરવાદનો સંદેશ આપ્યો હતો. "The Lord our God is One God and there is none besides Him. (Gospel of Mark 12:19,32) બીજા ગોસ્પલોમાં પણ આ જ સંદેશ છે.

ઈસ્લામ મઝહબના ધર્મશાસ્ત્ર કુરઆનમાં કલેમા તવહીદ છે : "લા ઈલાહ ઈલ્લલ્લાહ" અલ્લાહ સિવાય અન્ય કોઈ ઈલાહ (પુજનીય) નથી. "વહદહૂ લા શરીક લહૂ" તે એકજ છે. તેનો કોઈ ભાગીદાર નથી. આ કલેમાનું આજ શબ્દોમાં અને બીજા શબ્દોમાં કુરઆનમાં અનેકવાર પુનરાવર્તન કરવામાં આવ્યું છે. કારણ કે ઈસ્લામનો પાયાનો સિદ્ધાંત આ કલેમા તવહીદ છે.

Monotheism - Unity of God એટલે ફકત એકજ પરમેશ્વર. બધા આકાશી ધર્મશાસ્ત્રોમાં આ જ પ્રથમ મુખ્ય સિદ્ધાંત છે.

★ ★ ★

ઈસ્લામમાં ફક્ત એક અલ્લાહની ઈબાદત - બંદગી કરવાનો હુકમ છે. કુરઆન પહેલાંનાં આકાશી ઈશપ્રેરિત ધર્મશાસ્ત્રોમાં પણ ફક્ત એકજ પરમેશ્વરની પ્રાર્થના, યાચના અને તાબેદારીનો હુકમ હતો. પણ તેના અનુયાયીઓએ તે પ્રત્યે દુર્લક્ષ સેવ્યું. ધર્મમાં વિકૃતિ દાખલ કરી તેને અધર્મ બનાવ્યો અને ઈશદ્રોહ કર્યો.

પરમેશ્વર સકળ સૃષ્ટિ - બ્રહ્માંડ Universe નો સર્જક અને પાલનકર્તા છે. તે કોઈ એક ધર્મના અનુયાયીઓનો પરમેશ્વર નથી. આખી માનવજાત તેના બંદા છે: સૌ માનવીઓએ ફક્ત તેની જ આજ્ઞાનુ પાલન કરવાનું છે. યહુદીઓ તેને Yahwah ના નામથી પુકારે છે. ખ્રિસ્તીઓ તેને Lord અને God કહે છે. જરથ્રુસ્તીઓ તેને અહુરમઝદ કહે છે. હિન્દુઓ તેને બ્રહ્મ અને પરમેશ્વર કહે છે. મુસલમાનો તેને અલ્લાહના નામથી પુકારે છે.

યહુદીઓ, ખ્રિસ્તીઓ, હિન્દુઓ અને મુસલમાનો - સૌ દાવો કરે છે કે તેઓ એક ઈશ્વરવાદમાં શ્રદ્ધા રાખે છે અને ફક્ત તેની જ પ્રાર્થના કરે છે. પણ વાસ્તવિકતા જુદી જ છે.



યહુદીઓ Yahawh (યાહવા)ને ફક્ત તેઓનો જ પરમેશ્વર માને છે. અને તેઓ પોતાને યહવાહની માનીતી પ્રજા - Chosen People હોવાની શ્રદ્ધા રાખે છે. સ્વર્ગ ફક્ત જન્મથી જ યહુદી પ્રજા માટે છે. બીજી પ્રજાઓ માટે નથી. બીજી પ્રજાઓને તેઓ Gentiles નિમ્ન કક્ષાની પ્રજાઓ હોવાનું માને છે. તેઓએ આવી રીતે પરમેશ્વરને મર્યાદિત બનાવી દીધો છે.



ખ્રિસ્તીઓને ઈસા (અલૈ.)મે (Jesus Christ) એક પરમેશ્વરવાદનું શિક્ષણ આપેલું પણ તેમનાં આ ધર્મ શિક્ષણમાં તેમના આ પૃથ્વી પરથી ચાલ્યા ગયા પછી સંત પોલે એક ઈશ્વરવાદ - Unity of God ના સ્થાને "Father, Son and Holy Ghost" - Trinity નો સિદ્ધાંત ખ્રિસ્તી ધર્મમાં દાખલ કર્યો હતો. આજનો ખ્રિસ્તી ધર્મ પયગંબર ઈસા (અલૈ.)ના ધર્મશિક્ષણ મુજબનો નથી. પણ તે સંત પોંલના ધર્મશિક્ષણ મુજબનો છે. આથી હાલના સમયના ખ્રિસ્તીઓ મૌખિક દાવો તો કરે છે કે તેઓ એક ઈશ્વરવાદમાં માને છે પણ હકીકતમાં તેઓ પરમેશ્વરની "ત્રિપુટી"ની પ્રાર્થના - યાચના કરે છે. ખ્રિસ્તીઓ ઈસુ ખ્રિસ્તને પરમેશ્વરના પુત્ર માને છે, ખ્રિસ્તી કેથોલીક સંપ્રદાયના અનુયાયીઓના વડા ધર્મગુરૂ પોંપ કહેવાય છે. તેના હુકમો, અને નિષેધોને પરમેશ્વરના હુકમો અને નિષેધોનો દરજ્જો આપવામાં આવે છે. એટલે પોંપ પણ કેટલીક ઈશ્વરી સત્તામાં ભાગીદાર છે. રોમન કેથોલીક ખ્રિસ્તી સંપ્રદાયના અનુયાયીઓ ચર્ચ-ગીરજાઘરમાં "પિતા, પુત્ર અને પવિત્ર આત્મા" સાથે પયગંબર ઈસા (અલૈ.)ની માતા મૅરી અને સંતોની પ્રાર્થના અને

યાચના કરે છે. ઈસુ ખ્રિસ્ત, મૅરી અને સંતોનાં ચિત્રો અને પુતળાં તેમનાં ચર્ચોમાં રાખવામાં આવે છે. પવિત્ર આત્મા - Holy Ghost ના પ્રતિક રૂપ કબુતરનું ચિત્ર અને પુતળું ચર્ચમાં હોય છે.

આવી રીતે એક પરમેશ્વરવાદમાં યહુદીઓ અને ખ્રિસ્તીઓએ વિકૃતિ દાખલ કરી છે. તેઓના મૌખિક દાવા અને આચરણ ભિન્ન છે.



ફકત ઈસ્લામના અનુયાયીઓ એક ઈશ્વરવાદ - તવહીદના સિદ્ધાંતમાં અડગ અને અચળ રહ્યા છે. તવહીદ અને બહુદેવતાવાદ પરસ્પર વિરોધી antithesis બાબતો છે. અલ્લાહ સાથે પ્રાર્થના અને યાચના (દુઆ)માં બીજા કોઈને ભાગીદાર બનાવવામાં આવતો નથી. કુરઆનની પરિભાષામાં આવી ભાગીદારીને શિર્ક કહેવામાં આવ્યું છે. શિર્ક મહાન અક્ષમ્ય પાપ છે. "શિર્ક" આચનારો "મુશરિક" ગણાય છે. અલ્લાહ મહા કૃપાળુ અને દયાળુ છે તે ચાહે તે ગુના (પાપ) માફ કરે, અને બક્ષી દે પણ શિર્કનો ગુનો સાચા હૃદય - અંતઃકરણના પ્રશ્ચાતાપ (તૌબા) અને ક્ષમાયાચના અને ભવિષ્યમાં કોઈપણ સ્વરૂપમાં અને કોઈ પણ પ્રકારે શિર્ક ન કરવાનો આગ્રહભર્યો નિર્ણય હોય તો જ તે માફ કરે છે. શિર્કની શિક્ષા નર્ક (જહન્નમ)ની ધગધગતી આગ છે. મુશરિક કદિ પણ નર્કમાંથી મુકિત મેળવી સ્વર્ગમાં પ્રવેશ મેળ વી શકશે નહી.

શિર્કની આવી ભયંકર શિક્ષા પરથી ફલિત થાય છે કે એક ઈશ્વરવાદ ઘણા અગત્યનો ધર્મસિદ્ધાંત છે. એક ઈશ્વરવાદમાં ફકત એક ઈશ્વર - અલ્લાહની બંદગી - પ્રાર્થના, યાચના અને તાબેદારી જ નથી. તેના બધા વિશિષ્ઠ ગુણો - Charac-teristics માં પણ કોઈ અન્યને ભાગીદાર બનાવવું પણ શિર્ક છે. ફકત તે જ સર્વશકિતશાળી, સર્વજ્ઞ, અને સર્વત્ર છે. તે જ જન્મ આપે, મૃત્યુ આપે, ખવડાવે, અને જીવાડે છે. તે જ વર્તમાન, ભુત અને ભવિષ્યની બધી જ બાબતોનું જ્ઞાન રાખે છે. તે મૃત્યુ પામેલાને સજીવન કરી શકે છે. તેને માતા-પિતા અને સંતાન નથી. તે અનંત અને આદી છે વગેરે વગેરે..... આ સૌ બાબતો પૈકી કોઈ એક પણ બાબત કોઈ બીજામાં હોવાની માન્યતા શિર્ક ગણાય છે. ઈસ્લામમાં તવહીદ - એકઈશ્વરવાદની આસ્થામાં લેશમાત્ર બાંધછોડ કોઈ પણ પ્રકારે, કોઈ પણ સ્વરૂપમાં અને કોઈ પણ સંજોગોમાં થઈ શકે જ નહી.

જ્યારે જ્યારે મુસલમાનોની માન્યતા અથવા આચરણમાં શિર્કનો અંશ પ્રવેશ થતો જણાય છે ત્યારે ઈસ્લામના ધર્મગુરૂઓ તેની નાબુદી માટે જીહાદ જગાવે છે. જરૂરી ધાર્મિક શિક્ષણના અભાવથી, ગેરમુસ્લિમો અને મુશરિકોના સહવાસથી અને અણઈસ્લામી માહોલમાં વસવાટ કરવાથી કેટલીક વેળા કેટલાક મુસલમાનોનાં જીવનમાં શિર્ક છુપી રીતે પ્રવેશ પામે છે. શિર્ક "અંધકારમય કાળી રાત્રિમાં, કાળા

પત્થર પર એક કાળી કીડી" સમાન હોવાનું જણાવી તેની સખત ચેતવણી આપવામાં આવી છે. શિર્ક એક પરમેશ્વરવાદનો મહાન શત્રુ છે. તે ઈસ્લામની એક અલ્લાહની ઈબાદત - બંદગીમાં (નમાઝમાં) તો પ્રવેશ થઈ શકતું નથી. પણ માન્યતા, અને રીત-રિવાજોમાં ઘુસણખોરી કરે છે. ખરા અને પુરતા ધાર્મિક શિક્ષણનો અભાવ હોય ત્યાં શિર્ક ઘુસી જાય છે. પણ કુરઆન (ઈશવાણી) અને હદીસ (પયગંબર મોહંમદ સલ.ની વાણી) નું શિક્ષણ ઈસ્લામના અનુયાયીઓને એક ઈશ્વરવાદના સત્યમાર્ગ પર અડગ રહેવા માટે મજબુત મનોબળ પૂરૂં પાડે છે.

જૈન, બૌદ્ધ અને સીન્ટો આકાશી ધર્મો નથી. હિન્દુ ધર્મ એક પરમેશ્વરવાદનો ધર્મ નથી. તે બહુ દેવતાવાદનો ધર્મ છે. મૌખિક દાવો તો કરવામાં આવે છે કે, પરમેશ્વર બ્રહ્મ, ભગવાન એકજ છે. પણ માન્યતા, આસ્થા અને આચરણમાં અસંખ્ય માનવ ભગવાનો, અવતારો, દેવો, દેવતાઓ, અને સંતોની મૂર્તિપુજા કરવામાં આવે છે. સમસ્ત હિન્દુ પ્રજા બહુદેવતાવાદ અને મૂર્તિપુજામાં ગળાડુબ ગરકાવ છે. ઉત્તરોત્તર તેમાં વધારો થતો રહે છે. મંદિરોમાં જાત જાતની માનવ સ્વરૂપની મૂર્તિઓ,પુતળાં અને ચિત્રો હોય છે. કયા માનવ ભગવાન, દેવ, દેવતા, દેવી કે સંતની પુજા કરવી, બાધા રાખવી, યાચના કરવી, નમન કરવું વગેરે હિન્દુ ધર્મની સમસ્યા છે.



વેદમાં તો એક ઈશ્વરવાદનું ધર્મશિક્ષણ છે. ઋગવેદ સૌથી અગત્ય અને પ્રાચીન વેદ છે. તેનો પ્રથમ મંત્ર એક ઈશ્વરવાદ વિષે છે. તે ઈ. સ. પૂર્વે ૨૦૦૦-૧૪૦૦ દરમ્યાન ના સમયનું માનવામાં આવે છે.

આપણે બધા એકજ પરમેશ્વરની પ્રાર્થના કરીએ છીએ. (ઋગવેદ; ૧:૧:૧)

જગતનો માલિક એકજ છે. (ઋગવેદ; ૩:૪:૧)

તે (બ્રહ્મ, પરમેશ્વર) જમીન અને આસમાનનો માલિક છે. (ઋગવેદ; ૧:૧૦૦:૧)

તે દાતા અને કૃપાળુ છે. (ઋગવેદ; ૧:૩૪:૩)

પરમાત્મા એકજ છે. તે કૃપાળુ છે. તે દાન આપનારને રોજી આપે છે. (ઋગવેદ; ૭:૮૪:૧)

તે જગતનો પેદા કરનાર છે. પૂર્વ અને પશ્ચિમ, ઉપર અને નીચે બધી દિશાઓ તેણે જ પેદા કરી છે. (ઋગવેદ; ૩:૮૧:૧૦)

હે પ્રભુ ! તું અમારા સૌની નજીક છે અને તું અમારો રક્ષક છે. (ઋગવેદ; ૧:૨૪:૫)

તે દાતા અને કૃપાળુ છે. (ઋગવેદ; ૧:૩૪:૩)

આ જગત બનાવનાર માટે સ્તુતિ છે. (ઋગવેદ; ૧:૮૫:૫)

ઈશ્વરની દષ્ટિ દરેક દિશામાં છે. (ઋગવેદ; ૩:૮૧:૧૦)

આ પરમાત્મા સિવાય બીજો કોઈ આ સૃષ્ટિ પર બળવાન નથી (ઋગવેદ; ૧૪:૫૨:૧)

પરમાત્મા ખાતો નથી પણ બીજાને ખવડાવવાની વ્યવસ્થા કરે છે. (ઋગવેદ; ૨૦:૧૬૪:૧)

બધા જીવો પર કુદરતવાળા આ ઈશ્વરે દિવસ અને રાતનો ક્રમ કાયમ કર્યો છે. (ઋગવેદ; ૨:૧૯:૧૦)

ઈશ્વર આ સૃષ્ટિને સારી પેઠે જાણે છે. (ઋગવેદ; ૪:૧૮૭:૧૦)

તેણે રાત અને દિવસ બનાવ્યાં છે. (ઋગવેદ; ૨:૧૯:૧૦)

ઈશ્વરનો કાનુન બદલાતો નથી. (ઋગવેદ; ૧૦:૨૪:૧)

હે ઈશ્વર ! તું સૌથી મહાન અને સૌથી જ્ઞાની છે. (ઋગવેદ; ૨:૩૧:૧)

હે કુદરતવાળા ! ઈઝ્ઝતવાળા પરમાત્મા ! અમે અમારી અજ્ઞાનતાથી ગેરમાર્ગે દોરાયા, અમારા પર કૃપા કર. (ઋગવેદ; ૩:૮૯:૭)

અર્થવેદ સૌથી છેલ્લા સમયનું વેદ છે. તેમાં પણ એક ઈશ્વરવાદનો આદેશ છે.

પરમાત્મા બધાંને પેદા કરનારો છે. (અર્થવેદ; ૧:૧૯:૭)

તારો ઈશ્વર બધી બાબતો જાણે છે. (અર્થવેદ; ૨:૧૬:૪)

જમીન અને આકાશમાં અથવા તેની ઉપર જે કાંઈ છે તે ઈશ્વર જુએ છે. (અર્થવેદ; ૫:૧૬:૪)

ઈશ્વર ખરેખર મહાન છે. (અર્થવેદ; ૩:૫૮:૨૦)

ઈશ્વરનો કાનુન બદલાતો નથી. (અર્થવેદ; ૫:૧:૧૮)

હે સર્વજ્ઞાની ! બધાને પ્રકાશિત કરનાર પરમેશ્વર ! અમોને માર્ગદર્શન અને ક્ષમા આપ. અમોને સીધા માર્ગ પર ચલાવ. હે સુખદાતા પ્રભુ ! તું સર્વજ્ઞ અને સર્વ-વ્યાપક છે. તું માલિક છે. તું જ સર્વ જાણનાર છે. બધાની મનની વાતો અને કાર્યોથી તું જાણકાર છે. તું અમારામાંથી વાંકાપણું અને પાપ દૂર કર. અમે તારી જ પ્રાર્થના અને પ્રશસ્તિ કરીએ છીએ.

હે પરમાત્મા ! અમોને અમારા ભલા માટે સીધા માર્ગ પર ચલાવ, (યજુરવેદ; ૧૬:૪૦)

ઈશ્વરે સત્ય અને અસત્યને જુદા જુદા કર્યા અને હુકમ કર્યો કે હે લોકો ! સત્ય સ્વીકારો અને અસત્યને તજી દો. (યજુરવેદ; ૭૭:૧૯)

(ઉપરોકત અવતરણો વેદ વિશારદ શ્રી ગંગાપ્રસાદ ઉપાધ્યાયના વેદના અનુવાદમાંથી લેવામાં આવ્યાં છે.)

ડો. તારાચંદ લખે છે કેઃ આજ્ઞાંકિત સ્ત્રીનો એકજ પતિ હોય છે. ખુદા પણ એકજ છે. બીજા ખુદાને શોધો નહીં. બીજા ખુદાઓનું નામ લેવું બદકારી છે. ફકત એકજ, એકજ શકિતશાળી ખુદાને પોતાનો માલિક માનીને, ઘમંડ છોડીને,

સાચા પ્રેમથી તેનું જ ચિંતન અને મનન કરવું. આ એવી બંદગી છે જે બદકારીથી પાક છે. (ગીતા રહસ્ય)

વેદનો સંદેશ તદ્દન સ્પષ્ટ છે : એક ઈશ્વરવાદ. ફકત એક ઈશ્વરની જ બંદગી કરવી. આ જ સત્ય ધર્મ છે. આ જ એક માત્ર સીધો માર્ગ છે.

પરમેશ્વર સર્વજ્ઞ, સર્વવ્યાપક, બધાને પેદા કરનાર, ખવડાવનાર, કૃપાળુ, દયાળુ, રક્ષક, દાતા, શકિતશાળી, મહાન, જ્ઞાની, માલિક અને સુખદાતા છે. તે એકજ છે. આ જ એક પરમેશ્વર સિવાય બીજા કોઈની બંદગી કરવી નહી. "એકમ્ બ્રહ્મ, દ્વિતીય નાસ્તે, ના, નાસ્તે કિન્ચન", "એકમ્ એવં અદ્વિતીયમ્" ની ધાર્મિક આસ્થાનો આ અર્થ થાય છે. આ વેદ ધર્મ હોય તો પછી તેમાં બહુદેવતાવાદ ને કોઈ સ્થાન હોવું નજ જોઈએ. વેદમાં બહુદેવતાવાદ તો પાછળથી દાખલ કરવામાં આવ્યો હતો. ચારે વેદોમાં પરસ્પર વિરોધી એક જ ઈશ્વરવાદ અને બહુદેવતાવાદનું શિક્ષણ છે.



"લા ઈલાહ ઈલ્લલ્લાહ", "વહદહૂ લા શરીક લહૂ" ઈસ્લામનો કલેમો છે. બધા ઈશદુતોએ અને અંતે અંતિમ ઈશદુત મોહંમદ (સલ.) આ જ એક ઈશ્વરવાદનો ઈશ સંદેશ આખા જગતને પાઠવ્યો હતો. આ કલેમાને સાચા દિલથી, અંતઃ કરણ પૂર્વક સત્ય માનીને તેની જીભથી સ્વિકૃતિ જાહેર કરીને કોઈ પણ વ્યકિત ઈસ્લામથી પાવન થઈ શકે છે. બધા ઈશદુતોનો આ જ ધર્મ હતો. આ જ સત્ય માર્ગ - પંથ છે. આ પંથ પર ચાલનારાથી પરમેશ્વર રાજી થાય. આ પંથ પર આચરણ કરનારા તેના આજ્ઞાંકિત બંદા છે. ઈસ્લામની પરિભાષામાં આ પંથને "સીરાતે મુસ્તકીમ" - ઈસ્લામ, અને આ પંથ પર આચરણ કરનારા મુસલમાનો અથવા મોઅમીનોના નામથી ઓળખાય છે. કુરઆન અલ્લાહની કિતાબ છે. તેનું કલામ - ઈશવાણી છે. તેનાં પ્રથમ પ્રકરણ- સુરહ ફાતેહાની શરૂઆત અલ્લાહના નામથી કરવામાં આવી છે. તેનો અનુવાદ નીચે મુજબ છે :

"(હું) બેહદ કૃપાળુ, દયાળુ, અલ્લાહના નામથી શરૂ કરૂં છું.
સર્વ વખાણ અલ્લાહના માટે જ છે.
તે સકળ સૃષ્ટિનો પરવરદિગાર - માલિક છે.
તે ઘણો કૃપાળુ, (અને) મહાન દયાળુ છે.
તે કિયામત (હિસાબ)ના દિવસનો માલિક છે.
હે અલ્લાહ ! અમે તારીજ બંદગી કરીએ છીએ.
અને (દરેક કાર્યમાં) તારી જ મદદ માંગીએ છીએ.
(હે અલ્લાહ !) તું અમોને સીધા માર્ગ પર ચલાવ." (૧:૧:૫)

આ પ્રકરણની શરૂઆતમાં સૌ પ્રથમ અલ્લાહની સતૃતિ છે. પછી તેની જ

બંદગી, મદદ અને સીધા માર્ગ પર ચાલવા માટે માર્ગદર્શનની યાચના છે. સીધો માર્ગ - "સીરાતે મુસ્તકીમ" એટલે દીને ઈસ્લામ. દીન એટલે પંથ. આ જ એક સત્ય અને શાશ્વત ધર્મ છે. બીજા બધા અધર્મો છે. જે માનવીને અવળા પંથે દોરીને ગુમરાહ કરે છે.

હવે કુરઆનમાંથી અન્ય પંકતિઓનો અનુવાદ વાંચો અને તેના પર મનન અને ચિંતન કરી તેની તુલના કરો.

- તે જ લોકો સફળતા (મુકિત) પામશે જે પોતાના પરવરદિગારના સત્ય માર્ગ પર છે. (૨:૪)

(હે નબી મોહંમદ (સલ.) કહી દો કે અમે અલ્લાહનો સત્ય ધર્મ ઈસ્લામ સ્વીકાર્યો..... અને અમે તેની જ બંદગી કરનારા (તાબેદાર બંદા, મુસ્લિમો) છીએ. (૨:૧૩૮)

(હે મોહંમદ (સલ.) , તેઓને કહી દો કે શું તમે અલ્લાહ વિષે અમારાથી ઝઘડો કરો છો ? જો કે તે જ અમારો અને તમારો (સૌનો) પરવરદિગાર છે. (૨:૧૩૯)

(હે નબી મોહંમદ) તું કહી દે કે અલ્લાહ એકજ છે અને તે એવો બેનિયાઝ છે (તે કોઈનો ગરજવાન નથી. સૌ તેના જ ગરજવાન છે.), તેના કોઈ સંતાન નથી અને ન તે કોઈનું સંતાન છે. (તેના કોઈ માતા-પિતા અને સંતાન નથી) અને તેના સમાન કોઈ નથી. (સુરહ ઈખલાસ; પ્રકરણ ૧૧મું)

અલ્લાહ તમારો પાલનહાર છે. તેના સિવાય અન્ય કોઈ પુજનિય નથી. તે દરેક ચીજ અને પ્રાણનો સર્જનહાર છે. માટે (તમો) તેની જ બંદગી કરો અને તે દરેકનો રક્ષક છે. તેને કોઈ જોઈ શકતું નથી. પણ તે બધાને જુએ છે. તે સર્વત્ર અને સર્વજ્ઞ છે. (૬:૧૦૨-૧૦૩)

તેનો હુકમ સત્ય છે..... તે જાહેર અને ગુપ્ત બધી બાબતો જાણે છે. (૬:૭૩)

તેણે જ તમોને જીવન આપ્યું છે. પછી તે તમોને મૃત્યુ આપશે. અને ફરી (તે તમોને) સજીવન કરશે અને ફરી તમારે તેની તરફ પાછા ફરવાનું છે. (૨:૨૮)

જ્યારે તે કોઈ વસ્તુ (અને જીવ)ની ઉત્પત્તિ કરવા ઈચ્છે છે ત્યારે તે કહે છે "થા" અને તે થઈ જાય છે. (અસ્તિત્વમાં આવે છે.) (૨:૧૧૭)

તે બધા જીવોને (પ્રાણીઓને) અને તમોને ખવડાવે છે અને તે બધું જુએ છે અને જાણે છે. (૨૯:૬૦)

પૂર્વ અને પશ્ચિમ (સર્વ દિશાઓ) અલ્લાહની જ છે..... બેશક, અલ્લાહ સર્વવ્યાપક (અને) સર્વજ્ઞ છે. (૨:૧૧૫)

તેણે તમારા માટે પૃથ્વી પરની બધી ચીજો ઉત્પન્ન કરી અને આકાશો બનાવ્યાં. (૨:૨૯)

જે કાંઈ આકાશો અને પૃથ્વીમાં છે તે બધું તેનું જ છે. (૨:૧૧૬)

આકાશો, પૃથ્વી, રાત-દિવસમાં ફેરફાર, સમુદ્રમાં તરતા વહાણો, આકાશમાંથી વરસતો જમીનને તરબોળ કરતો વરસાદ અને લીલોતરી, ભિન્ન ભિન્ન પ્રકારના પ્રાણીઓ, પવનોની દિશા અને સ્થિતિમાં થતા ફેરફાર, પાણીથી લદાયેલાં આકાશમાં દોડતાં વાદળો વગેરે સૌ એક અલ્લાહના હુકમને આધિન છે. આ સૌ બાબતોમાં બુદ્ધિશાળી લોકો માટે અલ્લાહની કુદરતની ઘણી નિશાનીઓ છે. (૨:૧૬૪)

અલ્લાહ એવો છે કે તેના સિવાય (અન્ય) કોઈ પુજ્ય બનવા લાયક નથી. તે સજીવ (અને) સર્વ (સૃષ્ટિ)નો રક્ષક છે. (૩:૧)

અલ્લાહ સિવાય કોઈ પુજ્ય નથી. તે સજીવ (અને) સર્વ સૃષ્ટિનો રક્ષક છે. ન તેને ઝોંકું આવે ન ઊંઘ, આકાશો અને પૃથ્વીમાં જે કાંઈ છે તે તેનું જ છે. એવો કોણ છે જે તેની આજ્ઞા વિના તેની પાસે (કોઈની) ભલામણ કરી શકે ? તે લોકોની આગળની અને પાછળની સૌ હાલતોને જાણે છે. અને સૌ મળી તેના જ્ઞાનમાંથી કોઈ ચીજને પહોંચી (જાણી) શકતા નથી. પરંતુ તેટલું જ જે તે જાહેર કરવા ચાહે. તેની સત્તા (એટલી વિશાળ છે કે તે) આકાશો અને પૃથ્વીને સંપૂર્ણપણે આવરી લે છે અને તે બંનેનું રક્ષણ તેના માટે કાંઈ ભારે નથી. અને તે જ સર્વોપરી (અને) મહત્તાવાળો છે. (૨:૨૫૫)

અને તે દિવસથી ડરતા રહો કે જે દિવસે તમોને અલ્લાહ તરફ લઈ જવામાં આવશે. પછી દરેકને તેની કરણીનો સંપુર્ણ બદલો આપવામાં આવશે. અને કોઈના ઉપર અન્યાય થશે નહીં. (૨:૨૭૧)

અલ્લાહના બંદા તેની મદદ, કૃપા, અને ક્ષમાયાચના માંગે છે. "હે અમારા પરવરદિગાર ! જો અમે ભુલી જઈએ તો અમારી પકડ કરીશ નહીં. હે અમારા પરવરદિગાર ! અમારા ઉપર એવો સખત (હુકમનો) બોજ મુકીશ નહીં જેવો તેં અમારાથી આગળના લોકો ઉપર મુકયો હતો. હે અમારા પરવરદિગાર ! વળી અમારી પાસે તે બોજ ન ઉંચકાવ કે જેની અમારી પાસે શકિત નથી. અને અમારાથી દરગુજર કર અને અમોને બક્ષી દે. અને અમારા ઉપર દયા કર. તું જ અમારો બેલી (રક્ષક) છે, તો તું અમોને નાફરમાન લોકો પર વિજય આપ. (૨:૨૮૬)

અલ્લાહ તમારા કામોને ખુબ જાણે છે. જે કાંઈ આકાશોમાં છે અને જે કાંઈ પૃથ્વીમાં છે તે અલ્લાહનું જ છે. અલ્લાહ ચાહે તેને ક્ષમા કરશે. અને ચાહે તેને શિક્ષા કરશે. અલ્લાહ દરેક વસ્તુ પર શકિતમાન છે. (૨:૨૮૩-૨૮૪)

રસૂલ (તે ચીજના સત્ય હોવા પર) શ્રદ્ધા રાખે છે. જે કાંઈ તેના પરવરદિગાર તરફથી તેના પર ઉતારવામાં આવ્યું છે. (એટલે કુરઆન) અને મુસલમાનો પણ (શ્રદ્ધા રાખે છે). દરેકે દરેક (મુસલમાન) અલ્લાહ પર, તેના ફરિશ્તાઓ પર, તેની કિતાબો પર અને તેના પયગંબરો પર ઈમાન લાવ્યા. (તેઓ કહે છે કે) પયગંબરોમાંથી કોઈને અમો જુદા સમજતા નથી. અમે સૌએ તારૂં ફરમાન

સાંભળ્યું અને રાજીખુશીથી કબુલ કર્યુ. અમો તારી જ બક્ષીસ ચાહીએ છીએ અને તારી જ તરફ અમો સર્વેએ પાછા ફરવાનું છે. (૨:૨૮૪)

★★★

સર્વ આકાશી ધર્મશાસ્ત્રોમાં એક ઈશ્વરવાદનો સંદેશ છે. પરમેશ્વર એકજ છે. તેનો કોઈ સમોવડિયો કે ભાગીદાર નથી તે આદી છે. તેનો અંત નથી. તેના મા-બાપ, પત્ની અને સંતાન નથી. જગતનો તે જ માલિક છે. તે સર્વ શકિતમાન, મહા દયાળુ અને કૃપાળુ છે. તે સર્વજ્ઞ અને સર્વત્ર છે. તે જ જન્મ આપે છે. તે જ જીવાડે છે અને તે જ મૃત્યુ આપે છે.

આ એક ઈશ્વરવાદના અગત્યના મૂળભુત સિદ્ધાંત પર જ સત્ય ધર્મનો આધાર રહેલો છે. ફકત શ્રદ્ધા પુરતી નથી. તેના પર આચરણ પણ થવું જોઈએ. આચરણ શ્રદ્ધાનો દાર્શનિક પુરાવો છે.

(બ) બહુદેવતાવાદ અને મૂર્તિપુજા નિષેધ

બાઈબલ, વેદ અને કુરઆનમાં એક પરમેશ્વરવાદ મૂળભુત સંદેશ છે. આ ધર્મશાસ્ત્રો મૂર્તિપુજાનો પણ નિષેધ કરે છે. કારણ કે પરમેશ્વર નિરાકાર છે. માનવી તેની કલ્પના કરી શકતો નથી. તેને ઘાટ આપી શકાય નહીં. તેની મૂર્તિ બનાવી શકાય નહીં. તેને મૂર્તિ સ્વરૂપ માનવી આપે તો તેનો અર્થ એવો થાય કે માનવીએ તેને જોયો છે. પણ તે તો નિરાકાર છે - આકાર વિહોણો છે. તેનું કયું સ્વરૂપ છે તે કોઈ પણ ધર્મશાસ્ત્રમાં કહેવામાં આવ્યું નથી. તેની મૂર્તિ, પુતળું અને છબી બનાવી શકાતાં નથી.

વેદમાં કહેવામાં આવ્યું છે કેઃ પરમેશ્વરની કોઈ મૂર્તિ બની શકતી નથી. (યજુરવેદ; ૩ઃ૩૨)

જે ચીજ માનવીએ કદાપિ જોઈ નથી, તેની કલ્પના તે કરી શકતો જ નથી. જેમકે એક જન્મજાત અંધ માનવી કોઈ ચીજ વિષે સ્વયં કલ્પના કરી શકતો નથી. માનવીએ તેના શરીરમાં રહેલ આત્મા (જીવ, પ્રાણ)ને જોયો નથી અને તે તેને જોઈ શકતો નથી. તેના આકાર વિષે તેને મુદ્દલ જાણ નથી. પછી તે આત્માને કોઈ સ્વરૂપ આપી શકે ખરો ? મૂર્તિ, તસ્વીર અથવા આકૃતિ તો તેની બનાવી શકાય જેને જોઈ શકાય. માનવીની દષ્ટિમાં પરમેશ્વરને જોવાની શકિત નથી. તો પછી કયા આધારે પરમેશ્વરના સ્વરૂપની કલ્પનાના આધારે મૂર્તિ બનાવી શકાય ? દરેક માનવીની કલ્પના શકિત ભિન્ન હોય છે. જો કલ્પના આધારે જ પરમેશ્વરની મૂર્તિ બનાવવામાં આવે તો અસંખ્ય મૂર્તિઓ થાય અને તેની પુજાથી બહુદેવતાવાદ નીપજે.

બહુદેવતાવાદ એક પરમેશ્વરવાદનો વિરોધાભાસી વિકલ્પ છે.

અને આ મૂર્તિઓ શું છે ? માનવીના હાથની કારીગીરી છે. તેનો અર્થ તો આ થાય છે કે સર્જને સર્જક બનાવ્યો. માનવી ઈશ્વરનું સર્જન છે. ઈશ્વર તેનો સર્જક છે. તેણે સકળ સૃષ્ટિ બનાવી. તે પૈકી તેનું એક સર્જન તે માનવી. આ માનવી પરમેશ્વરનો કેવી રીતે સર્જક બની શકે ? આ તો તદ્દન વાહીયાત વાત છે.

મૂર્તિપુજામાંથી બહુદેવતાવાદે જન્મ લીધો. તેણે પરમેશ્વરને એક બાજુ પર હડસેલી દીધો. માનવી તેના પાલનહારને ભુલી ગયો અને દેવતાઓનો પુજક બની ગયો. વેદમાં કહેવામાં આવ્યું છે કેઃ

ઈશ્વરને છોડી તમો કોની પુજા કરી રહ્યા છો ? (ઋગવેદ; ૧:૧૨૧:૧૦)

જે લોકો જુઠા દેવ-દેવીઓની પુજા કરે છે તે ગાઢ અંધકારની ખીણમાં નાશ પામે છે. (યજુરવેદ; ૯:૪૦)

ઈશ્વર જ આધ્યાત્મિક અને શારીરિક શકિત આપે છે. તેની જ પ્રાર્થના બધા દેવતા કરે છે. આ એક ઈશ્વરની ખુશી હંમેશની જિંદગી બક્ષે છે. આ ઈશ્વરને તજીને તમો કયા દેવતાની પ્રાર્થના કરો છો ? (ઋગવેદ; ૨:૧૨૧:૧૦)

તે બધા જીવિત અને નિર્જીવ દુનિયાનો મહાન દબદબાવાળો એકજ સર્વસત્તાધીશ છે. તે માનવીઓ અને પશુઓનો માલિક છે. તેને છોડીને શા માટે આપણે બીજા પુજ્યોની સ્તૃતિ કરીએ અને તેઓને ભેટ-સોગાદ ચઢાવીએ ? (ઋગવેદ; ૧:૧:૮)

એક ઈશ્વર સિવાય બીજાની પ્રાર્થના અને મૂર્તિપુજાના નિષેધ વિષે ઋગવેદમાં ૩:૧:૨, ૪:૧:૨, ૫:૧૧૪:૧૦, ૬:૧:૨, ૭:૧:૨, ૧૧:૧:૨ વગેરે મંત્રો છે.

અસલ વૈદિક ધર્મનું આ શિક્ષણ હતું પણ ઋષિઓએ આર્ય પ્રજાના આ ધર્મમાં મૂર્તિપુજા શરૂ કરી હતી. એવું ડો. ચીમનલાલ ગૌતમનું મંતવ્ય છે.

ઋષિઓએ સૌ પ્રથમ ઈશદુતોને ઈશ્વરના અવતાર બનાવી દીધા. એક પરમેશ્વરના ત્રણ થયાઃ બ્રહ્મ, વિષ્ણુ અને શિવ. એક પેદા કરનાર, બીજો જીવાડનાર અને ત્રીજો મૃત્યુ આપનાર. શું જે પેદા કરે તે જ જીવાડી ન શકે ? જે ઈશ્વર જન્મ આપે તે જ ઈશ્વર મૃત્યુ ન આપી શકે ? ત્રણની કેમ જરૂર પડે ?

પરમેશ્વરના જેટલા વિશિષ્ટ ગુણો - Characteristics છે તેટલા માનવ-ભગવાનો થયા. એકના ત્રણ, ત્રણના તેત્રીસ અને તેત્રીસના સેંકડો દેવો, દેવીઓં અને દેવતાઓ. દેવોને દેવીઓની શા માટે જરૂર પડી ? વિષય વાસના, જાતિય સુખભોગ અને સંતાન પ્રાપ્તિ માટે ? પ્રેમલીલા માટે ? આ તે કેવું નિર્લજ ધર્મજ્ઞાન ? !

બ્રહ્મ, વિષ્ણુ, શિવ, રામ, કૃષ્ણ, હનુમાન વગેરેની મૂર્તિઓ બનાવી હિન્દુઓએ મૂર્તિપુજાની શરૂઆત કરી.

સૂર્યપુજા, ચંદ્રપુજા, ગ્રહપુજા, અગ્નિપુજા, ગાયની પુજા, પીપળાની પુજા, સર્પપુજા, લીગપુજા, યોનિપુજા, રામ લીગમ પુજા, અને વિશલીગ પુજા, સંતોની પુજા, અનેક દેવીઓ - સીતા, લક્ષ્મી, પાર્વતી, સાવિત્રી, કાળી માતા વગેરે વગેરેની પુજા. મંદિરોમાં ઠેર ઠેર મૂર્તિઓ, પુતળાં અને ફોટા. માટી, પત્થર, પ્લાસ્ટીક અને ધાતુઓની માનવીના હાથે કંડારાયેલી મુર્તિઓ ! આ શું ? ! ધર્મની સંપૂર્ણ કાયાપલટ થઈ ગઈ. ધર્મ અધર્મ બની ગયો. પરમાત્મા ભુલાઈ ગયો. દાવો તો એવો કરવામાં આવે છે કે અમે એકજ પરમેશ્વરમાં આસ્થા રાખીએ છીએ પણ વર્તન તદ્દન ભિન્ન છે.

જ્યારે જ્યારે માનવી અવળા પંથે ચઢયો ત્યારે ત્યારે પરમેશ્વરે તેને સીધા માર્ગ પર ફરીથી લાવવા માટે ઈશદુતો મોકલી તેનું માર્ગદર્શન કર્યુ હતું. પણ માનવી નગુણો અને વિદ્રોહી છે. તે સખણો રહેતો નથી. તેના માનસમાં વિદ્રોહ અને વક્રતા છે. તે પોતાના હાથે મૂર્તિ ઘડે છે અને કેમેરાથી તસવીર બનાવે અને તેની પુજા કરે અને તે એવું માને કે આ તેનો પરમેશ્વર છે - ભગવાન છે. કેવું વિચિત્ર !

ભારતનાં હિન્દુઓ મૂર્તિપુજા અને બહુદેવતાવાદમાં ગળાડુબ છે. સદીઓ પુરાણી આર્ય સંસ્કૃતિની દાવેદાર પ્રજા મૂર્તિપુજામાં ઉત્તરોત્તર આગેકૂચ કરતી જાય છે. આ ધાર્મિક પ્રગતિ છે કે અધોગતિ ? આધ્યાત્મિક આગેકૂચ કે અવગતિ ?

એમેઝોન અને કોંગોનાં ગાઢ જંગલોમાં, ધ્રુવ પ્રદેશો, ન્યુ ગીની, ઓસ્ટ્રેલીયા, દૂર દૂરના દ્વિપોમાં અને પ્રદેશોમાં વસવાટ કરનારા અભણ, ગમાર અને ગરીબ આદીવાસીઓ મૂર્તિઓ બનાવતા નથી અને મૂર્તિપુજા કરતા નથી. પણ ભારત દેશનો હિન્દુ મૂર્તિપુજા હોંશે હોંશે કરી પોતાને ધન્ય માને છે. વિધિની આ કેવી હાંસી ! શું તેને ખબર નથી કે મુંગી, બહેરી અને આંધળી નિર્જીવ મૂર્તિ તેને કશો લાભ કે નુકસાન પહોંચાડી શકતી નથી ?

સંત કબીરે કહ્યું હતું :

"પત્થર પુજે હરિ મિલે તો મૈં પુજું પહાર,
ઈસ સે તો ચક્કી ભલી, પીસ ખાએ કંસાર"

પણ અમારી આ ભાઈબંધ કોમને શું થયું છે ? તે કેમ આટલી સીધી સાદી બાબત આધુનિક જ્ઞાન, વિકાસ અને પ્રગતિના યુગમાં માનવ બુદ્ધિ અને સાદી સમજનો ઉપયોગ કરીને સમજી શકતી નથી ?

મૂર્તિપુજા અને બહુદેવતાવાદ સહયોગી છે. બંને એક ઈશ્વરવાદના કટ્ટર શત્રુઓ છે. મૂર્તિપુજા અને બહુદેવતાવાદના ઘણાં દિર્ઘકાળી ગંભીર પરિણામો નીપજ્યાં છે. વેદ ધર્મ વિકૃત હિન્દુ ધર્મ બની ગયો. પરમેશ્વર પ્રત્યેની આસ્થા લુપ્ત થતી ગઈ. આધ્યાત્મિકવાદનું ધોવાણ થઈ ગયું. ધર્મશ્રદ્ધાળુ લોકો નાસ્તિક અને રેશનાલીસ્ટ બનવા લાગ્યા. જડવાદી ભૌતિકવાદ અને ઉપભોકતાવાદ ધર્મ બની ગયો. યેન કેન પ્રકારે સંપત્તિ સંગ્રહ કરી ઉચ્ચ જીવન ધોરણની મોજમજા માણવી એ

જિંદગીનું મુખ્ય લક્ષ્ય બની ગયું. આજના સમયમાં હિન્દુ સંતો ઉપભોકતાવાદનો પ્રચાર કરે છે. મૂર્તિપુજા કરનારા એક પરમેશ્વરની પુજા કરનારાંના શત્રુઓ બની ગયા છે. એક ઈશ્વરની બંદગીના સ્થળ (મસ્જીદ)નો ધ્વંશ કરી મૂર્તિપુજાનું મથક (મંદિર) બનાવવા ધમપછાડા કરે છે.

હિન્દુઓ મોટાં મોટા મંદિરો બાંધવા માટે લખલુટ ધન વ્યય કરી રહ્યા છે. મંદિરોના સ્થાપત્યકળા અને શોભા-શણગારના નામે મંદિરોની દિવાલો પર દેવીઓની અર્ધનગ્ન મૂર્તિઓ કંડારવામાં આવે છે. દેવીઓની મૂર્તિઓ અને ચિત્રોમાં વક્ષઃસ્થળ નો ઉભાર, કેશકલાપ અને વસ્ત્ર શણગાર કામવાસના ઉત્તેજક હોય છે. અમુક હિન્દુ મંદિરોમાં કામ સુત્રના જાતિય દશ્યો બતાવતાં શિલ્પો છે. ઈલા અને અજન્ટાની ગુફાઓ મંદિરોમાં કામ આસ્કત નગ્ન કલાકૃતિઓ છે. કોનાર્કના સૂર્ય મંદિરોની દિવાલો પર વિષય વાસના ઉત્તેજીત કરે એવી કલાકૃતિઓ છે. કૌલા-કપીલાના નામથી ઓળખાતાં ખજુરાહોના મંદિરમાં નગ્ન શિલ્પકૃતિઓ છે. કેટલાક મંદિરોમાં મૈથૂન ફળદ્રુપતા માટે ક્રિયાકાંડ થાય છે.

(P. Thomas; Hindu Religion, Customs and Manners P. 116 Incredible India; pp. 75, 89, 94 etc.)

ડો. રાધાકમલ ચેટરજી લખે છે કે, "કોઈ પરદેશી આપણને લીગ અને યોની વિષે પુછે તો આપણે શું કહીએ ?" (O Hindu You Awake)

કુરૂક્ષેત્રમાં નાગા હિન્દુ સાધુઓ બ્રહ્મ સરોવરમાં સૂર્યગ્રહણ વખતે "પવિત્ર" ડુબકી મારે છે. તે જોવા હિન્દુઓની મોટી ભીડ એકત્ર થાય છે.

નૃતયકળા, શૃંગાર રસ અને વિષય વાસના ઉત્તેજીત કરતા ગરબા - ગીતો અને ડિસ્કો નૃત્યો પ્રચલિત બની ગયાં છે. સ્ત્રી મર્યાદા ઝડપભેર ભુલાતી જાય છે. પ્રાર્થના અને દર્શનના નામે અશ્લિલતા આચરવામાં આવે છે. મૂર્તિપુજા અને બહુદેવતાવાદના અનિષ્ઠોની સુધારણા માટે કડવા સત્યનો સ્વીકાર કરવો પડે.

હિન્દુઓની આધ્ય દેવી કાળી માતા (જે પાવાગઢ, ઉમા, અંબે માતા, ખોડીયાર માતા વગેરે વિવિધ પ્રાદેશિક નામોથી ઓળખાય છે)નું રૌદ્ર સ્વરૂપ છે. હાથમાં ત્રિશૂળ, લોહી ટપકતી લબકતી જીભ, અણીયાણાં દાંત, પગ આગળ માનવ ખોપરી, હાથમાં તલવાર વગેરે તેની ક્રૂરતા અને ભયાનકતાના પ્રતિકો છે. તેનાથી હિન્દુઓ ડરે છે. તેને રીઝવવા નવરાત્રિના દિવસોમાં રાત્રિ સમયે "માતાના ગરબા" ગાવામાં આવે છે. પશુઓની બલી ચઢાવવામાં આવે છે. તેને તેમજ અન્ય દેવો અને દેવીઓને ધન, સત્તા, અને સંતાન પ્રાપ્તિ માટે માનવ બલી પણ તેના ભકતો આપે છે. આ તે કઈ જાતને દેવી ? રાય અને રંક, શિક્ષિત અને ગમાર - દરેક હિન્દુ કાળીકા માતનો ભકત છે. વિવેકાનંદ અને શંકરાચાર્ય પણ તેના ભકતો હતા.

અસંખ્ય દેવો અને દેવીઓને કેવી રીતે રીઝવવાં તે હિન્દુઓની એક મહત્ત્વની ધાર્મિક સમસ્યા છે. એક દેવ રાજી થાય તો બીજો નારાજ. તેઓનાં

તૃષ્ટિકરણ માટે મંદિરો અને તિર્થધામોમાં બિરાજમાન ભિન્ન ભિન્ન દેવો અને દેવીઓનાં દર્શનનો આગ્રહ રાખવામાં આવે છે. અને એવો ભય સેવાય છે કે જો કોઈ દેવતાના દર્શન પ્રત્યે દુર્લક્ષ રખાય તો તે શિક્ષા કરે. જુદી જુદી વિશિષ્ઠતા ધરાવતા અસંખ્ય દેવતા છે. કોઈ કામ એક દેવને પસંદ પડે અને બીજાને તે ન પણ પડે.

(W.J. Wilkins, Modern Hinduism, pp. 38-39)

મૂર્તિપુજા અને બહુદેવતાવાદ અતિ ભયંકર દુષણો હોવા છતાં તેની નાબુદી માટે કોઈ વ્યવસ્થિત અભિયાન સૈકાઓ સુધીના સમયમાં કરવામાં આવ્યું નથી. હિન્દુઓમાં તત્વચિંતકોની ખોટ નથી. મહર્ષિ અરવિંદ ઘોષ, મદનમોહન માલવીઆ, બાળ ગંગાધર તિલક, લાલા લજપતરાય, રવિન્દ્રનાથ ટાગોર, વિનોબા ભાવે, રાધાકૃષ્ણ સર્વપલ્લી ગાંધીજી વગેરે આ સમસ્યા વિષે નિષ્ક્રિય રહ્યા. ગાંધીજી તો સત્ય શોધના દાવેદાર હતા. તેમને પણ સનાતન સત્ય અને પ્રચલિત અસત્ય વચ્ચે તફાવત સમજાયો નહીં. ગાંધીજી તો એક હિન્દુ ધર્મપ્રેમી અને હિન્દુ સમાજના સુધારક હતા. તેમની રાજકિય કાર્યકિર્દી તો ગૌણ હતી. તેમણે હિન્દુ ધર્મનું અસ્તિત્વ ટકાવી રાખી સત્ય, અહિંસા, અસ્પૃશ્યતાની નાબુદી, સર્વધર્મ સમભાવ વગેરે બાબતો વિષે આંદોલન ચલાવ્યું. પણ તેમણે મૂર્તિપુજા અને બહુદેવતાવાદની નાબુદી વિષે એક શબ્દ પણ ઉચ્ચાર્યો ન હતો. તેઓ પોતાની પ્રજાનો અને ખાસ કરીને બ્રાહ્મણો અને પંડિતોનો રોષ વહોરી લેવા ઈચ્છતા ન હતા. કદાચ તેઓ એમ પણ માનતા હતા કે મૂર્તિપુજા અને બહુદેવતાવાદ તો હિન્દુ ધર્મના મુખ્ય અંગો છે. તેની નાબુદી થાય તો હિન્દુ ધર્મનું અસ્તિત્વ જ બાકી ન રહે. આ બાબતો તો હિન્દુ ધર્મશાસ્ત્રોમાં છે. અને તેનાં મૂળ ઘણાં ઊંડાં હિન્દુ માનસમાં રહેલાં છે. તેથી ડો. ભીમરાવ આંબેડકર હિન્દુ ધર્મશાસ્ત્રોની નાબુદીનો આગ્રહ રાખતા હતા.

અને આજે પણ દક્ષિણપંથી હિન્દુ સંગઠનો મંદિર-મસ્જીદની સમસ્યા ઉપસ્થિત કરી રાજકિય સત્તા પ્રાપ્ત કરવાનું ધ્યેય રાખે છે. તેનાં ધુરંધરોને હિન્દુ ધાર્મિક અને સામાજિક દુષણોની નાબુદી વિષે વિચારવાનો પણ સમય નથી. જો તેઓ આવો કોઈ પ્રયાસ કરવાની નૈતિક હિંમત કરે તો પણ તેનું પરિણામ શૂન્ય આવે. હિન્દુ ધર્મની સુધારણા ત્યારે જ થઈ શકે જ્યારે બહુદેવતાવાદ અને મૂર્તિપુજા નાબુદ કરવામાં આવે. હિન્દુઓ આધ્યાત્મિક અંધાધુંધી - Spiritual anarchy માં અટવાય રહ્યા છે.

આથી એક સમયના હિન્દુ ધર્મના પ્રશંસક ધાર્મિક તત્વજ્ઞાનના તુલ્નાત્મક અભ્યાસી જર્મન પ્રાધ્યાપક, વેદના શાક્ષર, "Fellow of All souls" (Oxford University) ના પદવીધારી મેક્ષમુલર તેના મૃત્યુ (ઈ.સ. ૧૯૦૦) પહેલાં એવા નિર્ણય પર પહોંચ્યા હતા કે, હિન્દુ ધર્મની સુધારણા અશકય છે. તેથી હિન્દુઓએ ધર્માંતર કરવું જોઈએ.

(F. Max Muller; Lectures on the Science of Language, p. 333)

હિન્દુ ધર્મશાસ્ત્રો અને ધર્મ સાહિત્યમાં અશ્લિલ દંતકથાઓ દ્વારા એટલા વિશાળ પ્રમાણમાં વિકૃતિએ પ્રવેશ કર્યો છે કે તેને તેના અસલ સ્વરૂપમાં પુનઃ સ્થાપિત કરવાનો વિચાર પણ થઈ શકે નહી. આ પ્રજા તો કાંઈ સમજવા જ તૈયાર નથી. બુદ્ધિનો ઉપયોગ કરવા જ માંગતી નથી. મૂર્તિપુજાથી તેઓની બુદ્ધિનું દેવાળું નીકળી ગયું છે. તેમની બુદ્ધિ બહેર મારી ગઈ છે.

ભુતકાળની પ્રજાઓ પણ ઈશદુતોના પ્રયાસો છતાં મૂર્તિપુજામાં અટવાય પડતી પણ આટલા બધા વ્યાપક પ્રમાણમાં નહી. તેથી તેઓની સુધારણા થોડા ઘણા અંશે શક્ય બનતી. જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે એક ઈશ્વરવાદનું સ્થાન મૂર્તિપુજાએ લીધું ત્યારે પરમેશ્વરે તેના દુતો મોકલીને તેઓની સુધારણા કરી હતી. મૂર્તિપુજા તો પુરાણું દુષ્ટ છે.

ઈબ્રાહીમ (અબ્રાહમ) (અલૈ.) ઈશદુત હતા. તેમના પિતા આઝર મૂર્તિઓ બનાવતા અને કિશોર વયના પુત્ર ઈબ્રાહીમને મૂર્તિઓ વેચવા બજારમાં મોકલતા. તેઓ મૂર્તિ વેચવાનો ઢોંગ કરી બુમ પાડતાઃ "મૂર્તિ ખરીદો; મૂર્તિ ખરીદો. મુંગી, બહેરી, આંધળી મૂર્તિ ખરીદો. તે તમોને લાભ અને નુકસાન પહોંચાડી શકતી નથી."

કિશોર વયમાં ઈબ્રાહીમને સત્ય લાધ્યું હતું કે મૂર્તિપુજા ભયંકર દુષણ છે, પાપ છે, ઈશ વિદ્રોહ છે. બહાનુ કાઢી ઉત્સવમાં ભાગ લેવા ન ગયા અને મંદિરમાં એક મોટા દેવની મૂર્તિ સિવાય બીજી બધી મૂર્તિઓનું ખંડન કરી હથોડી પેલા મોટા દેવના ગળામાં લટકાવી દીધી. જ્યારે તેમને પુછવામાં આવ્યું કે આ કાર્ય કોણે કર્યુ ? ત્યારે તેમણે કહેલું, આ મોટી મૂર્તિને પુછો. તેને ખબર હશે. સંભવિત તેણે જ આ કાર્ય કર્યુ હશે. લોકો સમજી ગયા અને ત્યાંથી ગુપસુપ પલાયન થઈ ગયા. આ ચાર હજાર પૂર્વેની વાત છે. હજી ભારત દેશોમાં મૂર્તિપુજા યથાવત્ છે. ફુલી-ફાલતી રહી છે. કેટલી બધી મૂર્ખતા !!!

કુરઆનમાં આદ, સમુદ વગેરે પ્રજાઓમાં પ્રચલિત મૂર્તિપુજાના નિકંદન માટે અલ્લાહે ઈશદુતો મોકલેલા તેનો ઉલ્લેખ છે. પયગંબર મુસા (અલૈ.)ની ગેરહાજરીમાં તેની યહુદ કોમે વાછરડાની પુજા કરવાનું શરૂ કર્યુ હતું. તેનો પણ કુરઆનમાં ઉલ્લેખ છે. મૂર્તિપુજા તો માનવીના વિકૃત માનસની નીપજ છે.



ઈ.સ. ૫૭૧માં અરબસ્તાનમાં મક્કા શહેરમાં પયગંબર મોહંમદ (સલ.)નો જન્મ થયો હતો. ઈસ્વી છઠ્ઠી સદી અરબસ્તાનનો અંધકાર યુગ હતો. અરબો જે કોઈ સુડોળ પત્થર જોતાં તો તેને ઘરમાં અથવા કાબામાં રાખીને તેની પુજા કરતા. મુસાફરીમાં બે પત્થર સાથે રાખતા. એકની પુજા કરતા અને બીજાથી મળમૂત્ર ત્યાગ

પછી ગુપ્ત અંગની સફાઈ કરતા. એકઈશ્વરવાદના પ્રતિક રૂપ કાબાનું સૌ પ્રથમ બાંધકામ પ્રથમ ઈશદુત આદમ (અલૈ.) એ કરેલું. સમય સમયે કાબાનું પુનઃ બાંધકામ થતું રહ્યું હતું. ઈબ્રાહીમ (અલૈ.) અને તેમના પુત્ર ઈસ્માઈલ (સલ.)એ પણ તેનું પુનઃ બાંધકામ કરેલું. કાબામાં એક અલ્લાહની બંદગી થતી.

પછી મક્કાના મુશરિક કુરૈશ કબીલાના અને અન્ય અરબોએ અલ્લાહના ઘર કાબામાં પત્થર, લાકડા અને માટીની મૂર્તિઓ મુકી તેઓની પુજા શરૂ કરેલી. લાત, મનાત અને ઉઝઝા તેઓની મુખ્ય મૂર્તિઓ હતી. કાબાની દીવાલ પર ચિત્રો ટાંગેલાં અને દોરેલાં આવી રીતે તેઓ મૂર્તિપુજકો બની ગયેલા. પયગંબર મોહંમદ (સલ.)મે એક ઈશ્વરવાદનો અને મૂર્તિપુજા નિષેધ કરતો ઈશ સંદેશ આપ્યો. તેથી કુરૈશ મુશરિકો (મૂર્તિપુજકો) તેમના શત્રુ બની ગયા હતા.



કુરઆન કહે છે કે, અલ્લાહ આકાશો અને પૃથ્વીનું નૂર, દિવ્ય પ્રકાશ છે. તેને કોઈ જોઈ શકતું નથી. પયગંબર મુસા (અલૈ.) સાથે કોહે (પહાડ) તૂર પર અલ્લાહે વાત કરેલી અને એક ઈશ્વરવાદનો સંદેશ આપેલો. તેમણે અલ્લાહને જોવાની ઈચ્છા જાહેર કરી ત્યારે તેમના અલ્લાહે ગેબી અવાજમાં કહેલું, "તું મને જોઈ શકશે નહીં." કોઈ માનવી સામાન્ય હોય કે ઈશદુત. આ પૃથ્વી પરના જીવનની દષ્ટિથી અલ્લાહને જોઈ શકતો નથી. તે શું છે અને શું નથી તેની સમજ ઈશદુતોએ તેઓને ઈશ્વર તરફથી મળેલ જ્ઞાનથી લોકોને કહી હતી. તેનો સારાંશ એટલો છે કે પરમેશ્વર - પરમાત્માનું અસ્તિત્વ છે અને માનવજાતે ફકત તેની જ બંદગી અને તાબેદારી કરવાની છે. આ તેનું સૌ પ્રથમ કર્તવ્ય છે. ઈસ્લામની આ પાયાની બાબત છે.



મક્કાના મુશરિકો પયગંબર મોહંમદ(સલ.)નો એક પરમેશ્વરવાદનો સંદેશ સમજી તો શકતા હતા. પણ પૂર્વજો તરફથી મળેલ - વારસાગત મૂર્તિપુજા છોડવા તેઓ તૈયાર ન હતા. તેઓના અગ્રેસરોએ પયગંબર મોહંમદ (સલ.) સમક્ષ પ્રસ્તાવ મુકયો હતોઃ "ચાલો આપણે સૌ એક વરસ એક અલ્લાહની બંદગી કરીએ અને બીજે વરસે મૂર્તિઓની પુજા કરીએ." તેના ઉત્તરમાં અલ્લાહે કુરઆનની સુરહ કાફેરૂન પયગંબર મોહંમદ (સલ.) પર પ્રેરિત કરી હતી. તેનો અનુવાદ આ મુજબ છે :

(હે મોહંમદ !) તું કહી દે કે હે કાફિરો, (અલ્લાહના ઈનકાર કરનારા વિદ્રોહીઓ) જે (મૂર્તિઓ)ની તમો પુજા કરો છો તેની હું પુજા-ભકિત કરતો નથી. અને ન તમો તેની (અલ્લાહની) પુજા-બંદગી કરો છો જેની બંદગી હું કરૂં છું અને મારે ન તે મૂર્તિઓની પુજા કરવી છે જેની તમો પુજા કરો છો. અને ન તમો તે (અલ્લાહ)ની પુજા કરશો. જેને હું પુજું છું. તમારા માટે તમારો માર્ગ અને મારા માટે મારો માર્ગ છે. (સુરહ કાફેરૂન)

મક્કાના મુશરિક અરબ અગ્રેસરોએ પયગંબર મોહંમદ (સલ.)ને રાજકિય સત્તા, ધન, વૈભવ, મનપસંદ સ્ત્રી સાથે લગ્ન વગેરે પ્રલોભનો આપ્યાં. જેથી તેઓ એક ઈશ્વરવાદ (ઈસ્લામ)થી ચલિત થાય. પણ તેમણે તેઓની ઓફરો ઠુકરાવી દીધી હતી. તેઓ તેમને જુઠા તો કહી શકયા જ ન હતા. પણ તેઓ હઠાગ્રહથી પોતાના પૂર્વજોની મૂર્તિ પુજાનો ત્યાગ કરવા તૈયાર ન હતા. તેમનો વિરોધ વધુ ઉગ્ર અને હિંસક થવા થયો. આખરે તેર વર્ષોની વિટંબણાઓ સહન કરીને જાન બચાવવા અલ્લાહના હુકમથી તેમણે વતન ત્યાગ કરવો પડયો હતો. દસ વરસો પછી મક્કાની અજોડ ફતેહના દિવસે સ્વેચ્છાએ મક્કાના મુશરિકો ઈસ્લામથી પાવન થયા. અને પયગંબર મોહંમદ(સલ.)ની હાથ લાકડીના ઈશારે કાબાની બધી મૂર્તિઓ ભોંય ભેગી થઈ. ઈસ્લામ આવ્યો. (પુનઃ સ્થાપિત) થયો. અને મૂર્તિપુજાનો અંત આવ્યો.

(ક) પરમેશ્વરના મહાન અંતિમ પયગંબર મોહંમદ (સલ.)ના આગમન વિષે ભવિષ્યવાણી

દસાતીર :

દસાતીર, વેદ, બાઈબલના જુના કરારમાંની તવરાત, ઝબુર, અને નવા કરારના ગોસ્પેલ- ઈન્જીલમાં અંતિમ મહાન ઈશદુત- પયગંબર મોહંમદ(સલ.)ના આગમન વિષે ભવિષ્યવાણી છે. આ પ્રાચીન કાળની ભવિષ્યવાણી વિષેનો ઉલ્લેખ કુરઆનમાં પણ છે.

જરથુસ્ત ધર્મ જગતના પ્રાચીન ધર્મો પૈકી છે. તે વૈદિક (આર્ય) ધર્મથી પણ વધુ પ્રાચીન છે. તેના બે મુખ્ય ધર્મશાસ્ત્રો છેઃ દસાતીર અને ઝંદ - અવસ્તા. દસાતીરના ચૌદમા પ્રકરણમાં ઈસ્લામના મૂળભુત અકીદા અને સિદ્ધાંતોનું સમર્થન કરવામાં આવ્યું છે. એક અહુરમજદ (અલ્લાહ)ની બંદગીનો આદેશ છે. અને પયગંબર મોહંમદ (સલ.)ના આગમન વિષે ભવિષ્યવાણી છે.

જ્યારે અંતિમ મહાન ઈશદુતનું આગમન આ જગતમાં થશે તે પહેલાં ઈરાન (જરથુસ્તી ધર્મના અનુયાયીઓનો દેશ)માં અતિશય અરાજકતા અને દુરાચરણ ફેલાશે. જ્યારે જરથુસ્તીઓ પાપાચરણમાં ખુબ ગરકાવ થઈ જશે ત્યારે અરબસ્તાનમાં એક મહાન માનવીનો જન્મ થશે. તેમના અનુયાયીઓ ઈરાનની રાજસત્તા ઉથલાવી પાડશે. અને જરથુસ્ત ધર્મનો અંત આવશે. તેઓ ઈરાનના ગર્વિષ્ઠ અને ઘમંડી લોકોને પરાજય આપશે. તેઓ તુલ્સ, બલ્ખ, પારસીસ અને તેની આસપાસના બીજાં શહેરો જીતી લેશે. ઈરાનના અને બીજા બુદ્ધિશાળી અને શાણા લોકો અને બીજા ધર્મોના લોકો તેમના અનુયાયીઓ સાથે ભળી જશે. આવનાર મહાન ઈશદુત તે ઘરને (મક્કામાં આવેલ કાબાને) જેમાં ઘણી મૂર્તિઓ રાખવામાં આવી છે તેને

મૂર્તિઓથી પવિત્ર કરશે.

દસાતીર લગભગ પાંચ હજાર પૂર્વેનું ધર્મશાસ્ત્ર ગણવામાં આવે છે. જરથુસ્ત પયગંબર હતા. એવું તેમના અનુયાયીઓ માને છે. તેમણે એક પરમેશ્વરવાદનો ઈશ સંદેશ તેમની પ્રજાને આપેલો. કાળક્રમે તેઓ આ સંદેશ ભુલી બેઠા અને આતશ બેહરામ - પવિત્ર અગ્નિના પુજકો બની ગયા. અહુરમજદનું નામ તો તેઓ લે છે પણ પવિત્ર અગ્નિ અને જરથુસ્તના ફોટા ઘરોમાં અને અગીઆરીઓ - ધર્મ સ્થળોમાં રાખે છે. અને તેને નમન કરે છે. પયગંબર મોહંમદ (સલ.)ના જન્મ સમયે ઈરાનના આતશ - બહેરામ હોલવાઈ ગયો હતો. અને ઈરાનના સમ્રાટ ખુશરૂના મહેલના મીનારા જમીનદોસ્ત થઈ ગયા હતા ત્યારે તેઓના મોબેદો - ધર્મગુરૂઓને ખાતરી થઈ હતી કે પયગંબર મોહંમદ (સલ.)નો અરબસ્તાનમાં જન્મ થયો અને તેઓએ તેમની ભાળ કાઢી હતી.

પયગંબર મોહંમદ (સલ.)ના મૃત્યુ પછીના પાંચ - છ વર્ષ પછી અરબોએ ઈરાનનું સામ્રાજ્ય જીતી લીધું હતું. તે વેળા ઈરાન અરાજકતા અને પાપાચરણમાં ખુબ ગરકાવ હતું. અને ઈરાનીઓ અગ્નિપુજકો બની ગયા હતા.

વેદ

અહમેત :

"વેદામહેતં પુરુષ મહાન્તમાદિત્ય વર્ણ તમસ પ્રસ્તાત્" (યજુરવેદ ૧૮:૩૧) સર્વજ્ઞાનનું મૂળ અહમેત છે. તે શ્રેષ્ઠ વ્યકિત છે. તે તેજસ્વી સૂર્યની જેમ અંધકાર દૂર કરનાર છે. આ પ્રકાશિત સૂર્યને ઓળખ્યા પછી જ મૃત્યુ પર વિજય મેળવી શકાય છે. મોક્ષ માટે અન્ય કોઈ માર્ગ નથી.

ઉપરોકત મંત્રમાં "વહમેતના" શબ્દ પ્રયોગમાં "અહમેત" શબ્દ વપરાયો છે.

અહમતે પહેલી કુરબાની કરી અને તે સૂર્ય જેવો પ્રકાશિત થઈ ગયો. (ઋગવેદ; ૭૯:૬:૮) આ મંત્રમાં "અહમેદ્વિ" શબ્દ વપરાયો છે.

"એહમદ્દિ" શબ્દથી શરૂ થતા ઋગવેદના બીજા એક મંત્રમાં તેમને શ્રેષ્ઠતમ અને મોક્ષ આપનારા કહેવામાં આવ્યા છે.

અર્થવેદના ૧૪:૧૨૬:૨૦ મંત્રમાં "ઉતાહમદયિ" શબ્દ વપરાયો છે.

ચારે વેદોમાં "અહમેત" શબ્દ વપરાયો છે.

સંસ્કૃત ભાષામાં "દ"ના સ્થાને "ત" અક્ષર વપરાય છે. એટલે અરબી ભાષી શબ્દ "અહમદ" સંસ્કૃત ભાષામાં "અહમેત" થયો.

વેદના ભાષાંતરકારોએ "અહેમત" શબ્દનું વિભાજન (વિગ્રહ) કરી અહમ + અત કરી તેનો અર્થ બદલવાનો પ્રયાસ કર્યો હતો.

★ ★ ★

મહામદ :

વેદમાં "મહામદ" શબ્દનો પ્રયોગ પણ કરવામાં આવ્યો છે.

"મહામદ" નામના પવિત્ર પુરુષને સંબોધીને રાજા ભોજ કહેશેઃ

"હે મરૂ ભૂમિના રહેવાસી ! બલીનો પરાજય કરનારા, ચમત્કારોના માલિક, દુષ્ટ બાબતોથી પવિત્ર, સત્યવાદી, જ્ઞાની, પરમેશ્વરના પ્રેમ અને ઓળખ કરાવનારાને નમસ્કાર. તમો મને રક્ષણમાં આવેલ તમારો દાસ સમજો. (ભવિષ્ય પુરાણ; ત્રીજો ખંડ, ત્રીજો અધ્યાય, શ્લોક ૧-૫)

ઈસ્લામ ધર્મના મહાન અંતિમ ઈશદુત મોહંમદ (સલ.)ના આગમનની આ ભવિષ્યવાણી છુપાવવા માટે આર્ય સમાજી હિન્દુઓ ભવિષ્ય પુરાણનો સ્વીકાર કરતા નથી. પણ રૂઢીચુસ્ત સનાતની Orthodox હિન્દુઓ-બહુમતી હિન્દુઓના ધર્મગુરૂઓ ભવિષ્ય પુરાણને સત્ય માને છે. સનાતન હિન્દુ ધર્મના એક મોટા ગુરૂ શ્રીરામ શર્મા ભવિષ્ય પુરાણને સત્ય માને છે.

"મહામદ" મારફતે અંધકારનો અંત આવશે અને સમજ તથા જ્ઞાનના પ્રકાશનો ઉદય થશે. (શ્રીમદ ભાગવત; મહાતમ પુરાણ; ૭૬:૨)

ઉપરોકત બંને શ્લોકોમાં "મહામદ" શબ્દ છે. તેના ભાષાંતરકારોએ સત્ય છુપાવવા માટે "મહામદ"નો વિગ્રહ - વિભાજન કરી મહાને બદલે મહ શબ્દ વાપર્યો. મહ=મોહ, લાલચ અને મદ=દારૂ, નશો, ખરાબ.

સંસ્કૃત ભાષામાં "મામહ" શબ્દનું મૂળ "મહ" છે. "મહ" એટલે મહાન.

પણ વિખ્યાત જગત પ્રવાસી અલ-બીરૂની, વીલ્સન, વેદોના પ્રખર અભ્યાસી ગ્રીફીથ અને મેક્ષમુલરે સંસ્કૃત ભાષા શીખી વેદોનો અભ્યાસ કરી વેદોમાં સંશોધન કર્યું હતું. તેઓએ આ ભવિષ્યવાણીનું સમર્થન કર્યું હતું કે "મહામદ" એટલે "મોહંમદ".

ભવિષ્ય પુરાણના ઉપરોકત મંત્રમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, રાત્રે પરમેશ્વરના સંદેશવાહક આ "મહામદ" વિષે રાજા ભોજને કહેશે કે ખત્નહ કરેલા, ચોરી ન કરનારા, દાઢી રાખનારા પવિત્ર પ્રાણીઓના માંસનો ખોરાક લેનારા તે પરમેશ્વરનો માનવંત દુત છે.

"સુષુ યંતિમ, મહામદાજય. કવિર્હિ મધુ સત્ય" (ઋગવેદ; ૫:૫:૨)

ઋગવેદના આ મંત્રમાં "મહામદજય" શબ્દ છે. તેનો અર્થ મહામદનો જય હો. તે મધુ ભાષી અને સત્યવાદી હશે. તે અંતિમ ઈશદુત હશે.

"મહામદ અતિ ખ્યાતમ્" અને "મહાદેવમ્ મરૂસ્થલ નિવાસમ્" શબ્દો ભવિષ્ય પુરાણમાં છે. તેનો અર્થ "મહામદ" ઘણા પ્રખ્યાત હશે અને તે "મહાદેવમ્" (એટલે મહાન ઈશદુત) મરૂસ્થલ (એટલે રણપ્રદેશ)ના રહેવાસી હશે.

અરબસ્તાન રણપ્રદેશ છે. પયગંબર મોહંમદ (સલ.) અરબસ્તાનના મક્કા શહેરમાં પેદા થયા હતા. એટલે કે તેઓ રણપ્રદેશના રહેવાસી હતા. તેઓ આખા

જગતમાં ઘણા ખ્યાતિ પામ્યા હતા.

એક પરદેશી આધ્યાત્મિક ગુરૂ તેમના સાથીઓ સાથે આવશે. તેમનું નામ "મહામદ" હશે. રાજા ભોજ તેને સ્નાન કરાવશે; આદરભાવ અને ભેટ-સોગાદ આપશે અને કહેશે, "હે મહામદ, હું તમોને પ્રણામ કરૂં છું. હે માનવતાના ગર્વ, રણપ્રદેશના રહેવાસી, તેં અસુરોની તાકત નાશ કરવા માટે મોટું સન્ય એકત્ર કર્યું છે. તારા શત્રુઓથી તારૂં રક્ષણ કરવામાં આવ્યું છે. સૌથી મહાન અને પવિત્ર પરમેશ્વરનો હું દાસ છું. હે પરમેશ્વર ! હું તને પગે લાગુ છું. (ભવિષ્ય પુરાણ, પર્વ ૩, ખંડ ૩, આધ્ય ૩, શ્લોક ૫ થી ૮)

વૈદિક ધર્મશાસ્ત્રોના આચાર્ય, M.A. અને D.D. (Doctor of Divinity) ડિગ્રીધારી જગતના બધા ધર્મોના અભ્યાસી, વૃંદાવન, વાનખંડ અને મુલુન્દ આશ્રમોના સંત, ગુરૂ અને મહંત, ભાષા વિશારદ અને પ્રખર વિદ્વાન ડો. શિવશકિત સ્વરૂપજી મહારાજે ઈ.સ. ૧૯૮૭માં ભોપાલ ખાતે એક પત્રકાર સંમેલનમાં જણાવ્યું હતું કે પ્રાચીન ધર્મશાસ્ત્રોમાં અને વેદમાં પણ "મહામદ" શબ્દ છે. અને ઋગવેદની પહેલી ઋચામાં "ઈલાહ" અને અન્ય એક ઋચામાં "કોરથતું" શબ્દ છે.

અરબી ભાષામાં પણ "ઈલાહ" શબ્દ છે. તેનો અર્થ પુજનિય થાય છે. ઈલાહ પરથી અલ્લાહ અને "કોરથતુ" પરથી કુરઆન શબ્દો છે. "લા ઈલાહ ઈલ્લલ્લાહ" ઈસ્લામનો કલમો છે. તવહીદના- એક ઈશ્વરવાદના આ કલેમામાં "ઈલાહ" શબ્દ છે.

મહર્ષિ વ્યાસજીએ પયગંબર મોહંમદ(સલ.)ની પ્રશસા કરતાં કહ્યું છે કે,

(૧) તેમનું નામ મહામદ હશે.
(૨) તે મરૂસ્થળના રહેવાસી હશે.
(૩) તેમના સાથીઓની સંખ્યા મોટી હશે અને તેઓ સૌ તેમના વફાદાર હશે.
(૪) તે પાપો અને કુકર્મોથી પવિત્ર હશે.
(૫) રાજવીઓ તેમના પ્રત્યે આદરભાવ રાખશે.
(૬) પરમેશ્વર તેમના શત્રુઓથી તેમનું રક્ષણ કરશે.
(૭) તે અસુરોનો નાશ કરશે.
(૮) તે પરમેશ્વરની આજ્ઞાનું પાલન કરશે.
(૯) તે માનવતાનું ગૌરવ હશે.
(૧૦) લોકો તેમનાં ગુણગાન ગાશે.



"મહામદ" અરબી શબ્દ મોહંમદનું અપભ્રંશ છે. તે ઘણી સહેલાઈથી સમજી શકાય છે. પયગંબર મોહંમદ (સલ.) અરબસ્તાનના (હિજાઝ) મક્કા શહેરના

રહેવાસી હતા. અરબસ્તાન એક રણપ્રદેશ છે. બીજા કોઈ ઈશદુતના સાથીઓની સંખ્યા તેમના સાથીઓની સંખ્યા જેટલી ન હતી. તેમના મૃત્યુના આગલે વર્ષે તેમની સાથે એક લાખથી વધુ સાથીઓએ હજ પઢી હતી. તે ઉપરાંત પણ બીજા તેમના સાથીઓ હતા. તેઓ સૌ તેમનો હુકમ પર અમલ કરવા અને જાન-માલ કુરબાન કરવા તૈયાર રહેતા. તેઓએ તેમની દરેક પ્રકારે મદદ કરી હતી. ઘર-બાર, માલ-મિલકત અને માતૃભૂમિનો ત્યાગ કર્યો હતો. ઈસ્લામ માટે સંરક્ષણ કાજે જીહાદ કર્યો હતો. કોમના કોઈ પણ સાથી અને અનુયાયીએ તેમને કદાપિ છેહ આપ્યો ન હતો.

તેમણે કદિ મૂર્તિપુજા કરી ન હતી. નશો કર્યો ન હતો. કોઈ પાપ તો શું કોઈ પણ ખોટું વાણી-વર્તન કોઈની સાથે કર્યું ન હતું. કોઈને અપશબ્દ કહ્યો ન હતો. કડવું વેણ કહ્યું ન હતું. કોઈની નિંદા કરી ન હતી. કોઈના હિતને નુકસાન કર્યું ન હતું. તેમણે કોઈને થપ્પડ સુદ્ધાં મારી ન હતી. યુદ્ધના મેદાનમાં પણ કોઈને માર્યો ન હતો. પોતાના જીવલેણ શત્રુઓને પણ તેમણે માફી આપી હતી. તેમનું જીવન સદ્‌ગુણી, સંસ્કારી અને સદાચારી હતું. તેમનું જીવન આદર્શમય હતું. તે એક અદ્‌ભુત અને અજોડ વ્યકિતત્વ અને પ્રતિભાના માલિક હતા. તેઓ એક શ્રેષ્ઠતમ માનવી હતા.

તેમણે આસપાસના રાજવીઓ પર ઈસ્લામના આમંત્રણ પત્રો મોકલ્યા હતા. આ રાજવીઓ તેમના આમંત્રણથી ઘણા પ્રભાવિત થયા હતા. અને સન્માન અર્થે તેઓએ તેમના પર ભેટ-સોગાદો મોકલી હતી. તેઓ પૈકી કેટલાક રાજવીઓએ તેમનો પયગંબર તરીકે સ્વીકાર કર્યો હતો.

મક્કાના કુરૈશો તેમના શત્રુઓ હતા. તેમના અગ્રેસરોએ પણ એમ તો નજ કહ્યું હતું કે મોહંમદ જુઠા છે. મક્કાના સૌ લોકો તેમને "અમીન" (પ્રમાણિક, વિશ્વાસપાત્ર) અને "સાદીક" (સત્યવાદી) સન્માનિત નામોથી જ બોલાવતા. તેઓ પોતાની કિંમતી ચીજો તેમની પાસે અમાનત રાખતા. ઝઘડામાં લવાદ બનાવતા. તેમના માટે તેઓ ગૌરવ અનુભવતા.

મુશરિક કુરૈશોના અગ્રેસરોએ તેમના એક ઈશ્વરવાદનો ઈસ્લામનો સંદેશ સ્વીકાર કર્યો ન હતો. અને તેમના જીવલેણ શત્રુઓ બની ગયા હતા. તેમની ખુબ રંજાડ કરી. સામાજિક અને આર્થિક બહિષ્કાર પણ કર્યો હતો. અને તેમનું ખૂન કરવાનું ષડયંત્ર રચેલું. તેમને પકડવા અને તેમનું ખૂન કરવા તેમના ઘરને ઘેરો ઘાલ્યો હતો. અલ્લાહે તેના પયગંબરને આ ષડયંત્રની જાણ કરી અને રાતોરાત તેમના સૌથી નિકટતમ સાથી અબુબકર (રદી.) સાથે વતન ત્યાગ કરી મદીના હિજરત કરી ગયા હતા. પરમેશ્વરે તેમનું તેમના શત્રુઓથી આવી રીતે રક્ષણ કર્યું હતું. તેઓ મદીના હેમખેમ પહોંચી ગયા હતા. ખયબરની એક યહુદ સ્ત્રીએ તેમના માટે ઝેર મિશ્રિત ખાણું મોકલ્યું હતું. અલ્લાહે તેની જાણ તેમને વેળાસર કરી દીધી

હતી. તેમને મારી નાખવાનું એક ષડયંત્ર યહુદીઓએ પણ કરેલું. ઉહદ અને હુનૈનના યુદ્ધોમાં તેઓ શત્રુઓથી ઘેરાઈ ગયા હતા. પણ તેઓ સહીસલામત રહ્યા હતા. તાઈફમાં મુશરિકોના પત્થરમારમાંથી પણ અલ્લાહે તેમને ઉગારી લીધા હતા. સંક્ષિપ્તમાં પરમેશ્વરે અતિ વિકટ પ્રતિકૂળ સંજોગોમાં તેમનું રક્ષણ કર્યું હતું.

મૂર્તિપુજા તે સમયના અરબસ્તાનમાં મહા દુષણ હતું. આ દુષણોનો તેમણે અંત લાવી દીધો હતો. લોકોને લૂંટમાર, ખૂનામરકી, વ્યભિચાર, ચોરી, દારૂ સેવન વગેરે પાપીકૃત્યોમાંથી ઉગારી લીધા અને અભણ અરબોને એક સંસ્કારી, સદ્‌ગુણી અને સદાચારી કોમ બનાવી દીધી. તેમના આગમનથી મુસલમાન અરબો એક મહાન પ્રજા બની ગઈ હતી.

પયગંબર મોહંમદ (સલ.) તો એક મહાન ઈશદુત હતા. શ્રેષ્ઠ માનવી હતા. મહા સત્યવાદી હતા. પરમેશ્વરના આજ્ઞાંકિત બંદા હતા. તેમણે ઘણી જ ચીવટતાપૂર્વક પરમેશ્વરની દરેક આજ્ઞાનું સંપૂર્ણપણે પાલન કર્યું હતું.

પયગંબર મોહંમદ (સલ.)ને અલ્લાહે કુરઆનમાં "રહમતુલ લીલ આલમીન" ના માનવંતા નામથી ઓળખાવ્યા છે. એટલે કે તેઓ આખી સૃષ્ટિ માટે એક કૃપા, (રહમત) રૂપ હતા. તે માનવતાના બધા જ સદ્‌ગુણોના માલિક હતા. તે સમસ્ત જગત માટે ગૌરવરૂપ ઈન્સાને કામિલ - શ્રેષ્ઠ અને આદર્શમય માનવી હતા. અને વિશ્વ પ્રલય - કિયામત આવે ત્યાં સુધી સૌ માનવીઓ તેમના ગુણગાન ગાતા રહેશે. તેમના જેટલી પ્રશસ્તિ બીજા કોઈને આજ સુધી પ્રાપ્ત થઈ નથી અને થશે પણ નહી.



<u>નરાશંસ :</u>

અખંડ હિન્દુસ્તાનની પંજાબ યુનિવર્સિટીના ધર્મશાસ્ત્ર વિભાગના અનુસંધાન અધિકારી ડો. વેદપ્રકાશ વેદના મોટા અભ્યાસી હતા. તેમનું મંતવ્ય છે કે ઈસ્લામના પયગંબર મોહંમદ વેદમાં "નરાશંસ" ઋષિ તરીકે ઓળખાવવામાં આવ્યા છે. વેદમાં તેમનો ઉલ્લેખ અને વર્ણન કરવામાં આવ્યાં છે.

નરાશંસનો અર્થ સૌથી વધુ પ્રશંસા પામેલ વીર વ્યકિત થાય છે.

નર + આશંસ. આશંસનો અર્થ પ્રશંસાપાત્ર, નર એટલે વીરપુરૂષ.

મેં "નરાશંસ"ને જોયા છે. બધાથી ઉચ્ચતમ દરજ્જાવાળા, સૌથી વધુ પ્રખ્યાત તે સ્વર્ગના દુત હતા. (ઋગવેદ; ૯:૧૮:૧)

હે પ્રિય નરાશંસ ! મધુર ભાષી, કુરબાની કરવાવાળા, હું તમારી કુરબાનીને મારો સહાયક બનાવું છું. (ઋગવેદ; ૩:૧૧:૧)

લોકો ! સાંભળો, નરાશંસની લોકોમાં ઘણી પ્રશસ્તિ થશે. (અર્થવેદ; ૧:૧૨૭:૧૦)

પ્રતાપી પ્રખ્યાત નરાશંસને મેં જોયા છે. સ્વર્ગમાં તે સૌના હોતા (ગુરૂ) હતા.(ઋગવેદ; ૧:૧૮:૯)

પ્રિય નરાશંસને હું આ યજ્ઞમાં બોલાવું છું. એ મધુભાષી અને હવિના સંપાદક છે. (ઋગવેદ; ૧:૧૩:૩)

સામવેદ સંહિતાની ૧૩૪૯મી ઋચામાં નરાશંસનું વર્ણન છે.

વેદના ૩૧ મંત્રોમાં નરાશંસનું વૃત્તાંત છે.

ચારે વેદોમાં "નરાશંસ" શબ્દ વપરાયો છે. ઋગવેદમાં ૧૬, યજુરવેદમાં ૧૦, અર્થવેદમાં ૪ અને સામવેદમાં ૧ એમ કુલ્લે ૩૧ વાર આ શબ્દ વપરાયો છે. સંહિતાના ગ્રંથોમાં નરાશંસનો ઉલ્લેખ છે.

અર્થવેદના વીસમા કાણ્ડની ૧૨૭મી સુકતની ૪૪મી ઋચામાં નરાશંસની પ્રશંસા કરવામાં આવી છે. "ઈન્દ્રજના ઉપશ્વત સ્ત વિષયતે !" (અર્થવેદ; ૨૦:૧૨૭:૪૪) અર્થાત્ નરાશંસની ભવિષ્યમાં પ્રશંસા કરવામાં આવશે.

ઋગવેદ સૌથી પ્રાચીન વેદ છે. તેના ૧૩મા સકતની ત્રીજી ઋચામાં, ૧૮મા સકતની ૯મી ઋચામાં અને ૧૦૬મા સકતની ૪થી ઋચામાં નરાશંસનું વર્ણન છે.

નરાશંસ આસુર છે. (ઋગવેદ; ૩:૨૯:૧૧)

આસુર એટલે સૌથી અંતિમ ઈશદુત. કુરઆનમાં સમાનઅર્થી "ખાતમન્નબીયીન" શબ્દ છે. ખાતમ, ખતમ, ખત્મ એટલે અંત, છેલ્લો.

નબીયો - ઈશદુતોમાં મોહંમદ (સલ.) સૌથી છેલ્લા નબી છે. હવે બીજો કોઈ ઈશદુત આવનાર નથી. કારણ કે ઈશસંદેશ - ઈસ્લામ તેમના આગમનથી સંપૂર્ણ કક્ષાએ પહોંચી ગયો.

મોહંમદ (સલ.)ની પીઠ પર માંસનો એક ઉપસેલો ભાગ હતો. જે તેમની પયગંબરીની મહોર - Seal હતી.

"સમુદ્રાદત અરબન" (ઋગજવેદ; ૧:૧૬૩:૧) નો અર્થ મહોરવાળા અરબ.

વિશાલ નાલંદ શબ્દ સાગર (શબ્દકોષ) મુજબ સ=સાથે, મુદ્રા=મહોર, Seal, અરબ=અરબસ્તાન. સંસ્કૃત ભાષામાં "ન" શબ્દના અંતે વધારાનો અક્ષર હોય છે.

મોહંમદ (સલ.) મહોરવાળા એટલે અંતિમ પયગંબર, "ખાતમનબીય્યીન" હતા.

તે જાતવેદ છે. (ઋગવેદ; ૧૦=૪૫=૨)

જાતવેદ એટલે નિરક્ષર. કુરઆનમાં તેમને "ઉમ્મી" નબી કહેવામાં આવ્યા છે. ઉમ્મી એટલે નિરક્ષર. તેમણે કોઈ માનવ શિક્ષક પાસેથી શિક્ષણ પ્રાપ્ત કર્યું ન હતું. તેમને ઈશદુત તરીકેનું કર્તવ્ય બજાવવા માટે અલ્લાહે તેના સૌ દુતો અને માનવીઓ કરતાં વધુ જરૂરી ધર્મજ્ઞાન આપ્યું હતું. અલ્લાહ જીબ્રાઈલ ફરિશ્તા મારફત ભુત, વર્તમાન અને ભવિષ્યની કેટલીક બાબતોનું જ્ઞાન પ્રેરિત કર્યું હતું. જે ઈસ્લામના

સંદેશના પ્રચાર માટે આવશ્યક હતું.

પયગંબર મોહંમદ જાતવેદ - Unlettered હતા. આ ઐતિહાસિક સત્ય છે. તેમને ચાલીસ વર્ષની ઉંમરે ઈશદુતત્વ પ્રાપ્ત થશે. (ઋગવેદ; ૧:૧૨:૧૧) ઈતિહાસ જણાવે છે કે તેમને ઈશદુતત્વ (નબુવત્ત) ચાલીસ વર્ષની વયે ગારે હિરામાં પ્રથમ ઈશ પ્રેરિત સંદેશ દ્વારા આપવામાં આવ્યું હતું.

મહાન નરાશંસની તાકતમાં વૃદ્ધિ અને નેઅમત માટે અમે યાચના કરીએ છીએ. બેહદ કૃપાળુ પરમેશ્વર ! અમોને બધી મુસીબતોમાંથી મુક્તિ આપ અને સલામત માર્ગ પર અમારો રથ પાર કરાવી દે. (ઋગવેદ; ૪:૧૦૪:૧)

હે માનવીઓ ! આદરપૂર્વક સાંભળો, નરાશંસની મોટાઈ કરાશે. અમે આ કૌરમને ૬૦ હજાર શત્રુઓથી પોતાનાં રક્ષણમાં લઈએ છીએ. તેની સવારી ઊંટ છે. તેની વીસ ઊંટણીઓ છે. તેની મહાનતા આકાશને ઝુકાવી દે છે. ઈશ્વરે તે મામહ ઋષિને સો સુવર્ણ મુદ્રા, દસ માળાઓ, ત્રણ સો ઘોડા અને દસ હજાર ગાયો આપી છે. (અર્થવેદ; ખંડ ૨૦, સુકત ૧૨૭, મંત્ર ૧-૨-૩)

આ મંત્રનો અર્થ ગુઢ છે. તે એક રૂપક Metaphor છે.

ધર્મશાસ્ત્રોમાં બે પ્રકારના લખાણો હોય છે. એક તો સ્પષ્ટ શબ્દોમાં હોય છે. જેનો અર્થ સરળ અને સહેલો, માનવ સમજમાં આવે એવો હોય છે. તેમાં સ્પષ્ટ શબ્દોમાં આજ્ઞા અને નિષેધ હોય છે. અરબી ભાષી કુરઆનમાં આવા લખાણને "બય્યનાત" અને "મુહકેમાત" આયતો કહેવામાં આવે છે. બીજી કેટલીક બાબતો ગુઢ, દ્વિઅર્થી, અસંદિગ્ધ અર્થવાળા રૂપકોમાં હોય છે. તેને કુરઆનમાં "તમસીલી" અને "મુતશાબેહાત" આયતો કહેવામાં આવે છે.

અર્થવેદના ઉપરોકત મંત્રો રૂપકની ભાષામાં છે. તેનો અર્થ પરસ્પર સમજુતીથી સ્પષ્ટ થઈ શકે છે.

પયગંબર મોહંમદ (સલ.)ના સમયમાં મક્કાની વસતી હજારોની હતી. તે એક પ્રાચીન વસાહત હતી. તેને શહેર કહી શકાય એટલી તેની વસતી હતી.

મક્કાના મુશરિક (મૂર્તિપુજક) કુરૈશો તેમના શત્રુઓ હતા. અલ્લાહે તેમનું શત્રુઓથી રક્ષણ કર્યું હતું.

રણપ્રદેશોમાં ઊંટ સવારીનું પ્રાણી છે. ખજુર અને ઊંટણીનું દુધ લોકોનો મુખ્ય ખોરાક હોય છે.

ઈશ્વરના આદેશથી તેમણે માતૃભૂમિ મક્કાનો ત્યાગ કરી મદીનામાં શરણ લીધું હતું. તેથી તેઓ શરણાર્થી હતા. તેઓ કૌરમ એટલે શરણાર્થી - Refugee કહેવાયા.

"એક સો સુવર્ણ મુદ્રા" માં મક્કામાં કુરૈશોના ત્રાસથી પોતાના ધર્મ અને પ્રાણના રક્ષણ માટે હિજરત કરી હશબહ (ઈથોપીઆ) ગયેલા મુસલમાનો તરફ સંકેત છે.

૯૭૪૧

"દસ સુવર્ણ માળા" આ શબ્દોમાં તેમના અતિ નિકટના દસ સાથીઓ તરફ સંકેત છે. આ દસ અનુયાયીઓ તેમના સૌ પ્રથમ અનુયાયીઓ પૈકી હતા. કુરઆનમાં તેઓને "સાબેકીન અવ્વલીન" નામ આપવામાં આવ્યું છે. પયગંબર મોહંમદ (સલ.)મે તેઓને વ્યકિતગત રૂપે સ્વર્ગ-જન્નતની ખુશખબર - બશારત આપી હતી. એથી તેઓ "અશરહ મુબશ્શરહ" કહેવાયા. અશરહ એટલે દસ, અને મુબશ્શરહ એટલે જેઓને જન્નતની ખુશખબર આપવામાં આવી હતી તે. વ્યકિતઓ

પયગંબર મોહંમદ (સલ.) મદીના હિજરત કરી ગયા પણ મક્કાના મુશરિક કુરૈશોએ તેમને અને તેમના અનુયાયીઓને મદીનામાં પણ સુખચેનથી ઠરીઠામ થવા દીધા ન હતા. તેઓએ મદીના પર આક્રમણ કર્યું. મદીનાની નજીક બદર, ઉહદ અને ખંદકની લડાઈઓ થઈ. મોહંમદ (સલ.) અને તેમના સાથીઓને સ્વરક્ષણ માટે લડવું પડયું. પ્રથમ જીહાદ બદરનો જંગ હતો. તેમાં ૩૧૩ મુજાહિદોએ ભાગ લીધો હતો. તેનો સંકેત છે. આ મુજાહિદોને "બદરી" સહાબાના નામથી ઓળખવામાં આવે છે.

ત્રણ સો ઘોડા એટલે ત્રણસો શૂરવીર યોદ્ધાઓ. તેઓ એક હજારની સંખ્યામાં મક્કાના સશસ્ત્ર મુશરિક કુરૈશો વિરૂદ્ધ શૂરવીરતાપૂર્વક લડયા હતા અને બદરની લડાઈમાં ફતેહ મેળવી હતી.

મક્કાની જ્વલંત અને અજોડ ફતેહ વેળા પયગંબર મોહંમદ (સલ.) સાથે દસ હજાર મુસલમાનો હતા. તેનો અહીં સંકેત છે સંસ્કૃત ભાષામાં ગાયનો અર્થ ગાય (પ્રાણી) અને શૂરવીર પણ થાય છે.

આ શ્લોકમાં નરાશંસની મોટાઈ કરાશે એવું કહેવામાં આવ્યું છે. લોકો તેમની - પયગંબર મોહંમદ (સલ.)ની પ્રશંસા કરશે. જગતના કોઈ પણ માનવીની પ્રશંસા એટલા પ્રમાણમાં થઈ નથી જેટલા પ્રમાણમાં અલ્લાહના આ પયગંબર મોહંમદ (સલ.)ની થઈ છે. તેમની પ્રશસ્તિ અને ગુણગાન પરધર્મી વિદ્વાનોએ મુકતકંઠે કર્યા છે. મુસલમાનો તેમની પ્રશસ્તિ અને ગુણગાન દરરોજ દુરૂદ શરીફ અને સલામ પઢીને નમાઝમાં કરે છે. દરૂદશરીફ અને સલામ તેમની પ્રશસ્તિ છે. દુઆમાં પણ તેની પ્રશસ્તિ કરવામાં આવે છે. અઝાન પણ દરરોજ પાંચ વેળા પુકારવામાં આવે છે. તેમાં પણ "મોહંમદુ રૈસુલલ્લાહ" પઢવામાં આવે છે. દિવસ-રાતમાં કોઈ એવો સમય પસાર થતો નથી કે જ્યારે પૃથ્વીના કોઈ દેશની કોઈ મુસ્લિમ વસતીમાં અઝાન થતી ન હોય. આ બહુમાન ફકત પયગંબર મોહંમદ (સલ.) માટે જ છે. મુસલમાનો આદરપૂર્વક દરરોજ અનેક વાર તેમની યાદમાં દુરૂદ અને સલામ પઢે છે. જ્યારે તેમનું મુબારક નામ મુસલમાનો વાંચે છે અથવા સાંભળે છે ત્યારે દુરૂદ અને સલામ પઢે છે.

ઉપરોકત ભવિષ્યવાણીમાં "નરાશંસ" અને "મામહ" નામનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઈતિહાસમાં કોઈ પણ પ્રજામાં કોઈ પણ વ્યકિત માટે તેમના

સમય પહેલાં "મોહંમદ" અને "અહમદ" નામો વપરાયાં નથી.

નરશંસ વિષેનું સ્પષ્ટિકરણ પંડિત વેદપ્રકાશ ઉપાધ્યાયે તેમના પુસ્તક "નરાશંસ ઔર અંતિમ ઋષિ"માં કર્યું છે. આ પુસ્તકના શિર્ષકમાં નરાશંસને અંતિમ ઋષિ આલેખવામાં આવ્યા છે. નરાશંસને અંતિમ ઈશદુત કહેવામાં આવ્યા છે. મોહંમદ (સલ.) અંતિમ ઈશદુત હતા.

નરાશંસ એટલે ખ્યાતિ પામેલ, જેની ખુબ પ્રશંસા કરવામાં આવી હોય. અહમદ અને મોહંમદનો શાબ્દિક ઉપરોક્ત અર્થ થાય છે. બાઈબલના નવા કરારના જોનના ગોસ્પેલમાં "Paraclete" શબ્દ પણ અવારનવાર ઈશદુત માટે છે: તેનો પણ આ જ અર્થ થાય છે. એટલે નરાશંસ શબ્દ પયગંબર મોહંમદ (સલ.) માટે જ વપરાયો છે.

બાઈબલનો જુનો કરાર :

THAT PROPHET પેલા નબી :

જે લોકોને અમે કિતાબ (તવરાત અને ઈન્જીલ) આપી છે તેઓ તેમને (મોહંમદ સલ.)ને એવી રીતે ઓળખે છે જેવી રીતે પોતાના પુત્રોને ઓળખે છે. પણ તેઓ માહેના કેટલાક લોકો આ સત્ય બાબત જાણવા છતાં છુપાવે છે. (કુરઆનઃ ૨:૧૪૬)

હવે બાઈબલમાં પયગંબર મોહંમદ (સલ.) વિષે જે ભવિષ્યવાણી છે તે વિષે થોડું જ્ઞાન મેળવો.

બાઈબલના જુના અને નવા બે કરારો Old and New Testaments છે. જુના કરારમાં બની ઈસરાઈલ-યહુદીઓના ઈશદુતોની વાણી છે. અહી તહી ઈશવાણી પણ છે. જોકે સંપૂર્ણ બાઈબલ વિશુદ્ધ ધર્મશાસ્ત્ર રહ્યું નથી. સમયે સમયે તેના ભાષાંતરો બદલાતાં રહ્યાં છે. જુના કરારના પ્રથમ પાંચ પુસ્તકોને યહુદીઓ Pentatuech અને Torah (તવરાત) કહે છે. તેઓના સૌથી મહાન ઈશદુત મુસા (અલૈ.) ને પરમેશ્વરે આ ધર્મશાસ્ત્ર આપ્યું હતું.

બાઈબલના જુના કરારમાં સહીફા, તવરાત અને ઝબુર (Psalms) નો સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે અસલ સહીફા તો હવે અસ્તિત્વમાં નથી. તવરાત પયગંબર મુસા (અલૈ.) પર અને ઝબુર દાવુદ (અલૈ.) પર પ્રેરિત ધર્મશાસ્ત્રો માનવામાં આવે છે. આપણે સૌ પ્રથમ તવરાતમાં જે ભવિષ્યવાણી પયગંબર મોહંમદ (સલ.)ના આગમન વિષે છે તેનો અભ્યાસ કરીએ :

(૧) પયગંબર મુસા (અલૈ.)એ તેમની યહુદ-બની ઈસરાઈલ કોમને સંબોધીને

કહ્યું હતું કે, "પરમેશ્વર તમારો માલિક (રબ) તમારા માટે મારા જેવો એક ઈશદુત તમારા ભાઈબંધુઓમાંથી મોકલશે. તમો તેની વાત ધ્યાનપૂર્વક જરૂર સાંભળશો." (Deuteronomy; 18;15

(૨) અને બીજી એક વેળા પયગંબર મુસા (અલૈ.)એ કહ્યું હતું કે, મને પરમેશ્વરે કહ્યું, "હું તેઓ માટે તારા જેવો તેઓના ભાઈબંધોમાંથી એક નબી (ઈશદુત) મોકલીશ અને હું મારી વાણી તેના મુખમાં મુકીશ. અને હું તેને જે હુકમ કરીશ તે બધું કહી સંભળાવશે અને જે કોઈ મારા હુકમનું પાલન કરશે નહી જે તે ઈશદુત મારા નામથી કહેશે તેનું હું વેર લઈશ." (Dueutronomy, 18;18;19)

મુસા (અલૈ.) (Prophet Moses) યહુદીઓ (બની ઈસરાઈલ) કોમના એક મહાન નબી હતા. તેમની અવારનવાર નબી વિષે ઉપરોકત ભવિષ્યવાણીમાં "That Prophet" શબ્દ અંગ્રેજી અનુવાદમાં વાપર્યો છે. અસલ તવરાત - Torah તો હિબ્રુ ભાષામાં હતું.

આવનાર નબી વિષેની આ ભવિષ્યવાણીમાં કેટલાક શબ્દો અગત્યના છે.

"મારા જેવો, "તમારા ભાઈબંધુઓમાંથી", "મારી વાણી તેના મુખમાં મુકીશ", "હું તેને જે હુકમ કરીશ તે બધું કહી સંભળાવશે." વગેરે.

વળી આ ભવિષ્યવાણીમાં "તમારા ભાઈબંધુઓ માંથી" શબ્દ પરથી પણ સ્પષ્ટ થાય છે કે તે યહુદી કોમમાં પેદા થશે નહી. પણ તેની ભાઈબંધ કોમમાં પેદા થશે. અસલ તવરાતની હિબ્રુ ભાષામાં કયો શબ્દ હતો તે તો યહુદી ધર્મગુરૂઓ - Rabbi - જાણે. કારણ કે તવરાતનું જ્ઞાન અને શિક્ષણ તેઓનો ઈજારો છે. કદાચ તેઓ પણ જાણતા ન હોય. એટલે આપણે તો તેના ભાષાંતર પર આધાર રાખવો પડે. તવરાતના પ્રાચીન અંગ્રેજી ભાષાંતરમાં "તે નબી" માટે "That Prophet" અને " ભાઈબંધુઓ" માટે "Brethren" શબ્દો હતા. હવે તેના સ્થાને અંગ્રેજી શબ્દ "Brothers" વાપરવામાં આવે છે. જેથી ભવિષ્યવાણી છુપાવી શકાય "That" શબ્દ દૂરના ભવિષ્યનો સંકેત કરે છે.

યહુદીઓના "ભાઈબંધુઓ" "Brethren" કોણ ?



અરબસ્તાનના દ્વિપકલ્પમાં સેમેટીક પ્રજા વસવાટ કરતી હતી. આ સેમેટીક પ્રજામાં ઈબ્રાહીમ (અલૈ.) નામના એક મહાન પયગંબર થઈ ગયા હતા. તેમની બે પત્નીઓ હતીઃ સારાહ અને હાજરા. સારાહના પેટે સંતાન ન હતું. વયોવૃદ્ધ ઉંમર થઈ હતી. એટલે સંતાન માટે બીબી સારાહના આગ્રહથી ઈબ્રાહીમે (અલૈ.) હાજરા સાથે લગ્ન કરેલાં. તેના કૂખે પ્રથમ પુત્ર ઈસ્માઈલ (અલૈ.)નો જન્મ થયો. કુદરતની બલીહારી જુઓ. ઈસ્માઈલ (અલૈ.)ના જન્મ પછી બીબી સારાહના કૂખે પણ પુત્ર થયો. તેમનું નામ ઈસ્હાક (અલૈ.) હતું.

નબી ઈબ્રાહીમ (અલૈ.) એક ઈશ્વરવાદના પયગંબર હતા પણ તે યહુદ અથવા ખ્રિસ્તી ન હતા. તેઓ મુશરિક (બહુદેવતાવાદી અને મૂર્તિપુજક) ન હતા. પણ તેઓ એક અલ્લાહના આજ્ઞાંકિત બંદા - મુસ્લિમ હતા.

તેમનાં બે પુત્રો-વયમાં મોટા પ્રથમ પુત્ર ઈસ્માઈલ અને વયમાં નાના ઈસ્હાક હતા. નબી ઈબ્રાહીમ (અલૈ.) બીબી હાજરા અને પુત્ર ઈસ્માઈલને ઈશ આદેશથી મક્કાના ઉજ્જડ વેરાન રણપ્રદેશમાં મુકી ગયા. ત્યાં તેઓએ વસવાટ કર્યો. તેમનાં વંશજો એટલે બની ઈસ્માઈલ (અરબો) કહેવાયા.

નબી ઈબ્રાહીમ (અલૈ.), બીબી સારહ અને પુત્ર ઈસ્હાક હાલના સીરીઆ દેશમાં રહ્યાં. તેમની અહીનાં વંશજો બની ઈસરાઈલ (યહુદીઓ) નામથી ઓળખાયા. આથી પયગંબર ઈબ્રાહીમ (અલૈ.)ના વંશજોમાં બે વિભાગો થયાઃ બની ઈસ્માઈલ (અરબો) અને બની ઈસરાઈલ (યહુદીઓ). બંનેના આદી પૂર્વજ પયગંબર ઈબ્રાહીમ (અલૈ.) હતા. "બની"નો અર્થ "ની અવલાદ" થાય છે.

શરૂઆતથી જ આ બંને સેમેટીક પ્રજાઓ વચ્ચે સંઘર્ષ ચાલ્યા કરે છે. તેઓ કાકા - કાકાના એટલે પીતરાઈ ભાઈઓ - ભાઈબંધુઓ છે. બંનેની - હિબ્રુ અને અરબીમાં ઘણી ભાષાકિય સામ્યતા છે. પીતરાઈઓ સારા સ્નેહીઓ હોય, નહીતર તેઓ ખરાબ શત્રુઓ થઈ જાય છે.

નબી મુસા (અલૈ.)એ ભવિષ્યવાણી કહેલી કે "પેલા નબી" "ભાઈબંધુઓમાંથી" આવશે યહુદીઓ માની બેઠા હતા કે તે યહુદી કોમમાં પેદા થશે. અને સદીઓથી "પેલા નબી"ની રાહ જોઈ રહ્યા હતા. પણ નબી મુસા (અલૈ.) જેવો મહાન નબી યહુદી કોમમાં પેદા થયા નહી. તે નબી અરબ કોમમાં પેદા થયા. એટલે યહુદીઓએ તેમનો સ્વીકાર કર્યો નહી. અને વિરોધ કર્યો. બંને કોમો વચ્ચે શત્રુતા, ઈર્ષા અને કટૂતા ભર્યા ઈતિહાસની આ જડ છે. જો કે યહુદી ધર્મશાસ્ત્ર તવરાતમાં તો અગાઉથી કહી દેવામાં આવ્યું હતું કે મુસા (અલૈ.) જેવો મહાન નબી યહુદીઓમાં પેદા થશે નહીં. (Deuteronomy; 34;10) પણ યહુદીઓ હઠાગ્રહને છોડતા નથી.

યહુદીઓ બની ઈસરાઈલ નામથી પણ ઓળખાય છે. તેઓની વંશાવળી આ મુજબ છે : પૂર્વજ ઈબ્રાહીમ (અલૈ.) (Abraham) પછી પુત્ર ઈસ્હાક (અલૈ.) (Issac) પછી યઅકુબ (અલૈ.) (Jacob) જેકબના બીજું નામ ઈસરાઈલ (Israel) જેકબના (ઈસરાઈલ)ના પુત્રો પૈકી એકનું નામ યહુદા - Judah હતું. તેના નામ પરથી યહુદી પ્રજા ઓળખાઈ.



ઉપરોકત ઐતિહાસિક પાશ્ચાદ ભૂમિકા છે.

આવનાર "પેલા નબી"ની વાત ધ્યાનપૂર્વક સાંભળવા નબી મુસા (અલૈ.)મે

તેમની યહુદી કોમને આદેશ આપેલો. પણ જ્યારે મોહંમદ (સલ.) આવ્યા ત્યારે યહુદીઓએ તેમની વાત સાંભળવાનો સાફ ઈન્કાર કર્યો અને વિરોધ કર્યો. તેનું મુખ્ય કારણ તેઓનો વંશિય ઘમંડ હતો.

"મારા જેવો-" નબી મુસા જેવો "પેલા નબી" પણ ઘણા સૂચક શબ્દો છે.

નબી મુસા (અલૈ.) અને નબી (મોહંમદ) બંને મહાન પયગંબરો છે. તેઓને અનુક્રમે "તવરાત" અને "કુરઆન" ઈશપ્રેરિત કિતાબો - ધર્મશાસ્ત્રોથી માનવંત કરવામાં આવ્યા હતા. બંનેનો ધર્મ "ઈસ્લામ" હતો. બંનેને ઈશસંદેશના પ્રચારમાં ઘણી વિટંબણા સહન કરવી પડેલી. બંનેને હિજરત કરવી પડેલી. ઈશ આદેશથી જાન બચાવવા નબી મુસા (અલૈ.)ને ઈજીપ્તથી કીનઆનની અને નબી મોહંમદ (સલ.)ને મક્કાથી મદીનાની હિજરત કરવી પડેલી. બંનેએ શત્રુઓના ઘણા અત્યાચારો સહન કરવા પડેલા. મીસરનો રાજવી ફીરઓન નબી મુસા (અલૈ.) અને તેમના અનુયાયીઓની ખુબ રંજાડ કરતો. મક્કાના કુરૈશો પણ નબી મોહંમદ (સલ.) અને તેમના અનુયાયીઓની ખુબ રંજાડ કરતા. આ બંને ઈશદુતોને શરીઅત (કાનુન) આપવામાં આવી હતી. બંનેએ લગ્ન કરેલાં. સંતાન થયેલાં, બંનેએ ફકત પરમેશ્વરના હુકમથી જીહાદ કરેલા. બંનેએ રાજ્ય કરેલું વગેરે મુખ્ય બાબતોમાં બંને નબીઓ વચ્ચે મોટા પ્રમાણમાં સામ્યતા છે. એવી સામ્યતા નબી મુસા (અલૈ.) અને નબી મોહંમદ (સલ.) સિવાયના બીજા કોઈ નબી વચ્ચે નથી. નબી મોહંમદ (સલ.) પૂર્વે દાવુદ, સુલેમાન, ઈસાયહ, જીરીમીયહ, હબ્બાક, યહયા અને ઈસા (સૌ પર સલામ) બની ઈસરાઈલમાં પેદા થયા હતા. પણ તેઓ અને નબી મુસા (અલૈ.) વચ્ચે નબુવ્વત સિવાય બીજી કોઈ બાબતમાં સામ્યતા નથી. તેઓ નબીઓ હતા. ઈશપ્રેરિત જ્ઞાનથી તેઓ પણ જાણતા હતા કે "પેલા નબી" હજી આવ્યા નથી. પણ તે આવશે તે વિષે આ ભવિષ્યવાણીનું પુનરાવર્તન તેઓ કરતા રહ્યા હતા. મુસા (અલૈ.)ના અનુગામી કોઈ પણ બની ઈસરાઈલના પયગંબરે પેલા નબી હોવાનો દાવો કર્યો ન હતો.

નબી મુસા (અલૈ.)જની ભવિષ્યવાણીવાળા "પેલા નબી" મોહંમદ (સલ.) હતા. બીજું કોઈ જ નહી. જો તે કોઈ બીજા નબી હોત તો તે તેનો દાવો પુરાવા સાથે રજુ કરતે. પણ એવું કશું જ બન્યું ન હતું.

(૩) અલ્લાહના ફરિશ્તાએ નબી ઈબ્રાહીમ (અલૈ.)ની પત્ની બીબી હાજરા (અલૈ.)ને સાંત્વન આપતાં કહ્યું હતું કે, અલ્લાહ તેણીના પુત્ર ઈસ્માઈલની કોમને એક શકિતશાળી રાષ્ટ્ર બનાવશે. (Genesis; Chapter 16)

(૪) અલ્લાહે નબી ઈબ્રાહીમ (અલૈ.)ની મનેચ્છા વિષે કહ્યું હતું, "મેં ઈસ્માઈલ વિષેની તારી દુઆ સાંભળી, હું ખરેખર તેને મારા આશિર્વાદ આપીશ. અને

ફળીભુત બનાવીશ. હું તેને પુત્રોની ખુબ મોટી સંખ્યા આપીશ. તેના બાર કબીલા થશે અને તેઓને (અરબો-બની ઈસ્માઈલને) એક મહાન રાષ્ટ્ર બનાવીશ. (Genesis : 21)

મોહંમદ (સલ.) ના જન્મ કાળમાં અરબો દુનિયાની સૌથી અભણ, ગમાર અને અસંસ્કૃત પ્રજા હતી. બાળાઓને જીવતી દાટી દેવી, જુગાર દારૂ, લૂંટ, અનેક સ્ત્રીઓ સાથે વ્યભિચાર, આપસમાં હિંસક સંઘર્ષો, ખૂનરેજી, મૂર્તિપુજા વગેરે પાપકૃત્યોમાં રચ્યાપચ્યા રહેતા હતા કે તેઓ કયારે એક સુધરેલી પ્રજા બનશે તેની તો કલ્પના પણ અસંભવિત હતી.

પણ મોહંમદ (સલ.) ઈસ્લામનો ઈશ સંદેશ લાવ્યા. અરબોએ શરૂઆતના કેટલાક વરસોના વિરોધ અને શત્રુતા પછી ઈસ્લામ સ્વીકાર્યો અને અરબો એક મહાન પ્રજા બની ગઈ. આ બાબત તદ્દન ઐતિહાસિક ઘટના છે.

ઈસ્લામી ખિલાફતના બીજા ખલીફા અમીરૂલ મોઅમીનીન ઉમર બીન અલ-ખત્તાબ (રદી.) કહેતા હતાઃ મને ઈસ્લામ પહેલાં ઘેટાં - બકરાં ચારતાં પણ આવડતું ન હતું. ઈસ્લામે અમોને ગણ્યા ગાંઠયા વરસોમાં રાજકર્તા બનાવી દીધા. ઈસ્લામના લીધે અરબો એક મહાન શકિતશાળી કોમ બની ગઈ.

અને બની ઈસરાઈલ (યહુદીઓ) તો ઈ.સ. ૧૯૪૮ સુધી એક રખડતી રઝળતી પીડિત કોમ રહી. ઈઝરાઈલની સ્થાપના તો ખ્રિસ્તી અમેરિકા અને યુરોપના સહકાર અને સહાયથી થઈ શકી હતી. જ્યારે આ સહકાર અને સહાય બંધ પડી જશે ત્યારે ઈઝરાઈલનો અંત આવી જશે.

SILOH - સીલોહ

(૫) નબી ઈસ્હાક (અલૈ.)ના પુત્ર યાકુબ (અલૈ.) પણ યહુદી કોમના નબી હતા. તેમણે મૃત્યુ શૈયામાં મૃત્યુ પહેલાં પોતાના પુત્રોને કહ્યું હતું કે, જ્યારે સીલોહ Siloh નું આગમન થશે ત્યારે ઈશદુત્ત્વ Prophethood નો અસો (સત્તા) તમારા હાથમાંથી (એટલે યહુદીઓના હાથમાંથી) સરકી જશે. તે જ્યારે આવે ત્યારે તમો તેની (સીલોહની) તાબેદારી કરજો. (Genesis; 49;10)

સીલોહ - Siloh નો અર્થ સલામ, ઈસ્લામ, શાંતિ. સીલોહ હિબ્રુભાષી શબ્દ છે.

પ્રથમ ઈશદુત આદમ (અલૈ.) તેના બધા જ અનુગામી ઈશદુતો બધા જ ઈસ્લામના (શાંતિના) ઈશદુતો હતા. બધા જ ઈશદુતોનો ધર્મ ઈસ્લામ (એક પરમેશ્વરવાદ) હતો. "ઈસ્લામ" અરબીભાષી શબ્દનો અર્થ સલામ અને શાંતિ થાય છે. પણ મોહંમદ (સલ.)ના નામ સાથે "ઈસ્લામ" સંકલિત છે. જ્યારે નબી મુસા (અલૈ.) સાથે "યહુદીયત" અને નબી ઈસા સાથે "ખિસ્તી" ધર્મ અથવા "ઈસાઈયત"

નામો સંકલિત છે. આ "સીલોહ" આવ્યા અને નબી યાકુબના વંશજોમાંથી ઈશદુતત્વ સદા માટે ચાલ્યું ગયું. અને આ ઈશદુત્ત્વ નબી ઈસ્માઈલના વંશજોમાં ચાલ્યું ગયું.

સીલોહ એટલે ઈસ્લામના પયગંબર મોહંમદ (સલ.)

(૬) નબી મુસા (અલૈ.)એ તેમની કોમને સંબોધીને કહ્યું હતું : Lord એટલે (પરેશ્વરનો સંદેશ) સીનાઈ પરથી ઉપસ્થિત થયો. સીઅરમા તેનો ઉદય થયો અને ફારાનથી ઝળહળી ઉઠયો. તે દસ હજાર પવિત્ર લોકો સાથે આવ્યો. તેના હાથમાં દિવ્ય જ્યોત હતી. (Dueteronomy; 33;2)

આ રૂપકની ભાષામાં, ભવિષ્યવાણી છે. તેની સમજુતિ આ પ્રમાણે છેઃ

સીનાઈ પર્વત પર નબી મુસા (અલૈ.)ને તવરાત નામના ધર્મશાસ્ત્રની તકતીઓ આપવામાં આવી હતી. જેરૂસલેમ નજીકના સીઅર પહાડની એકાંત ગુફામાં નબી ઈસા (અલૈ.) પરમેશ્વરનું ધ્યાન ધરતા. ફારાન મક્કા નજીકના પહાડ-ટેકરીનું નામ છે. આથી આ નામ મોહંમદ (સલ.) પ્રત્યે સંકેત બતાવે છે.

બાઈબલના ભાષાંતરોમાં "Lord" શબ્દ પરમેશ્વર માટે અને ઈશદુતો માટે પણ વપરાયો છે. અહીં તેનો અર્થ ઈસ્લામ થાય છે.

"ઈસ્લામ"ની આધુનિક ઈતિહાસમાં શરૂઆત નબી મુસા (અલૈ.)થી ગણી શકાય. એટલે તે નબી મુસા (અલૈ.)ના સમયમાં સ્પષ્ટપણે પ્રચાર પામ્યો. પછી બીજા એક મહાન નબી ઈસા (અલૈ.)ના સમયમાં તે વધુ પ્રકાશિત થયો અને છેલ્લા અંતિમ મહાન નબી મોહંમદ (સલ.)ના સમયમાં ઈસ્લામ ફારાનથી (મક્કાથી) ઝળ હળી ઉઠયો અને તેનું તેજ ચારે દિશામાં ફેલાયું. તેમના આગમનથી ઈસ્લામ સોળે કળાએ ખીલી ઉઠયો. ઈસ્લામ સંપૂર્ણ પ્રકાશમાં આવી ગયો. પારાન અને ફારાન એકજ શબ્દ છે. અરબી ભાષામાં "પ" અક્ષર નથી ફારસી અને ઉર્દુ ભાષાઓમાં "પ" અક્ષર છે. અરબીમાં "ફ" અક્ષર છે. એટલે ફારાન અને પારાન સમાનઅર્થી છે.

મક્કાની ફતેહ વેળા મોહંમદ (સલ.) સાથે દસ હજાર સાથીઓ હતા. તેઓ નેક લોકો હતા. તેમના આજ્ઞાંકિત અનુયાયીઓ હતા. ઈસ્લામની દિવ્ય જ્યોત સાથે તેઓ શાંતિપૂર્વક મક્કામાં પ્રવેશ્યા. મક્કાવાસી કુરૈશોએ તેમની શરણાગતિ સ્વીકારી અને ઈસ્લામથી પાવન થયા. ઈસ્લામની જ્યોતના પ્રકાશમાં કુફ્ર અને શિર્કનો અંધકાર સદા માટે દૂર થઈ ગયો.

(૭) હા, તે (That Prophet) પોતાના લોકોને ચાહતા હશે અને તેઓ તારા સંતોના પગલે ચાલશે...." (Deuteronomy; 33;3)

અલ્લાહ અર-રહમાન અર-અહીમ છે. અલ્લાહ મહા દયાળુ, કૃપાળુ છે.

મોહંમદ (સલ.) રહમતુલ્લીલ આલમીન"ના નામથી કુરઆનમાં ઓળ

ખાવવામાં આવ્યા છે. તે જગતના - પુરી માનવજાતના નબી હતા. તેઓ માનવીઓને કુફ્ર અને શિર્કનું આચરણ કરતા જોઈને ખુબ દુઃખી અને વ્યથિત થતા અને તેઓને સત્ય માર્ગદર્શન આપવા અલ્લાહથી દુઆ કરતા. એવો તેમનો માનવજાત માટે પ્રેમ હતો. એથી તેમને સમસ્ત સૃષ્ટિ માટે કૃપા કહેવામાં આવ્યા છે.

નબી મોહંમદ (સલ.)ના તેમના સમયના અનુયાયીઓ "સહાબા"ના નામથી ઓળખાય છે. તેઓ મોહંમદ (સલ.)ના ખુબ ખુબ આજ્ઞાંકિત હતા. એટલે કે તેઓ તેમના પગલે પગલે ચાલતા. તેઓ તેમના આદર્શમય વાણી અને વર્તનને પોતાના જીવનમાં વણી લેવા બનતા બધા જ પ્રયત્નો કરતા અને ધન્યતા અનુભવતા.

(૮) રણના અને કિલ્લેબંધી કરેલ વસાહતોનાં લોકો જે કેદારની પ્રજા છે તે બુલંદ સ્વરમાં તેનાં ગુણગાન ગાશે. (Isaiah = ch. 42) ઈસીયાહનું આ આખું પ્રકરણ આવનાર "પેલા નબી" વિષેની માહિતીથી ભરપુર છે.

બાઈબલના જુના કરારના "Genesis" ના ૨૫મા પ્રકરણમાં ઈસ્માઈલ (અલૈ.)ના બાર પુત્રોનાં નામો આપવામાં આવેલાં છે. તેમાં કેદાર અને તેમા નામો પણ છે. ઈતિહાસ જણાવે છે કે કેદાર પ્રજા કિલ્લેબંધી વસાહતોમાં રહેતી હતી. તેઓ મોહંમદ (સલ.)ના પૂર્વજો પૈકી હતા. તેઓએ ઈસ્લામ સ્વીકાર્યો હતો તેઓ મોહંમદ (સલ.)ની ઘણી પ્રશસ્તિ મોટા અવાજે કરતા હતા. આ ભવિષ્યવાણી સત્ય પુરવાર થઈ હતી.

(૯) પરમેશ્વર તેમાનથી આવ્યા અને તે પવિત્ર વ્યકિત ફારાનના પહાડ પરથી આવી. તેની કીર્તિથી આકાશો છવાઈ ગયાં અને તેની પ્રશંસાથી પૃથ્વી ઉભરાઈ ગઈ. (Habakkuk; 3;3)

ઉપરોકત ભવિષ્યવાણી 'GOD' શબ્દથી શરૂ થાય છે. આ શબ્દ ઈશદુત માટે પણ બાઈબલમાં વપરાયો છે.

નબી ઈબ્રાહીમ (અલૈ.)ના વડીલ પુત્ર ઈસ્માઈલ (અલૈ.)ના બાર પુત્રો પૈકી એકનું નામ તેમા હતું. તેમા કબીલાએ જે જગ્યાએ વસવાટ કરેલો તે તેમા કબીલાએ જગ્યાનું નામ તેમાન અથવા થેમાન પડયું હતું. આ કબીલાના યમન નામના માણસે તે પ્રદેશ જીતી લીધો હતો. તેથી તેનું નામ યમન થયું. યમનનું પ્રાચીન નામ થેમાન અથવા તેમાન હતું. એટલે ઉપરોકત ભવિષ્યવાણીમાં ઉલ્લેખ છે કે તેના (મોહંમદ સલ.ના) પૂર્વજો તેમાનથી આવ્યા.

પણ તેમના આ પૂર્વજોએ અરબસ્તાનમાં વસવાટ કર્યો ત્યારે તેઓ અબુ કહતાન (કહતાનના વંશજો), પછી અરીબા અને પછી અરબના નામથી જાણીતા થયા હતા. તેઓના એક પૂર્વજ અદનાન નામના માણસે યમનમાં વસવાટ કરેલો.

અને પછી યમનવાસી (તેમાન વાસી) અરબોએ હિજાઝમાં આવીને વસવાટ કરેલો.

અગાઉ જણાવી ગયા મુજબ ફારાન નામનો પહાડ હિજાઝમાં મક્કાની પાડોશમાં છે. અને "પવિત્ર વ્યકિત" એટલે "પેલા નબી" મોહંમદ (સલ.) ફારાનથી આવ્યા. ત્યારે આકાશમાં ફરિશ્તાઓ અને પૃથ્વીમાં માનવીઓએ તેમની કીર્તિના ગુણગાન ગાયાં. કારણકે લોકો તેમની પધરામણીની રાહ આતુરતાપૂર્વક જોઈ રહ્યા હતા. તેઓને પુરોગામી ઈશદુતોની ભવિષ્યવાણી વિષે ખબર હતી.

(૧૦) "તે તેજસ્વી ઝળહળતો પ્રકાશ હતો. તેનાં દિવ્ય કિરણો તેના હાથમાંથી રેલાતાં હતાં......... તે ઊભા રહ્યા, જમીનનો માપ લીધો, અવલોકન કર્યુ અને પ્રજાઓને ધ્રુજાવી નાંખી." (Habakkuk; 3;6)

હબાકકુકની ૯ અને ૧૦મા નંબરની ભવિષ્યવાણી ભુતકાળમાં આલેખવામાં આવી છે. અંગ્રેજી સાહિત્યમાં કોઈ બાબત વિષે ભારપૂર્વક કહેવું હોય ત્યારે આ પ્રયોગ થાય છે. એવી જ રીતે ભુતકાળની કોઈ બાબત વર્તમાન કાળ વાપરીને કરવામાં આવે છે. આ એક ભાષાકિય શૈલી છે.

મોહંમદ (સલ.) નું વ્યકિતત્વ - Personality અદ્દભુત, પ્રભાવશાળી અને તેજસ્વી હતું. ઈસ્લામી સાહિત્યમાં તેમના શારીરિક દેખાવનું વર્ણન આલેખવામાં આવ્યું છે. આ સાહિત્ય "શમાઈલ" ના નામથી ઓળખાય છે. તેમના સદ્દગુણો વિષેનું સાહિત્ય "ખસાઈલ"ના નામથી ઓળખાય છે. બંને મળીને સીરત - જીવનગાથા કહેવાય છે.

તેમણે ઈસ્લામનો દિવ્ય પ્રકાશ જગતમાં ફેલાવ્યો. ઈસ્લામ એક ઈશ રહમત કૃપા છે. અને મોહંમદ (સલ.) બંને જગત માટે કૃપા - "રહમતુલીલ આલમીન" હતા. તેમને આ નામવંત લકબથી કુરઆનમાં ઉદ્દેશવામાં આવ્યા છે. તેમનાં જીવનમાં આ દિવ્ય પ્રકાશ ઓતપ્રોત હતો. આ દિવ્ય પ્રકાશથી બધી પ્રજાઓ પ્રભાવિત થઈ. તેઓને તેઓનાં ધર્મ-શિક્ષણમાં સુધારણા કરવાની ફરજ પડી છે. પણ તેઓ પૈકી કેટલાક દુર્ભાગી લોકો હજી સત્ય ધર્મથી જોજનો દૂર રહ્યા છે. દુનિયાના લાખો અને કરોડો લોકો ઈસ્લામથી પાવન થયા છે અને હજીયે આ આગેકૂચ વણથંભી ચાલુ જ છે.

UNLETTERED PROPHET - ઉમ્મી નબી

(૧૧) "તેને કહેવામાં આવશે કે આ વાંચ (પઢ), તો તે કહેશે કે હું વાંચવાનું જાણતો નથી." (ISAIAH ; 29;12)

હવે તો આ ભાષાંતર પણ બદલી નાખવામાં આવ્યું છે. મેં ઉપરોકત લખાણ બાઈબલની એક જુની આવૃત્તિમાંથી ટાંકયું છે. સદીઓથી બાઈબલની

આવૃત્તિઓમાં ફેરફારો જાણી જોઈને કોઈ બાબતને છુપાવવા માટે કરવામાં આવે છે. તેનું આ ઉદાહરણ છે. વિવિધ ખ્રિસ્તી સંપ્રદાયોના બાઈબલની આવૃત્તિઓ ભિન્ન હોય છે. રોમન કેથોલીક સંપ્રદાયનું બાઈબલ પ્રોટેસ્ટંટ સંપ્રદાયના બાઈબલથી કેટલીક બાબતોમાં ભિન્ન છે.

નબી મોહંમદ (સલ.)ને કુરઆનમાં "ઉમ્મી નબી" કહેવામાં આવ્યા હતા. વેદમાં તેમને "જાતવેદ" કહ્યા છે. ઉમ્મી અને જાતવેદનો અર્થ નિરક્ષર થાય છે.. જેને લેખન અને વાંચનનું જ્ઞાન હોતું નથી તે વ્યકિત ઉમ્મી અને જાતવેદ કહેવાય છે.

ગારે હિરા મક્કા પાસે એક ગુફા છે. તેમાં તેમના પર સૌ પ્રથમ ઈશપ્રેરિત સંદેશ જીબ્રાઈલ (અલૈ.) નામના ફરિશ્તા મારફતે પહોંચાડવામાં આવેલો. તેમને જીબ્રાઈલ (અલૈ.) મે ફરમાવ્યું, "ઈકરાઅ" (પઢ) ત્યારે તેમણે કહેલું "મા બેકારેઉન" હું પઢવા - વાંચવાનું જાણતો નથી. નિરક્ષર છું. પછી દિવ્ય વાણી તેમનાં દિલમાં ઉતારવામાં આવી અને તેઓ મૌખિક રીતે પઢવા લાગ્યા. કુરઆનની તેમના પર પ્રેરિત થયેલ સૌ પ્રથમ પંકતિ-આયત આ છેઃ "(હે નબી !) જે કુરઆન તારા પર પ્રેરિત થશે તેને પોતાના પરવરદિગારના નામથી પઢયા કર; જેણે (સર્વ કંઈ) સર્જન કર્યું; જેણે મનુષ્યને થીજી ગયેલા લોહીમાંથી બનાવ્યો. (સુરહ અલકઃ પહેલી આયત-પંકતિ)

તેઓ વાંચી શકતા ન હતાં. છતાં અલ્લાહે તેમને પયગંબરીની ફરજ અદા કરવા નિયુકત કર્યા. અને કુરઆન કંઠસ્ત કરવાની કુદરતી બક્ષિશ આપી હતી.

"જેઓ (મુસલમાનો) એવા પયગંબરની તાબેદારી કરે છે જે નબી ઉમ્મી છે. જેને તેઓ(યહુદીઓ અને ખ્રિસ્તીઓ) પોતાની પાસેની તવરાત અને ઈન્જીલમાં લખેલા જુએ છે." (સુરહ અઅરાફ : ૧૫૪) કુરઆનની આ પંકતિ (આયત) ઈસાયહની ભવિષ્યવાણીનું સમર્થન કરે છે.

શલોમ

(૧૨) જે નબી ફકત ઈસ્લામનું જ શિક્ષણ-સંદેશ આપશે અને તેનું દૈવી કાર્ય - Divine Mission પૂર્ણ થશે ત્યારે ખચિત માનવું કે પરમેશ્વરે તેનો "તે નબી" મોકલ્યો છે. (Joremiah; 28;9)

આ ભવિષ્યવાણીમાં હિબ્રુ ભાષી "શલોમ" શબ્દ હતો. તેનો અર્થ સલામ અને ઈસ્લામ થાય છે. તે શબ્દ બદલીને તેના સ્થાને Peace શબ્દ વાપરીને આ ભવિષ્યવાણીને અસ્પષ્ટ અને ગુઢઅર્થી બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

બંદો - (અબ્દ) મુસ્તફા

(૧૩) જુઓ, મારો બંદો, જેને હું મદદ કરૂં છું તે મારો પ્રિય - પસંદ કરેલ (મુસ્તફા) છે. તેનાથી હું હરખાઉં છું. મેં તેના પર મારી રૂહ મુકી છે. (મેં તેને પ્રેરિત કર્યો છે.) તે રાષ્ટ્રો (પ્રજાઓ) વચ્ચે ન્યાય કરશે. તે મૃદુ ભાષી હશે.

.... તે સત્ય સાથે ન્યાય પ્રસ્થાપિત કરશે. તે સફળતા પામશે. તેનો સંદેશ દબાવી શકાશે નહી. પૃથ્વી પર તે ન્યાય સ્થાપિત કરશે. પૃથ્વીના (દૂર દૂરના) દ્વિપો તેના શિક્ષણની રાહ જોશે. (Isaiah; 42; 1-4)

ભુતકાળના - આગળના સમયનો આ સંદેશ (આ ભવિષ્યવાણી) પરિપૂર્ણ થઈને રહેશે. (Isaiah: 42;9)

મારો બંદો એટલે કુરઆનની ભાષામાં "અબ્દહુ;" અને મારો પસંદ કરેલ એટલે મોહંમદ "મુસ્તુફા" (સલ.) અલ્લાહે તેમના પર તેનું - કુરઆન ઉતાર્યુ. કુરઆન ઈશવાણી છે. મોહંમદ (સલ.) ન્યાયપ્રિય હતા. મદીનાના સમવાયતંત્રના સંસ્થાપક અને વડા હતા. તેમણે તેનું સંચાલન ન્યાયપૂર્વક કર્યુ હતું. આ સમવાયતંત્ર રાજ્ય - The first Islamic Common wealth of Nations માં મુસલમાનો, ખ્રિસ્તીઓ, યહુદીઓ, મજુસીઓ (અગ્નિપુજકો), નાસ્તિકો વગેરે લોકો સુખચેનથી શાંતિપૂર્વક જીવન જીવતા હતા. વિવિધ ધર્મો પાળતી પ્રજાઓ-અરબ, ઈરાની, રોમન, અને હબશી લોકોનું શાંતિમય સહ-અસ્તિત્વ હતું. બધી પ્રજાઓ સમાન હકો, અધિકારો અને તકો ભોગવતા હતા. કોઈના પર અન્યાય અને અત્યાચાર કરવામાં આવ્યો ન હતો. કોઈનું શોષણ અને દમન કરવામાં આવ્યું ન હતું. કોઈ પરધર્મી પર બળજબરીપૂર્વક ઈસ્લામ લાદવામાં આવ્યો ન હતો. સૌને સામાજિક અને ધાર્મિક આઝાદી હતી. સૌને સંરક્ષણ પુરૂં પાડવામાં આવ્યું હતું. આ ઈસ્લામિક સમવાયતંત્રનું લેખિત બંધારણ હતું. જગતનું સૌ પ્રથમ આ જન કલ્યાણકારી, લોકશાહી પ્રજાસત્તાક હતું.

મોહંમદ (સલ.) મૃદુ ભાષી હતાં. ઊંચા અવાજે બોલતા ન હતાં. સ્મિત કરતાં પણ ખડખડાટ હસતા ન હતાં. સત્યવાદી અને ન્યાયી હતા. પરધર્મીઓ પરસ્પરના ઝઘડાના નિકાલ માટે તેમને લવાદ નીમતા.

તેમને ઈસ્લામના પ્રચાર કાર્યમાં સફળતા મળી હતી. શત્રુઓના ષડયંત્રો છતાં તેઓ હિંમત હાર્યા નહી. અને તેમણે પોતાનું દૈવી કર્તવ્ય Divine Mission પરિપૂર્ણ કર્યુ હતું. તેમનો સંદેશ પૃથ્વીના દૂર દૂરના ખંડો અને દ્વિપોમાં બહુ ઝડપથી ફેલાયો. જાણે લોકો આતુરતાપૂર્વક ઈસ્લામથી પાવન થવાની રાહ જોઈ રહ્યા હતા.

બાઈબલના ઈસાયહ પુસ્તકમાં આવી ભવિષ્યવાણી ૨૧: ૧૩-૧૪-૧૫, ૧૬:૧૭ : ૪૨: ૬, ૯, ૧૧, ૬૦:૭, ૧૪ અને ૨૦માં પણ આપવામાં આવી છે.

(૧૪) હગાઈ નામના યહુદ કોમના એક ઈશદુતે કહ્યું હતું કે, "બધી પ્રજાઓના લાડલા, પ્રશંસનીય "હીમ્દહ" આવશે ત્યારે હું આ ઘરને કીર્તિથી ભરી દઈશ. તે ઘરની ભુતકાળની કીર્તિથી કરતાં ભવિષ્યના સમયની કીર્તિ વધારે હશે. અને હું (અલ્લાહ) તમોને શલોમ (ઈસ્લામ) આપીશ." (Haggai: 2:7:9)

(૧૫) લગભગ આવી જ બીજી એક ભવિષ્યવાણી મલાચી - પુસ્તકમાં પણ છે: "જુઓ ! હું મારો દુત મોકલીશ અને તે મારા માટે માર્ગ તૈયાર કરશે અને તમો તેની રાહ જોઈ રહ્યા છો તે તમારા દેવળ પર ઓચિંતા આવી પહોંચશે. તમો "કરારવાળા નબી" ની રાહ જોઈ રહ્યા છો. જેની તમોને ખુશી છે. તે (ઈશદુત) આવી રહ્યો છે." (Malachi; 3:1-2)

બધી પ્રજાઓના લાડલા અને પ્રશંસનીય હીમ્દહ કોણ ?

હીમ્દહ હમ્દ શબ્દ પરથી બન્યો છે. હિબ્રુ અને અરબી બહેનપણી ભાષાઓ છે. બંને ભાષાઓમાં "હમ્દ" નો અર્થ પ્રશંસા, સ્તુતિ, વખાણ થાય છે.

અરબી શબ્દો મોહંમદ અને અહમદ પણ હમ્દ પરથી બનેલાં વિશેષ નામો - Proper names છે. પયગંબર મોહંમદ (સલ.) માટે કુરઆનમાં ત્રણ સ્થાને "મોહંમદ" નામ અને એક સ્થળે "અહમદ" નામનો ઉલ્લેખ છે. બંને નામો સમાનઅર્થી છે. કહેવાય છે કે તેમની માતા અમીના અને દાદા અબ્દુલ મુત્તલીબે આ જુદાં જુદાં નામો રાખેલાં. અરબોમાં તેમનાં પહેલાં કોઈ પણ વ્યકિતનું નામ મોહંમદ કે અહમદ ન હતું. તેમનું મોહંમદ (સલ.) નામ વધારે પ્રચલિત છે.

સૌ ઈશદુતોમાં મોહંમદ (સલ.) મહાન છે અને ઉચ્ચતમ સ્થાને છે. આધ્યાત્મિકવાદના રહસ્યો ઈલ્મ, ઈરફાન અને હિકમતના બધા બુલંદ દરજ્જા તેમને આપવામાં આવ્યા હતા.

તેમણે ફરમાવ્યું હતું કે, "હું મોહંમદ છું. હું અહમદ છું." કુરઆનના અને હદીસના સૌ અભ્યાસીઓ અને ભાષ્યકારો એક મતે જણાવે છે કે મોહંમદ નો અર્થ મહાન સદ્‌ગુણોવાળા, બહુ પ્રશંસાપાત્ર, અલ્લાહની ખુબ હમ્દોસના (વખાણ, સ્તુતિ) કરનારા, ખુબ પ્રાર્થના કરવાવાળા, સૌથી વધુ સદગુણી થાય છે. કે જેથી તેમના સદ્‌ગુણોમાં વધારો કરવાનો કોઈ અવકાશ નથી.

અને અહમદનો અર્થ જેની માણસો અને ફરિશ્તાઓએ ખુબ પ્રશંસા કરી હોય તે વ્યકિત.

સારાંશઃ મોહંમદનો અર્થ ખુબ પ્રશંસાપાત્ર અને અહમદનો અર્થ જેની ખુબ પ્રશંસા કરવામાં આવતી હોય તે. એક વિશેષણ અને બીજું વિશેષ નામ.

હીમ્દહનો અર્થ ખુબ પ્રશંસાપાત્ર વ્યકિત.

આ ભવિષ્યવાણી હગાઈ અને મલાચી બંને પુસ્તકોમાં છે.

"હીમ્દહ" આવશે ત્યારે તે આ ઘરને કીર્તિથી ભરી દેશે. આ કયું ઘર ? તે તમારા દેવળ પર અચાનક આવી પહોંચશે. આ કયું દેવળ ?

પેલેસ્ટાઈનમાં જેરૂસલેમ શહેરમાં યહુદી ઈશદુત સુલેમાને (અલૈ.) ચારેક હજાર વરસો પૂર્વે એક દેવળ બંધાવેલું. તે તેમના નામ પરથી "Solomon's Temple" ના નાથી ઓળખાય છે. તે હવે અસ્તિત્વમાં નથી. તેની જર્જરિત દીવાલો જ બાકી રહી છે. તે સ્થળે હમણાં "મસ્જીદે અકસા" "Dome of the Rock" છે. યહુદીઓ અને મુસલમાનો આ જગ્યાને પવિત્ર માને છે. અને તેઓ તેનો આદર કરે છે.

મસ્જીદે અકસા મુસલમાનોનો પ્રથમ કિબ્લહ હતો. ઈસ્લામની શરૂઆતના સમયમાં સોળ મહિના સુધી પયગંબર મોહંમદ (સલ.) અને તેમના અનુયાયી મુસલમાનો મસ્જીદે અકસા તરફ રૂખ (મ્હોં) કરીને નમાઝ પઢતા ત્યાર પછી મક્કાની "મસ્જીદે હરમ" તરફ મ્હોં રાખીને નમાઝ પઢવાનો હુકમ થયો હતો એટલે કાબા કિબ્લહ થયો હતો.

પયગંબર મોહંમદે (સલ.) મદીનાની હિજરત કરી તેના થોડા માસ પહેલાં મક્કાથી રાત્રે બુરાક નામના એક સ્વર્ગિય પ્રાણી ઉપર સવારી કરીને જેરૂસલેમના મસ્જીદે અકસાના સ્થળની ઝીયારત (મુલાકાત) કરી હતી. ત્યાંથી તેમને સાતમા આસમાન પર બોલાવવામાં આવ્યા હતા....... વગેરે આ બનાવને ઈસ્લામના ઈતિહાસમાં "મેઅરાજ"ના નામથી ઓળખવામાં આવે છે. આસમાનથી પૃથ્વી પર પુનઃ આગમન વખતે પયગંબર મોહંમદ (સલ.)મે બધા ઈશદુતોને ઈમામ તરીકે "મસ્જીદે અકસા" માં નમાઝ પઢાવી હતી. અને પછી રાત્રિ સમયમાં જ મક્કા પાછા આવી ગયા હતા. આ એક ચમત્કારિક પ્રસંગ હતો. તેમણે આ પ્રવાસ રાત્રિના અમુક સમયમાં કર્યો હતો. તે સ્વપ્ન ન હતું. તેમના આ પ્રવાસમાં સવારીનું પ્રાણીનું નામ બુરાક હતું. બુરાક બર્ક શબ્દ પરથી છે. અને તેનો અર્થ "Lightning" આકાશમાંથી ઉતરતી વીજળી. પૃથ્વી પરની કારખાનામાં ઉત્પન્ન થતી વીજળી electricity ની ગતિ કરતાં આકાશની આ વીજળી અનેક ગણી ઝડપી છે. આજના આધુનિક વૈજ્ઞાનિક શોધખોળ અને સંશોધને સિદ્ધ કર્યુ છે કે અવકાશમાં રોકેટની મદદથી બહુ ઝડપથી પ્રવાસ શકય છે. તેથી "મેઅરાજ" પણ એક સત્ય હકીકત હોવામાં કોઈ શંકાને સ્થાન નથી.

મોહંમદ (સલ.) "મેઅરાજ" વખતે બૈતુલ મુકદ્દસ - મસ્જીદે અકસા - સોલોમન ટેમ્પલની મુલાકાત લીધી હતી. આથી અલ્લાહના આ પવિત્ર ધામની કીર્તિમાં વધારો થયો. કારણ કે અલ્લાહના અંતિમ મહાન દુત મોહંમદે (સલ.) તેની ઝીયારત કરી તેમાં નમાઝ પઢી અને પઢાવી હતી. આ એક બહુ આદરભાવનો પ્રસંગ હતો. ભુતકાળમાં બની ઈસરાઈલ (યહુદી પ્રજાના) ઈશદુતોએ તેની ઝીયારત

કરેલી. હવે બની ઈસ્માઈલના - કુલ્લ જગતના મહાન ઈશદુતે તેની ઝીયારત કરી. તેથી તેની કીર્તિમાં વધારો થયો.

હાલ ઈ.સ. ૧૯૭૩ થી આ જેરૂસલેમ પર ઈઝરાઈલનો કબજો છે. જગતના મુસલમાનો મસ્જીદે અકસા અને પૂર્વ જેરૂસલેમ પર પેલેસ્ટાઈનની સત્તા અને કબજા વહીવટ માટે માંગણી કરે છે.

ઈસુ ખ્રિસ્ત - Jesus Christ (અલૈ.) પેલેસ્ટાઈનના બેથલેહેમ શહેરમાં પેદા થયેલા. તેમણે પણ જેરૂસલેમમાં ધર્મ પ્રચાર કરેલો. જેરૂસલેમમાં પણ કેટલાંક ખ્રિસ્તી દેવળો છે. આથી ખ્રિસ્તીઓ જેરૂસલેમની ધર્મ યાત્રા કરે છે. તેઓને પણ જેરૂસલેમ - ખાસ કરીને પૂર્વ જેરૂસલેમના તેઓના પવિત્ર તીર્થ ધામો સાથે આત્મિક અને આધ્યાત્મિક પ્રેમ છે.

THE PROPHET OF THE COVENANT - કરારવાળા નબી

મલાચીની આવનાર ઈશદુત વિષેની ભવિષ્યવાણીમાં જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે તે "કરારવાળા નબી" આવી રહ્યા છે. હવે સમય ઘણો દૂર નથી. એવો સંકેત છે. "કરારવાળા" આ ઈશદુત કોણ ? બાઈબલના જુના કરારના મલાચી પુસ્તકમાં (૩ઃ૧-૨) માં તેનો મોંધમ ઉલ્લેખ તો છે. પણ તેની વિગતો નથી. આ "કરાવાળા નબી" વિષે કુરઆનના ત્રીજા પ્રકરણમાં સુરહ આલે ઈમરાનની ૮૦મી આયત - પંકતિમાં વિગતો આપવામાં આવી છે.

"અને જ્યારે તેના (પરમેશ્વરના) દુતોથી તેણે (પરમેશ્વરે) કરાર (શપથ) લીધો હતો કે જે કાંઈ કિતાબ અને (શરીઅત)નું જ્ઞાન તમોને (ઈશદુતોને) આપું પછી તમારી (કોમો) પાસે આવો મારો દુત આવે જે તમારી પાસેની કિતાબો (ઈશ પ્રેરિત ધર્મશાસ્ત્રો)ને સત્ય બતાવે તો તમો (અને તમારી કોમો) તેમના પર જરૂર ઈમાન લાવશે. (તે ઈશદુતને સત્ય માનશો) અને તેની જરૂરી સહાય-મદદ આપશો. પછી પરમેશ્વરે (તેના) ઈશદુતોને (તેઓની રૂહોને) પ્રશ્ન કર્યો : શું તમે (મારી) આ શરતે મારા કરારનો સ્વીકાર કર્યો ? તેઓ સૌ (ઈશદુતો) બોલ્યાઃ અમે તેનો (કરારનો) સ્વીકાર કર્યો. અલ્લાહે (પરમેશ્વરે) ફરમાવ્યુંઃ તો હવે તમે (આ કરાર વિષે) શાક્ષી રહેજો. અને હું પણ તમારી સાથે શાક્ષી છું." (૩ઃ૮૦) આવી રીતે કુરઆને મલાચીની ભવિષ્યવાણીનું સમર્થન કર્યું છે.

આ કરારને કુરઆનમાં "મીથાકે નબીય્યીન" (નબીઓના કરાર)ના નામથી ઓળખવામાં આવ્યો છે. આ કરારવાળા નબી મોહંમદ સલ.એ તેમના પુરોગામી ઈશદુતોને અને તેઓ પર પ્રેરિત થયેલા ધર્મશાસ્ત્રોને સત્ય કહ્યા હતા. કરાર અન્વયે તેમના પુરોગામી ઈશદુતોએ પોત પોતાની કોમને તેની જાણ કરી હતી.

★ ★ ★

THE PROPHET OF THE PROPHECY

બાઈબલના નવા કરાર - New Testament માં ૨૭ પુસ્તકો પૈકી પ્રથમ ચાર પુસ્તકોને ઈસુ ખ્રિસ્તની શુભવાણી - Gospels ના નામથી ઓળખવામાં આવે છે. આ ગોસ્પેલોના લેખકો વિષે કોઈ ચોક્કસ આધારભુત માહિતી ઉપલબ્ધ નથી. પણ ખ્રિસ્તીઓ તેને ઈસા (અલૈ.) - ઈસુ ખ્રિસ્ત - Jesus Christ નો ઈશ પ્રેરિત ધર્મ ઉપદેશ માને છે. આ ગોસ્પેલો મેથ્થુ, માર્ક, લ્યુક અને જૉનના નામે ઓળખાય છે. આ ગોસ્પેલો અસલ હિબ્રુ અથવા ગ્રીક ભાષામાં લખાયાં હશે એવું માનવામાં આવે છે. આ ગોસ્પેલોના વિવિધ ભાષાઓમાં અનુવાદ પ્રાપ્ત છે. આ ગોસ્પેલો લોક-કથા પર આધારિત છે. પણ તેમાં ઈશદુત ઈસા (અલૈ.)ની બોધવાણી છે.

"જોન ધ બેપટીસ્ટ"ના નામથી ઓળખાતા યાહયા (અલૈ.) અને ઈસા (અલૈ.) બંને સમકાલીન ઈશદુતો હતા. તેમનું કાર્યક્ષેત્ર પેલેસ્ટાઈનના યહુદીઓ (બની ઈસરાઈલ) હતા. ખ્રિસ્તી ધર્મ ગુરૂઓ એવી માન્યતા ધરાવે છે કે યાહયા (અલૈ.)ને ઈસા (અલૈ.)ના આગમન માટે માર્ગ તૈયાર કરવા માટે મોકલવામાં આવ્યા હતા. પણ આ માન્યતા સત્ય નથી. કારણ કે બંને સમકાલીન અને લગભગ સમાન વયના માસી ભાઈઓ હતા. તેઓ એક બીજાને બહુ સારી પેઠે ઓળખતા હતા. આ માન્યતાના સમર્થનમાં બે માંથી એકે કશું જ કહ્યું ન હતું. હકીકતમાં ઈસા (અલૈ.) આવનાર "પેલા નબી" - "કરારવાળા નબી" , "હીમ્દહ"ના આગમન માટે માર્ગ તૈયાર કરવા માટે મોકલવામાં આવ્યા હોય એવું કહી શકાય. ઈસા (અલૈ.) અને યહયા (અલૈ.) બંને અલ્લાહના પયગંબરો હતા. એવી મુસલમાનોની આસ્થા છે. બંને પયગંબરો આવનાર "પેલા નબી" અને "કરારવાળા નબી" વિષેની બની ઈસરાઈલના ભુતપૂર્વ પયગંબરોની ભવિષ્યવાણી સારી પેઠે જાણતા જ હશે. કારણ કે તેઓ ઈશદુતો હતા. તેઓ અને યહુદી પ્રજા આવનાર મહાન નબીની આતૂરતાપૂર્વક રાહ જોતા હતા. યહુદી ધર્મગુરૂઓ તેમની તપાસમાં હતા.

આથી કેટલાક યહુદી ધર્મગુરૂઓ નબી યાહયા (અલૈ.) પાસે ગયા અને તેમનો ત્રણ પ્રશ્નો પૂછયા:

(૧) શું તમો "Christ" છો ?

(૨) શું તમો "Elijah" છો ?

(૩) શું તમો "That Prophet" છો ?

જોન ધ બેપટીસ્ટે (નબી યાહયાએ) આ ત્રણે પ્રશ્નોના ઉત્તરો નકારમાં આપ્યા હતા. (John; 1:19:22)

જોન ધ બેયટીસ્ટે કહ્યું કે તેઓ ક્રાઈસ્ટ નથી, ઈલીજાહ નથી અને નબી મુસા (અલૈ.)ની ભવિષ્યવાણીવાળા "પેલા નબી" પણ નથી. જો ઈસા (અલૈ.) "પેલા નબી" હોત તો જોન બેપરીસ્ટને તેની જાણ હોત. ઈસા (અલૈ.)મે પણ "પેલા નબી"

હોવાનો દાવો કર્યો ન હતો. જો તેમણે આવો દાવો કર્યો હોત તો તેનો ઉલ્લેખ ગોસ્પેલોમાં હોત. પણ ચારે ગોસ્પેલોમાં એવો કોઈ નિર્દેશ નથી. તેથી ચોક્કસપણે એવું કહી શકાય કે તેમના સમય સુધી હજી "પેલા નબી" પધાર્યા ન હતા. હજી તેમના આગમનની રાહ જોવાતી હતી. યાહયા (અલૈ.) અને ઈસા (અલૈ.)મે તો આ ભવિષ્યવાણીનું પુનરાવર્તન કરી આવનાર "પેલા નબી"ની મહાનતામાં વધારો કર્યો હતો.

જોન ધ બેપટીસ્ટે તો કહ્યું હતું કે, મારા પછી એક એવી મહાન વ્યકિત આવનાર છે જેનાં પગરખાં ઉંચકવા હું લાયક નથી. (Mathew; 3;11)

અને નબી ઈસા (અલૈ.)મે કહ્યું હતું કે, સાવધાન રહેજો. તમોને ખબર નથી કે "પેલા નબી" કયારે આવશે.

જોન ધ બેપટીસ્ટના બે શિષ્યોએ ઈસુ ખ્રિસ્તને પ્રશ્ન કરેલોઃ આવનાર "પેલા નબી" તમો છો ? (LUKE 7=19) ઈસુ ખ્રિસ્તે તેમને કાંઈ પણ કહ્યું નહી. કારણકે તેઓ લોકોનાં આ પ્રશ્નથી કંટાળી ગયા હતા. એટલે તેઓ બંને ચાલ્યા ગયા હતા. જો ઈસા (અલૈ.) આવનાર "પેલા નબી" હોત તો જરૂર સ્પષ્ટપણે તેઓને જાણ કરતે. પણ તેમણે કદાપિ એવો દાવો પણ કર્યો ન હતો. ઈશદુતો સત્ય છુપાવે નહી.

આટલી સ્પષ્ટ બાબતને છુપાવવા ગોસ્પેલોમાં અનેક ફેરફારો કરવામાં આવ્યા છે. જોન ધ બેપટીસ્ટના શબ્દો ઈસુ ખ્રિસ્તના મુખમાં અને ઈસુ ખ્રિસ્તના શબ્દો જોન ધ બેપટીસ્ટના મુખમાં મુકવામાં આવ્યા અને ગુંચવાડો ઊભો કરી લોકોને ગેરમાર્ગે દોરવામાં આવ્યા.

સારાંશઃ ઈસુ ખ્રિસ્તના સમય સુધી નબી મુસા (અલૈ.)ની ભવિષ્યવાણી વાળા "પેલા નબી" આવ્યા ન હતા.

બાઈબલનો નવો કરાર = ગોસ્પેલ ઓફ જૉન
PARACLETE

ચાર ગોસ્પેલો પૈકી પ્રથમ ત્રણ ગોસ્પેલો Synoptic Gospels તરીકે ઓળખાય છે. આ ગોસ્પેલો ખ્રિસ્તી ધર્મને લોકોમાં પ્રચલિત સામાન્ય મત - General View રજુ કરે છે. ચોથું ગોસ્પેલ ઓફ જૉન મેથ્યુ, માર્ક અને લ્યુકના ગોસ્પેલોથી કેટલીક અગત્યની બાબતોમાં ભિન્ન અને વધુ આધારભુત ગણવામાં આવે છે. પણ સામાન્ય ખ્રિસ્તીઓને તેની જાણ નથી. તેઓ આ ભિન્નતા સમજવા માટે જરૂરી જ્ઞાન મેળવતા નથી.

"ફકત જોને ઈસુ ખ્રિસ્તના તેમના શિષ્યો સાથેના છેલ્લા વાર્તાલાપ - Fare-

well Message માં એક લંબાણપૂર્વક સંબોધન વિષે તેના ૧૪, ૧૫ અને ૧૬મા પ્રકરણોમાં વર્ણન કર્યું છે. તેનો ઉલ્લેખ ત્રણ સીનોપ્ટીક ગોસ્પેલોમાં મુદ્દલ નથી. જોનના ગોસ્પેલના આ પ્રકરણોમાં ઈસુ ખ્રિસ્તે કેટલીક મહત્ત્વની બાબતો વિષે પોતાના શિષ્યોને અને તેઓ દ્વારા ખ્રિસ્તીઓને આગોતરી ખબર આપી હતી. આ તેમનો વિદાય સંદેશ હતો. આ વિદાય સંદેશમાં તેમણે ભવિષ્યમાં આવનારા એક મહાન માર્ગદર્શક ઈશદુતની તાબેદારી કરવા કહ્યું હતું. તે મહાન ઈશદુતનું નામ ગ્રીક ભાષી બાઈબલમાં "Parakletos" અને અંગ્રેજી ભાષી બાઈબલમાં "Para clete" છે. ઈસુ ખ્રિસ્તે તેમના આ વિદાય સંદેશના અંતમાં કહ્યું હતું કે,"જો તમો મને ચાહતા હોય તો મારા આ હુકમનું પાલન કરજો અને હું પરમાત્માને પ્રાર્થના કરીશ તે તમોને "Paraclete" મોકલશે. (John; ch. 14:15-16)

(Maurice Bucaille; The Bible, the Quran and Science, ch. 5, Jesus's Last Dialogue; The Paraclete of John's Gospel; pp. 102-106)

"પરાકલેટે" વિષેની ઈસુ ખ્રિસ્તની ભવિષ્યવાણી જૉનના ગોસ્પેલમાં ૧૪: ૨૫, ૨૬, ૩૦; ૧૫: ૨૬, ૨૭ અને ૧૬; ૭, ૮, ૧૨, ૧૩ અને ૧૪માં પણ આપવામાં આવી છે. આથી તેમની આ ભવિષ્યવાણી કેટલી અગત્યની હશે તેનું અનુમાન થઈ શકે છે.

ઈસુ ખ્રિસ્તની ઉપરોકત ભવિષ્યવાણીનો ઉલ્લેખ કુરઆનની સુરહ સફ્ફની છઠ્ઠી આયત - પંકતિમાં છે. તેમાં તેમણે એક મહાન પયગંબરના આગમનનો શુભ સંદેશ પાઠવ્યો હતો. અને તે આવનાર નબીનું નામ અહમદ (અર્થાત્ પ્રશંસાપાત્ર) હશે એવું જણાવ્યું હતું. પયગંબર મોહંમદ (સલ.)નું બીજું નામ અહમદ છે.

આ "Paraclete" કોણ ?

ગ્રીક ભાષી બાઈબલમાં "Periclytos" શબ્દ છે. તે Peri અને clytos નો બનેલો સંયુકત શબ્દ છે. જે Superlative degree નું વિશેષણ છે. PeriQlytos, Perikletos અને Paraclete તેના અપભ્રંશ શબ્દો છે. અને આ ચારે શબ્દોનો અર્થ સૌથી વધુ પ્રશંસાને પાત્ર, સૌથી વધુ પ્રખ્યાત અને સૌથી નામાંકિત થાય છે. આ ગ્રીક ભાષાના શબ્દો છે.

હિબ્રુ ભાષામાં હમ્દહ, હીમ્દહ અને મુહમ્મા સમાનઅર્થી નામો (શબ્દો)છે.

અરબી ભાષામાં મોહંમદ અને અહમદ શબ્દો છે.

વેદમાં અહમેત, મહામદ, મામદ અને નરાશંસ સમાનઅર્થી શબ્દો છે.

લેટીન ભાષામાં મકોમેટો - Machometo સમાન અર્થી શબ્દ છે. PeriQlytosનો ઉપર જણાવેલ અર્થ Alexandre : "Dectionarie Grac-Francais"માં આપવામાં આવ્યો છે. (Prof. Abdu I. Ahad; Muhammad in the Bible, p. 215)

ઈસુ ખ્રિસ્તે ઈશદુતના આગમન વિષે જે ભવિષ્યવાણી કરી હતી અને જેના આગમનની યહુદીઓ અને ખ્રિસ્તીઓ ઘણી આતૂરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. તે અદ્ભુત વ્યકિતત્વવાળા, જગ વિખ્યાત, સૌથી વધુ પ્રશંસા પાત્ર, મહાન, અંતિમ ઈશદુત મોહંમદ (સલ.) હતા. (A Tricot; "Little Dictionary of the New Testament")

આ ભવિષ્યવાણીવાળા ઈશદુત મોહંમદ (સલ.) હોવાથી ખ્રિસ્તી અને યહુદ ધર્મગુરૂઓને હતાશા થઈ. કારણ કે મોહંમદે (સલ.) બની ઈસ્માઈલ - અરબોમાં જન્મ લીધો. તેઓને એવી આશા હતી કે આવનાર મહાન અંતિમ ઈશદુત બની ઈસરાઈલ - યહુદ કોમમાં જન્મ લેશે. આ વંશિય ભાવનાથી મોહંમદ (સલ.) પ્રત્યે તેઓમાં ઈર્ષાવૃત્તિ ઉદ્ભવી. તેથી આ ભવિષ્યવાણીને વિકૃત રજુઆત કરવાના પ્રયાસો કર્યા. અને "Paraclete" નો અર્થ Most Praiseworthy અને Most illus-trious તેના સ્થાને Comforter, Helper, Advocate, Spirit of Truth વગેરે અર્થ કર્યો. બાઈબલના જુના અને નવા બંને કરારોના વિવિધ ભાષામાં થયેલ ભાષાંતરોમાં આવી ચાલબાજી આચરવામાં આવી છે. જેથી જગતને અલ્લાહના મહાન અંતિમ નબી મોહંમદ (સલ.) વિષે અંધકારમાં રાખી શકાય. પણ હવે અંધકાર યુગની અંધશ્રદ્ધા લાંબા સમય સુધી નભશે નહી.

નબી ઈસુ ખ્રિસ્તે (અલૈ.) કહ્યું હતું કે, “હું નહી જાઉ તો તે નહી આવે.” (એટલે કે હું આ પૃથ્વી પરથી વિદાઅ થાઉ પછી તે આવશે.) તે તમારી સાથે હંમેશાં રહેશે. (એટલે કે તેમનો ધર્મ સંદેશ સદા માટે રહેશે; તે અંતિમ ઈશદુત હશે.) આ અંતિમ ઈશદુત વિષે કુરઆનના ૩૩ પ્રકરણ સુરહ અહઝાબની ૪૦મી આયત - પંકિતમાં સમર્થન કરવામાં આવ્યું છે. અંતિમ ઈશદુતનો આ પણ અર્થ થાય છે કે હવે બીજા કોઈ ઈશદુતની જરૂર રહી નથી. કારણ કે આ મહાન ઈશદુતે જગતને પરિપૂર્ણ ઈશ સંદેશ પહોંચાડયો. સત્ય ધર્મનું શિક્ષણ તેમના આગમનથી સંપૂર્ણ થયું. આ સત્ય સનાતન ધર્મ - ઈસ્લામ અને ઈસ્લામી જીવન વ્યવસ્થા માટેના કાનુન (શરીઅત)નું શિક્ષણ વિશ્વ વિનાશ (કિયામત) સુધી વિશુદ્ધ રહેશે. તે સમસ્ત વિશ્વ માટે છે.

આવનાર ઈશદુત જગતને પાપ, સદાચાર અને ન્યાય વિષે લોકોને જ્ઞાન આપશે. (John 16;7-8) તે તમોને બધું જ સત્ય કહેશે. કારણ કે તે પોતાના તરફથી નહી પણ જે તે પોતે સાંભળશે તે (દિવ્ય ઈશવાણી) કહેશે. તે તમોને ભવિષ્યની બાબતોની પણ જાણ કરશે. (John; 16-12-14)

બાઈબલના બંને કરારોના ભાષાંતરોમાં અનેક વાર ફેરફારો થયા છે. હજી થતા જ રહે છે. બાઈબલની અસલ આવૃત્તિ તો પ્રાપ્ત નથી. ધર્મશાસ્ત્રને વિકૃત કરવાની પ્રાચીન ચાલબાજી વિષે એક યહુદી ઈશદુત જેરીમઅહે ઠપકો આપતાં યહુદીઓને કહ્યું હતું : તમો સદા જીવંત પરમેશ્વરના શબ્દો વિકૃત કરો છો.

(Jeremiah; 23;26) કુરઆન પણ તેનું સમર્થન કરે છે. "તેઓ વખતો વખત શબ્દો તેના સ્થાનેથી બદલે છે અને પછી કહે છે કે તેનો સ્વીકાર કરો. (કુરઆન; ૫:૪૪)

પણ યહુદી પ્રજાના એક ઈશદુત ઈસાયાહે કહેલું કે આ ભવિષ્યવાણી સત્ય થઈને જ રહેશે.

"મુહમ્મા"

મેથ્યુ, માર્ક, લ્યુક અને જૉનનાં ગોસ્પેલો અધિકૃત ગોસ્પેલો ગણાય છે. તે ઈસુ ખ્રિસ્તના સમય પછી લખાયેલાં. ઈ.સ. ૩૨૫માં નીસેને ખાતે મળેલ ખ્રિસ્તી ધર્મગુરૂઓ - બીશપોની કાઉન્સિલે આ ચાર સિવાયના બીજાં ગોસ્પેલો બિન-અધિકૃત - અમાન્ય જાહેર કરી તેનો નાશ કરાવેલો. તે પૈકી એક બર્નાબાસનું ગોસ્પેલ હતું. અમાન્ય ગોસ્પેલોને બાળી મુકવાનો હુકમ ખ્રિસ્તી ધર્મના વડા પોપ દમાસ્મકે ઈ. સ. ૩૮૩માં કરેલો. છતાં વિધિનો ચમત્કાર જુઓ કે તેણે જ સંત બર્નાબાસના બિનઅધિકૃત ગોસ્પેલને પોતાના પુસ્તકાલયમાં સંતાડી રાખ્યું હતું.

ઈ.સ. ૧૫૮૫માં ફ્રા મેરીનો નામનો એક ઈટાલીઅન પાદરી પૉપની મુલાકાતે ગયો. તે વેળા પૉપ પોતાના શયનખંડમાં ઊંઘતા હતા ત્યારે સમય પસાર કરવા માટે ફ્રા મેરીનો પૉપના પુસ્તકાલયમાં ગયો. તે કાંઈ અભ્યાસલાયક પુસ્તકની ખોજ કરતો હતો ત્યારે તેને અચાનક બર્નાબાસનું ગોસ્પેલ હાથ લાગ્યું. તેને ખબર હતી કે આ ગોસ્પેલ બિન-અધિકૃત હતું અને તેને વાંચવું પાપ હતું. તેથી તેણે આ ગોસ્પેલ પોતાના ઝભ્ભામાં સંતાડી લીધું અને બહાર ચાલ્યો ગયો.

આ ગોસ્પેલના લેખક સંત બર્નાબાસ હતા. તે ઈસુ ખ્રિસ્તના શિષ્ય અને સાથી હતા. તેણે ખ્રિસ્તના ધર્મ સંદેશ અને બોધ વાણી પોતે સાંભળેલી અને તેમની પરવાનગીથી તેમના સમયમાં તેનું લેખન કર્યુ હતું. તેથી આ ગોસ્પેલ પેલા ચાર અધિકૃત ગોસ્પેલો કરતાં વધુ આધારભુત અને સત્ય ગણી શકાય. પેલા ચાર ગોસ્પેલોના લેખકો ઈસુ ખ્રિસ્તના શિષ્યો ન હતા. તેઓ કોણ હતા તે વિશે આધારભુત માહિતી પણ ઉપલબ્ધ નથી. તેઓના ધર્મ જ્ઞાન અને ચારિત્ર્ય વિષે પણ ભરોસાપાત્ર કાંઈ જાણ થઈ શકતી નથી. જ્યારે સંત બર્નાબાસ તો ઈસુ ખ્રિસ્તના બાર શિષ્યો પૈકી હતા. તેમના વિશ્વાસુ સાથી હતા. તેથી બર્નાબાસનું ગોસ્પેલ ઈસુ ખ્રિસ્તના ધર્મ શિક્ષણ અને બોધ માટે વધુ પ્રામાણિક અને આધારભુત ગણી શકાય.

તો પછી સંત બર્નાબાસના ગોસ્પેલને બિન-અધિકૃત જાહેર કરી તેનો નાશ કરવાનો આદેશ શા માટે આપવામાં આવ્યો હતો ? ઈસુ ખ્રિસ્તની આ પૃથ્વી પરથી વિદાઅની ત્રણ સદી પછી તેને બિન-અધિકૃત જાહેર કરવામાં આવેલું. આ ત્રણ

સદીઓના સમયગાળા દરમ્યાન સંત પૉલના ધર્મ શિક્ષણે ઈસુ ખ્રિસ્તના ધર્મ શિક્ષણનું સ્થાન મજબુત કરી લીધું હતું. સંત પૉલ ઈસુ ખ્રિસ્તનો શિષ્ય ન હતો. પણ શત્રુ હતો. તે રોમન સમ્રાટના લાગવગ વાળા એક ધનાઢય યહુદી દરબારીનો પુત્ર હતો. તેણે ઈસુ ખ્રિસ્તના Divine Unity ના સ્થાને Divine Trinityનો સિદ્ધાંત ખ્રિસ્તી ધર્મમાં દાખલ કરેલો. તેણે ઈસુ ખ્રિસ્તને અલ્લાહનો પુત્ર જાહેર કર્યો અને કેટલીક અધાર્મિક માન્યતાઓને ખ્રિસ્તી ધર્મ શિક્ષણમાં ઘુસાડી હતી. બર્નાબાસના ગોસ્પેલમાં તો Divine Unity - Monotheism (અર્થાત્ એક પરમેશ્વરવાદ) ઈશદુત્ત્વ, સ્વર્ગ, નર્ક પુનઃ જીવન, કિયામતનો હિસાબ વગેરે બાબતો છે. અને મોહંમદ (સલ.) ના આગમનની ભવિષ્યવાણી પણ સ્પષ્ટ શબ્દોમાં છે. તેથી તેને બિન-અધિકૃત જાહેર કરી તેને બાળી મુકવાનો હુકમ કરવામાં આવેલો.

બર્નાબાસના ગોસ્પેલનો અનુવાદ સૌ પ્રથમ ઈટાલીઅન ભાષામાં, પછી સ્પેનીશ, જર્મન, ફ્રેન્ચ, અંગ્રેજી અને અન્ય અનેક ભાષાઓમાં થયો હતો. જે ઉપલબ્ધ છે.

આ ગોસ્પેલમાં ઈસુ ખ્રિસ્તની ભવિષ્યમાં આવનાર ઈશદુત વિષે ભવિષ્યવાણીમાં “મુહમ્મા” નામથી ઉલ્લેખ કરવામાં આવેલો છે. એટલું જ નહી “મુહમ્મા” વિષે કેટલીક વિગતો પણ આપવામાં આવી છે. “મોહમ્મા” અરબો (બની ઈસ્માઈલ)માં જન્મ લેશે. તે અંતિમ ઈશદુત હશે. તે મૂર્તિપુજાનો વિનાશ કરશે. તે એક પરમેશ્વરવાદ પુનઃ સ્થાપિત કરશે. તે ધર્મનું સર્વાંગી શિક્ષણ આપશે. વગેરે આ સઘળી બાબતોનું શિક્ષણ ઈસ્લામના શિક્ષણ જેવું જ છે.

ઈસુ ખ્રિસ્તને પુછવામાં આવ્યું હતું : મુકિતના ઈશદુત - The Messenger of Salvation કોણ છે ? તેમણે ઉત્તરમાં કહ્યું હતું, “તેમનું સન્માનિત નામ “મુહમ્મા” છે. (Gospel of Barnabas)



મક્કાના મુશરિક કુરૈશો પાસે કોઈ ધર્મશાસ્ત્ર ન હતું. તેથી તેઓને ઉપરોકત ભવિષ્યવાણી વિષે કશી ખબર ન હતી. પણ યહુદીઓ અને ખ્રિસ્તીઓ પાસે તવરાત અને ઈન્જીલ નામના ધર્મશાસ્ત્રો હતાં.

કેટલાક સમકાલીન યહુદી ધર્મ ગુરૂઓ અને વિદ્વાનોને તવરાતની “પેલા નબી” વિષેની ભવિષ્યવાણીની જાણ હતી. તેમણે મોહંમદ (સલ.)ને ઓળખી લીધા. તેઓ પૈકી એક યહુદી વિદ્વાન અબ્દુલ્લાહ બિન સલામ હતા. જ્યારે મોહંમદ (સલ.) હિજરત કરી મદીના આવ્યા ત્યારે મોહંમદ (સલ.)ને જોવા અને આવકાર આપવા લોકો એકઠા થયા હતા. અબ્દુલ્લાહ બિન સલામ પણ ત્યાં હાજર હતા. તેમણે મોહંમદ (સલ.)ને દૂરથી જોયા અને તેમને ઓળખી લીધા હતા. અબ્દુલ્લાહ બીન સલામ, મુખારીક, અબ્દુલ્લાહ બીન સુરયા, અબુ કુબૈસ બીન અબી અનસ, અબુ

કયસ સુરમા વગેરે સમકાલીન યહુદ વિદ્વાનોએ મોહંમદ (સલ.)ની નબુવત્તનો સ્વીકાર કર્યો અને ઈસ્લામથી પાવન થયા હતા.

બીજા કેટલાક યહુદીઓ કમનસીબ નીવડયા. જો કે તેઓએ પણ મોહંમદ (સલ.)ને ઓળખી લીધા હતા. પણ વંશિય અહંકાર અને હઠાગ્રહથી તેમનો સ્વીકાર કર્યો ન હતો. હુયય્ય બીન અખ્તર અને તેનો ભાઈ અબુ યાસર તપાસ અર્થે મદીના આવ્યા. તેમની મુલાકાત કરી. તેમને ઓળખી લીધા. મુલાકાત બાદ બંને ભાઈઓએ આપસની વાતચીતમાં એમ તો કબુલ કર્યું હતું કે આ તે જ નબી છે જેની નબી મુસા (અલૈ.)મે ભવિષ્યવાણી કરી હતી. પણ તેઓએ ઈસ્લામ સ્વીકાર્યો નહીં. અને મોહંમદ (સલ.)ના વિરોધી બની ગયા.



એવી જ રીતે કેટલાક સમકાલીન ખ્રિસ્તી ધર્મ ગુરૂઓ અને વિદ્વાનોએ ઈસુ ખ્રિસ્તની ભવિષ્યવાણીવાળા પરકાલેટેને ઓળખી લીધા અને મોહંમદ (સલ.)નો અને ઈસ્લામનો સ્વીકાર કર્યો હતો. જેમ કે વરકા બીન નૌફીલ, બુસરાનો વયોવૃદ્ધ સંત-સાધુ બહીરા, રોમન સમ્રાટ હરકયુલસનો દરબારી નાતુર, જ્યોતિષ વિદ્યાનો અભ્યાસી પાદરી હારીથ, અસમ બીન અબજાર, ઈથોપીઆના રાજવી નેગસ, નજરાનના બીશપ અબુ હારીથ અને નજરાનના અન્ય ખ્રિસ્તીઓ, ઈજીપ્તના કોપ્ટીક ખ્રિસ્તી પંથના વડા મુકાકીસ વગેરે. અનેક હતા. આ તો સંક્ષિપ્ત યાદી છે.

શું આ સાબિતી નથી કે જુના સમયનાં ધર્મશાસ્ત્રોમાં મોહંમદ (સલ.) ના આગમન વિષે આ ભવિષ્યવાણી છે ?

મોહંમદ (સલ.)મે અરબસ્તાનના પાડોશી રાજ્યોના રાજવીઓ અને સમ્રાટો પર ઈસ્લામના આમંત્રણના પત્રો મોકલેલા. તેઓ પૈકી કેટલાકે ઈસ્લામ સ્વીકાર કરેલો. એવો એક પત્ર તેમણે ખ્રિસ્તી રોમન સમ્રાટ હરકયુલસ પર મોકલેલો. હરકયુલસે મોહંમદ (સલ.) વિષે માહિતી મેળવવા અરબસ્તાનના વેપારીઓ વિષે તપાસ કરાવી. સંજોગોવસાત્ મક્કાના એક અગ્રેસર અબુ સુફયાન બીન હર્બ તે વેળા સીરીઆમાં હતા. તેને દરબારમાં બોલાવીને દુભાષિયા મારફતે પ્રશ્નોત્તરી કરી માહિતી મેળવી. હરકયુલસને ખાતરી થઈ કે મોહંમદ (સલ.) સાચા પયગંબર છે. જેમના વિષે ઈન્જીલમાં ભવિષ્યવાણી છે.

પછી હરકયુલસે તેના દરબારીઓ સમક્ષ આ બાબત રજુ કરી પણ તેના દરબારીઓએ તેનો સ્વીકાર કર્યો ન હતો. રોમન સમ્રાટ હરકયુલસે તેઓને કહ્યું હતું કે એક મહાન પયગંબરના આગમન વિષે મને ખબર છે. પણ મને આ વાતની જાણ ન હતી કે તે અરબોમાં પેદા થશે. મને ઈચ્છા થાય છે કે હું તેમની પાસે જાઉ અને તેમના પગરખાં મસ્તકે ચઢાવું અને તેમના પગ ધોઉ.

રોમત સમ્રાટ હરકયુલસને મેથ્યુ અને લ્યુકના ગોસ્પેલોમાંના જૉન ધ બેપટીસ્ટના આવનાર મહાન પયગંબર વિષેના ઉપરોકત વેણોની જાણ હશે.

૩. પયગંબર મોહંમદ (સલ.) વિષે વિદ્વાનોનાં મંતવ્યો

પરમેશ્વરનાં અંતિમ મહાન દુત મોહંમદ (સલ.)ના જીવન ચરિત્ર વિષે વિશ્વની લગભગ બધી જ ભાષાઓમાં મુસ્લિમ અને અન્ય ધર્મોના વિદ્વાનો ધર્મગુરૂઓ અને ઈતિહાસવેત્તાઓએ અસંખ્ય પુસ્તકો લખ્યાં છે. અને હજી પણ લખાતાં જ રહે છે. તેઓ પૈકી કેટલાક તો પરધર્મી ટીકાકારો પણ છે પણ મોહંમદ (સલ.)ના જીવન ચરિત્રના લેખક હોવું એક ગૌરવની બાબત છે. જગતની કોઈ પણ વ્યકિતને આ બહુમાન મળ્યું નથી.

મોહંમદ (સલ.)નું સમસ્ત - ખાનગી અને જાહેર, નબુવત્ત પહેલાંનું અને નબુવત્ત સમયનું - જીવન આદર્શમય હતું, ઐતિહાસિક હતું. દંતકથા કે પુરાણ ન હતું. તેઓ ઈશદુત હતા. પોતાને પરમેશ્વરના દાસ "અબ્દહુ" (તેનો બંદો) કહેવડાવતા અને તેનો તેમને ગર્વ હતો. પણ તેઓ સૌ માનવીઓમાં શ્રેષ્ઠ અને મહાન હતા.

તેમના કટ્ટર શત્રુઓએ પણ તેમને જુઠા કહ્યા નથી. મક્કાના મુશરિક કુરૈશ અગ્રેસરો સહિત સૌ મક્કા નિવાસીઓ તેમણે નબુવત્તની જાહેરાત કરી તે પહેલાં જ તેમની યુવાન વયમાં પણ તેમને "અમીન" અને "સાદિક" (પ્રામાણિક અને સત્યવાદી)ના લકબોથી ઓળખતા અને બોલાવતા. શત્રુઓ પણ તેઓની કિંમતી ચીજો તેમની પાસે અમાનત રાખતા. ઝઘડામાં તેમને લવાદ નીમતા. તેમનો ફૅંસલો એકમતે સ્વીકારતા. તેઓ મહા સદ્‌ગુણી, સદાચારી અને સંસ્કારી હતા.

તેમના જીવન ચરિત્રના પરધર્મી લેખકો અને પ્રશંસકોની સંખ્યા પણ બહુ મોટી છે. જેઓ પૈકી વોલ્ટર, ટોલ્સટોય, સ્ટેન્લી લેઈનપુલ, આર્થર ગીલમેન, પ્રોફેસર હોગાર્થ, લા મારટીન, પંડિત સુંદરલાલ, ગાંધીજી, સરોજીની નાયડુ, મેજર આર્થર ગ્લીન લેઓનાર્ડ, લેડી કોબાલ્ટ, એની બેસન્ટ, જ્યોર્જ બનાર્ડ શો, મોન્ટ ગોમરી વૉટ, વોશીંગટન ઈરવીંગ, પ્રોફેસર કે.એસ. રામા ક્રિષ્ણ રાવ, પ્રોફેસર નથાએલ, પંડિત જવાહરલાલ નેહરૂ, રોડવેલ, એડવર્ડ ગીબન, સાયમન ઓકલી, પ્રોફેસર જ્યુલીઅસ મેસરમેન, સર ચાર્લ્સ, એડવર્ડ, આર્ચીબાલ્ડ હેમીલ્ટન, જૉન ડ્રેપર, થોમસ કાર્લાઈલ, ડી.જી. હોગાર્થ, રેવન્ડ બોસવર્થ સ્મીથ, જૉન ડેવનપોર્ટ, ચાર્લ્સ ઈસાવી, ગોથે, ડો. માઈકલ હાર્ટ, વગેરે વગેરે અનેક વિદ્વાનો છે.

તેમની જીવન ગાથાના આ દળદાર ગ્રંથો જગતના વિખ્યાત પુસ્તકાલયોમાં ઉપલબ્ધ છે.

મુસ્લિમ વિદ્વાનોએ તો અસંખ્ય ગ્રંથો "સીરતે નબવી" - મોહંમદ (સલ.) ના જીવન ચરિત્ર વિષે લખેલા છે જે વધુ આધારભુત ગણી શકાય. કારણ કે તેઓએ

કુરઆન, નબવી વાણી (હદીસ)ના મશહુર સંગ્રહો, કસીદા, સીરતના પ્રાચીન ગ્રંથો જેમકે અલ-મગાઝી, સીરતે ઈબ્ને હિશામ, તબ્કાતે ઈબ્ને સઅદ, તારીખે તબરી, શમાઈલ, ખસાઈલ વગેરેના આધારે તેમનું જીવન ચરિત્ર લખ્યું છે. અરબી, ફારસી, ઉર્દુ ઉપરાંત અંગ્રેજી, ડચ, પોર્ટુગીઝ, ફ્રેન્ચ, સ્પેનીશ વગેરે ભાષાઓમાં મૌલિક ગ્રંથો અને અનુવાદો બહુ મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે. આ ઉપખંડની બધી ભાષાઓમાં અને તેમાં ખાસ કરીને ઉર્દુ ભાષામાં તેમના જીવન ચારિત્રના પુસ્તકોની સારી સંખ્યા છે. અનેક વિદ્વાનો તેમના જીવન વિષે વધુ ને વધુ જ્ઞાન મેળવવા અભ્યાસ, સંશોધન અને લેખનમાં પ્રવૃત્ત રહે છે. આ બહુમાન જગતની બીજી કોઈ વ્યકિતને મળ્યું નથી અને મળશે પણ નહી.

ઓરીન્ટાલીસ્ટોના ગ્રંથોમાં અહી તહી કેટલીક સત્ય, અર્ધસત્ય અને અસત્ય બાબતો અને બિન-ઐતિહાસિક આક્ષેપો, ટીકા-ટીપ્પણી, નિંદા વગેરે હોય છે. કારણ આ પરધર્મીઓને પોતાનો પૂર્વાગ્રહ અને પક્ષપાતી માનસ હોય છે. તેમ છતાં તેઓએ મોહંમદ(સલ.)ની પ્રશંસા મુકત કંઠે કરવામાં નૈતિકતા અને હિંમત દાખવ્યાં છે. તેઓ પૈકી કેટલાકના મંતવ્યો અતિ સંક્ષિપ્ત પણે અહી રજુ કરવામાં આવ્યાં છે.

(૧) મોહંમદ તાજ વગરના સમ્રાટ હતા. ૨૩ વરસોની વિટંબણાથી ભરપૂર કસોટીમય જીવન જીવનાર મોહંમદ ખરેખર એક આદર્શમય વીર પુરુષ - a Veritable Hero હતા.

- (Thomas Carlyle)

(૨) મોહંમદ જગતના સૌ માનવીઓમાં માનવજાત માટે સૌથી વધુ પ્રભાવશાળી વ્યકિત હતા. માનવજાતની મુકિત માટે સદગુણી જીવનનો તેમનો સંદેશ હતો.

- (John William Drapper)

(૩) મોહંમદ એક સંપુર્ણ આદર્શમય માનવી - Perfect Man હતા. બીજા કોઈ ધર્મના સ્થાપકને ઈસ્લામના પયગંબર જેટલું સન્માનપાત્ર સ્થાન પ્રાપ્ત થયું નથી.

- (D. G. Hogarth)

(૪) તેમના બુદ્ધિગમ્ય સદ્‌ગુણો અસાધારણ કક્ષાના હતા. તેમનો હેતુ ધાર્મિક આસ્થાનો હતો. રાજસત્તાના વર્ચસ્વનો ન હતો.

- (Washington Irving)

(૫) તે એક મહા જ્ઞાની, પ્રમાણિક, અને પવિત્ર આત્મા હતા. તે મહાન જ

ન હતા પણ સૌથી શ્રેષ્ઠ અને અતિશય સત્યવાદી, મહાન મુસદ્દી અને આધ્યાત્મિક વીર પુરુષ હતા. તેમણે એક મહાન ધર્મની સ્થાપના કરી હતી.

- (Major Arthur Glyn Leonard)

(૬) મોહંમદના ચારિત્ર્યના મુખ્ય અંગ તેમની પ્રમાણિકતા - Sincerity વિષે પ્રશ્ન ઉઠાવી શકાય નહીં.

- (Prof. Nathaniel Schmidt)

(૭) મને શંકા છે કે તેમના (મોહંમદ પયગંબર) સિવાયની દુનિયાની બીજી કોઈ વ્યકિતના બાહ્ય સંજોગો આટલી હદે બદલાયા હોય. છતાં તેણે પોતાની રહેણી-કહેણી બદલી ન હોય. બનાવો, પ્રસંગો અને સંજોગો બદલાતા રહ્યા છતાં પણ તે પોતે અણિશુદ્ધ અને અટલ રહ્યા.

મોહંમદ ધર્મના અને રાજ્યના વડા હતા. એટલું જ નહીં પણ તેઓ ખ્રિસ્તી ધર્મના વડા - પૉપના સ્થાને હતા. પણ તેમનામાં ખ્રિસ્તી ધર્મના પૉપ જેવાં ખોટા દાવા અને ઢોંગ ન હતા. રોમન સમ્રાટ જેવા વિજેતા હતા પણ તેના જેવા સૈન્યો મોહંમદ પાસે ન હતાં. સ્થાયી સૈન્ય, અંગરક્ષકો, રાજમહેલ, અને આવકનાં ચોક્કસ સાધનો વગર જો કોઈ વ્યકિતને એવો દાવો કરવાનો અધિકાર હોય કે તે પરમેશ્વર તરફથી મળેલ સત્તાની રૂએ રાજ કરે છે તો તે વ્યકિત એક માત્ર મોહંમદ હતા. કારણ કે તેમની પાસે સાધનો વગર બધી સત્તાનાં બળો હતાં.

- (Rev. Bosworth Smith)

(૮) રણપ્રદેશના શૂન્યમાંથી મોહંમદના શકિતમાળી આત્માએ એક નવી દુનિયાનું મંડાણ કર્યું - નવી જિંદગી, નવા સંસ્કાર, નવી સંસ્કૃતિ અને એક નવા રાજ્યની - જે મોરોક્કોથી ઈન્ડીઝ સુધી વિસ્તૃત હતું - સ્થાપના કરી અને એશિયા, આફ્રિકા અને યુરોપના ત્રણે ખંડોના જીવન અને વિચાર સરણીને પ્રભાવિત કર્યા હતાં.

વિશ્વ-બંધુત્વ માનવજાતની સમાનતા અને માનવીની સામાજિક ઉન્નતી માટે મોહંમદનું ઘણું મોટું યોગદાન હતું. બધા મોટા ધર્મોએ આ જ બાબતનો સંદેશ આપ્યો છે. પણ ઈસ્લામના પયગંબરે આ સિદ્ધાંતને અમલી સ્વરૂપ આપ્યું હતું. જ્યારે તેના મૂલ્યનો સંપૂર્ણપણે સ્વીકાર થશે ત્યારે આંતરરાષ્ટ્રિય સમાજનો ઉદય થશે, જાતિય અને વંશિય પૂર્વાગ્રહો અદશ્ય થશે અને એક મજબુત માનવ બંધુત્વ અસ્તિત્વમાં આવશે.

મોહંમદના વ્યકિતત્વના સંપૂર્ણ સત્ય વિષે જ્ઞાન મેળવવું મુશ્કેલ છે. હું તો ફકત તેની એક ઝલક મેળવી શકયો છું.

- (Prof. K. S. Ramakrishna Rao)

(૯) મોહંમદના હૃદયમાં માનવતા, પવિત્રતા, અને ન્યાયનો કુદરતી અવાજ હતો.

- (Thomas Carlyle)

(૧૦) મોહંમદ બધા પયગંબરોમાં સૌથી વધુ સફળ અને ધાર્મિક વ્યકિતત્વના માલિક હતા.

- (Encyclopaedia Britannica)

(૧૧) મોહંમદે જે સંયુકત રાષ્ટ્ર સંઘની સ્થાપના કરી અને આંતરરાષ્ટ્રિય એકતા અને માનવ બંધુત્વના સિદ્ધાંતનો જે વિશ્વસ્તરે પાયો નાંખ્યો હતો તે બીજી પ્રજાઓ માટે માર્ગદર્શક છે.

- (Prof. Hargronje)

(૧૨) મોહંમદનો આત્મા કરૂણાનો આત્મા હતો.

- (Diwan Chandra Sharma)

(૧૩) જો આપણે મોહંમદને ઓળખવા હોય તો તેઓ વિશિષ્ઠ પ્રમાણિકતા અને આશયની વિશુદ્ધતા - Intregity ના તેઓ હકદાર છે, તેનો આપણે સ્વીકાર કરવો પડશે. અને ભુતકાળની આપણી ભુલોનો આપણો વારસો સુધારવો પડશે. પોતાની શ્રદ્ધા-આસ્થા અને કર્તવ્ય માટે ગમે તેટલી વિટંબણા સહન કરવાની તેમની તૈયારી, તેમની સિદ્ધિની મહાનતા, આ ઉચ્ચ ચારિત્ર્યવાળા ઐતિહાસિક મહાન પુરુષની પશ્ચિમના દેશોમાં અગવણના કરવામાં આવી છે.

- (W. Montegomery Watt)

(૧૪) જે કોઈ વ્યકિત અરબસ્તાનના આ મહાન પયગંબરના જીવન ચરિત્રનો અભ્યાસ કરે અને તેમના શિક્ષણની જાણકારી પ્રાપ્ત કરે તો તેને પરમાત્માના આ મહાન અને શકિતશાળી દૂત માટે માન-સન્માનની લાગણી થાય જ. જ્યારે જ્યારે મેં તેમના વિષે વાંચન કર્યુ ત્યારે ત્યારે મને તેમના પ્રત્યે નવીનતમ સન્માનની ભાવનાનો અનુભવ થયો. અને અરબસ્તાનના આ મહાન શિક્ષક અને મહાન અને શકિતશાળી ઈશદુત પ્રત્યે મેં આદરભાવ અનુભવ્યો છે.

- (Mrs. Anne Besant)

(૧૫) મેં આ માનવી (મોહંમદ)ની જીવન-કથાનો અભ્યાસ કર્યો છે. મારા મત મુજબ તેમને માનવજાતના મુકિત દાતા - Saviour કહેવા જોઈએ. તેમના જેવા

માણસ આધુનિક જગતની સર્વોપરિ રાજ સત્તા હાથમાં લે તો તે જગતની બધી સમસ્યાનો સફળતાપૂર્વક ઉકેલ લાવી શકે અને જગતને બહુ જ આવશ્યક એવી સુખ-શાંતિ આપી શકે.

- (British Philosopher George Benard Shaw)

(૧૬) પયગંબર મોહંમદની જીવન-કથાના મારા અભ્યાસથી મારી આ માન્યતા વધુ દૃઢ અને બળવત્તર બની કે ઈસ્લામે જગતના માનવીઓ પર તલવારના બળે આધિપત્ય સ્થાપ્યું ન હતું. પણ ઈસ્લામના પયગંબરની અત્યંત સાદગી, તદ્દન નિઃસ્વાર્થ ભાવના, વચન બદ્ધતા, પોતાના સાથીઓ અને અનુયાયીઓ સાથેનો નિકટ સંબંધ, શૌર્ય, નિડરતા, અને પરમેશ્વર પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા ઈસ્લામની સફળતાના વાસ્તવિક કારણો છે.

હઝરત મોહંમદ એક મહાન ઈશદુત હતા. તેમનાં વાણી અને વર્તનમાં તલભાર વિરોધાભાસ ન હતો. તેઓ એક ફકીર (નિર્ધન) હતા. જો તેઓ ઈચ્છતે તો ધન પ્રાપ્તિ માટે હુકમ કરી શકતે. મેં જ્યારે તેમની, તેમના કુટુંબીજનોની અને સાથીઓની વિટંબણા અને તંગી - જે તેઓએ સ્વેચ્છાએ સહન કરી હતી તે વિષે વાંચ્યું ત્યારે મારી આંખો અશ્રુ ભીની થઈ ગઈ. જે વ્યકિતનું મન હંમેશાં પરમેશ્વર પ્રત્યે ચોંટેલું હોય, જે વ્યકિત હંમેશાં પરમેશ્વરથી ડરીને ચાલતી હોય અને જેનાં હૈયામાં માનવજાત માટે અમર્યાદિત અનુકંપા હોય એવા આ ઈશદુત માટે મારા જેવા સત્યની ખોજ કરનારાના હૃદયમાં આદરભાવ છે. જે વ્યકિતએ માનવજાતના લાખો અને કરોડો લોકોના હૃદયો પર પ્રભુત્વ મેળવ્યું છે એવા આ માનવીના જીવન વિષે વધુ જાણકારી મેળવવાની મને પ્રબળ જીજ્ઞાસા થઈ છે.

- (M. K. Gandhiji)

(૧૭) મોહંમદને પરમેશ્વરના એક વફાદાર, આજ્ઞાપાલક, સાચા સેવક અને પરમેશ્વર તરફથી મોકલવામાં આવેલ માનવજાતની ભલાઈ માટે સત્ય, સદ્‌ગુણો સભ્યતા અને સદાચારના નીતિ-નિયમોના દુત તરીકે શા માટે સ્વીકારવામાં ન આવે ?

- (John Devenport)

(૧૮) એમ કહેવું અતિશયોકિત નથી કે જો કોઈ માનવીએ ઈતિહાસ બદલ્યો હોય તો તે મોહંમદ પયગંબર હતા.

- (Charles Isawi)

(૧૯) મોહંમદે જીવનના અંત સુધી ફકત એકજ વાત કહી હતી કે તે પોતે ઈશદુત છે. તેથી વધુ પોતે કાંઈ નથી. એક સમય એવો આવશે જ્યારે ખ્રિસ્તી ધર્મ શિક્ષણે

અને ઉચ્ચતમ તત્વજ્ઞાને આ તથ્યનો સ્વીકાર કરવો પડશે.

- (Rev. Bosworth Smith)

(૨૦) નેતાઓના ત્રણ મુખ્ય કાર્યો છે:

(૧) પોતાના અનુયાયીઓને તેઓના હિત માટે દોરવણી આપવી,

(૨) એવી સામાજિક વ્યવસ્થા કરવી કે જેથી લોકોને એવો લાગણી થાય કે તેઓ સુરક્ષિત છે, અને

(૩) માન્યતાઓ અને શ્રદ્ધાઓના એક શાસ્ત્રની જોગવાઈ પુરી પાડવી.

લુઈ પેસ્ચર અને સુલ્ક પ્રથમ નિયમના અર્થમાં નેતા હતા. ગાંધી અને કોન્ફ્યુશીઅસ, એલેકઝાન્ડર અને રોમન સમ્રાટ કયસર બીજા નિયમના અર્થમાં નેતા હતા. ઈસુ ખ્રિસ્ત અને ગૌતમ બુદ્ધ ત્રીજા નિયમના અર્થમાં નેતા ગણી શકાય

પણ બધા યુગોમાં સૌથી મહાન મોહંમદ પયગંબરે આ ત્રણે કાર્યોનો સમન્વય સાધ્યો હતો.

- (Jules Messerman)

(૨૧) વીસમી સદીના પ્રખ્યાત અમેરિકન વિદ્વાન વૈજ્ઞાનિક, ખગોળશાસ્ત્રી, ગણિતશાસ્ત્રી અને ઈતિહાસવેત્તા ડો. માઈકલ હાર્ટે "The 100; A Ranking of the Most inflventiql Persons in History" નામું પુસ્તક લખ્યું છે. તેમણે આ પુસ્તકમાં જગતના સૌથી મહાન અને પ્રભાવશાળી એક સો ઐતિહાસિક મહાનુભાવોના જીવન અને કાર્યસિદ્ધિની તુલ્નાત્મક સમીક્ષા કરી છે. તેમણે પયગંબર મોહંમદ (સલ.)ને આ મહાનુભાવોની સૂચિમાં સૌ પ્રથમ સ્થાન આપ્યું છે. તેણે તેના કારણો દર્શાવતાં લખ્યું છે કે:

મેં જગતના સૌથી વધુ પ્રભાવશાળી વ્યકિતઓની સૂચિમાં મોખરેનું સ્થાન મોહંમદને આપ્યું. તેથી કેટલાક વાંચકોને આશ્ચર્ય થશે અને બીજા કેટલાક પ્રશ્નો ઉપસ્થિત કરશે પણ મોહંમદ જ એક એવી ઐતિહાસિક વ્યકિત છે જેમણે જગતના ધાર્મિક અને બિન-ધાર્મિક બંને ક્ષેત્રોમાં અદ્‌ભુત સફળતા પ્રાપ્ત કરી હતી.

મોહંમદે જગતા સૌથી મહાન ધર્મો પૈકી એક ધર્મ (ઈસ્લામ)ની સ્થાપના કરી અને તેનો પ્રચાર અને પ્રસાર કર્યો અને તેઓ સૌથી વધુ પ્રબળ અને પ્રભાવશાળી નેતા સાબિત થયા. તેમના મૃત્યુ પછી તેર સદીઓ દરમ્યાન તેમના લાગવગ અને પ્રભાવ હજી તેટલાં જ વિસ્તૃત છે. અને હજી તેનો ફેલાવો થઈ રહ્યો છે. જોકે હાલના જગતમાં ખ્રિસ્તીઓની સંખ્યા મુસ્લિમોની સંખ્યા કરતાં બમણી છે. તેથી કદાચ એવું લાગે કે મોહંમદને ઈસુ ખ્રિસ્ત કરતાં પણ અગ્રિમ સ્થાન શા માટે આપવામાં આવ્યું છે ? મારા આ નિર્ણયના બે મુખ્ય અને અગત્યના કારણો છે.

પ્રથમ બાબત : ખ્રિસ્તી ધર્મના ઉત્કર્ષ માટે ઈસુ ખ્રિસ્તે જે ભુમિકા ભજવી હતી. તેની તુલનામાં મોહંમદે ઈસ્લામ ધર્મના પ્રચાર, પ્રસાર અને ઉત્કર્ષ માટે વધુ અગત્યની ભુમિકા ભજવી હતી.

મોહંમદ ઈસ્લામના ધર્મજ્ઞાન - Theology અને તેના નૈતિક મૂલ્યો તેમજ સિદ્ધાંતો બંને માટે જવાબદાર છે. તેથી મોહંમદનો ઈસ્લામ ધર્મ પરનો પ્રભાવ ઈસુ ખ્રિસ્ત અને સંત પૉલના ખ્રિસ્તી ધર્મ પરના પ્રભાવ કરતાં વધારે છે.

તદુપરાંત ઈસુ ખ્રિસ્તની તુલનામાં મોહંમદ ધાર્મિક અને બિન-ધાર્મિક બંને ક્ષેત્રોના નેતા હતા. તેથી તેઓ ધાર્મિક ક્ષેત્ર ઉપરાંત રાજકિય ક્ષેત્રે જગતના બધા યુગોમાં સૌથી વધુ પ્રભાવ ધરાવે છે. જીવનના આ બંને ક્ષેત્રોનાં અજોડ સમન્વયના અને પ્રભાવના કારણે હું એવો અભિપ્રાય ધરાવું છું કે માનવજાતના ઈતિહાસમાં ફકત મોહંમદ જ એક એવી વ્યકિત છે કે જે સૌથી વધુ પ્રતિભાશાળી છે.

- (Dr. Michael Hart ; The 100, pp 30-40)

(૨૨) આ વીર પુરુપને તેમના અનુયાયીઓ પરમેશ્વર કે દેવતા માનતા નથી. પણ ઈશદુત - પયગંબર માને છે. જગતના ઈતિહાસમાં તેમના જેવો મહાન માનવી કદાપિ પેદા થશે નહી. સર્વશકિતમાન પરમેશ્વર તરફથી પ્રેરિત દિવ્ય સંદેશથી તેમને સમજ મળી હતી. આપણે સૌએ પ્રથમ તેમની વાણી ધ્યાનપૂર્વક સાંભળવી જોઈએ.

પયગંબર મોહંમદ વિષે યુરોપમાં પ્રચલિત માન્યતા છે કે તે જુઠા અને દંભી હતા. અને તેમનો ધર્મ અર્થહીન બાબતોનો સમુહ માત્ર હતો. આ વિધાન હવે કોઈના ગળે ઉતરી શકે એવું નથી. ઝનુનપૂર્વક જે જુઠાણાં આ માનવી પર લાદવામાં આવ્યાં છે તે આપણા માટે ધૃણાસ્પદ છે. તે બધાં સદંતર રદ કરવાનો સમય ખરેખર આવી ગયો છે. જે વાણી તેમણે કહી હતી તે આજે (ઈ.સ. ૧૮૪૦માં) અઢાર કરોડ માનવીઓ માટે આ બારસો વરસો દરમ્યાન જીવન માર્ગદર્શિકા છે. આજે આ કલાકે બીજા કોઈ માનવીના સંદેશ કરતાં મોહંમદના સંદેશમાં શ્રદ્ધા રાખનારા પરમેશ્વરના પેદા કરેલ માનવીઓની સંખ્યા વધુ છે. શું આપણે એવું માની લઈએ કે તેમનો સંદેશ એક અર્થહીન આધ્યાત્મિક ચાલબાજી હતી ? જેનું આટલા બધા માનવીઓ આચરણ કરે, તેના માટે જીવે અને મોતને ભેટે. હું પોતે આવી કોઈ બાબત સ્વીકારવા તૈયાર નથી.

આપણે આ વાત ભુલવી ન જોઈએ કે તેમણે શાળાનું શિક્ષણ લીધું ન હતું. તે તદ્દન નિરક્ષર હતા. આ બાબત તદ્દન સત્ય છે.

તે સત્ય પુરુપ હતા. જે કાંઈ તેમણે વિચાર્યુ, કહ્યું અને કર્યુ હતું તે બધું સત્ય હતું.

તે એક લાગણીપ્રધાન, ન્યાયી અને સત્યવાદી આદર્શ માનવી હતા. તેમને કારકિર્દીની અભિલાષા - ambition ન હતી. "કારકિર્દીની અભિલાષા"નો આક્ષેપ

તદ્દન ખોટો છે. હું આવા આક્ષેપોનો સદંતર અસ્વીકાર કરૂં છું. આખું અરબસ્તાન આ માનવી માટે શું શું કરવા તૈયાર ન હતું ? ગ્રીક સમ્રાટ, ઈરાન શહેનશાહ ખુશરો અને જગતના બધા તાજો - બધું જ તેમના માટે મેળવવા તેમના અનુયાયીઓ તૈયાર હતા. પણ તેમને દુનિયાના વૈભવ, સત્તા અને સંપત્તિ જોઈતાં ન હતાં. તે કહેતા કે મારી વાત સાંભળો અને આ વાત આસમાની હતી; ઉપર જન્નત - સ્વર્ગની અને નીચે જહન્નમ - નર્કની.

અલ્લાહો અકબર. પરમેશ્વર સૌથી મહાન છે અને ઈસ્લામ પણ મહાન છે. આપણે ઈશ્વરની તાબેદારી સ્વીકારવી જોઈએ. આપણે પરમેશ્વરની ઈચ્છાને આધીન છીએ. જો આ જ ઈસ્લામ છે તો પછી પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જેમ જર્મન તત્વવેત્તા ગોથેએ કહ્યું હતું તેમ શું આપણે ઈસ્લામી જીવન જીવી નથી રહ્યા ? હા, જે કોઈ સદ્‌ગુણી જીવન જીવે છે તે સૌ ઈસ્લામી જીવન જીવે છે.

તે એકલા હતા. અને તેમના વિરૂદ્ધ ઘણા માણસો હતા.શું તેમણે તલવાર હાથમાં લઈને ઈસ્લામનો પ્રચાર કર્યો હતો ? સત્ય બાબતનો પ્રચાર તો આપમેળેજ થાય છે. ખ્રિસ્તી ધર્મે પણ હંમેશા તલવારને ધિક્કારી નથી.

હું મોહંમદ વિષય આસ્કત હતા ? તેમના ખદીજા સાથેનાં લગ્ન અને તેણી સાથે ભરયુવાનીમાં પચ્ચીસ વર્ષોનું લગ્ન-જીવન તેણી સાથેના શાંતિપૂર્વક લાગણીમય સ્નેહનો પુરાવો છે. ખદીજા સાથેનું દાંપત્ય જીવન તેમણે અત્યંત વફાદારીપૂર્વક વીતાવ્યું હતું.

જે પ્રજાની જગતમાં કાંઈ જ ગણના થતી ન હતી. તેણે તેમનો સંદેશ સમજીને સ્વીકાર્યો અને ફકત એકજ સદીમાં આ પ્રજા મહાન બની ગઈ.

પરાક્રમ, શાંતિ અને પ્રતિભાનો પ્રકાશ પ્રકાશિત થયો અને જગત ભરમાં ફેલાઈ ગયો. શ્રદ્ધા એક મહાન પ્રાણદાયક શકિત છે. તેના થકી એક પ્રજા ફળિભૂત, પ્રગતિશીલ અને મહાન બને છે.

આ અરબો, મોહંમદ અને એક સદીનો સમય - જાણે એક ચીનગારી જગતમાં પ્રસરી વળી. અરબસ્તાનની રેતી ધડાકો કરનાર પાવડર સાબિત થઈ. દિલ્હીથી ગ્રેનેડા (સ્પેન) સુધીનું આકાશ ઝળહળી ઉઠયું. હું કહું છું કે મહાન પુરુષ પોતે જ દિવ્ય પ્રકાશ હોય છે.

(Thomas Carlyle; "Discourse on Muhammad" Quoted from " Thus spoke the Holy Prophet" by Bennet and Browne; Forward, pp 1-12 માંથી સંક્ષિપ્ત)

(૨૩) જગતનો સૌથી મહાન માનવી તે છે જેણે ત્રેવીસ વરસોના ટુંક સમયમાં જગતને એક નવો ધર્મ, એક નવું તત્વજ્ઞાન, એક નવીન કાનુન સંગ્રહ, એક નવીન દષ્ટિકોણ અને સમગ્ર વિશ્વ માટે સત્ય ધર્મજ્ઞાન આપ્યાં. આ માનવી તે ઈસ્લામના પયગંબર મોહંમદ. કુરઆન આ માનવીનો આધ્યાત્મિક ઉત્કર્ષ જાહેર કરે છે. તે

પયગંબરો અને ધર્મ - અગ્રેસરોમાં સૌથી વધુ સફળ હતા. (Encyclo paedia Britannica, eleventh edituon, volume five, p. 898)

(૨૪) મોહંમદ પયગંબર સિવાય બીજા કોઈએ આવા ઉચ્ચ આશયની પ્રાપ્તિ કરવાનું ભગીરથ કાર્ય માથે લીધું ન હતું. માનવી અને સર્જનહાર વચ્ચેના સંબંધમાં ઉપસ્થિત કરાયેલ વહેમોનું નિકંદન, માનવી અને પરમેશ્વર વચ્ચેના ખરા સંબંધનું પ્રતિપાદન, દૈવત્વ વિષેની પવિત્ર વિચારસરણી, બુદ્ધિગમ્ય સમાજની પુનઃ સ્થાપના, મૂર્તિપુજા અને જડ વસ્તુઓના દેવો-પુજ્યોની ભરમારના (જે તેમના સમયમાં સર્વ સામાન્ય હતી) અંધકારને નાબુદ કરવાનું કાર્ય વગેરે ભગીરથ કાર્યો હતાં. માનવ શકિતની મર્યાદાથી બહારનાં આ કાર્યો હતાં પણ પયગંબર મોહંમદે નિર્બળ અને સાધન સામગ્રીની તિવ્ર અછત હોવા છતાં પોતાના કર્તવ્યમાં સંપૂર્ણ શ્રદ્ધા સાથે અને રણપ્રદેશના એક ખુણામાં રહેતા ગણ્યા ગાંઠયા માણસોના સહકાર સિવાય બીજી કોઈ સહાય વગર કાર્યોની પૂર્ણાહુતિ કરી હતી.

કર્તવ્યની મહત્ત્વતા, સાધન-સામગ્રીની અછત અને પ્રાપ્ત પરિણામો - આ ત્રણ બાબતો કોઈ પ્રતિભાશાળી માનવ વિભૂતિની મહાનતાનું માપદંડ - Criteria હોય તો આધુનિક ઈતિહાસમાં મોહંમદની તુલનામાં કયો મોટો માણસ ઊભો રહી શકે ?

આ માનવી મોહંમદે જગતના એક તૃતિયાંશ વિસ્તારમાં વસવાટ કરતા કરોડો માનવીઓ, સૈન્યો, ધારાગૃહો, સામ્રાજ્યો અને રાજવંશોને હચમચાવી નાખ્યાં હતાં. અને તેથી પણ વધુ તો તમેણે યજ્ઞ કુંડો, સ્થાનકો, થાનકો, દેવો-દેવતાઓ, ધર્મો, વિચારધારા અને માન્યતાઓને સ્થાન ભ્રપ્ટ કર્યા હતાં.

તેમણે દરેક વંશ, ભાપા અને જાતિના લોકોને એકત્ર અને સમાવિપ્ઠ કરીને એક નવી આધ્યાત્મિક પ્રજા - Spiritual Nationalityની સ્થાપના કરી હતી. તેમણે આપણને જુઠા પુજ્યો પ્રત્યેનો ધિક્કાર અને એક સદા જીવંત - અમર - immortal પરમેશ્વર પ્રત્યેના આદરભાવનો વારસો - Heritage આપ્યો. આ એક અદ્ભુત ચમત્કાર હતો. આ ચમત્કાર માનવીનો ન હતો પણ બુદ્ધિનો હતો.

ઈસ્લામના ધર્મ સિદ્ધાંતમાં બે મુખ્ય બાબતો છેઃ એક ઈશ્વરવાદ. તેનો એક અર્થ પરમેશ્વર શું છે અને બીજા અર્થ તે શું નથી. એકે જુઠા દેવોને પદભ્રપ્ટ કર્યા. બીજી બાબતે એક આધ્યાત્મિક શકિતની વિચારસરણીના ભવ્ય સિદ્ધાંતની સ્થાપના કરી.

પયગંબર, તત્વજ્ઞાની, ચિંતક, વકતા, રાજનીતિજ્ઞ, ધારાશાસ્ત્રી, સેનાપતિ, વિજેતા, એક અનોખી વિચારસરણીના પ્રણેતા, બુદ્ધિગમ્ય ધર્મ સિદ્ધાંતો અને મૂર્તિઓ વગરની ધાર્મિક પદ્ધતિના પુનઃ સ્થાપક, વીસ જેટલા પાર્થિવ સામ્રાજ્યો અને એક આધ્યાત્મિક સામ્રાજ્યના સંસ્થાપક - આ હતા પયગંબર મોહંમદ.

અનેક દંતકથાઓ પર આધારિત ધર્મ સિદ્ધાંતોવાળા ધર્મો વચ્ચે મોહંમદે એક ઈશ્વરવાદનો ધર્મ સિદ્ધાંત રજુ કર્યો. આ એક એવો ચમત્કાર હતો કે જેવો એક ઈશ્વરવાદનો કલેમો તેના મુખમાંથી નીકળ્યો કે મૂર્તિઓના પ્રાચીન મંદિરો નાશ પામ્યાં અને જોત જોતામાં જગતના એક તૃતિયાંશ ભાગ પર દિવ્ય પ્રકાશ ફરી વળ્યો.

તેમનું જીવન, ધ્યાનમસ્ત, ઈશ્વર ભકિત, વીર વાણી, દેશવાસીઓના જુલ્મ અને સંકટોમાં સહનશીલતા, વતન ત્યાગ, પ્રતિકૂળ સંજોગોમાં પણ સતત ધર્મ પ્રચાર, પરમેશ્વરમાં અડગ શ્રદ્ધા, એક આદર્શ પુરુષને છાજે એવો આત્મવિશ્વાસ, ફતેહમાં ક્ષમાવૃત્તિ, સત્તાનો વિમોહ, પરમેશ્વર સાથેનો દૈવી સંવાદ, તેની સતત બંદગી અને મૃત્યુ પૂર્વેની તેમજ મૃત્યુ પછીની સફળતા - આ બધું પ્રતીતિ કરાવે છે કે મોહંમદ કોઈ ઢોંગી માનવી ન હતા. તેમણે એક અખૂટ આત્મશ્રદ્ધાની શકિતથી એક ધર્મ સિદ્ધાંતને સ્થાપિત કર્યો હતો.

(La Martin ; Historie de la Turquie, Volume two, pp. 276 - 277)

એક ઈતિહાસવેત્તાએ કોઈ માનવીની મહાનતાની ત્રણ કસોટી નિયમો દર્શાવ્યા છે:

(૧) તેના સમકાલીનોનો તેના વિષે અભિપ્રાય,

(૨) પોતાના યુગના પ્રચલિત સ્થિતિ અને ધારાધોરણથી ઉચ્ચતર સ્થાન અને (૩) જગતને તેનો કાયમી વારસો.

પયગંબર મોહંમદ (સલ.) આ ત્રણે કસોટીના નિયમોના આધારે ઉચ્ચતમ સ્થાન ધરાવે છે.

તેમના સમકાલીનો તેમના વ્યકિતત્વ અને સત્ય વાણીથી પ્રભાવિત થઈને ઈસ્લામથી પાવન થઈ તેના આજ્ઞાંકિત અનુયાયીઓ બની જતા. અને આજે પણ જે કોઈ પૂર્વાગ્રહ થી વિમુકત થઈને તેમનું જીવન ચરિત્રનો અભ્યાસ કરે તો તે અવશ્ય તેમનો આજ્ઞાંકિત અનુયાયી બન્યા વગર રહે નહીં.

આવા આ મહાન પ્રશંસનિય ઈશદૂતની ગંદી બિભત્સ ભાષામાં નિંદા-નાલેશી કરનાર કેવો અધમ-નીચ વિકૃત માનસવાળો માણસ હશે !

૪. કેટલાક પરધર્મી સાક્ષરોનાં ઈસ્લામ વિષેના મંતવ્યો

ઈસ્લામ વિષે ભૂતકાળમાં યુરોપમાં અને આધુનિક સમયમાં આખી દુનિયામાં ઘણી ગેરસમજ તેના શત્રુઓએ ફેલાવી. હજી ઈસ્લામ વિષે બેબુન્યાદ, ગંદા અને જુઠો પ્રચાર કરવામાં તેઓ મંડયા રહે છે. કુરઆન, પયગંબર મોહંમદ (સલ.)ના વાણી-વર્તન અને જીવન વૃત્તાંતનું વાંચન અને અભ્યાસ કર્યા વગર પોતાને ઈસ્લામ

વિષે મંતવ્યો રજુ કરવા માટે કેટલાક લોકો પોતાને સમર્થ સમજે છે. તેઓનો આશય ઈસ્લામની આગેકૂચ માં અવરોધ ઊભો કરવાનો હોય છે. તેમ છતાં કેટલાક પરધર્મી વિદ્વાનો અને ધર્મોના તુલ્નાત્મક અભ્યાસીઓ પક્ષપાત, પૂર્વાગ્રહ અને અંધશ્રદ્ધાથી અલિપ્ત રહીને પોતાના મંતવ્યો જાહેર કરવા માટે નૈતિક હિંમત દાખવે છે. તેના થોડાક દ્દષ્ટાંતો અત્રે રજુ કરવામાં આવ્યા છે.

(૧) ઈસ્લામે માનવજાતના હિતમાં હજી વધુ સેવા આપવાની છે. ઈસ્લામમાં આંતર જાતિય સમજ અને સહયોગની ભવ્ય પરંપરા રહેલી છે. બીજા કોઈ સમાજ પાસે સ્થાન અને મોભાની સમાનતા, તક, પ્રયત્ન તેમજ માનવ જાતની આટલી બધી જાતિઓને એકત્ર - ઐકય કરવામાં આટલી બધી સફળતાનો રેકોર્ડ નથી. આફ્રિકા, હિન્દુસ્તાન અને ઈન્ડોનેશીઆની મહાન મુસ્લિમ પ્રજા; ચીન, અને તેથી વધુ અલ્પ સંખ્યક જાપાની મુસ્લિમ પ્રજા એવું સાબિત કરે છે કે જાહેરમાં દેખાતી ભિન્ન ભિન્ન રૂઢિઓ ધરાવતી જાતિઓ વચ્ચે સુમેળભર્યો સંબંધ પ્રસ્થાપિત કરવાની શકિત ઈસ્લામમાં છે. પૂર્વ અને પશ્ચિમની પ્રજાઓ વચ્ચે સંઘર્ષના બદલે સુમેળ અને સહકાર સાધવામાં ઈસ્લામના મધ્યસ્થીપણાની અનિવાર્ય શરત છે. પશ્ચિમ અને પૂર્વ વચ્ચે જે સમસ્યાઓ છે તેનો ઉકેલ મહદ્ અંશે ઈસ્લામના હાથમાં રહેલો છે. જો યુરોપ અને એશિયામાં- પશ્ચિમ અને પૂર્વમાં એકતાની સ્થાપ્ના થાય તો શાંતિની સ્થાપ્નાની આશા ઘણી બળવત્તર બને. પણ જો યુરોપ ઈસ્લામ સાથેનો સહકાર રદ કરે તો તેના પ્રતિસ્પર્ધીઓના હાથમાં બાજી ચાલી જશે.

- (Prof. H.A.R. Gibb; Wither Islam, pp-276 and 379)

(૨) ઈસ્લામનો શ્રેષ્ઠ આશિર્વાદ જે પૂર્વ અને પશ્ચિમ બંનેને નસીબ થયો છે. તે માનવ ઈતિહાસના કટોકટીના સમયે ઈસ્લામે દૈવી એકયતા - Divine Unity ને જે તેણે અગત્યતા આપી છે તે છે. પૂર્વ અને પશ્ચિમના ઈ.સ. ૬૦૦ થી ઈ.સ. ૧૦૦૦ના અંધકાર યુગ - Dark Ages દરમ્યાન એક ઈશ્વરવાદનો સિદ્ધાંત એવો ભયમાં હતો કે હિન્દુવાદ અને ખ્રિસ્તી ધર્મમાં અસંખ્ય દેવો અને સંતોની પુજાના બેહદ ઉમેરાથી તે ઢંકાય ગયો હતો. એક ઈશ્વરવાદના સનાતન અને મહાન સત્યને અંધકાર યુગના ધાર્મિક ભ્રષ્ટાચારમાંથી બચાવીને ઈસ્લામે એક અમૂલ્ય સેવા બજાવી છે. ઈસ્લામે આ પાયાના સિદ્ધાંતને માનવ વિચારસરણીમાં પુનઃ સ્થાપિત કરીને આજના બૌદ્ધિક જગતમાં એક અનોખું સ્થાન મેળવ્યું છે.

- (Rev. C. F. Andrews : The Genuine Islam; Vol ix, p. 108)

(૩) ઈસ્લામના અનુયાયીઓ કુરઆનના શિક્ષણથી ગમે તેટલા ચલિત થયા હોય પણ તેઓ પાપ માટે બીજાના અવેજી બલિદાનના સિદ્ધાંતને રદ બાતલ કરે છે. અને દરેક મનુષ્ય પોતે જ ઈશ્વરને જ જવાબદાર છે અને તેણે જ તેની કરણીનો

હિસાબ ચુકતે કરવાનો છે એવું શિક્ષણ ઈસ્લામ આપે છે. એકે બીજાના પાપનું પ્રાયશ્ચિત કરવાનું નથી. તેણે પોતે જ પરમેશ્વર પાસે માફી માંગવાની છે. અને પોતાની જાતને માલિકને સ્વાધિન કરવાની છે. પોતે જ સદ્‌ગુણો અને સદ્‌કર્મો દ્વારા સ્વર્ગ-પ્રવેશ મેળવવાનો છે. સદ્‌કર્મોના બદલા અને ધાર્મિક ક્રિયાકાંડમાં જો કોઈ ત્રુટિ રહી જાય તો પરમેશ્વરની દયાથી માનવીને મુકિત મળે છે.

- (J. W. R. Stobart; Islam and Its Founder; p. 233)

(૪) જુદાહ (યહુદ)ના હાથમાંથી ધર્મ સત્તાનો દંડક - Sceptre ચાલ્યો ગયો. પણ અરબસ્તાનના યહુદી વસાહતીઓ હજી ગર્વપૂર્વક વિશિષ્ઠ ધાર્મિક હકોના ભૂતને વળગી રહ્યા છે. ખ્રિસ્તીઓ પણ ઈસુ ખ્રિસ્તે આપેલ શિક્ષણને વિસારે પાડીને એક ઈશ્વરવાદ - Unity of God વિષે આપસમાં મોટા ઝઘડા કરે છે.

મોહંમદે આ બધી અવાસ્તવિક માન્યતાઓ અને આસ્થાનો સંપૂર્ણ સફાયો કરી નાખ્યો. પુતળાં અને મૂર્તિઓની શી હકીકત છે ? લાકડા અને પત્થરના ટુકડાઓને ઈશ્વર માનવાનો ઢોંગ ! મોહંમદે આવા તત્ત્વજ્ઞાન અને ધાર્મિક વિચારસરણીના જાળાંને નષ્ટ કરી દીધાં. માત્ર એક પરમેશ્વર જ મહાન છે. બીજું કોઈ મહાન નથી. આ ઈસ્લામ છે. મુસલમાનોનો આ ધર્મ છે. માનવીએ પરમેશ્વરની ઈચ્છાને આધિન થવું અને તાબેદારી અને પરાધીનતામાં ઉચ્ચતમ્ સુખ પ્રાપ્ત કરવું અને રાજી રહેવું તે ઈસ્લામ. મુસલમાનોનું આવું જીવન છે.

- (Rev. Bosworth Smith; Mhommed and Mohammedanism; pp 159-160)

(૫) ઈસ્લામની એક ખાસ વિશિષ્ઠતા છે કે તેમાં કોઈ પણ પ્રકારની બાંધછોડ વગરનો એક ઈશ્વરવાદ છે. ઈસ્લામ તદ્દન સરળ છે. તે ધર્મજ્ઞાનનાં ગુંચવાડાથી મુકત છે. ઈસ્લામ પાદરીવાદ, બ્રાહ્મણવાદ અને અવેજી બલિદાનમાં બિલકુલ આસ્થા રાખતો નથી. તે સંપૂર્ણ પયગંબરી ધર્મ છે. બલિદાનની આસ્થા પુનઃ સ્થાપિત થાય તેવી બધી શકયતાઓ અને સંભાવનાઓના દ્વાર તેણે સદંતર બંધ કરી દીધાં છે. મોહંમદે તેમના મૃત્યુ પછી તેમને દૈવી સ્વરૂપ આપવાના પ્રયાસ અટકાવવા સાવચેતીપૂર્વક પગલાં લીધાં હતાં. ઈસ્લામની તાકતનું મૂળ સંપૂર્ણ સમાન વિશ્વબંધુત્વ અને પરમેશ્વર સમક્ષ તેના બધા આજ્ઞાંકિત બંદાની કોઈ પણ જાત, રંગ, સ્થાન, કુળ વગેરેના ભેદભાવ વગરની સમાનતાની આસ્થામાં છે.

-(H.G. Wells; Pilgrimage to Mecca, Introduction, P. xiii)

(૬) જર્મન તત્વજ્ઞાની વિદ્વાન ગોથેએ કહ્યું હતું કે, જો આ જ ઈસ્લામ હોય તો શું આપણે ઈસ્લામી જીવન જીવતા નથી ? થોમસ કાર્લાઈલે ઉત્તર આપ્યોઃ હા, આપણામાં જે કોઈ સામાન્ય જીવન જીવે છે તે બધા જ ઈસ્લામી જીવન જીવે છે.

મને અનેક વેળા પુછવામાં આવે છે કે હું મુસલમાન શા માટે થઈ ? હું કહું છું કે હું તો હંમેશથી મુસલમાન હતી. આ કાંઈ આશ્ચર્યજનક વાત નથી. કારણ કે ઈસ્લામ પ્રાકૃતિક - કુદરતી ધર્મ છે. એક બાળકને તેની મેળે જ ઉત્કર્પ થવાની તક આપવામાં આવે તો તે મુસલમાન જ થાય. બેશક, એક પશ્ચિમી ટીકાકારે કહ્યું છે કે, ઈસ્લામ સામાન્ય માનવીની સમજમાં આવે એવો ધર્મ છે.

- (Lady Cobbold ; Pilgrimage to Macca; Introduction, p. xiii)

(૭) ઈસ્લામ સહેલાઈથી અમલીકરણ થઈ શકે એવો ધર્મ છે. તેના સર્જકની કેવી અને કેટલી અદ્ભુત કાર્યકુશળતા અને કાર્ય સાધકતા હશે તેનો અંદાજ થઈ શકે છે. તે ધાર્મિક ગુંચવણો અને કોયડાઓનો અપ્રાપ્ય આદર્શ નથી. તેમાં ભેદ-ભરમ ભરી ગુઢ ધાર્મિક વિધિઓ, ધાર્મિક સંસ્કાર વિધિ, ચઢ-ઉતર ક્રમના ધર્મગુરૂઓ અને પુજારીઓની હારમાળા નથી.

- (Prof. Hitti; History of the Arabs, p. 129)

(૮) ઈસ્લામ પરમેશ્વરના ઉચ્ચતમ સ્થાનનું ભાન કરાવે છે અને માનવીના જીવનમાં પરમેશ્વરનું શું સ્થાન છે તેની ઓળખ આપે છે. માનવી માનવી વચ્ચેની સમાનતા અને જન્મ, સ્થાન, ધન વગેરે કોઈ પણ બાબત ધ્યાનમાં લીધા વગર દરેક માનવીને મોભા ભર્યું સ્થાન છે. ઈસ્લામ ન્યાય, ડહાપણ, શૂરવીરતા અને મધ્યમમાર્ગી જીવન પદ્ધતિના સદ્ગુણો પર ભાર મૂકે છે. જો ઈસ્લામના શિક્ષણનું યોગ્ય અર્થઘટન કરવામાં આવે તો એ વાત સ્પષ્ટપણે જણાય છે કે ઈસ્લામ બધા ધર્મોના ઈશદૂતોનું સન્માન કરે છે. જે ધર્મોના અનુયાયીઓ એક પરમેશ્વરની પ્રાર્થના કરે છે તેઓ પ્રત્યે તે સહિષ્ણુતા દાખવે છે.

-(Prof. Dr. Tarachand; Muhammad and Teachings of the Quran, Introduction, p.7)

(૯) ઈસ્લામનો સીધો સાદો ધર્મ-પંથ માનવીની શ્રદ્ધા અને આસ્થાની આકરી કસોટી માંગતો નથી. તે બૌદ્ધિક મુસીબતો અને મુંઝવણો પેદા કરતો નથી. તે માનવીની સામાન્ય સમજ અને શકિતની મર્યાદામાં છે. તે સૌ પ્રથમ એક સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. જે દુનિયાભરના લગભગ બધા જ માનવીઓ સ્વીકારે છે અને જે સ્વિકૃત બાબત છે. તેનો પ્રથમ ભાગ છે માત્ર એક જ પુજનિય પરમેશ્વર અને તેનો બીજો ભાગ એ છે કે જગતના ઈતિહાસમાં સમયે સમયે પરમેશ્વરે તેના દૂતો દ્વારા માનવજાતને તેના સંદેશની જાણ કરી હતી.

-(Thomas Arnold: Preachings of Islam, P 143)

(૧૦) આકાશી ધર્મોમાં સૌથી સરળ ધર્મ ઈસ્લામ છે. તેની સાદાઈ અને સરળતા રસ્તે ચાલતા સામાન્ય માણસ અને એકાંતમાં રહેતા તત્ત્વચિંતક બંનેને સરખી રીતે આકર્ષે છે. જર્મન તત્ત્વચિંતક કવિ ગોથેને કુરઆનના વાંચનથી અતિશય આનંદનો અનુભવો થયો હતો. ગીબને કુરઆનને એક પરમેશ્વરવાદના ભવ્ય પુરાવા તરીકે ઓળખાવ્યું છે. ફકત એક અલ્લાહ અને મોહંમદ અલ્લાહના પયગંબર વિષેની આસ્થા ઈસ્લામ ધર્મનું મૂળ છે.

-(Book of Knowledge; Volume IV; p. 2282)

(૧૧) ઈસ્લામ એવો ધર્મ છે જેમાં પ્રાચીન ધર્મોની રૂઢીગત માન્યતાના લક્ષણો, પુજારી વર્ગ, ધાર્મિક ક્રિયાકાંડો અને વિધિઓ નથી.પણ તે માનવીના અદશ્ય પરમેશ્વર સાથેના આધ્યાત્મિક સંબંધ પર આધારિત છે. ઈસ્લામ કોઈ પણ એક ખાસ વર્ગની પ્રતિષ્ઠા જાળવતું નથી. પણ એકજ પુજનિય પરમેશ્વર અને તેના દુત પ્રત્યે વફાદારીની પ્રતિજ્ઞા લેનારા દરેક જાતિના માનવીઓના એક વિશ્વ-બંધુત્વનો ધર્મ ઈસ્લામ છે.

- (Dennison; Emotion as the Basis of Civilisation; p 274)

(૧૨) મુસલમાનોમાં જાતિય ભાવનાનો અભાવ ઈસ્લામની સૌથી અગત્યની સિદ્ધિ છે અને ઈસ્લામના આ સદ્‌ગુણના પ્રચારની આધુનિક જગતમાં અગત્યની જરૂરિયાત છે.

- (A.J. Toyanbee; Civilisation on Trial; p. 205)

(૧૩) આજના યુરોપમાં ઈસ્લામ સ્વીકારવા પાત્ર થવાની શરૂઆત થઈ ચુકી છે. અને હું આગાહી કરૂં છું કે મોહંમદનો ધર્મ આવતી કાલનું યુરોપ સ્વીકારશે.

-(George Bernard Shaw; The Genuine Islam, Volume one, No. 8)

વધુમાં બ્રિટીશ વિદ્વાન, લેખક અને તત્ત્વચિંતક જ્યોર્જ બર્નાડ શો (G.B.S.) કહે છે કે યુરોપ ઈસ્લામ પ્રત્યે આકર્ષિત થઈ ચુકયું છે. મારૂં માનવું છે કે મોહંમદનો ધર્મ જેમ તેની શરૂઆતમાં લોકોને સ્વિકૃત બન્યો હતો તેવી જ રીતે તે કાલે (ભવિષ્યમાં) યુરોપના લોકોમાં સ્વિકૃત બનશે. આવતી સદીમાં યુરોપ તેના પ્રશ્નો અને સમસ્યાઓના ઉકેલમાં આ ધર્મની જરૂરિયાત ઓળખી શકશે. આ અર્થમાં તમારે મારી આ આગાહી સમજવી જોઈએ. મને તો હંમેશાં મોહંમદના ધર્મ માટે ઉચ્ચ આદરભાવના રહી છે. કારણ કે તેમાં આશ્ચર્યજનક જીવનશકિત અને ચૈતન્ય છે. બદલાતા જતા પરિબળોને પોતાનામાં સમાવિષ્ટ કરવાની તેનામાં ક્ષમતા રહેલી છે અને તે દરેક યુગ માટે પ્રભાવશાળી આકર્ષણ ધરાવે છે.

- (A Collection of Writings of some Eminent scholars, 1935 edition, p. 77)

(૧૪) ઈસ્લામનો ઉદય માનવજાતના ઈતિહાસમાં એક સૌથી વધુ આશ્ચર્યજનક બનાવ છે. એક સદીમાં તે અર્ધી દુનિયામાં ફેલાઈ ગયો. અસંખ્ય સામ્રાજ્યોને તેણે હચમચાવી નાખ્યાં. સદીઓ પુરાણા ધર્મોને ઉથલાવી પાડયા. કેટલીયે જાતિઓનાં આત્માનું પુનઃ ઘડતર કર્યું અને એક નવા જગતનું નિર્માણ કર્યું.

બીજા ધર્મોનો પ્રસાર ધીમો અને વિટંબણાગ્રસ્ત હતો અને અંતે તેઓ શકિતશાળી સમ્રાટોની સહાયથી સફળ થયા હતા. ખ્રિસ્તી ધર્મ માટે રોમન સમ્રાટ કોન્સ્ટંટાઈન, બૌદ્ધ ધર્મ માટે અશોક અને જરથુસ્ત ધર્મ માટે સાયરસની શકિતશાળી રાજસત્તાનું પીઠબળ હતું. પણ ઈસ્લામ માટે તેવું કોઈ રાજનું પીઠબળ ન હતું. ઈસ્લામ તો થોડાક માનવીઓના પ્રયાસથી અતિ પ્રતિકૂળ સંજોગો છતાં એક અદ્‌ભુત ચમત્કાર પેઠે સફળતા પ્રાપ્ત કરી શકયો હતો.

-(A.M. Stoddard; Concept of the Universe Modified by New Ideas)

(૧૫) વાર્ષિક હજ વેળા જગતભરનાં વિવિધ જાતિ, ભાષા, રાષ્ટ્ર અને રંગના મુસલમાનો મક્કામાં ભેગા થાય છે. તેમાં પ્રદર્શિત થતી ઈસ્લામી ભાતૃભાવના બીજા કોઈ ધર્મના અનુયાયીઓમાં જોવામાં આવતી નથી. નમાઝ, રોઝા, ઝકાત અને હજના હુકમો મુસલમાનોને સતત યાદ આપે છે કે મુસલમાનો આપસમાં ભાઈઓ છે. ઈસ્લામની આ એક વિશિષ્ઠતા છે. આ ધર્મમાં પ્રવેશ કરનાર પ્રત્યે તો ખાસ સહાનુભૂતિ દાખવવામાં આવે છે. તેમાં કોઈ પણ પ્રકારનો ભેદભાવ નથી. બધા મુસલમાનો આપસમાં સમાન દરજ્જો અને સમાન અધિકારો ભોગવે છે.

- (Sir T.W. Arnold; The Preachings of Islam, 1956, edition, pp 415-416)

(૧૬) ભારતના એક અગ્રગણ્ય રાજનીતિજ્ઞ શ્રી એમ.એન. રૉય લખે છે કે ઈસ્લામે જગતના ઈતિહાસમાં અજોડ ક્રાંતિ સર્જીને માનવતાને બચાવી લીધી છે.

- (M. M. Roy; The Historical Role of Islam, 1981)

(૧૭) ગુરૂનાનકના એન સીંધી ભકત ટી. એલ. વાસવાણીનો એક લેખ અમૃતસરના એક વર્તમાનપત્રમાં છપાયો હતો. તેમાં તેમણે ગુરૂનાનકનું એક કથન ટાંકયું હતું કે, ઈસ્લામ મિલાપ અને એકતાનો મઝહબ છે. મેં ઈસ્લામના શિક્ષણમાં જે બધું જોયું છે તે હિન્દુઓને દેખાયું નહી.

(૧૮) ઈસ્લામ ધર્મના સિદ્ધાંતો તેના ખરા અર્થમાં બુદ્ધિગમ્ય છે. આ ધર્મના પાયાના મૂળભૂત સિદ્ધાંતોનો આધાર માનવ બુદ્ધિ અને સમજ પર રહેલો છે. તેમાં બે મહત્ત્વની બાબતો છેઃ એક માત્ર પુજનિય પરમેશ્વર અને મોહંમદ તેના દુત. ઈસ્લામનું આ શિક્ષણ બહુ સીધું, સાદું, સરળ અને સ્પષ્ટ છે. તેમાં જ ઈસ્લામની સફળતાની ચાવી છે. ઈસ્લામે બધી આધ્યાત્મિક ગુંચવણોને તિલાંજલી આપી છે. તેથી માનવીનાં અંતઃ કરણમાં પ્રવેશ મેળવવાની તેમાં અદ્‌ભુત શકિત રહેલી છે.

- (Edward Montent : La Propcgande Chretienne et ses Adversaries Musulimans; Paris, 1890 Quoted by T. W. Arnold in the Preachings of Islam, London, 1913, pp 413-414)

(૧૯) વિશુદ્ધ એક પરમેશ્વરવાદ, ન્યાય અને માનવતાવાદ પર આધારિત કાનુન દ્વારા ઈસ્લામે મૂર્તિપુજા અને ભુતપ્રેતની માન્યતામાં જકડાયેલી પ્રજાઓને ઉચ્ચ સ્થાન પર લઈ જવામાં સફળતા મેળવી છે ઈસ્લામે આવી પ્રજાઓને સદ્‌ગુણી બનાવી છે.

- (Sir William Muir, Mahomet and Islam; London, 1895, p. 246)

(૨૦) ઈસ્લામમાં અલ્લાહ અને મોહંમદના ચિત્રો અને મૂર્તિઓનો સંપૂર્ણ નિષેધ કરવામાં આવ્યો છે. હિન્દુ, બૌદ્ધ તેમજ ખ્રિસ્તી ધર્મના કેથોલીક અને પ્રોટેસ્ટંટ સંપ્રદાયોનાં પ્રાર્થનાલયોમાં મૂર્તિઓ, ચિત્રો, કલાકૃતિઓ, પુતળાં અને તેનાં પર ચઢાવાતાં ફુલો, ગણવેશધારી પુજારીઓ, પ્રશંસા ગીતો અને સંગીત વાજીંત્રો પ્રાર્થનામાં ખલેલ પહોંચાડે છે. આ મૂર્તિપુજા છે. ઈશ્વરની પ્રાર્થના નથી. ઈસ્લામમાં મૂર્તિપુજા નથી. એકાગ્રતા અને શાંત ચિત્તે થતી એક પરમેશ્વરની પ્રાર્થના છે.

- (Christopher Mayhew; Men seeking God, London, 1995 pp 15-16)

(૨૧) નશાબંધી, વિશ્વબંધુત્વની ભાવના, વ્યાજ નિષેધ અને અન્ય ધર્મોના સ્થાપકો પ્રત્યે સદ્‌ભાવ ઈસ્લામની ખુબીઓ છે. તે મનુષ્યને માનવી બનાવે છે. દેવ અને ભગવાન બનાવતો નથી. ઈસ્લામ માનવીને એવી વર્તણુંકનું શિક્ષણ આપે છે કે જેથી તે એક સારો પાડોશી બને.

- (Lancet Lawton; The Sphere, London, 12th May, 1928)

(૨૨) એક અલ્લાહના અસ્તિત્વ વિષે પયગંબર મુસા (અલૈ.)એ યહુદી પ્રજાને પયગંબર ઈસા (અલૈ.)એ રોમન સામ્રાજ્યના લોકોને અને પયગંબર મોહંમદે (સલ.) આખા જગતને શિક્ષણ આપ્યું અને સંદેશ પાઠવ્યો.

મોહંમદે જાહેર કર્યું કે એક પરમેશ્વર સિવાય અન્ય કોઈ પુજ્ય નથી. અને પુજવાને લાયક નથી. પરમેશ્વરના મા-બાપ અને સંતાન નથી. અલ્લાહનો કોઈ

સમોવડિયો નથી. બધી પ્રશંસા ફકત તેના માટે જ છે. કુરઆનનો આ સંદેશ છે.

હું આશા રાખું છું કે સમય દૂર નથી કે જ્યારે હું બધા દેશોના શાણા અને શિક્ષિત માણસોને એકત્ર કરીને ઈસ્લામના સિદ્ધાંતો પર રચાયેલ એક રાજતંત્રની સ્થાપના કરીશ. ફકત કુરઆન જ સત્ય છે. તેના પર આધારિત આવું રાજતંત્ર લોકોને સુખી બનાવી શકશે.

- (Cherfils; Neopolean Bornaparte, Islam, Paris, p. 105)

(૨૩) ઈસ્લામી કાનુન પદ્ધતિ - શરીઅત એક એવી ડહાપણભરી, વિદ્વતાપૂર્ણ અને.. સૌથી વધુ જ્ઞાન પ્રકાશિત ન્યાય પદ્ધતિ છે જે રાજા અને રંક સૌને એક સરખી રીતે બંધનકર્તા છે. અને આવી બીજી કોઈ ન્યાય પદ્ધતિ દુનિયામાં નથી.

- (Edmund Burke; Impeachment of Warren Hastings)

(૨૪) ઈસ્લામ ધર્મની ઉદારતા અને સહિષ્ણુતાની એ સાબિતી છે કે દુનિયાના જે ધર્મો સાચા ઈશપ્રેરિત છે તેનો તે સ્વીકાર કરે છે. એવો આ ધર્મ આખી માનવજાતનો જ્વલંત વારસો છે. બેશક આ ધર્મ પર જગતમાં એક સંપૂર્ણ વ્યવસ્થાની સ્થાપના થઈ શકે.

- (Duncan Greenless; (M.A. Oxford); The Gospel of Islam, Adyar, 1948 p. 27)

(૨૫) ઈસ્લામની એક વિશિષ્ઠતા છે કે પુજ્ય હાથથી બનાવી શકાય નહી. પરમેશ્વરની બંદગી આ ધરતી પર કોઈ પણ સ્થળે થઈ શકે છે.

- (Hunter, Our India's Musulmans)

(૨૬) જરથુસ્તના ધર્મ કરતાં વધારે શુદ્ધ અને પયગંબર મુસાના કાનુન કરતાં વધારે ઉદાર, મોહંમદનો ધર્મ કોયડા કે ભેદભરમ, વહેમ અને કલ્પિત બાબતો વાળા ધર્મો કરતાં માનવીની અક્કલ અને સમજ સાથે વધુ સુસંગત છે.

- (Edward Gibbon; The History of Decline and Fall of the Roman Empire, London, 1938, Volume V, p. 487)

(૨૭) ઈસ્લામી ભાઈચારો સત્ય હકીકત છે. એક નવીન બાબત છે.

- (Lawrence E. Brown;, The Prospects of Isla; London, 1944, p.12)

(૨૮) સીધું સાદું ધર્મજ્ઞાન, શુદ્ધ મતાગ્રહ, ચોક્કસ સિદ્ધાંતો અને ચોક્કસ ફરજોના લીધે ઈસ્લામ મનુષ્યોનાં દિલો જીતી લેવાની શકિત ધરાવે છે. ઈસ્લામ તેની શરૂઆતથી જ આજ પર્યંત ફેરફાર વગર વિશુદ્ધ રહ્યો છે.

- (Jean L'Hearefux - Etude sur L'Islamisme, p. 35)

(૨૮) આ જગતના બીજા ધર્મોના અનુયાયીઓ મુસલમાનો જેટલા ધાર્મિક વૃત્તિના નથી. તેઓનું જીવન પરમેશ્વરની ઓળખ અને આસ્થાથી ઓતપ્રોત છે.

- (Charles R. Watson; What is this Moslem World ? London, 1937, pp 38-39)

(૨૯) ઈસ્લામની બે મુખ્ય બાબતો એ મને હંમેશાં પ્રભાવિત કર્યો છે. પરમેશ્વર વિષેની તેની વિચારધારા અને શંકા વગરની પ્રમાણિકતા, - આ બંને બાબતો માનવીના જીવનમાં ખુબ અગત્યની ધાર્મિક થાપણો છે.

- (Major Arthur Glyn Leonard; Islam, Her Moral and Spiritual Value, London, 1927)

(૩૦) ઈસ્લામના આદર્શો પૈકી તેની ન્યાયની ભાવના અતિશય અદભુત છે. જેમ જેમ મેં ઈસ્લામનો અભ્યાસ કર્યો તેમ તેમ મને તેમાં જીવનનાં પ્રગતિશીલ સિદ્ધાંતો જોવા મળ્યા. તેમાં આખા જગતને માફક આવે અને અમલમાં મુકી શકાય એવા દૈનિક જીવનનાં નીતિ-નિયમો છે.

સૌ પ્રથમ ઈસ્લામે લોકશાહી - લોકતંત્રનો પ્રચાર કર્યો અને તેના પર અમલ કર્યો હતો. મસ્જીદના મીનારા પરથી અઝાન પુકારવામાં આવે એટલે મુસલમાનો પરમેશ્વરની બંદગી માટે મસ્જીદમાં એકત્ર થાય. આવી રીતે દિવસ-રાતમાં પાંચ વેળા ઈસ્લામની લોકશાહી અમલમાં આવે છે. નમાઝમાં એક સામાન્ય ખેડૂત અને રાજવી ખભેખભા મેળવી ઊભા રહે છે. અને પરમેશ્વરની સ્તૃતિ કરતાં કહે છેઃ "અલ્લાહો અકબર." અલ્લાહ સૌથી મહાન છે. ઈસ્લામની આ એકતાથી મુસલમાનો ભાઈ-ભાઈ બની જાય છે. ઈસ્લામની આ બંધુત્વની ભાવનાથી હું ઘણી પ્રભાવિત થઈ છું.

- (Sarojini Naidoo, Lectures on the Ideals of Islam, Speeches and Writings; Madras, pp. 167-169)

(૩૧) ઈસ્લામમાં કોઈ પણ પ્રકારના ભેદભાવનો સંપૂર્ણ અભાવ અને સંપૂર્ણ સમાનતા વિષે ઈતિહાસના એક પ્રસંગ વિષે એક પશ્ચિમી વિદ્વાન લખે છે કે, મુસ્લિમ સૈન્યે અમ્ર બીન અલ-આસના સેનાપતિપણા હેઠળ ઈજીપ્ત જીતી લીધું. તેમણે પાટનગરની શરણાગતીની શરતો નક્કી કરવા એક પ્રતિનિધિ મંડળ ખ્રિસ્તી ધર્મગુરૂ આર્ચબીશપ પાસે મોકલ્યું. તેના વડા એક કાળા હબશી જાતિના ઉબાદહ હતા. મુસ્લિમ સૈન્યમાં તેઓ સૌથી કાબેલ હતા.

ખ્રિસ્તી ધર્મગુરૂ સાયરસ ઉબાદહને જોઈને સ્તબ્ધ થઈ ગયા. રંગભેદ વિષેની

તેમની માન્યતાના લીધે તેણે તેમની સાથે સુલેહ મંત્રણા કરવાનો તિરસ્કારપૂર્વક ઈન્કાર કર્યો. તે વેળા ઉબાદહે તેમને કહ્યુંઃ મુસલમાનોમાં કાળા અને ગોરા વચ્ચે કશો જ ભેદભાવ નથી. બધા સમાન છે. અને સમાન આદરપાત્ર છે. માનવીની પરખ તેના રંગ અને જાતિથી થતી નથી. પણ તેના ચારિત્ર્યથી થાય છે. મારા જેવા હજારો કાળા રંગના હબશીઓ અમારા સાથીઓ છે. અમો બધા એક પરમેશ્વર માટે લડવા તૈયાર છીએ. અમે તેની જ ઈચ્છા પર અમલ કરીએ છીએ. જ્યાં સુધી અમારી પાસે જીવવા માટે ખોરાક અને શરીર ઢાંકવા કપડાં હોય ત્યાં સુધી અમે ધન-દૌલતની મુદ્દલ પરવા કરતા નથી. અમારા માટે આ દુનિયા નથી. અમે તો પરલોકના જીવનની ચિંતા કરીએ છીએ.

- (S.S. Leeder, Veiled Mysteries of Egypt; London, 1912, pp. 232 and 235)

(૩૨) પ્રતિ વર્ષે હજ વેળા ઈસ્લામની આંતરરાષ્ટ્રિય ભાવનાનું એક અદ્‌ભુત પ્રદર્શન દુનિયા જુએ છે. જાતિ, રંગ અને સ્થાનના કોઈપણ ભેદભાવ વગર દુનિયાના બધા દેશોના લાખો મુસલમાનો એક કુટુંબના માણસો હોય તેમ બે વણ-સીવેલી સફેદ ચાદરોમાં સજ્જ થઈને ખુલ્લાં માથે મક્કામાં એકઠા થાય છે અને અલ્લાહને પુકારે છેઃ "લબ્બેક, લા શરીક લક લબ્બેક..." હું હાજર છું હે અલ્લાહ ! હું હાજર છું. તું એકજ છે તારા જેવો બીજો કોઈ નથી. હું હાજર છું....."

પ્રોફેસર હરગ્રોન્જેના શબ્દોમાં ઈસ્લામના પયગંબરે "League of Nations" ની સ્થાપના કરીને આંતરરાષ્ટ્રિય એકતા અને અને માનવ-બંધુત્વના સિદ્ધાંતને એવા પાયા પર મુકયો કે તે બીજી કોમોનું માર્ગદર્શન કરે છે. જગતની કોઈ પણ પ્રજા આ બાબતમાં ઈસ્લામની બરોબરી કરી શકતી નથી.

મક્કાની ફતેહ વેળા કાબાના છાપરા પર ઊભા રહીને કાળા રંગના હબશી બીલાલે અઝાન આપી ત્યારે મક્કાના મુશરિક કુરૈશો દંગ થઈ ગયા હતા.

પયગંબર મોહંમદે કહ્યું હતું કે અલ્લાહની નજરમાં બધા માનવીઓ સમાન છે. બધા માનવીઓ આદમનાં સંતાનો છે. અને અલ્લાહે આદમને માટીમાંથી બનાવ્યા હતા.

ઈસ્લામના પયગંબરે એવું ગજબનું પરિવર્તન આણ્યું હતું કે જન્મથી જ અરબ વંશના મુસલમાનો પોતાની પુત્રીઓની હબશી ગુલામ મુસલમાનોને લગ્ન માટે ઓફર કરતા.

ઈસ્લામી ખિલાફતના બીજા ખલીફા અમીરૂલ મોઅમેનીન ઉમર હઝરત બિલાલનું બહુ સન્માન કરતા અને તેમને આવતા જોઈને કહેતા : અમારા સરદાર સૈયદના બીલાલ પધારી રહ્યા છે.

- (Prof. K. S. Ramakrishna Rao, The Prophet of Islam, pp. 8, 9, 10)

(૩૩) આજના જમાનામાં (ઈ.સ. ૧૯૩૫)માં આ એક વિચિત્ર હકીકત છે કે યુરોપ અને અમેરિકામાં (અને ઘણા વિશાળ પ્રમાણમાં ભારતમાં પણ-લેખક) ઈસ્લામ વિષે ઘણી અજ્ઞાનતા પ્રવર્તે છે. આ બાબત અગત્યની છે કે આપણે (એટલે ખ્રિસ્તીઓ, યહુદીઓ, હિન્દુઓ, બૌદ્ધો, જૈનો, વગેરે સૌ પરધર્મીઓએ - (લેખક) ઈસ્લામને સારી રીતે ઓળખવો જોઈએ. ઈસ્લામ વિષે કેટ કેટલીયે બેબુનિયાદ અને જુઠી બાબતોનો પ્રચાર થાય છે. મુસલમાનો મોહમેડનો નથી. કારણ કે તેઓ મોહંમદની નહીં પણ ફકત એક અલ્લાહની જ બંદગી કરે છે. મોહંમદ માનવી હતા. મુસલમાનો તો તે લોકો છે જેઓ એક પરમેશ્વરની ઈચ્છાને સ્વાધિન થનારા છે.

ઈસ્લામ બધા રંગો, જાતિઓ, અને પ્રજાઓના બંધુત્વનું શિક્ષણ આપે છે. અને આ બધા જ લોકો મુસલમાનો છે. હબશીઓ, મોંગલો, તુર્કો, અરબો વગેરે વિવિધ ચામડીના લોકો ઈસ્લામના અનુયાયીઓ છે.

ઈસ્લામમાં બ્રાહ્મણવાદ નથી. મૂર્તિપુજા નથી. મૂર્તિપુજા પ્રેરે તેવી ચિત્રકળા નથી. ઈસ્લામે માનવજાતના મહાન હિતવર્ધક કાર્યો કર્યાં છે. તેથી તે એક મહાન ધર્મ છે.

- (James A. Michener, Islam, The Misunderstood Religion, "Reader's Digest", June, 1955)

આવા આ સત્ય અને સનાતન વિશ્વ ધર્મ ઈસ્લામના દ્વાર સૌ માનવીઓ માટે ખુલ્લા છે. પોતાના સુખ, શાંતિ, સલામતી અને મુકિત માટે ઈસ્લામનો કલેમો પઢીને ઈસ્લામમાં પ્રવેશ મેળવવાનું સૌ માનવીઓને ભાવભીનું આમંત્રણ છે.

૫ ઈસ્લામ સ્વીકાર કરનારા કેટલાક વિદ્વાનોની કહાણી

"પાસબાં મિલ ગયે કાબા કો સનમખાને સે" (ડૉ. મોહંમદ ઈકબાલ રહ.)

(૧) <u>કનૈયાલાલ હરકિશન ગાબા : (અબ્દુર્રેહમાન ગાબા)</u>

કનૈયાલાલ - અર્થાત્ કનૈયા (કૃષ્ણ)ના લાલ મટી અલ્લાહના બંદા કેમ બની ગયા ?

કનૈયાલાલનો વીસમી સદીની શરૂના વર્ષમાં એક ગર્ભ શ્રીમંત પ્રતિષ્ઠિત ધર્મ ચુસ્ત હિન્દુ કુટુંબમાં જન્મ થયો હતો. કેમ્બ્રીજ યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ અને બેરીસ્ટર હતા. બ્રિટીશ રાજઅમલના સમયમાં આખા દેશમાં એક કુશળ ધારાશાસ્ત્રી તરીકે તેમની બોલબાલા હતી. તેમના અસીલોમાં મુસલમાનો પણ હતા. પોતાના

વકીલાતના વ્યવસાય માટે તેમને મુસ્લિમ પર્સનલ લૉ, ઈસ્લામી કાયદા કાનુન, શરીઅત અને કુરઆનનો અભ્યાસ કરવાની જરૂર પડી. આ અભ્યાસનો તેમના પર ઘણો પ્રભાવ પડયો અને ઈ.સ. ૧૯૩૩માં ઈસ્લામથી પાવન થયા. શા માટે ?

તેમને ઈસ્લામ મઝહબનો અભ્યાસ કરતી વેળા પ્રશ્નો ઉદ્દભવ્યા કે હિન્દુ ધર્મમાં સેંકડો માનવ-ભગવાનો, દેવો અને દેવીઓ છે. કોની પુજા-પ્રાર્થના કરવી ? કોના પ્રત્યે વફાદારી રાખે ? કોને રાજી કરવું ? એક સ્ત્રીના અનેક પ્રેમીઓ અથવા પતિઓ હોય તો તે કોને રાજી કરે ? કોના પ્રત્યે વફાદારી રાખે ?

માનવીએ પોતે પોતાના હાથે કંડારેલી મૂર્તિઓની પુજાની પોકળતા તેમની સમજમાં આવી. ગુંગો, બહેરો, આંધળો, નિર્જીવ માનવ-ભગવાન અને તેનો ગુંગો-બહેરો-આંધળો અને અક્કલહીન પુજારી ! આ તે કેવો વિચિત્ર ધર્મ ? !!!

તેમને ખાતરી થઈ ગઈ કે :

"બુતપરસ્તી (મૂર્તિપુજા) મેં બળા એબ છુપા હૈ,
ખુદ તરાશા હય મગર નામ ભગવાન રખા હૈ."

કનૈયાલાલને તેમના પ્રશ્નો અને મુંઝવણોનો સચોટ ઉત્તર ઈસ્લામમાં હોવાની ખાતરી થઈ. તે અલ્લાહના બંદા બની ગયા. પણ સત્યનો માર્ગ કાંટાઓથી ભરેલો હોય છે. ધર્મ પરિવર્તન સરળ અને સહેલી બાબત નથી. સત્ય માટે તો બલિદાન આપવું પડે. તેમને અને તેમના કુટુંબીજનોને અત્યાચારનો ભોગ બનવું પડયું. તેમને એક કેસમાં સંડોવવામાં આવ્યા. તેમના પિતાને સરકારી નોકરીમાંથી રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી. મિલ્કત જપ્ત થઈ, પિતા અને પુત્ર બંનેને કારાવાસની સજા ભોગવવી પડી. સમસ્ત હિન્દુ કોમ તેમની દુશ્મન બની ગઈ.

કનૈયાલાલ મામુલી માણસ ન હતા. વિદ્વાન, ધારાશાસ્ત્રી, અભ્યાસી અને સિદ્ધહસ્ત લેખક હતા. તેમણે ત્રીસથી વધુ પુસ્તકો લખ્યાં હતાં. તેમના ઘણાં પુસ્તકો પ્રખ્યાત હતાં. ઈન્ડીયન સેન્ટ્રલ એસેમ્બલીના નિયુકત સભ્ય અને પંજાબ ધારાસભાના ચુંટાયેલા સભ્ય હતા. આવા શિક્ષિત હિન્દુ ઈસ્લામ સ્વેચ્છાએ સ્વીકારે તે હિન્દુ પ્રજા કેવી રીતે સાંખી શકે ?

કનૈયાલાલે ઈસ્લામ સ્વીકાર કોઈ લાલચ, ધન, અને સત્તા માટે કર્યો ન હતો. લાહોરની ઐતિહાસિક બાદશાહી મસ્જીદમાં પોતાના ઈસ્લામ સ્વીકાર વિષે એક ભાષણમાં તેમણે કહ્યું હતું કે, હું બનાવટી ભગવાનોનો દાસ મટીને એક સાચા અલ્લાહ - પરમેશ્વરનો ગુલામ બની ગયો છું. મૂર્તિપુજાની આંધળી ગલીમાંથી નીકળી ઈસ્લામના દિવ્ય પ્રકાશના સીધા અને સત્ય ધોરી માર્ગ પર આવવા માટે ભાગ્યશાળી બન્યો છું. મને ઈસ્લામમાં સત્યનાં દર્શન થયાં છે. બનાવટી ભગવાનોના પુજારીઓ જાણી લે કે સત્યનો એક માત્ર પંથ ઈસ્લામ છે.

આ તેમનો હિન્દુ સમાજ માટે સંદેશ હતો.

તેમના ઈસ્લામ સ્વીકારથી હિન્દુ સમાજમાં ભારે ખળભળાટ થયો. ધિક્કાર

અને ઉશ્કેરાટ વ્યાપક બન્યા. પણ તેઓ હિંમત હાર્યા નહી. તેમણે હિન્દુઓને ઉદ્દેશીને કહ્યું હતું કે, તમો મારા શરીરના ટુકડા કરી શકો છો પણ મારા ઈમાનના ટુકડા કરી શકતા નથી. પત્થરની મૂર્તિઓના પુજારી પાગલ હોય છે. એક પુજારી મંદિરમાં બિરાજમાન પત્થરના ભગવાનને પગે લાગવા તૈયાર છે પણ તેના પેદા કરનાર એક પરમેશ્વરને નમન કરવા તૈયાર નથી. તે સૂર્યને નમન કરે છે પણ સૂર્યની ઉત્પત્તિ કરનાર પરમેશ્વરને નમન કરતો નથી.

તેમણે ઈજીપ્તનો પ્રવાસ કર્યો. ઈસ્લામની સંસ્કૃતિ અને સંસ્કારોથી ઘણા પ્રભાવિત થયા હતા. મુસલમાનોની રહેણી-કરણી, સાદગી, પરસ્પર નિઃસ્વાર્થ ભાવના, ભાઈચારો, સહાનુભૂતિ, માનવતા, માન સન્માન, વાણીવર્તન વહેવાર, પરોણાગત, વિવેકબુદ્ધિ, આચાર-વિચાર, અને સદ્‌ગુણોની તેમના પર જાદુઈ અસર થઈ.

કુરઆનની એક પંકતિએ તેમને જાગૃત કરી દીધા હતા. "અગર હોત ધરતી અને આકાશોમાં અનેક ભગવાનો એક અલ્લાહ સિવાય તો નિઃશંક તેના ભુક્કા બોલાવી દેતે." અનેક નહી ફકત બે જ ભગવાનો હોત તો તે પણ વાત વાતમાં આઠડી પડતે. સમજુ માણસોને ઈશારો પુરતો છે. લાખો અને કરોડો માણસો તેને ચેલેંજ કરી શકતા નથી.

તેઓ કહેતા કે એક અલ્લાહનો બંદો બનીને હું સેંકડો ભગવાનોની ગુલામીમાંથી આઝાદ થઈ ગયો. હવે મારૂં મન શાંત છે, મારૂં દિલ શાંત છે, મારૂં મગજ શાંત છે, મારો આત્મા શાંત છે, ચારે કોર શાંતિ જ શાંતિ છે. ઈસ્લામ એટલે જ શાંતિ અને સલામતી.

ઈસ્લામમાં બહુ સીધું, સાદું, સરળ અને સત્ય માર્ગદર્શન છે.

ઈસ્લામના સિદ્ધાંતો એટલા સીધા, સરળ છે કે એક નિશાળીઓ પણ તેને સહેલાઈથી સમજી શકે છે. ફકત એક પુજનિય અલ્લાહ, મોહંમદ (સલ.) તેના પયગંબર અને કુરઆન આકાશી દિવ્ય પુસ્તક. આ બાબતોમાં આસ્થા રાખનારો મુસલમાન એટલે અલ્લાહનો બંદો બની જાય છે. ઈસ્લામનો કલેમો "લા ઈલાહ, ઈલ્લલ્લાહ; મોહંમદુર્રસુલુલ્લાહ" પઢીને ઈસ્લામમાં પ્રવેશ થઈ શકે. પછી તેણે નમાઝ, રોઝા, ઝકાત અને હજની ફરજોનું આજ્ઞાપાલન કરવાનું ફરજીયાત છે.

ઈસ્લામી શિક્ષણમાં વ્યકિતગત, કૌટુંબિક, સામાજિક, આર્થિક, રાજકિય, વાણી-વર્તન, હકો, ફરજો, દૈનિક જીવનની ખાનગી અને જાહેર બધી જ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઈસ્લામી આકાશી ધર્મ છે, માનવરચિત ધર્મ નથી. કુરઆન પરમેશ્વરની દિવ્યા વાણી છે. તે આકાશી ધર્મ શાસ્ત્ર છે.

ઈસ્લામમાં ન્યાયતંત્ર, લોકતંત્ર, માનવતા અને સમાનતાનું શિક્ષણ છે. તે કોઈ માનવીના ફળદ્રુપ ભેજાની પેદાશ નથી. પણ આસમાનથી ઉતરેલું જીવનતંત્ર

છે. ઈસ્લામનું બંધારણ પરમેશ્વરનું ઘડેલું છે. તે સર્વાંગી અને કલ્યાણકારી છે. ઈસ્લામમાં માનવતાનું મહામૂલ્ય છે. માનવી પરમેશ્વરનું સર્વશ્રેષ્ઠ સર્જન છે. સૌ માનવીઓ સરખા છે. કોઈ ઊંચ-નીચ નથી. કોઈ પણ પ્રકારનો ભેદભાવ, અસ્પૃશ્યતા અને આભડછેડ નથી. મસ્જીદમાં અને મુસ્લિમ સમાજમાં સંપૂર્ણ સમાનતા છે. ઈસ્લામમાં માનવીની સમસ્યા અને દુઃખનું નિવારણ છે.

ઈસ્લામ જીવન-પંથ છે. તે પુજાપાઠ, ક્રિયાકાંડો અને અંધશ્રદ્ધાનો ધર્મ નથી. તે સુખી જીવન જીવવાનો સીધો માર્ગ છે. ઈસ્લામનો ઈન્કાર એટલે ઈશવિદ્રોહ. અને આવો વિદ્રોહી અનેક માનવ ભગવાનો, દેવો અને દેવીઓનો પુજારી છે. તેને ઈસ્લામી પરિભાષામાં મુશરિક અને કાફિર કહેવામાં આવે છે.

અબ્દુર્રેહમાન ગાબા કહેતા હતા કે, હિન્દુ ધર્મ અને તેના અનેક સંપ્રદાયોમાં માનવતા, માનવપ્રેમ, અને બંધુત્વ નથી. હિન્દુ સમાજ જુલ્મી વ્યવસ્થા છે, તેમાં અસ્પૃશ્યતા છે. બ્રાહ્મણો શુદ્રોને પોતાના ગુલામો ગણે છે. પૂર્વજન્મ, આત્માની અગવતી, આવાગમન, પુનઃ આગમન, જન્મ જન્મના ફેરા વગેરે માનવીની સમજમાં ન આવે એવી બાબતો છે.

(૨) <u>કૃષ્ણલાલ (ગાઝી અહમદ) :</u>

તેમનો જન્મ ૧૯૨૨માં એક ધર્મચુસ્ત હિન્દુ કુટુંબમાં પંજાબ પ્રાંતના મીયાની કસ્બામાં થયો હતો. અભ્યાસમાં બહુ તેજસ્વી હતા. ગોલ્ડ મેડાલીસ્ટ હતા. તેમનું કુટુંબ સનાતન વેદ ધર્મનું અનુયાયી હતું.

તે પંજાબ પ્રાંતની સરકારમાં શિક્ષણ મંત્રી બન્યા, પંજાબ યુનિવર્સિટીના પ્રોફેસર થયા. પછી પંજાબની ગવર્નમેન્ટ કોલેજના પ્રિન્સિપાલ થયેલા.

ઈ.સ. ૧૯૩૮માં તેમને પયગંબર મોહંમદ (સલ.)ના દર્શન સ્વપ્નની અવસ્થામાં થયાં હતાં. ત્યારે તેમની ઉંમર સોળ વર્ષની હતી. પછી ઈસ્લામનું શિક્ષણ મેળવવાની જિજ્ઞાસા થઈ. ઈસ્લામનો અભ્યાસ કર્યો અને ઘણા પ્રભાવિત થયા અને ઈસ્લામનો સ્વીકાર કર્યો. તેથી તેમના કુટુંબ અને પંજાબના હિન્દુ સમાજમાં હાહાકાર મચી ગયો. તેમની મારપીટ કરવામાં આવી. તેમને મારી નાંખવાની ધમકી આપવામાં આવી. તેમને બળજબરીપૂર્વક મુસલમાન બનાવવામાં આવ્યા છે એવા આરોપ હેઠળ હિન્દુ સમાજે કોર્ટમાં દાવો દાખલ કર્યો. પણ હિન્દુ સમાજની હાર થઈ. કોર્ટના મેજીસ્ટ્રેટે તેને તેના બાપને હવાલે કર્યો. ફરી વધુ મારપીટ થઈ. પણ તેમણે ઈસ્લામ છોડયો નહી. પોતાના ઈસ્લામ સ્વીકાર વિષે તેમણે એક પુસ્તક લખ્યું હતું : "અંધેરે સે ઉજાલોં કી તરફ."

(૩) <u>સરવૈયા નાયડુ : (અબ્દુર્રેહમાન નાયડુ)</u>

સરવૈયા નાયડુ એક મોટા મંદિરના સંત મહારાજના પુત્ર હતા. આઠ જ

વર્ષની ઉમરે તેને હિન્દુ ધર્મ પ્રત્યે અસંતોષ થવા લાગ્યો હતો. પિતા મૂર્તિપુજા કરે તે જોઈને તે મનોમન કહે : પત્થર કંડારીને પોતાના હાથે ઘડેલી મૂર્તિ પુજ્ય કેવી રીતે થઈ શકે ? માણસનું સર્જન કેવી રીતે તેનો પુજ્ય બની શકે ?

તે તેના પિતા સાથે હિન્દુ ધર્મ-શિક્ષણ વિષે ચર્ચા કરતો. વેદ અને ઉપનિષેધોના ઉદાહરણો સાથે દલીલબાજી કરતો. હિન્દુ સનાતન ધર્મ છે અને તેમાં માનવીનું કલ્યાણ છે આ દાવાની બુદ્ધિથી કસોટી કરી પણ તેના મનનું સમાધાન થઈ શકયું નહી. તે મનોમન પ્રશ્ન કરતો, જો રામચંદ્ર ભગવાન હોય તો તે પોતાના જ સંતાનો સાથે અને કૃષ્ણ ભગવાન હોય તો ગોપીઓ સાથે આડા સંબંધો કેમ રાખે ? ઉપનિષેધોમાં લખેલું છે કે પરમેશ્વર એકજ છે. તેણે જ જગતનું સર્જન કર્યું છે. તેની જ ભકિત કરવી. તો પછી આ સેંકડો માનવ-ભગવાનો, દેવો અને દેવીઓ કેમ ?

અસ્પૃશ્યતા, આભડછેડ, ઊંચ-નીચ આ કેવો સમાજ ? જન્મથી જ એકના માથે તાજ અને બીજો તેનો સેવક આ તે કેવો સમાજ ?

સરવૈયા નાયડુને ઘણી મુંઝવણ થતી. તેના પ્રશ્નોના બુદ્ધિગમ્ય ઉકેલ હિન્દુ ધર્મશિક્ષણમાં ન જડયા. ખરો ધર્મ તો માનવ પ્રકૃતિનો બંધ બેસતો હોય, તે કોઈ એક પ્રજા અથવા તેના એક વર્ગ માટે ન હોય પણ પુરી માનવજાત માટે અને જગત શાંતિ માટે હોય અને લોક કલ્યાણ કારક હોય. ઈસ્લામ સિવાય બીજો કોઈ ધર્મ આ કસોટીમાંથી પાર ઉતરતો નથી એવી ખાતરી તેમને થઈ.

પિતા અને પુત્ર વચ્ચે ધાર્મિક વાદ-વિવાદ વધતો ગયો. પિતા સંત મહારાજ હોવા છતાં તેનાં મનનું સમાધાન કરવા અને તેના પ્રશ્નોનાં ઉત્તરો આપવા અસમર્થ સાબિત થયા. એક મોટા મંદિરના ધર્મગુરૂ જે ન કરી શકે તો એક સામાન્ય હિન્દુ તે કેવી રીતે કરી શકે ?

સરવૈયા નાયડુ મૂર્તિપુજાનું ખંડન કરતા અને હિન્દુ સમાજનો ઉપહાસ કરતા. તેથી તે લોકચર્ચા, ટીકા અને ધિક્કારનું પાત્ર બન્યા.

તેમણે ઈસ્લામી સાહિત્યનો અભ્યાસ કર્યો. એક મુસ્લિમ પ્રોફેસર સાથે તેમની મુલાકાત થઈ. તેમનાં પ્રશ્નો, ઉત્તરો, મુંઝવણો, અને સમસ્યાઓનો ઉકેલ તેમને મળી ગયો. અને મનનું સમાધન થયું. ઈસ્લામની સત્યતાની પૂર્ણ ખાતરી થઈ. ઈસ્લામ સ્વીકાર માટે તૈયાર થયા. મુસ્લિમ પ્રોફેસરે ધર્મ પરિવર્તનના જોખમ વિષે તેને ચેતવણી આપી, પુખ્ત વિચારણા પછી જ આ પગલું લેવાની સલાહ આપી. સરવૈયા નાયડુનો જવાબ હતો : ઈન્શાઅલ્લાહ, (પરમેશ્વરની ઈચ્છા હશે તો) હું સાબિત કદમ રહીશ. ઈસ્લામ માટે પ્રાણનું બલિદાન આપવા તૈયાર છું.

"જાન દી, દી હુઈ ઉસી કી થી
હક તો યે હે કે, હક અદા ન હુવા."

ઈસ્લામના નવઆગંતુકનું આવું દઢ ઈમાન હોય છે. જે જન્મથી જ

મુસલમાન હોય તેના નસીબમાં આવું ઈમાન હોતું નથી. જે ચીજ મહેનત અને જહેમતથી પ્રાપ્ત થાય તે સહેલાઈથી વગર મહેનતે મળતી ચીજથી વધુ કિંમતી અને વધુ પ્રિય હોય છે. તેની કદર થાય છે. સરવૈયા નાયડુનો આવો જઝબાત હતો. ઈસ્લામ માટે પ્રાણનું બલિદાન આપવા પણ તૈયાર હતા.

મસ્જીદમાં જઈ ઈસ્લામનો કલમો પઢી લીધો, મુસલમાનો તેના મુબારકબાદ આપવા માટે પડાપડી કરવા લાગ્યા. એક અજાયબભરી કેફિયત તેમના પર છવાઈ ગઈ. મુસલમાનો આપસ આપસમાં ભાઈઓ છે. આ ઈસ્લામી શિક્ષણનો પ્રત્યક્ષ અનુભવ થયો. તેઓ લખે છે કે સીત્તેર કરોડ ભાઈઓના પ્રેમથી મારી આંખો છલકાઈ ગઈ. હું અબ્દુર્રેહમાન - રહેમાનનો બંદો બની ગયો, અને દેવ-દેવીઓના દાસત્વમાંથી સદા માટે મુકત થયો.

હવે તેમની મુશ્કેલીઓ વધી ગઈ. પણ દઢતાપૂર્વક ઈસ્લામને વળગી રહ્યા. કપરા સંજોગોમાં પણ ઈમાન સલામત રહ્યું. વધુ બળવત્તર બન્યું. મહેંદી રંગ લાતી હે પીસને કે બાદ. કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે, શું તમોએ એમ માની લીધું છે કે અમે મુસલમાન બની ગયા એટલું કહેવાથી તમોને છોડી મુકવામાં આવશે ? શું અમે તમારી કસોટી કરીશું નહી ?"

ઈસ્લામનું શિક્ષણ છે કે "જે ચીજ તમો તમારા માટે પસંદ કરો છો તે તમારા ભાઈ માટે (એટલે અન્યો માટે) પણ પસંદ કરો."

તેમણે પિતાને પણ ઈસ્લામનું આમંત્રણ આપ્યું. પિતા માંદગીની પથારી પર હતા.તેમણે કબુલ કર્યું. તારો ઈસ્લામ સ્વીકારનો નિર્ણય ખરો છે. પણ જેને આખો જન્મારો સત્ય કહેતો રહ્યો તેને મરતી વેળા અસત્ય કેવી રીતે કહું ? પિતાની આ વાત સાંભળી ઘણો રંજ થયો. બાપ કુફ્રની હાલતમાં મૃત્યુ પામ્યો અને આ દુનિયામાં અગ્નિ સંસ્કારનો ભોગ બન્યો અને નર્કના અગ્નિની શિક્ષા તો ખરી જ !

(૪) <u>ડૉ. શિવશકિત મહારાજ : (ઈસ્લામુલ હક)</u>

તેમનો જન્મ ઉત્તરપ્રદેશના મથુરા જિલ્લાના વૃંદાવન કસ્બામાં ઈ.સ. ૧૮૩૬માં થયો હતો. વૃંદાવન તો ચુસ્ત હિન્દુ ધર્મનો ગઢ ગણાય છે.

ડૉ. શિવશકિત ઉચ્ચ જાતિના બ્રાહ્મણો અને પુજારીઓના મહંત હતા. બાબા ગુરૂનાનકના વૈદિક જ્ઞાતિના વંશજ હતા. મહંત, મહારાજ, અદાસ્તન, ધર્માચાર્ય, અદુ શકિતપેઠ વગેરે તેમના માનવંત લકબધારી હતા.

તેમણે હિન્દુ આશ્રમોમાં અભ્યાસ કર્યો હતો અને તેઓ પ્રખ્યાત હિન્દુ વૈદિક બ્રાહ્મણ ધર્મ વિદ્યાલયના "આચાર્ય", પૌર્વાત્ય, ધાર્મિક, ઐતિહાસિક અને પ્રાચીન શાસ્ત્રોના વિષયોમાં અલ્હાબાદ યુનિવર્સિટીના એમ.એ. D. D. (DOCTOR OF DIVINITY) જગતના બધા મોટા ધર્મોના શાસ્ત્રોના ઓરીએન્ટાલીઝમ વિષયોમાં ઈંગ્લેન્ડની ઓક્ષફર્ડ યુનિવર્સિટીની પી.એચ.ડી.ની બે પદવીઓ ધરાવતા

હતા. બાર ભાષાઓના ભાષાવિશારદ હતા. ઉચ્ચ કક્ષાના વિદ્વાન અને અભ્યાસી હતા. વિદ્વતામાં ભારતનું આ એક રત્ન હતું.

ખ્રિસ્તી રોમન સંપ્રદાયના વડા ધર્મગુરૂ પૉપે તેમને વેટીકન આપવાનું આમંત્રણ પાઠવેલું. વેટીકનમાં ખ્રિસ્તી ધર્મગુરૂઓ - પૉપ, બ્રિશપો, કાર્ડીનલો વગેરે સમક્ષ ધર્મોને લગતાં પ્રવચનો આપેલાં. તેમની ધાર્મિક વિદ્વતાની કદર રૂપે પૉપે તેમને O.F.M. (Order of Friars Minor) નો માનવંત લકબ આપી બહુમાન કર્યુ હતું. અને તેમને ખ્રિસ્તી ધર્મ અંગીકાર માટે આગ્રહ કર્યો હતો. પણ તેનો તેમણે ઈન્કાર કર્યો હતો.

ડૉ. શિવશકિત મહારાજે વાનખંડ, વૃંદાવન અને મુલુન્દના આશ્રમોમાં હિન્દુ ધર્મનું શિક્ષણ આપ્યું હતું. હિન્દુ સમાજમાં એક મહાન વિદ્વાન તરીકે તેમની ગણના થતી. તેઓનું ઘણું સન્માન થતું. તેમના સમકાલિન જગતગુરૂ શંકરાચાર્ય શાલવાલા, મહામનદાલેશ્વર સ્વામી અખંડ આનંદજી, પુરીના શંકરાચાર્ય, રાષ્ટ્રસેવા સંઘના ગુરૂ ગોલવાલકર, શિવસેનાના બાલાસાહેબ દેશમુખ, ભારતિય જનતા પક્ષના અગ્રણી નેતા અટલ બિહારી બાજપાઈ, નાના સાહેબ દેશમુખ, આચાર્ય વિનાબા ભાવે અને બીજા અનેક હિન્દુ મહાનુભાવો, ધર્મશાસ્ત્રીઓ, વિદ્વાનો અને રાજકિય નેતાઓ તેમના પ્રત્યે ગુરૂતુલ્ય આદરભાવ રાખતા અને તેમને એક મહાન હિન્દુ સંત, વીર, મુકિતદાતા અને હિન્દુ ધર્મના ઉદ્ધારક તરીકે બિરદાવતા. તેમના નિવાસ સ્થાને તેમના આશિર્વાદ અને દર્શન માટે મોટા મોટા માણસોની મોટી ભીડ રહેતી.

વિનોબા ભાવેએ ઈ.સ. ૧૯૮૧માં તેમના પુરધામ આશ્રમમાં ધાર્મિક પ્રવચનો આપવા તેમને આમંત્રણ આપ્યું હતું. જેમાં અનેક હિન્દુ અગ્રગણ્ય આગેવાનોએ હાજરી આપી હતી. દાદા ધર્માધિકારી પણ હાજર હતા. તમેણે ડૉ. શિવશકિત મહારાજને પ્રશ્ન પુછયો : સ્વામીજી, બધા ધર્મોમાં કયો ધર્મ શ્રેષ્ઠ ? તેમણે કહ્યું : "ઈસ્લામ." તેમના આ પ્રતિઉત્તરથી બધા હાજરજનો સ્તબ્ધ થઈ ગયા.

દાદા ધર્માધિકારીએ કહ્યું : ઈસ્લામમાં તો ઘણા બંધનો છે. તેમનો પ્રતિઉત્તર હતો : " જે ધર્મ માનવીના સ્વછંદ અને મનમાની આચરણ પર મર્યાદા મુકે તેજ ધર્મ દુષ્કૃત્યોથી મુકિત અને સ્વતંત્રતા આપે છે. માનવીને આવા ધર્મની જરૂર છે કે જે તેની ગેરવર્તણૂંક પર અંકુશ લાદે. ઈસ્લામ આવી શીરડી છે. આ પાર્થિવ જીવનમાં આવા અંકુશથી પરલોકમાં મુકિતનો દરવાજો ખુલે છે - મુકિત મળે છે. મારો મત છે કે, ફકત ઈસ્લામ જ એક એવો ધર્મ છે જે આ હેતુ પાર પાડી શકે છે."

તેમણે આ સત્ય હિંમતપૂર્વક સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું. તેમના માટે ઈસ્લામ સ્વીકારનો રસ્તો ખુલી ગયો અને ૧૦-૫-૧૯૮૭ના રોજ તેમણે, તેમના શુશિક્ષિત પત્ની અને પુત્રીએ ભોપાલમાં ઈસ્લામનો કલેમો પઢી લીધો. તેઓએ ઈસ્લામુલ હક, ખતીજા બેગમ અને આયેશા હકના નામો ધારણ કરી લીધાં. હિન્દુ સમાજે એક મોટો આંચકો અનુભવ્યો હતો.

ઈસ્લામ સ્વીકાર પછી તેમણે પત્રકાર પરિષદમાં કહ્યું હતું, "હું અંતઃ કરણ પૂર્વક અલ્લાહનો આભાર વ્યકત કરૂં છું. જેણે અમોને ઈસ્લામ સ્વીકાર કરવા માટે માર્ગદર્શન આપ્યું. તેણે અમારા પર કૃપા કરી. મારી જિંદગીની આ મહામુલી બક્ષીસ છે. અમો પોતાને ઘણાં ભાગ્યશાળી માનીએ છીએ. આજે હું આખા જગતની સૌથી વધુ સફળ વ્યકિત છું. જે લોકોએ સત્યપંથ ખોઈ દીધો છે એવા ભટકેલા લોકોનો હું ભગવાન હતો આજે હું એક ખરો માનવી બની શકયો છું.

તેમને પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે, આજના સમયમાં ભારતના મસલમાનો ભયભિત, લાચાર, નિરાશા અને અત્યાચારો, ત્રાસવાદ, હિંસા અને શુદ્ધિકરણના ભોગ બની રહ્યા છે. ત્યારે તમારા ઈસ્લામ સ્વીકારનું શું કારણ ? તેમનો ઉત્તર હતો :

"અમારો ઈસ્લામ સ્વીકાર અમારી કેટલાક વર્ષોની ખોજનું પરિણામ છે. ૨૪ જાન્યુઆરી, ૧૯૮૪ના રોજ મને અને મારી પત્નીને એકજ રાત્રિ સમયે સ્વપ્નમાં પયગંબર મોહંમદનાં દર્શન થયાં હતાં. તેમણે મારા જમણા હાથમાં પોતાનો જમણો હાથ મુકયો અને મને કલમએ શહાદત પઢાવ્યો. મને આલીંગન કર્યુ અને મને હુકમ કર્યો કે ભારતના લોકોને આ કલેમો શીખવો, અમો બંનેને આ સ્વપ્નના અનુભવથી ઘણો આનંદ થયો. અમોને રાહત થઈ. અમોને એવો અનુભવ થયો હતો કે અમે ઈસ્લામની પ્રથમ સદીના પયગંબર મોહંમદના સમયના તેમના અનુયાયીઓ છીએ."

"હું હિન્દુ માનસ સમજું છું. હિન્દુઓ મુસલમાનોથી ડરતા નથી. પણ તેઓ ઈસ્લામથી ડરે છે. પણ ઈસ્લામ જગતનો સૌથી મહાન અને શ્રેષ્ઠ ધર્મ છે. જેમાં ઉચ્ચ સદ્ગુણો અને વિશિષ્ટતાઓ રહેલી છે. ઈસ્લામની તાકત મુસલમાનોના દિલોમાં છે, તેઓની જિંદગીમાં છે. કારણકે ઈસ્લામ માનવીને રંગ, જાતિ, જન્મ, ભાષા, સત્તા અને સંપત્તિના ભેદભાવમાંથી મુકિત આપે છે અને સ્થાયી જીવનનું ઘડતર કરે છે. તે માનવીને ફકત એક પરમેશ્વરને નમન કરવાનો આદેશ આપે છે. તે માનવીને દરેક પાપ અને બંધનમાંથી મુકિત આપે છે. બીજા ધર્મોનું શિક્ષણ આ બાબતોમાં ભિન્ન છે."

તેમને પ્રશ્ન પુછવામાં આવ્યો : કોઈ દેશ તરફથી ઈસ્લામને ભય છે ? તેમનો ઉત્તર હતો : "ઈસ્લામ ચિરસ્થાયી અને શકિતશાળી ધર્મ છે. દુનિયાની કોઈ તાકત ઈસ્લામનો વિનાશ કરી શકે નહીં. તેને કોઈ પણ કાંઈ પણ નુકસાન પહોંચાડી શકતું નથી. જ્યાં સુધી દુનિયામાં એક મુસ્લિમમાં ઊંડી ધીરજ અલ્લાહ પ્રત્યે આભારની લાગણી, શ્રદ્ધા, બંધુત્વ, એકતા, કુરબાનીની ભાવના, પરસ્પર સહાયની લાગણી, ઈમાનની તાજગી, શકિત અને ઉત્સાહ હશે ત્યાં સુધી તે ફળ દાયી અને વિકસિત થતો જ રહેશે."

શું ઈસ્લામ બળજબરીથી ફેલાયો છે જે હિન્દુ માન્યતા છે ? તેમણે કહ્યું : "આ માન્યતા તદ્દન ખોટી છે. હું પોતે તેનો જીવતો જાગતો નમુનો છું. મને ખબર

છે કે સામાન્ય પણે હિન્દુઓની આ માન્યતા છે. આ બાબત વિષે કેટલાયે હિન્દુ વિદ્વાનો અને આગેવાનોએ મારા પર પત્રો લખ્યા છે. અને મેં તેઓ સમજી શકે એવી ભાષામાં ઉત્તર પાઠવ્યા છે. અને હું ઈસ્લામી સાહિત્ય તેઓ પર મોકલું છું. હું ઈચ્છા રાખું છું કે અન્ય મુસલમાનો પણ આવું જ કરે."

"મને અલ્લાહ વિષે જ્ઞાન ન હતું. પણ પયગંબર મોહંમદ (સલ.)ના જીવન ચરિત્રના અને તેમના શિક્ષણના અભ્યાસથી અલ્લાહ વિષે સત્ય જ્ઞાન લાધ્યું. પયગંબર મોહંમદ(સલ.) આ જગત અને પરલોક બંને માટે અને આખી માનવજાત માટે કૃપા રહમત છે. પણ તે માનવી હતા. અલ્લાહે તેમને પયગંબર બનાવીને મોકલ્યા હતા."

તેમને પ્રશ્ન પુછવામાં આવ્યો કે, સારો મુસલમાન કોને કહેવાય ? તેમણે કહ્યું : "પયગંબર મોહંમદ (સલ.) સિવાય બીજો કોણ સારા મુસલમાનની વ્યાખ્યા આપી શકે ? મુસલમાન તો સોનું છે, તેને આગમાં નાખવામાં આવે તો તે વિશુદ્ધ અને તેજસ્વી બને છે. પયગંબર મોહંમદ (સલ.)મે કહ્યું છે કે, મુસલમાન તો એક મધમાખી જેવો છે તે હંમેશાં મીઠાં, મધુર, સુંદર ફુલો પર જ બેસે છે. ગંદી ચીજો પર બેસતી નથી. ફુલોમાંથી સત્વ અમૃત ચુસે છે. અને મધ બનાવે છે. પણ પોતાના માટે નહીં, બીજા માટે. માનવીઓ, પક્ષીઓ અને જીવજંતુઓ માટે મધ બનાવે છે. જે મધ આરોગીને તેઓ તંદુરસ્ત અને રાજી થાય છે. મધમાખી ઝેર બનાવતી નથી. કોઈને નુકસાન પહોંચાડતી નથી. પયગંબર મોહંમદ(સલ.) કહ્યું છે કે મુસલમાન તે છે જેના જીભ અને હાથથી બીજા મુસલમાનો સુરક્ષિત રહે છે."

એક સારા, સદ્ગુણી મુસ્લિમ સમાજની પુનઃ સ્થાપના અને પુનરોદ્ધાર માટે તમો શું કરવાનો વિચાર રાખો છો ? ડૉ. ઈસ્લામુલ હકે જણાવ્યું : "ઘણા લોકોના દિલોમાં આવી આશા છુપાયેલી છે. આવા સમાજનો ઉદ્ભવ થશે. આપણે તેના અમલીકરણ માટે દૃઢ સંકલ્પ કરવો જોઈએ. મુસલમાનોએ શંકાના જાળાં અને ઢચુપચુ નીતિનો ત્યાગ કરી ઈસ્લામ પ્રત્યે વફાદારીનો દૃઢ સંકલ્પ પુનઃ જીવંત કરવો જોઈએ. અસામાન્ય હિંમત, ધગશ, મહત્ત્વાકાંક્ષા, દૃઢતા અને પૂર્ણ શ્રદ્ધા સાથે આ મેદાનમાં ઝંપલાવવું પડશે. હઝરત બિલાલ (રદી.) જેવી ત્યાગ અને કુરબાનીની ભાવના કેળવવી પડશે. ઈસ્લામ માટે સંપૂર્ણ સમર્પણની ભાવના પેદા કરવી પડશે. આપણે મુસલમાનોએ અલ્લાહ અને તેના નબી મોહંમદ(સલ.)ની સંપૂર્ણ તાબેદારી જિંદગીના દરેક ક્ષેત્રમાં અને દરેક બાબતમાં બિનશરતિય સ્વીકારી તેનો સંપૂર્ણ પણે અમલ કરવો પડશે. જ્યારે આપણને આ દરજ્જો અને સ્થાન પ્રાપ્ત થશે ત્યારે આપણે પાકા ઈમાનવાળા મોઅમીન બનીશું. હું આવું અભિયાન શરૂ કરવાની ઈચ્છા રાખું છું. આવા અભિયાનની સફળતા માટે ઐકયતાની જરૂર છે. ઈસ્લામના પુનઃ ઉત્થાન માટે મારો આ સંદેશ મારી કોમ માટે છે."

તેમણે આંતરરાષ્ટ્રિય મુસ્લિમ જગતને સંદેશ પાઠવ્યો હતોઃ "આપણે આપણા

પયગંબર મોહંમદ (સલ.)ના શિક્ષણ અને માર્ગદર્શન પર દઢતાપૂર્વક કાયમ કહીને સફળ જીવન જીવવું જોઈએ. કોઈ પણ બાબતમાં બીજા કોઈના શિક્ષણ અને માર્ગદર્શન માટે બીજે કશે નજર કરીશું તો આપણે ઊંડા સમુદ્રમાં ડુબી મરીશું અને આપણો નાશ થશે. આપણે ઈસ્લામી શિક્ષણને જ વળગી રહેવું જોઈએ. જીવનના બધા ક્ષેત્રોમાં સફળતાની આ ચાવી છે."

ડો. ઈસ્લામુલ હકે ઈસ્લામ માટે માન-મોભાભર્યું સ્થાન, માન-સન્માન જિંદગીની રાહતો, ધન, વૈભવ - બધું તજી દીધું હતું. સત્ય માટે કેટલી ભવ્ય કુરબાની !!! તેમણે કહ્યું હતું કે, "મારી પાસે આખા જગતનું રાજ હોત તો તે પણ ઈસ્લામના આશિર્વાદ - Blessings માટે તજી દેત. ઈસ્લામનો અમારા પર કેટલો મોટો અહેસાન છે ? ઈસ્લામ સ્વીકારથી હું ખુબ પુલકિત છું. હું ખુબ સુખી અને સંતોષી થયો છું. પૃથ્વીના પાંચ ખંડોના ધન-દૌલત અને સત્તા મને આટલાં સુખ, આનંદ અને સંતોષ આપી શકતે નહી."

(૫) <u>બેગમ ઉઝૈર ગુલ :</u>

આ ખ્રિસ્તી સન્નારી સિંધ પ્રાંતના ગવર્નર ચાર્લ્સ એડવર્ડ સ્ટીલની પુત્રી હતી. બ્રિટીશ શાહી ખ્રિસ્તી કુટુંબમાં જન્મી હતી. પરણેલી હતી. બે સંતાનોની માતા હતી. શિક્ષિત હતી.

ખ્રિસ્તી ધર્મના અનેક સંપ્રદાયોના વિરોધાભાસી ધાર્મિક શિક્ષણ અને બાઈબલની વિશુદ્ધતા વિષે તેણીને શંકા-કુશંકા થતી હતી. પિતા સાથે હિન્દુસ્તાન આવી. વેદાંતો અને હિન્દુ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. હિન્દુ ધર્મ શિક્ષણ લીધું. તેણીને થયું કે તેણીને સત્ય લાધ્યું છે. એટલે તેણીએ હિન્દુ ધર્મ અંગીકાર કર્યો. રામકૃષ્ણ વેદાંત સંપ્રદાયમાં પ્રવેશ મેળવ્યો. દીક્ષા લીધી અને માતાજી બની ગઈ. બહુ સન્માનિત થઈ.

એક રાત્રે ઊંઘમાંથી ઝબકીને જાગી. વિચારો આવવા લાગ્યા. મંદિરો, મઠો અને આશ્રમોમાં બધે બધ પત્થરમાં કૈડારેલીમ મૂર્તિઓ અને ભગવાનોના પુતળાં, પરમેશ્વર તો નિરાકાર પણ મંદિરમાં ભગવાન જાતે બેઠો છે. ભગવાનનું મનુષ્ય સ્વરૂપ ! આ તો મનુષ્યનું સર્જન !

"હાથોં સે તરાશે હુએ સનમ બુતખાનોંમેં ભગવાન બન કર બૈઠે હૈં."

એક પરમેશ્વર અને આટલા બધા ભગવાનો ? વિચારોની હારમાળા અને વમળમાં ઊંઘ ઊડી ગઈ. મન બેચેન હતું. પ્રભાત થયું. મૂર્તિપુજા પ્રત્યે નફરત થઈ. આ સત્ય નથી. આ તો ઉલામાં ચુલામાં પડયા જેવું થયું. જાત જાતના વિચારોમાં ફસાઈ પડી. બીમાર થઈ ગઈ. ઈલાજ માટે ફ્રાન્સ ગઈ. સાજી થઈ પાછી હિન્દુસ્તાન આવી. પતિથી છુટાછેડા લઈ સંસાર ત્યાગ કર્યો. સન્યાસ લીધો. એક પંડિત પાસેથી ઉપનિષેદોનું શિક્ષણ લીધું. ૧૦૮માં ઉપનિષેદ પર પહોંચી તો અગણિત વિરોધાભાસી

સિદ્ધાંતોથી અકળાઈ ગઈ. સંસાર ત્યાગ - સન્યાસથી તેની બૌદ્ધિક અને આધ્યાત્મિક શકિતઓ કુંઠિત થઈ હતી. હિન્દુ ધર્મમાંથી આસ્થા ડગી ગઈ. મઠ છોડી ગઈ. એક આશ્રમશાળાની સ્થાપના કરી. નાત-જાત અને ધર્મના ભેદભાવ વગર ગરીબ કુટુંબોના કિશોરોને પ્રાથમિક અને નૈતિક શિક્ષણ આપવાનું શરૂ કર્યું. આ આશ્રમશાળામાં એક રખડુ મુસ્લિમ કિશોરે પ્રવેશ મેળવ્યો. તેના શિક્ષણ માટે તેણીએ મુસ્લિમોના જીવન, રહેણી-કરણી, રીત-રિવાજો અને ધાર્મિક શિક્ષણ વિષે જાણકારી મેળવી. આ બાબત તેણીના જીવનમાં એક મહત્ત્વનો વણાંક સાબિત થઈ.

ખ્રિસ્તી પાદરીઓ પાસેથી મળેલ શિક્ષણના આધારે મુસ્લિમો પ્રત્યે તેણીને સુગ અને ધૃણા હતી. તેઓએ શીખવેલું કે મુસ્લિમ એક ઝનુની અને જંગલી કોમ છે અને ઈસ્લામ તલવારથી ફેલાયો છે........... પણ ઈસ્લામ, કુરઆન અને મુસ્લિમો વિષેના અભ્યાસથી તેણીની આંખો ખુલી ગઈ. ભ્રમણાં અને ગેરસમજ દૂર થયાં. પ્રતીતિ થઈ કે ઈસ્લામ સત્ય ધર્મ છે. એક ઈશ્વરના યશોગાન, સ્વર્ગવાસની વધામણી, નર્કવાસની ચેતવણી, ઈશદૂતો, આકાશી ધર્મશાસ્ત્રો વગેરે વિષે સત્ય જ્ઞાન લાધ્યું. અલ્લાહ તો મહા દયાળુ, કૃપાળુ છે. તેની કૃપાથી માણસે નિરાશ થવું ન જોઈએ. ઈસ્લામ સનાતન સત્યોથી ભરપુર હોવાની ખાતરી થઈ. ઈસ્લામે તેણીનું મન મોહી લીધું.

પ્રશ્નો ઉદ્ભવ્યા : શું કરૂં ? કયાં જાઉ ? કયો માર્ગ ગ્રહણ કરૂં ? મુંઝવણ થઈ. મનોમન વિચારવા લાગી: "હિન્દુઓ મને માતાજી તરીકે સન્માને છે. મારા ચરણોનો સ્પર્શ કરે છે. મારા આશિર્વાદ માંગે છે. બંને હાથ જોડી નમન કરે છે. મારા દર્શને આવે છે. હવે હું હિન્દુ ધર્મનો ત્યાગ કરૂં તો તેઓ શું કહેશે ? ઈસ્લામ સ્વીકાર કરૂં તો તેના કેવા પ્રત્યાઘાત પડશે ? હું કોને રાજી કરૂં ? લોકોને કે પરમેશ્વરને ? કયાં વેદાંત અને કયાં કુરઆન ? વ્યાસ રચિત વેદાંત ઈશવાણી નથી. કુરઆન ઈશવાણી છે. ઈસ્લામમાં એક ઈશ્વરવાદ છે. અને મૂર્તિપુંજા નથી. વેદાંત સંપ્રદાય એક ઈશ્વરવાદ સાથે સુસંગત નથી. હિન્દુ ધર્મમાં અનેક ભગવાનો છે. અને ઈસ્લામ સ્વીકાર કરવાનો નિર્ણય કરી લીધો. મઠમાંથી બહાર નીકળી ત્યારે રાહત અનુભવી.

તેણીના ઈસ્લામ સ્વીકારથી હિન્દુઓમાં વિરોધ વંટોળ થયો. એક હિન્દુ મઠની માતાજી મુસલમાન થઈ જાય તે કેમ સાંખી લેવાય ? તેણીને આગ્રાના રામકૃષ્ણ મિશનના વડા બનાવવાની લાલચ આપવામાં આવી. પણ તેણી પોતાના નિર્ણયમાં અડગ રહી. એક ગરીબ મુસ્લિમ લત્તામાં ઘર ભાડે લઈ પુત્રી સાથે રહેવા લાગી.

પણ મુસલમાનોને તેણીના ઈસ્લામ સ્વીકાર વિષે ખાતરી ન થઈ. એક હિન્દુ માતાજી મુસલમાન થાય ખરી ? આ અંગ્રેજ બાઈ ઘણી ચાલાક છે. તેણીએ બહુરૂપી વેશ ધારણ કર્યો છે. મુસલમાનોને હિન્દુ બનાવવાની તેણીની ચાલબાજી છે. ચેતીને રહેજો...........

તેણી કહેતી : હું કલેમા શહાદત પઢું, અલ્લાહ અને તેના પયગંબર મોહંમદ (સલ.) ને અંતઃકરણ પૂર્વક સ્વીકાર કરૂં છું. પણ મુસલમાનો માનવા તૈયાર ન હતા. હું મુંઝવણમાં પડી. શું કરૂં ? એક મૌલવી સાહેબની સલાહથી હું મારી પુત્રી સાથે ઉત્તરપ્રદેશના દેવબંદના દારૂલ ઉલૂમના મોહતમીમ હઝરત મૌલાના હુસૈન અહમદ મદની (રહ.) પાસે ગઈ. તેમણે ઓઢણી મંગાવી, મને ઓઢાડી અને તેમના ઘરમાં અમો બંનેને ઘણાં સન્માનપૂર્વક રાખ્યાં.

મેં તેમને મારી વિતક કથા કહી. મેં પ્રશ્ન કર્યો : શું અમે મુસલમાન નથી ? મૌલાના મદની (રહ.)એ કહ્યું : બેશક, તમો મુસલમાન છો. લોકો ગમે તે કહે તેની પરવા ન કરો. અલ્લાહની નજરમાં તમો મુસલમાન છો. ઈમાનનો સંબંધ અલ્લાહ અને તેના રસુલ (સલ.) સાથે છે.

મને હિંમત આવી. મારા મનને ખુબ શાંતિ થઈ. મૌલાનાનાં ઘરવાળાંએ અમારી જે સરભરા અને મહેમાનગીરી કરી તેની ખ્રિસ્તી સમાજમાં કલ્પના પણ થઈ શકે નહી. મને જાત અનુભવ થયો કે મુસલમાનો કેવા હોય છે.

મને સંપૂર્ણ ખાતરી થઈ કે ઈસ્લામ જ એક માત્ર સત્ય ધર્મ અને સત્ય પંથ છે. બીજા બધા આડા અવળા પંથો છે. ઈસ્લામ જ મુકિતનો પંથ છે. તેમાં જ આત્માની શાંતિ અને સુખ છે. ઈસ્લામનો કમાલ છે કે તેણે પૂર્વ અને પશ્ચિમનું અંતર સમેટીને આખી દુનિયાની માનવજાતને એક કરી દીધી છે.

(ઉપરોકત કહાની નં. ૧, ૨, ૩ અને ૫ મૌ હથુરણી કૃત "અમે કેમ મુસલમાન બની ગયા ?" પુસ્તકમાંથી આભાર સહિત લીધી છે.)



અહી ફકત ઈસ્લામ સ્વીકારના થોડી કહાનીઓનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમ જેમ પરધર્મીઓ મુસલમાનોનાં સંપર્કમાં આવે છે અને ઈસ્લામના શિક્ષણનો અભ્યાસ પૂર્વાગ્રહ વગર માર્ગદર્શન મેળવવા કરે છે તેમ તેમ તેઓ મોટી સંખ્યામાં સ્વેચ્છાએ ઈસ્લામથી પાવન થઈ રહ્યા છે. આ તો દિવ્ય પ્રકાશની એક ઝલક છે. ઈસ્લામને લોકોની જરૂર નથી. લોકોને ઈસ્લામની જરૂર છે. દુનિયાને ઈસ્લામના શિક્ષણ પર સંપૂર્ણપણે આચરણ કરનારા સદ્‌ગુણી, સંસ્કારી, સદાચારી અને નિષ્ઠાવાળા મુસલમાનોની જરૂર છે. પરધર્મીઓમાં ઈસ્લામ પ્રચારના કાર્યને મુસલમાનો અગ્રિમતા આપતા નથી. ભારતમાં ઈસ્લામ પ્રચારક મીશનરી પ્રકારની સંસ્થા નથી. તેથી ભારતના પરધર્મીઓની મોટી બહુમતી ઈસ્લામના ધર્મશિક્ષણ વિષે અજાણ છે. તેઓ જે કાંઈ જ્ઞાન ધરાવે છે તે અતિ વિકૃત હોય છે. તેમ છતાં કેટલાક હિન્દુઓ સ્વેચ્છાએ ઈસ્લામથી પાવન થઈ રહ્યા છે.

આ સદીમાં ઈસ્લામના પાલવમાં અનેક વિખ્યાત વિદ્વાનોએ સુખ, શાંતિ

અને સંતોષનો અનુભવ કર્યો છે. તેની સંક્ષિપ્ત સૂચિ અહી પરધર્મીઓની જાણકારી માટે રજુ કરવામાં આવી છે. કદાચ તેઓને પ્રેરણા મળે.

પ્રખ્યાત યહુદી પત્રકાર અને લેખક લીઓપોલ્ડ વીઝ (મોહંમદ અસદ), વિદ્વાન યહુદી સન્નારી મરયમ જમીલા બેગમ, પ્રખ્યાત પૉપ સંગીતના ગાયક કેટ સ્ટીવન્સ (યુસુફ ઈસ્લામ), અમેરિકાના હબશી નેતા માલ્કમ એક્ષ (શાહબાઝ) અંગ્રેઝ ખ્રિસ્તી વિદ્વાન ડો. જર્માનુસ, બ્રિટીશ ઉમરાવ લોર્ડ હીડલી, બ્રિટીશ રાજનિતીજ્ઞ સર આર્તીબોલ્ડ હેમીલ્ટન, બોક્ષીંગ ચેમ્પીયન કેસીઅસ કલે (મોહંમદ અલી), લેખક, પત્રકાર, તંત્રી, અને રાજદ્વારી મુસદ્દી એલેકઝાન્ડર, રસેલ વેબ, બ્રિટીશ બેરોનેટ રાજનીતિજ્ઞ લાન્ડર બ્રનટન, જર્મન ખ્રિસ્તી પાદરી અમાન હોબ્રોમ, બ્રિટીશ ભાષા વિશારદ તંત્રી અને અનેક ડિગ્રીધારી પ્રોફેસર લીઓન, ફ્રાન્સના ડો. બેનેઈસ્ટ, ઓસ્ટ્રેલિઆના માનવ શાસ્ત્રના નિષ્ણાત પ્રોફેસર ડો. રોલ્ફ કેરાન એહરેફલ્સ, જર્મન વૈજ્ઞાનિક પત્રકાર અને લેખક પ્રોફેસર ડો. માર્કસ, કવિ અને લેખક કર્નલ ડોનાલ્ટ રોકવેલ, ડચ વિદ્વાન લેખક પ્રોફેસર આર. એલ. મેલેમા, અમેરિકાના ડર્ક મોસીગ, બ્રિટીશ લેડી એવીલીન કોબોર્ડ, ઓસ્ટ્રેલીઆના સીસીલીઆ કેનોલી, જર્મનીના ફાતેમા હીરેન, ઈંગ્લેન્ડની બિગ્રેટ હની અને તાજેતરમાં નીગ્રો બોક્ષીગ ચેમ્પીઅન માઈકલ જેકસન. એવા આધારભુત સમાચાર છે કે ઈ. સ. ૧૯૯૪ના વર્ષમાં વીસ હજાર જર્મન ખ્રિસ્તી યુવતીઓએ ઈસ્લામ સ્વીકાર કર્યો છે. વણજાર અવિરત ચાલુ જ છે.

અખાતના દેશોમાં ધંધા અને નોકરી અર્થે જનારા યુરોપ અને મુખ્યત્વે એશિયાના વિવિધ ધર્મોના અનુયાયીઓ ઈસ્લામથી પાવન થઈ રહ્યા છે. પશ્ચિમી જગતના લોકો ખ્રિસ્તી ધર્મ શિક્ષણથી અસંતુષ્ઠ છે. ખાસ કરીને તેનો યુવા વર્ગ નાસ્તિક, અધર્મી અથવા આવારા અને રખડુ Hippi બની ગયો છે. પણ વિચાર સ્વાતંત્ર્યને લીધે શિક્ષિત યુવા વર્ગ ઈસ્લામનું શરણ લઈ રહ્યા છે. ભારતમાં આ કક્ષાનું વિચાર સ્વાતંત્ર્ય રૂઢીચુસ્ત હિન્દુ સમાજમાં સંભવિત નથી. હિન્દુ બુદ્ધિજીવીઓમાં સત્ય સ્વીકારની નૈતિક હિંમત નથી અને તેઓમાં સાચા જ્ઞાનનો અભાવ, ઉદાસીનતા અને નિષ્ક્રિયતા છે. સામાન્ય જનતાને રોજી-રોટીના સંઘર્ષમાંથી ફુરસદ નથી. સત્ય ધર્મજ્ઞાનની જીજ્ઞાસા નથી. મૂર્તિપુજા એ તેમની બુદ્ધિ કુંઠિત કરી નાંખી છે.

૬. પવિત્ર કુરઆન વિષે પરધર્મી વિદ્વાનોનાં મંતવ્યો

કુરઆન ઈસ્લામ ધર્મની અંતિમ દૈવી કિતાબ છે. તે ઈશવાણી છે. તે પયગંબર મોહંમદ (સલ.) પર તેમના ઈશદૂતત્વ - નબુવત્તમાં ૨૩ વરસોના ગાળામાં જરૂરિયાત મુજબ જીબ્રાઈલ ફરિશ્તા દ્વારા પ્રેરિત કરવામાં આવ્યું હતું. આ

ચૌદ સદીનાં સમયમાં તે તદ્દન વિશુદ્ધ રહ્યું છે. તે દિવ્ય ઈશવાણી હોવાની સાબિતી છે. ભૂતપૂર્વ ધર્મશાસ્ત્રો વિકૃત થઈ ગયાં. તેમાં કુદરતી સંકેત છે તે હંમેશાં માટે માનવજાતના માર્ગદર્શન માટે ન હતાં. એટલે પરમેશ્વરે તેના સત્ય ધર્મની પૂર્ણાહૂતિ માટે તેનો અંતિમ સંદેશ કુરઆનમાં આપ્યો. કુરઆન અવિનાશી છે. તેની ભાષા મધુર અને મોહક છે. અલ્લાહનો આ કલામ છે. મુસલમાનોને કુરઆન ઘણું પ્રિય છે. તેથી જે કોઈ કુરઆનની પવિત્રતા પર પ્રહાર કરે ત્યારે તેઓના મર્મ સ્થાન પર ઘા થાય છે. બીજા ધર્મોના અનુયાયીઓ પોતાના ધર્મશાસ્ત્રો માટે આવો પ્રેમ રાખતા નથી.

મુસલમાનો તો કુરઆન માટે આ માન્યતાઓ ધરાવે છે. પણ પરધર્મી વિદ્વાનો પણ તેની વિશિષ્ઠતાઓનો મુકત કંઠે સ્વીકાર કરે છે. જેઓ પૈકી કેટલાક વિદ્વાનોના મંતવ્યો અહીં રજુ કરવામાં આવ્યાં છે.

(૧) જો કુરઆન મોહંમદ પયગંબરનું લખેલ હોત તો બીજા માણસો તેની તુલનામાં આવું બીજું ધર્મપુસ્તક લખી શકતે. કોઈ તેની દસ સુરહ - પ્રકરણો તો લખી જુએ. જો તે તેમ ન કરી શકે અને એ બાબત પણ તદ્દન સ્પષ્ટ છે કે કોઈ પણ વ્યકિત એવું લખાણ લખી શકે જ નહી. તો પછી તેઓએ કુરઆનની સત્યતાની સાબિતી રૂપે તેને એક બહુ મહાન અજાયબી હોવાનો સ્વીકાર કરવો જ પડશે.

- (H.A.R. Gibb; Mohammedanism, London-1953, p. 33

(૨) કુરઆન વિશુદ્ધતમ અરબી ભાષાનો નમુનો છે. તે અર્ધ ગદ્ય અને અર્ધ પદ્ય - Poetic-Prose વિશિષ્ટ શૈલીમાં લખાયેલું છે. તેના જેવું લખાણ લખવાના કેટલાક પ્રયાસો કરવામાં આવ્યા હતા પણ તેના જેવું લાવણ્યમય લખાણ કોઈ આજ સુધી લખી શકયું નથી. કુરઆન આજ સુધી કોઈ પણ ફેરફાર અને વિકૃતિ વગર તદ્દન વિશુદ્ધ રહ્યું છે.

- (F. F. Arbuthnot; The Construction of the Bible and the Quran, Londan, 1885, p. 5)

(૩) કુરઆન શ્રેષ્ઠ, સદ્‌ગુણી ઉદ્દેશોથી ભરપુર છે. તેમાં માનવીની સુધારણા અને ઉત્કર્ષ માટે બોધ વચનો છે. તેનાં નીતિ-નિયમો સંપૂર્ણ છે. જે સામાન્ય માનવીના જીવનની નાની-મોટી બધી બાબતો માટે યોગ્ય માર્ગદર્શન છે.

- (Hohn William Draper; A History of the Intelectual Devel-opment of Europe; London, Volume, one pp. 343-344)

(૪) કુરઆન જ્ઞાન અને વિજ્ઞાનનો પાયો છે. એ જાણી આપણે આશ્ચર્ય પામવું

ન જોઈએ. તેમાં પૃથ્વી, આકાશ અને અવકાશ, માનવી અને તેનાં કામકાજની સૌ બાબતો વિષે માહિતી છે. તેથી કુરઆન મુસ્લિમ જગતમાં જ્ઞાન-વિજ્ઞાનમાં બધાં ક્ષેત્રોમાં આશ્ચર્યજનક પ્રગતિ માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જવાબદાર છે. કુરઆને માત્ર મુસ્લિમો - અરબોને જ નહી પણ યહુદી, ગ્રીક અને ખ્રિસ્તી તત્વજ્ઞાનીઓ અને વિદ્વાનોને પણ પ્રેરણા આપી છે. યુરોપના મધ્ય યુગના ખગોળશાસ્ત્રીઓ મુસ્લિમ અરબોના શિષ્યો હતા. એવી જ રીતે કુરઆન ઔષધ વિદ્યાના અભ્યાસને પણ ઉત્તેજન આપ્યું અને કુદરતના અભ્યાસ કરી મંથન - વિચારણા માટે ભલામણ કરી છે.

- (Hartwing Hirschfeld, M. A. Ph. D. R. A. S., New Resources into the Composition and Exegesis of the Quran; London, 1902, p. 9)

(૫) કુરઆન જગતના સૌ મોટા ધાર્મિક ગ્રંથોમાં ખરેખર એક અગત્યનું સ્થાન ધરાવે છે. તે ધાર્મિક સાહિત્યમાં સૌથી આધુનિક ગ્રંથ છે. તેણે જગતના મોટા વર્ગના માનવીઓને તેની ચમત્કારિક અસરોથી પ્રભાવિત કર્યા છે. તેણે માનવીની વિચારસરણીમાં એક નવો પ્રવાહ અને તાજગી ઉત્પન્ન કર્યા છે.

- (Rev. G. Margoliouth in the Introduction to the Quran by Rev. J.M. Rodwell, London, 1918)

(૬) ઈસ્લામનો પાયો કુરઆન છે. ધર્મ, નીતિ, જ્ઞાન, વિજ્ઞાન વગેરે બાબતોમાં કુરઆનનું અમર્યાદિત આધિપત્ય છે.

-(Sir Williom Muir, The Life of Mohammed, London, 1903, Ch. "The Quran" p. VII)

(૭) કુરઆનમાં કાંઈ પણ ખામી નથી. પણ જો કાંઈ ખામી હોય તો તે તેનાં અપુરતા ભાષાંતરોમાં હોઈ શકે. પણ તેના પ્રમાણિક ભાષાંતરો કરવામાં આવ્યાં છે. અરબી ભાષી કુરઆન પરમેશ્વર તરફથી ઉતારવામાં આવ્યું છે. તે Divine Revelation - ઈશપ્રેરિત છે. તેનું ભાષાંતર ગમે તેટલું વિશ્વાસપાત્ર હોય તેમ છતાં અરબી ભાષી કુરઆનમાં જે ખુબીઓ અને વિશિષ્ઠતાઓ છે તે તેના ભાષાંતરોમાં હોતી નથી.

- (A. J. Arberry, The Holy Quran; An Introduction with Selections, London, 1953, p. 25-26-27)

(૮) કુરઆનમાં કોઈ બનાવટ અને દગાની ઘુસણખોરી થવાની કોઈ શકયતા

અને સંભાવના નથી. આ બાબતમાં કુરઆન પ્રાચીન કાળનાં બીજાં ધાર્મિક શાસ્ત્રોથી તદ્દન ભિન્ન છે. એક નિરક્ષર માનવી મોહંમદે આવું સર્વોત્તમ પુસ્તક લખ્યું હતું. એમ કહેવું અતિશય વિચિત્ર બાબત છે.

- (Besont Kumar Bose, Mohamedanism; Calcutta, 1931, p. 4)

(૯) દુનિયામાં કુરઆન સિવાય બીજું કોઈ પુસ્તક આ બાર સદીઓ સુધી વિશુદ્ધ આવૃત્તિ રૂપે રહ્યું નથી.

- (Sir Williom Muir quoted by Prof. K.S. Rama Krishna Rao, The Prophet of Islam, p. 3)

(૧૦) કુરઆનનો શબ્દે શબ્દ પરમેશ્વર તરફથી પ્રેરિત છે. જે પયગંબર મોહંમદને જીબ્રાઈલ ફરિશ્તા મારફતે શીખવવામાં આવ્યું હતું. તેનો એકે એક અક્ષર અને શબ્દ સંપૂર્ણ છે. તે હંમેશ માટે દૈવી ચમત્કાર છે. જે તેની અને પયગંબર મોહંમદની સત્યતાની સાબિતી છે. તેની રચના, રજુઆત અને શૈલી એટલી ઉચ્ચ કક્ષાની છે કે માનવીઓ અને જીન્નાતો કુરઆનની એક નાનામાં નાની સુરહ (પ્રકરણ) બનાવી શકતા નથી. જેમાં કુરઆન જેવું શિક્ષણ અને ભવિષ્યવાણી હોય. જો તેની અદ્‌ભુત માહિતી નિરક્ષર મોહંમદ પયગંબરે ઉપજાવી કાઢયું હોય તો શિક્ષિત ભાષાવિદ લેખકો તેમ કરવામાં કેમ સફળ થઈ શકતા નથી ?

- (Harry Gaylord Dorman; Towards Understanding Islam; New york, 1948, p. 3)

(૧૧) કુરઆનની આયતો - પંકતિઓની શાબ્દિક રચના અને તેની અજોડ શ્રેષ્ઠતા તે દૈવી ધર્મશાસ્ત્ર હોવાની સાબિતી છે.

- (Paul Cassanova; L' emisignement, Del' Arabe All College De France in Lecond Qverture, 26th April, 1909)

(૧૨) કુરઆન સૌથી વધુ બૌદ્ધિકો, મહાન તત્વચિંતકો અને પ્રખર રાજનીતિજ્ઞોના ડહાપણ અને જ્ઞાનનું સ્ત્રોત - ઝરણું છે. કુરઆન દિવ્ય આકાશી ગ્રંથ છે. તેનો પુરાવો છે. સદીઓ પહેલાં તે પયગંબર મોહંમદ પર ઉતારવામાં આવ્યું ત્યારથી આજ સુધી તે અણિશુદ્ધ સચવાયું છે. આવા જગતમાં મુસલમાનો તેનું પઠન વારંવાર કરે છે. પણ તેઓને તેનો લેશમાત્ર કંટાળો આવતો નથી. જેમ જેમ તેનું પઠન વધુ પ્રમાણમાં કરવામાં આવે છે તેમ તેમ તેના પ્રત્યેની ચાહનામાં દરરોજ વૃદ્ધિ થતી રહે છે. તેના પઠનથી અને ધ્યાનપૂર્વક શ્રવણથી તેના માટે આદરભાવ, પ્રભાવ અને ગર્વની લાગણી ઉદ્‌ભવે છે.

- (Laura Veccia Verlieri; Apologie Del, Islamisme, pp. 57-59)

(૧૩) આ બાબતનો સ્વીકાર કરવો પડશે કે કુરઆન દૈવી શકિત, જ્ઞાન, તત્વજ્ઞાન, સર્જનહારની એકતા અને તેના પ્રત્યેની અસ્થા - શ્રદ્ધાની બાબતોમાં સૌથી વધુ પ્રશંસાપાત્ર છે. તેમાં ઉમદા સદ્‌ગુણોની તિવ્રતા અને ડહાપણ રહેલાં છે. તેમાં એવાં તત્વો છે કે જેના પાયા પર શકિતશાળી પ્રજાઓ, રાષ્ટ્રો અને સામ્રાજ્યોનું ઘડતર થઈ શકે છે.

- (Rev. J. M. Rodwell; The Koran, London, 1918. p. 15)

(૧૪) કુરઆન દુનિયામાં સૌથી વધુ પઠન કરવામાં આવતું પુસ્તક છે. તે સૌથી વધુ પ્રમાણમાં કંઠસ્ત થયું છે. અને થતું રહેશે અને જે લોકો કુરઆનમાં આસ્થા રાખે છે તેઓના દૈનિક જીવનમાં તે સૌથી વધુ અસરકારક છે.

કુરઆનના સૌથી પ્રથમ સુરહ-પ્રકરણમાં મુખ્ય બાબત એક માત્ર પુજનિય મહા દયાળુ અને કૃપાળુ વિશ્વ સર્જક, પાલક, પોષક, મહા શકિતશાળી અને મહા જ્ઞાની પરમેશ્વર છે. જેની સ્તૃતિ આકાશોમાં અને પૃથ્વીમાં જે કાંઈ છે તે કરે છે.

આ દૈવી સંદેશે મૂર્તિપુજાની આસ્થાનો મૃત્યુ ઘંટ વગાડી દીધો અને માનવીના જીવનમાં પરિવર્તન લાવી દીધું. કુરઆન સદ્‌ગુણી અને સુઘડ જીવનની બાબતોમાં અને તેના પર અમલ કરવા માટે સીધો, સાદો સંદેશ આપે છે. અને એક માત્ર પરમેશ્વરની જ બંદગી અને તેની જ તાબેદારીનું શિક્ષણ આપે છે. તેનું શિક્ષણ તદ્દન વ્યવહારિક અને સહેલાઈથી અમલ થઈ શકે એવું વાસ્તવિક - Practical છે. એક માત્ર પુજનિય અલ્લાહ વિષે તેનાં શિક્ષણમાં તે અજોડ છે. તે નિયમિત જીવન માટે વ્યવહારૂ શિક્ષણ આપે છે.

- (James A. Michener, Islam the Misunderstood Religion; Reader's Digest, American Edition, May, 1955)

(૧૫) જગતમાં બીજા કોઈ ધર્મશાસ્ત્રનું કુરઆન જેટલું વાંચન થતું નથી. મોહંમદના અનુયાયીઓ બાળપણમાં બોલતાં શીખે ત્યારથી કુરઆનના ઘણાં પ્રકરણો દરરોજ પાંચ વખત પઢે છે.

- (Charles Francis Potter; The Faith Men Live By; King's Wood, surrey, England, 1955 p. 81)

(૧૬) કુરઆન મુસલમાનોનાં જીવનમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે. તેમાં ધાર્મિક આસ્થા, પ્રાર્થનાની રીતો અને નાગરિક જીવનનો કાનુન છે. આવું પુસ્તક આ જમાનામાં બહુ મોટા પ્રમાણમાં વંચાવું જોઈએ.

- (E. Dennison Rose, Introduction to The Koran by George Sale, London pp V-VII)

(૧૭) કળીયુગમાં જો સાચા તરીકા પર કામ લાગે તેવી કોઈ કિતાબ હોય તો તે ફકત કુરઆન છે. પંડિતો પુરાણ અને પોથી નાહક ભણી રહ્યા છે.

- (ગુરૂનાનક : ગ્રંથ સાહેબ)

(૧૮) કુરઆનમાં એવું એક પણ વિધાન નથી જે આધુનિક વિજ્ઞાનની દષ્ટિએ વાંધાજનક અથવા વિરૂદ્ધ હોય. કુરઆન અને વિજ્ઞાનનો સંબંધ આશ્ચર્યજનક છે. બંને વચ્ચે સુમેળ છે. આધુનિક જમાનાનાં જુજ અપવાદો સિવાય ઘણા ખરા પશ્ચિમી વિજ્ઞાન શાસ્ત્રીઓ ધર્મ વિરૂદ્ધ જે વલણો ધરાવે છે તે ખ્રિસ્તી અને યહુદી ધાર્મિક માન્યતાઓના તેમના જ્ઞાનના આધારે છે. તેમના વિધાનોને ઈસ્લામ સાથે કશી લેવા-દેવા નથી. તેઓ પૂર્વાગ્રહથી પીડાય છે. તેમનો પૂર્વાગ્રહ વારસાગત છે.

કેટલીયે સદીઓ સુધી ખ્રિસ્તી જગતે વૈજ્ઞાનિક પ્રગતિનો વિરોધ કર્યો હતો. જ્યારે ઈસ્લામનું વિજ્ઞાન પ્રત્યેનું વલણ તદ્દન ભિન્ન છે. મોહંમદ પયગંબરે તો ભારપૂર્વક કહ્યું હતું કે, જ્ઞાનની ખોજ દરેક મુસ્લિમ પુરુષ અને સ્ત્રીની ફરજ છે.

જો કુરઆન માનવીનું લખેલ હોત તો તેમાં સાતમી ઈસ્વી સદીના બનાવોનું જ વર્ણન હોત. પણ કુરઆનમાં જે કોઈ લખાણ છે તે તો આધુનિક વૈજ્ઞાનિક જ્ઞાન સાથે સુસંગત છે. ઘણી ખરી વૈજ્ઞાનિક હકીકતોનો ઉલ્લેખ કુરઆનમાં કરવામાં આવ્યો છે. જેનું આધુનિક સમયમાં પ્રતિપાદન થયું છે.

ફ્રેન્ચ વૈજ્ઞાનિક, લેખક મોરીસ બુકાઈલે તેમના આ કથનના સમર્થનમાં કેટલીક બાબતોનો હવાલો આપ્યો છે.

ખગોશાસ્ત્રમાં અંતરિક્ષની ખોજ અંતરિક્ષ અને અવકાશ પ્રવાસ, બેલાસ્ટીક મીસાઈલ, પ્રાણીનો પાણીમાં થયેલો ઉદ્‌ભવ, ગર્ભના વિકાસના તબક્કા, પૃથ્વી, આકાશ અને અવકાશની ઉત્પત્તિ અને રચના, સૂર્યમાળા, તારામંડળ, ગ્રહો અને ઉપગ્રહો, આકાશગંગા, સૂર્ય અને ચંદ્રનું ભ્રમણ, ગતિ, ભ્રમણ કક્ષા, સૂર્ય વર્ષ અને ચંદ્ર વર્ષનો તફાવત અને બંને વચ્ચેનો સંબંધ, દિવસ અને રાત્રિનો ક્રમ, બ્રહ્માંડનો વિકાસ, વર્ષા, ધરતીકંપ, પવન, ભરતી-ઓટ, પૃથ્વીની ઉત્પત્તિ અને રચના, વાતાવરણ, વાતાવરણમાં રહેલું વિધુત, ભિન્ન ભિન્ન પ્રકારના ફુલો, ફળફળાદિ, અનાજ, વનસ્પતિ, મધ, લોહી, માદા પ્રાણીના શરીરમાં ઉત્પન્ન થતું દૂધ, પ્રાણીઓ અને પક્ષીઓમાં નર-માદા, કરોડીઆ અને મધમાખી જેવા જંતુઓની કારીગીરી અને કામગીરી, માનવ શરીરના વિકાસના તબક્કા, માનવીના શરીરમાં ઉત્પન્ન થતું વિર્ય વગેરે વગેરે અનેક આધુનિક શોધખોળો વિષે ઉલ્લેખ અને માહિતી કુરઆનમાં છે.

તદુપરાંત ભુતકાળના કેટલાક ઐતિહાસિક બનાવો વિષે ઉલ્લેખ કુરઆનમાં

છે. જેના આધારે પુરાતત્વવાદી શોધખોળ શકય બની છે. અને પ્રાચીન પ્રજાઓના અવશેષો મળી આવ્યા છે. કુરઆનમાં કેટલીક ભવિષ્યવાણીઓ પણ છે. જે સમયે સમયે સત્ય સાબિત થતી રહે છે.

કુરઆન આધુનિક વૈજ્ઞાનિક શોધખોળોની હકીકતો સાથે સુસંગત છે. આ બાબતો પુરવાર કરે છે કે કુરઆન ઈશવાણી છે. તે મોહંમદે લખેલું એ આક્ષેપ સદંતર જુઠો છે.

- (Maurice Bucaille; The Bible, The Quran and Science English Translation of La Bible, La Quran et La Science from French by Alastir D. Pannell and the Author; American Trust Publications U.S.A. 1978; Chapters 3, 4, 5, 6, 7)

(૧૯) જે લોકો મુસલમાનોની પડતી માટે કુરઆનના શિક્ષણને દોષિત ઠેરવે છે તેઓએ કુરઆનનો અભ્યાસ કરવો જોઈએ. જ્ઞાનની ખોજ તો દરેક મુસ્લિમની ફરજ છે. વિદ્વાનો તો પયગંબરોના વારસદારો છે. આ મહાન શાસ્ત્ર વાંચીને તેના પર મનન કરવું જોઈએ. તેમાં જગ્યા જગ્યાએ મૂર્તિપુજા અને ભૌતિકવાદ પર પ્રહારો કરવામાં આવ્યા છે.

- (Dr. A. Betherand; Contribution Des Arabs All Progress Des Sciences Medicales; Paris, 1883, p. 6)

૭. ઈસ્લામ પરિચય

સનાતન, શાશ્વત સત્ય વિશ્વધર્મ એકજ છે અને તે છે ઈસ્લામ. જગતના બીજા બધા ધર્મો પ્રાદેશિક અને જાતિય કક્ષાના છે. જગતની બધી જાતિઓ માટે ઈસ્લામ મઝહબ-ધર્મનું શિક્ષણ જ બધી બાબતોમાં સાનુકૂળ છે. બધા ઈશદુતોએ આ એકજ ધર્મનો સંદેશ પાઠવ્યો હતો. જેમાં ફકત એકજ પરમેશ્વરની બંદગીનો આગ્રહ કરવામાં આવે છે. અંતે પયગંબર મોહંમદ (સલ.)ના આગમનથી ઈસ્લામ તેની સંપૂર્ણ કક્ષાએ પહોંચી ગયો. મોહંમદ (સલ.) ઈસ્લામના - અલ્લાહના અંતિમ પયગંબર છે. હવે બીજો કોઈ પયગંબર - ઈશદુત માનવીના માર્ગદર્શન માટે આવશે નહીં. ઈશદુતત્વ નો હવે અંત આવી ગયો. કુરઆન છેલ્લું આકાશી ધર્મશાસ્ત્ર છે.

કલમાએ શહાદતમાં "લા ઈલાહ ઈલ્લલ્લાહ" પ્રથમ ભાગ છે "મોહંમદુ રસુલલ્લાહ" તેનો બીજો ભાગ છે. પ્રથમ ભાગનો અર્થ અલ્લાહ સિવાય બીજો કોઈ (ઈલાહ) પુજનિય નથી, અને બીજા ભાગનો અર્થ મોહંમદ (સલ.) અલ્લાહના રસુલ - ઈશદુત છે. આ કલેમોનો જીભથી ઉચ્ચાર કરવાથી અને તેને અંતઃકરણપૂર્વક સત્ય

માનવાથી ઈસ્લામમાં પ્રવેશ મળે. જે આ કલેમો ઉચ્ચારે અને સત્ય માને તે મુસ્લિમ, મુસલમાન અથવા મોઅમીન કહેવાય. મુસ્લિમ અને મુસલમાન એટલે અલ્લાહનો આજ્ઞાંકિત બંદો (દાસ). મોઅમીન એટલે ઈમાનવાળો - શ્રદ્ધાળુ મુસ્લિમ."

કુરઆનની ઈશવાણી છે તે વિશુદ્ધ છે. તેમાં એક ઈશ્વરવાદનો સંદેશ છે. અલ્લાહના હુકમો અને નિષેધો; માનવીના હકો અને ફરજો છે. નીતિમય જીવનના આદેશો છે. અને બોધવચનો છે. પાપો-દુષ્કર્મોની ચેતવણી છે. સદ્કર્મોના બદલાનું વચન છે.

કુરઆનમાં ૧૧૪ પ્રકરણો અને ૬૬૬૬ પંકિતઓ છે. કુરઆનને ત્રીસ વિભાગોમાં વહેંચવામાં આવ્યું છે. પ્રકરણોના શિર્ષકો આપવામાં આવેલાં છે. પ્રકરણો "બિસ્મીલ્લાહે રર્હમાને ર્રહીમ" શબ્દોથી શરૂ થાય છે. તેનો અર્થ શરૂ કરૂં છું અલ્લાહના નામથી જે મહા દયાળુ, કૃપાળુ છે. પ્રથમ પ્રકરણ સુરહ ફાતેહા છે. તેમાં સૌ પ્રથમ અલ્લાહની સ્તૃતી-યશોગાન છે. અને પછી સીધા પંથ પર ચાલવાના માર્ગદર્શન માટે યાચના છે.

કુરઆન શુદ્ધ અરબી ભાષામાં છે. તેનાં અનેક ભાષાઓમાં ભાષાંતરો થયાં છે.

કુરઆની શૈલી અર્ધ ગદ્ય - અર્ધ પદ્ય પ્રકારની છે. તે અલૌકિક, મધુર અને લાવણ્યમય છે. તેમાં એક મિઠાશ છે. તેના પઠન અને શ્રવણથી હૃદયમાં એક અનોખા પ્રકારનો આદરભાવ ઉત્પન્ન થાય છે.

ઈસ્લામના શિક્ષણના બે મુખ્ય આધાર સ્તંભો છે. "કુરઆન" અને "હદીસ" કુરઆન અલ્લાહની વાણી; હદીસ પયગંબર મોહંમદ (સલ.)ની વાણી. કુરઆન અલ્લાહના શબ્દોમાં છે. જ્યારે હદીસ પયગંબર મોહંમદ(સલ.)ના શબ્દોમાં છે. તેમણે ધર્મજ્ઞાનની બાબતોમાં કાંઈ પણ પોતાની મનેચ્છાથી કહ્યું ન હતું. પણ જે કાંઈ તેમને ઈશપ્રેરિત થયું હતું તે જ કહ્યું હતું. હદીસ કુરઆનનું સ્પષ્ટિકરણ અને અનુમોદન કરે છે. હદીસનું લેખન અને સંકલન હિજરી પહેલી અને બીજી સદીઓમાં બહુ સાવચેતી અને તેની વિશુદ્ધતાની ચકાસણી કરીને કરી લેવામાં આવ્યું હતું. હદીસના છ સંગ્રહો સર્વમાન્ય છે. જે "સીયા સિત્તાહ"ના નામથી પ્રખ્યાત છે.

કુરઆનનો હુકમ છે કે અલ્લાહની તાબેદારી કરો અને તેના પયગંબર (સલ.)ની તાબેદારી કરો. અલ્લાહના હુકમથી કુરઆન અને હદીસના શિક્ષણ પર અમલ કરવો. હદીસને "સુન્નહ"ના નામથી પણ ઓળખવામાં આવે છે.

કુરઆન અને હદીસ પછી ઈસ્લામી શિક્ષણનું ત્રીજું સ્ત્રોત પયગંબર મોહંમદ (સલ.)નું જીવન ચરિત્ર છે. તેને "સીરત" કહેવામાં આવે છે. તેમના સમકાલીન સાથીઓએ તેમની જીવનકથા લખી લીધી હતી. એટલે તે પણ ઐતિહાસિક અને આધારભૂત છે. તેમનું જીવન આદર્શમય હતું.

ઈસ્લામી કાયદા-કાનુન શાસ્ત્રીને "શરીઅત" કહેવામાં આવે છે. શરીઅત

કુરઆન અને હદીસના હુકમો, નિષેધો, નિયમો અને બોધવચનો પર આધારિત છે. શરીઅત સર્વાંગી છે. તેમાં વ્યકિતગત, કૌટુંબિક, સામાજિક , રાજકિય, અર્થકારણ, વગેરે સૌ જીવન ક્ષેત્રોને લગતી બધી જ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઈસ્લામી શરીઅત કોઈ માનવીનું સર્જન નથી. તેમાં કોઈ ફેરફાર કરવાનો અવકાશ નથી.

ઈસ્લામી સાહિત્ય - કુરઆન, હદીસ-સુન્નહ, સીરત, શરીઅત વગેરે વિશુદ્ધ અને શિષ્ટ છે. કશું જ અશ્લિલ લેશમાત્ર નથી. તેમાં કોઈની નિંદા-નાલેશી નથી. પરધર્મીઓનાં ધર્મશિક્ષણ પુજ્યો અને ધર્મગુરૂઓ વિષે કોઈ ટીકા, ચારિત્ર્યહનન અથવા આક્ષેપો નથી. આ ઈસ્લામી સાહિત્ય અનેક ભાષાઓમાં ઉપલબ્ધ છે. જે ઈચ્છે તે તેમાંથી જ્ઞાન અને બોધપાઠ ગ્રહણ કરી શકે છે. તેમાં દંતકથા, પરીકથા, લોકકથા અને ઉપજાવી કાઢેલી વાર્તાઓ મુદ્દલ હોતાં નથી.

ઈસ્લામ એટલે અલ્લાહ, તેના અંતિમ મહાન પયગંબર મોહંમદ (સલ.), તેમના પુરોગામી પયગંબરો, કુરઆન અને તેના પહેલાંનાં ઈશપ્રેરિત આકાશી ધર્મશાસ્ત્રો, ફરિશ્તા, હિસાબ (કિયામત)નો દિવસ, જન્નત અને જહન્નમ અને તકદીરને સત્ય માનવાં.

ઈસ્લામ લાવ્યા પછી ચાર મુખ્ય કર્તવ્યો છેઃ નમાઝ (સલાત), રોઝા (સોમ), ઝકાત અને હજ, નમાઝ અને રોઝા કિશોર વયથી મૃત્યુ સુધી દરેક પુરુષ અને સ્ત્રી માટે ફરજીયાત છે. સ્થિતિ પાત્ર મુસલમાનો માટે ઝકાત અને જિંદગીમાં એક વાત મક્કાની હજ ફરજિયાત છે. આ ચાર કર્તવ્યો અલ્લાહની બંદગી છે.

ઈસ્લામ જીવંત ધર્મપંથ છે. ઈસ્લામના ઈબાદતના તરીકામાં બંદાની વિનમ્રતા, અલ્લાહના હુકમનો સ્વીકાર, કૃપા યાચના, માનવીની લાચારી અને પાપોનો સ્વીકાર અને ક્ષમા યાચના છે. અલ્લાહ અને તેનાં પેદા કરેલ બંદા વચ્ચેનો પ્રત્યક્ષ સંબંધ છે. તેમાં કોઈ ધર્મગુરૂ, પંડિત, પાદરી કે મુલ્લા મધ્યસ્થી નથી. અલ્લાહ બહુ કૃપાળુ અને દયાળુ છે. મનુષ્યે ફકત તેની જ બંદગી કરવી જોઈએ. ઈસ્લામમાં ઈબાદતની અનોખી વિશિષ્ઠતાઓ છે.

અલ્લાહ રાજી થાય એવું કોઈ પણ કાર્ય અને વાણી અને માનવસેવા પણ (જેમાં કોઈ ધાર્મિક ભેદભાવ નથી) તેની બંદગી છે. અલ્લાહ તેનો બદલો (સવાબ) આપે છે. પરલોકમાં તેના આજ્ઞાંકિત બંદાના ઈમાન, ઈસ્લામ, ઈબાદત, તાબેદારી અને નેક કાર્યોનો બદલો જન્નત છે.

મુસલમાનોનું કર્તવ્ય છે કે એક બને, નેક બને અને અન્યોને ભલી બાબતો પ્રત્યે બોલાવે - અને સૌથી શ્રેષ્ઠ ભલાઈ ઈસ્લામનું આમંત્રણ આપવાનું કાર્ય છે. બીજાઓને ઈસ્લામના શિક્ષણની જાણકારી આપે. ઈસ્લામનું આમંત્રણ બુદ્ધિપૂર્વક સત્ય દલીલબાજીથી સમજાવીને આપવાનો હુકમ છે. ઈસ્લામમાં બળજબરીની મનાઈ છે. ઈમાનનો સંબંધ અંતઃકરણ સાથે છે. મુસ્લિમોએ અલ્લાહથી ડરતાં રહેવું, તેનું

આજ્ઞાપાલન કરવું, તેની નિયુકત કરેલી ઈબાદત - નમાઝ, રોઝા, ઝકાત અને હજની ફરજો પુરી કરવી, નિષેધ કરેલા કૃત્યો (પાપો)થી દૂર રહેવું, ભલાઈ-નેકીનાં કૃત્યો કરવાં, હલાલ રોજીની કમાણી કરવી, મનાઈ કરેલ સાધનોથી મેળવેલ રોજી હરામ થાય છે. હરામ અને નાજાએઝ રોજી ખાનારાની બંદગી અલ્લાહને સ્વિકાર્ય નથી. અલ્લાહના હકો અને બંદાના હકો બંને પુરા કરવા જરૂરી છે.

ઈસ્લામે નશો, નશીલા પદાર્થોનું સેવન,. તેનું ઉત્પાદન અને વેપાર અને વ્યાજ, વીમો, જુગાર-સટ્ટો, વાયદા બજાર, લોટરી વગેરે વ્યાજના પ્રકારો હરામ ઠેરવ્યાં છે. કોઈનો માલ તેની રજા વગર લેવો અથવા વાપરવો, લાંચ-રૂશ્વત, ભ્રષ્ટાચાર, દગો, ફટકો, વેપાર, ધંધા, નોકરી અને વ્યવહારમાં અપ્રમાણિકતા, કામચોરી, કોઈનું શોષણ કરીને અને કોઈનો વારસાહક ઝુંટવીને મેળવેલ માલ, ચોરી, નફાખોરી, ભેળસેળ, સંગ્રહખોરી, દગો, છેતરપિંડી વગેરે સૌ પાપી કૃત્યો છે.

ઝકાત, વારસા હકની વહેંચણી અને વ્યાજ નિષેધથી સમાજમાં ધનદૌલતની માલિકીપણાનું ધ્રુવિકરણ અંકુશમાં રહે છે. ઈસ્લામમાં કોઈ પણ પ્રકારના શોષણની મનાઈ છે. અનાથનો માલ વાપરવાની અને લઈ લેવાની સખત મનાઈ છે. અનાથ, વિધવા, અપંગ, અશકત, અને નિરાધાર લોકોની સહાય કરવાની સ્થિતિ પાત્ર મુસલમાનોની ફરજ છે. તેમાં કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખવાની કોઈ શરત નથી. સૌ પીડીતો માનવીઓ છે.

લગ્ન માટે યુવતીની મંજુરીની જરૂર છે. તે ઈચ્છે તેટલી રકમ, તેણીને મહેર તરીકે યુવકે આપવી પડે. મહેર વગર નિકાહ નથી. મહેર તેણીની મિલકત છે. ઈસ્લામમાં દહેજ નથી.

કુરઆનમાં તલાકની પરવાનગી આપવામાં આવી છે. પણ તલાક અલ્લાહને પસંદ નથી. લગ્ન વિચ્છેદ કેટલીક વેળા અનિવાર્ય બને છે. જો પતિ તેના તલાકના અધિકારનો દુઉપયોગ કરે તો તેણી યોગ્ય રક્ષણની જોગવાઈ કરવાની માંગણી કરી શકે છે. તેણીને લગ્ન વિચ્છેદ ("ખુલઅ")નો હક છે. લગ્ન વિચ્છેદ કરવા તેણી પર જુલમ કરવાની જરૂર રહેતી નથી. તેથી મુસ્લિમ સ્ત્રીઓ ભાગ્યે જ આપઘાત કરે છે. મુસ્લિમ સમાજમાં "તન્દુર" બનાવો બનતા નથી.

ઈસ્લામમાં "હિજાબ" - પડદા પ્રથામાં સ્ત્રીઓના શિયળ અને સન્માનનું રક્ષણ છે. દરેક સમાજમાં ચારિત્ર્યહીન અસામાજિક તત્વો હોય છે. એટલે તેઓથી, થતી સતામણી અને બળાત્કાર અંકુશમાં લેવા સ્ત્રીઓને પોતાના રૂપ અને શણગાર ઢાંકીને જરૂર પડે તો જ ઘર બહાર નીકળવાનો હુકમ છે. સ્ત્રીના કોમળ અવાજમાં આકર્ષણ છે તેથી તેણીને મોટા અને મૃદુ અવાજે બોલવાની મનાઈ છે. તેણીના ચારિત્ર્ય પર આક્ષેપ કરવો પાપી કૃત્ય છે. પુરુષ અને સ્ત્રી બંનેને નજર નીચી

રાખવાનો હુકમ છે. ઈસ્લામે અતિ નિકટના લોહીની સગાઈ સિવાયના સ્ત્રી-પુરુષ મેળ-મેળાપ પર પ્રતિબંધ મુકયો છે. જેથી વ્યભિચારનો પ્રસંગ ઉપસ્થિત ન થાય. પુરુષ-સ્ત્રીની સમાનતા હિમાયતીઓ સ્ત્રીને ઘરમાંથી બહાર કાઢી પુરુષની જાતિય વાસનાનો શિકાર બનાવી તેણીના શિયળ-લાજની લૂંટ અને શોષણ કરવાનો છે. આ કહેવાતી પુરુષ-સ્ત્રી સમાનતાના કડવાં ફળો પરધર્મીઓ ચાખી રહ્યા છે.

ઈસ્લામ મર્યાદિત સંખ્યામાં (ચાર) પત્નીઓ એકી સમયે નિકાહ પઢીને રાખવાની પરવાનગી આપે છે. પણ તે હુકમ નથી. માત્ર છુટ છે. જેનો જરૂર પડે તો જ ઉપયોગ કરવામાં આવે. આ મર્યાદિત લગ્ન પ્રથામાં પુરુષની જાતિય વાસનાના સંતોષ, સંતાન પ્રાપ્તિ, વિધવાઓ અને ત્યકતાઓના રક્ષણ અને જીવન નિર્વાહ અને સ્ત્રીઓની વધતી જતી વસતી વગેરે સામાજિક સમસ્યાનો સ[illegible]ળ ઉકેલ છે. તેથી કુંવારી માતા, બાપ વિહોણા બાળકો, જાતિય બળાત્કાર, વ્યભિચાર, "ગર્લ ફ્રેન્ડ" અને નિયોગ જેવી બાબતો ઉપસ્થિત થતાં અટકાવે છે. ઈસ્લા[illegible] ગર્ભપાતની મનાઈ કરે છે. શિશુ બાળકીનો ગર્ભપાત માનવ હત્યા છે.

માનવ ઈતિહાસમાં સૌ પ્રથમ ઈસ્લામે સ્ત્રીને વારસાહક, મિલ્કતની માલિકી હક અને ધાર્મિક સમાનતા આપી છે. પુરુષ અને સ્ત્રીના પરસ્પરના હકો અને ફરજો છે. સુખી દાંપત્ય જીવનનો આધાર પતિ અને પત્નીની પરસ્પરની વફાદારીમાં છે. તેથી સ્ત્રીના શીલના રક્ષણ અને લગ્ન બહારની જાતિય વાસના તૃપ્તિની સંભાવના પર અંકુશની જોગવાઈ ઈસ્લામે કરી છે. જીવનનિર્વાહ, કમાવવાની ફરજ પુરુષ વર્ગની છે. કુટુંબની દેખરેખ અને સંતાનોના ઉછેર, શિક્ષણ, સ્વાસ્થ્ય વગેરેની ફરજ સ્ત્રીની છે. આ કુદરતી કાર્ય વહેંચણી છે. પુરુષ અને સ્ત્રીની કાર્યક્ષમતાના આધારે આ કામ વહેંચણી છે. પુરુષને સ્ત્રી પ્રત્યે માનપૂર્વક વર્તન કરવાનો આદેશ છે. પત્ની જીવનસાથી છે. જન્નત માતાના પગ તળે છે. પુત્રી સાપનો ભારો નથી. જે કોઈ પોતાની પુત્રીનો સારી રીતે ઉછેર કરે અને સારૂં શિક્ષણ આપે તેને જન્નતની ખુશખબર પયગંબર મોહંમદે (સલ.) આપી છે. મુસ્લિમ સમાજમાં સ્ત્રીનું મોભાભર્યુ સ્થાન છે. પુરુષ કુટુંબનો વડો છે. તે સ્ત્રીનું રક્ષણ કરે અને ભરણપોષણ કરે.

ઈસ્લામમાં શિસ્ત છે. અંધાધુંધી નથી. મનમાની જીવન પ્રથા નથી. ઈસ્લામી શરીઅતનો ઉદ્દેશ એક શિષ્ઠ, સંસ્કારી, અને સુખી જીવન વ્યવસ્થાનો છે. શરીઅતના હુકમો અને નિષેધો ઈશપ્રેરિત છે. માનવ સર્જિત નથી. તે માનવીના બિનજવાબદાર વાણી અને વર્તન પર અંકુશ લાદે છે. જેથી તે સીધો ચાલે, દુષ્ટ કામોથી દૂર રહે, પરમેશ્વરથી ડરે, પશુ નહીં, માનવી બને, શરીઅતના બંધનમાં જ ખરી સ્વતંત્રતા અને સુખ-રાહત અને શાંતિ છે.

ઈસ્લામી શરીઅત (કાયદા-કાનુન, આચાર સંહિતા) માનવતાવાદી છે. તે માનવ પ્રકૃતિ સાથે સુસંગત છે. તે માણસને એક સારો માનવી બનાવવા માંગે છે. સ્વચ્છંદતા સ્વતંત્રતા નથી. શિસ્તમાં સ્વતંત્રતા છે. કાયદા કાનુનો વગર તો કોઈ

સમાજ અને દેશનો વહીવટ શકય નથી. જગતની સુવ્યવસ્થા માટે કાયદા કાનુનો તો હોવા જ જોઈએ. જગતની આવી સુવ્યવસ્થા માટે પરમેશ્વરે કાયદા-કાનુનનો કોડ માનવજાતને આપ્યો છે, તેનું નામ શરીઅત. માનવી આવો સંપૂર્ણ કોડ ઘડી શકતો નથી. ઈસ્લામી શરીઅતની કેટલીક અગત્યની બાબતોનો દુનિયાના કેટલાયે દેશોનાં કાયદાઓમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ઈસ્લામમાં સન્યાસ અને વૈરાગ્ય નથી. ઈસ્લામી શિક્ષણ માનવીને બ્રહ્મચારી, સન્યાસી, સાધુ અને સાધવી બનવાનું શિક્ષણ આપતો નથી. વૈરાગ્ય સન્યાસ અને બ્રહ્મચર્ય માનવ પ્રકૃતિની તદ્દન વિરૂધ છે. તે આદર્શ નથી. તે અમાનવિય વિચારધારા છે. નિકાહ તો પયગંબર મોહંમદ (સલ.)ની સુન્નત છે.

ઈસ્લામ ક્રિયાકાંડનો ધર્મ નથી. ઈસ્લામ ફકત ઈશ્વરની ઈબાદત પુરતો મર્યાદિત નથી. પણ ઈશ્વરની સંપૂર્ણ તાબેદારીમાં છે. ઈસ્લામ મસ્જીદમાં, ઘરોમાં, સમાજમાં - બધે જ છે. જીવનના દરેકે દરેક ક્ષેત્રમાં ઈસ્લામ છે. કલેમો પઢી લીધો, નમાઝ પઢી લીધી, રોઝા રાખી લીધા, ઝકાત આપી અને હજ કરી એટલે સમાપ્તિ થતી નથી. ઈસ્લામ તો સમસ્ત જીવનમાં ઓતપ્રોત હોવો જોઈએ. ખાનગી જીવન હોય કે જાહેર જીવન - રોજીરોટીની બાબત હોય કે રાજકારણ, કૌટુંબિક હોય કે સામાજિક. - બધી જ બાબતોને ઈસ્લામે આવરી લીધી છે. ઈસ્લામ તો જીવન પંથ છે સફળ અને સુખી જીવન જીવવાનો આદર્શ છે. અને પ્રેકટિકલ પણ. ઈસ્લામ સર્વાંગી ધર્મ શિક્ષણ પુરૂં પાડે છે. ઈસ્લામના શિક્ષણને કાળ અને સ્થળની મર્યાદા નથી.

ઈસ્લામનો ઉદ્દેશ નૈનિક અને ભૌતિકવાદી નથી. તેનો મકસદ સદ્‌ગુણી, સંસ્કારી અને સદાચારી જીવનનો છે. ઉચ્ચ જીવન ધોરણ - High Standard of living તેનું લક્ષ્ય નથી. ઉચ્ચ જીવન ધોરણ નક્કી કરેલ સાધનો દ્વારા મળે તો તે સ્વિકાર્ય છે. સાધન અને સાધ્ય બંને પવિત્ર હોવાં જોઈએ. યેન કેન પ્રકારે (શરીઅતમાં મના કરેલાં સાધનો અને રીતોનો ઉપયોગ કરીને) ધન મેળવી ઉચ્ચ જીવન ધોરણ ભોગવવાની સખત મનાઈ છે. ઈસ્લામી શરીઅતમાં જાએઝ અને હલાલ રોજી માટે સખત આગ્રહ રાખવામાં આવે છે. નાજાએઝ - Unpermissible અને હરામ unlawful (ભલે તે સરકારી કાયદા મુજબ - Legal હોય) રોજી પર નિર્ભર જીવન જીવતા મુસલમાનોની ઈબાદત પણ અલ્લાહને સ્વિકાર્ય નથી. તેનું દાન અસ્વિકાર્ય છે. તેની નમાઝ અને દુઆ કબુલ થતાં નથી. કયા કામો અને કઈ ચીજો નાજાએઝ અને હરામ છે તે સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે.

ઈસ્લામમાં મુડીવાદ અને આર્થિક શોષણ નથી. મોહંમદ (સલ.)નો આદેશ છે કે મજુરને તેનો પરસેવો સુકાઈ જાય તે પહેલાં તેનું મહેનતાણું ચુકવી દો. મજુર પાસે તેની શકિતની મર્યાદાથી વધુ કામ ન લો. તેના કામમાં મદદ કરો. તે તમારા માટે ભોજન રાંધે તો તેનો મ્હોંમાં એક કોળીઓ મુકો. તેના શ્રમની કદર કરો. પયગંબર મોહંમદ (સલ.) ગરીબોની સંગત પસંદ કરતા. તેઓની સહાય કરતા.

ભુખ્યાને ખવડાવતા અને પોતાના સાથીઓને ભુખ્યાને ખાણું ખવડાવવાનો, ગરીબોને દાન આપવાનો, નિર્બળોની સહાય કરવાનો, અને દેવું વસુલ કરવામાં કરજદારને સહુલત અને મોહલત આપવાનો આદેશ આપ્યો હતો.

ઈસ્લામે તેના સમયમાં ગુલામોની વાસ્તવિકતાનો સ્વીકાર કરીને તેઓની વિટંબણા, શોષણ અને અત્યાચાર દૂર કરવા અને તેઓની મુક્તિ માટે આદેશ આપતા હુકમો આપ્યા છે. કુરઆનમાં અને હદીસમાં ગુલામીની નાબુદી માટેના સ્પષ્ટ હુકમો છે. ગુલામોની આઝાદીના દષ્ટાંતો ઈસ્લામમાં છે. ઈસ્લામે ગુલામોને સમાજમાં ઉચ્ચ સ્થાને લાવી મુકયા હતા. તેઓને અન્ય મુસલમાનો જેટલા જ સમાન હકો, અધિકારો અને તકો આપવામાં આવ્યાં હતા.

ઈસ્લામમમાં વિશ્વ બંધુત્વ, એકતા, ન્યાય અને સમાનતા પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. અમીર અને ગરીબ, રાજા અને રૈયત, કાળા અને ગોરા બધાં સમાન છે. કોઈ રંગભેદ નથી. આભડછેડ નથી. ઊંચનીચ નથી. આ વિશ્વબંધુત્વ અને સમાનતાના લીધે ઈસ્લામ દુનિયાની બધી જાતિઓ માટે સ્વિકાર્ય બન્યો છે. ઈસ્લામ વિશ્વ ધર્મ છે. તેનો આ પુરાવો છે. અલ્લાહના સૌ બંદા સરખા છે. બધા મનુષ્યો આદમ (અલૈ.)ની ઔલાદ છે. અલ્લાહની દષ્ટિમાં તે માનવી શ્રેષ્ઠ છે જે સદ્‌ગુણી અને સદાચારી છે. અને અલ્લાહથી ડરીને ચાલતો હોય. સૌ મુસલમાનો આપસમાં ભાઈ-ભાઈ છે. Pan Islamism એક જીવંત બળ છે. તેને રાજકિય અને રાષ્ટ્રિય સીમાડા નથી.

ઈસ્લામનો આ એક મહાશક્તિશાળી સિદ્ધાંત છે. તે જંગલો અને રણવગડાના રખડુઓ, સીધા સાદા માનવીઓ, ધનાઢયો, બુદ્ધિજીવીઓ અને તાજોતખ્તના માલિકોને - સૌને એક સમાન દરજ્જો આપે છે.

ઈસ્લામની એક અનોખી જીવન પદ્ધતિ છે. મુસલમાનોની આગવી સંસ્કૃતિ છે. પોતાના સંસ્કાર છે. વાણી અને વર્તનની અનોખી વિચારસરણી છે. સાદગી અને વિનમ્રતા છે. પરમેશ્વરની આધીનતા છે. પરમેશ્વરની અનોખી બંદગી છે. સલામ દુઆ છે. સલામ મુસલમાનની ઓળખ છે. ઈસ્લામમાં અલ્લાહની સર્વોપરિતા છે. માનવી તો અલ્લાહનો ખલીફા - પ્રતિનીધી છે.

જન્મ, મરણ, નિકાહ, દફનવિધિ, પહેરવેશ, ખોરાક, સ્વચ્છતા, બાળક ઉછેર, માતા-પિતા, સાગં-સ્નેહીઓ અને વડીલો સાથેનો વર્તાવ અને સ્નેહ-આદરભાવ, બાળકો પ્રત્યે મમતા, સ્ત્રીઓનું સન્માન, પાડોશોના (ભલે તે ગમે તે ધર્મના) હકો, પરધર્મીઓ સાથેના સંબંધો વગેરે સૌ બાબતોનું ઈસ્લામમાં શિક્ષણ છે. ચોક્કસ હુકમો અને નિષેધો છે. માનવજાતની સેવા ધર્મશિક્ષણનું એક અંગ છે.

ઈસ્લામમાં બહુદેવતાવાદ, માનવ-ભગવાનો, પરમેશ્વરના અવતારો, દેવો-દેવીઓ અને દેવતા નથી. મૂર્તિપુજા, સંતોની પુજા, સૂર્યપુજા, લીંગ અને યોની પુજા નથી. જન્મ આધારિત સામાજિક અસમાનતા, ઊંચ-નીચ, રંગ, જાતિ, ભાષા અને કૂળનો ભેદભાવ નથી. અસ્પૃશ્યતા, અન્યાય, અત્યાચાર, દમન, અમાનુષી વાણી-વર્તન, મુડીવાદ, ભૌતિકવાદ, ઉપભોકતાવાદ, નાસ્તિકવાદ, અને મુડીવાદી શોષણ નથી. નિરંકુશ વાણી-વર્તન, સ્વચ્છંદતા, અંધશ્રદ્ધા, માનવ બલિદાન, દેવો અને દેવીઓના પુતળાં, મૂર્તિઓ અને બિભત્સ ચિત્રો-ચિત્રકળા નથી. આવાગમન, જન્મ જન્મના ફેરા, આત્માની અવગતિ, ભૂત-પ્રેત, અપશુકન, અવતાર, સ્થાપિત પુજારીવાદ, પ્રાર્થનાના નામે ધર્મગુરૂઓનો ભ્રષ્ટાચાર નથી. તાંત્રિક સાધનાનો ઢોંગ નથી. નુત્ય, સંગીત અને બિભત્સ સાહિત્ય નથી. પરધર્મીઓના પુજ્યો પ્રત્યે તિરસ્કાર નથી.

ઈસ્લામમાં પરણિત જીવન બહાર જાતિય વિષય વાસનાની તૃપ્તિ અને નિયોગ નથી. દેવ-સેવાના નામે જાતિય વાસના સંતોષવા દેવ-દાસીઓ અને નૃત્યાંગનાઓ નથી. મનોરંજન માટ નર્તિકા નથી. વૈરાગ્ય અને બ્રહ્મચર્ય નથી. સાધુ-સાધવીઓ, સન્યાસીઓ, અને નગ્ન સાધુઓ નથી. પાપ ધોવાણ માટે પવિત્ર સ્નાન-ડુબકી નથી. મઠો અને આશ્રમમોમાં ધર્મના નામે આચરવામાં આવતો અનૈતિક દુરાચાર નથી. સંતોની છેતરપીડી નથી.

ઈસ્લામમાં નિંદા, નાલેશી, ચારિત્ર્ય હનન, ગીબત અને બોહતાન નથી. આ દુષ્કાર્યોને પોતાના મૃત્યુ પામેલ ભાઈના શરીરનું માંસ ખાવા જેવું હીન કાર્ય ઠેરવવામાં આવ્યું છે. જીભનો ઉપયોગ ઈશ્વર સ્તુતિ અને સત્ય બાબતોના ઉચ્ચાર માટે છે. કોઈને જીભ અને હાથથી ઈજા અને દુઃખ આપવાં પાપ છે.

ઈસ્લામના મુલ્લા અને મૌલવી ધર્મ ઉપદેશકો છે. તેઓ ઈસ્લામી શિક્ષણ આપે. મુસલમાનોની સુધારણા માટે પ્રવચનો કરે. ઈમાન, ઈસ્લામ, ઈબાદત, સદ્‌ગુણો અને સદ્‌કાર્યો માટે લોકોને ઉત્સાહિત કરે છે. અન્ય ધર્મોના શિક્ષણની આલોચના અને નિંદા-નાલેશી તેઓ મુદ્દલ કરતા નથી. મસ્જીદો અને જાહેર ધાર્મિક સંમેલનોમાં પરધર્મીઓને આ બધી બાબતોનો જાતઅનુભવ મેળવવાની છુટ છે. કોઈ રોકટોક નથી.

પરમેશ્વરે હિસાબ-કિતાબનો દિવસ નિર્મિત કર્યો છે. તે દિવસની તેના સિવાય કોઈને જાણ નથી. તેણે સ્વર્ગ અને નર્ક બનાવ્યાં છે. જે લોકો એક પરમેશ્વર અને તેના મહાન અંતિમ પયગંબર મોહંમદ (સલ.), અન્ય ઈશદૂતો, ફરિશ્તાઓ, કિયામતના દિવસ, સ્વર્ગ અને નર્ક અને તકદીર પર ઈમાન લાવે. ફકત એક પરમેશ્વરની જ સ્તુતિ, બંદગી અને તાબેદારી કરે. કુરઆનને સત્ય પરમેશ્વરવાણી માને, પયગંબર મોહંમદ (સલ.)મે શીખવેલ ધર્મ શિક્ષણ મુજબ આચરણ કરે, નેક

કાર્યો કરે અને પાપોથી દૂર રહે. એવા જ લોકો માટે સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં છે. જે કોઈ પાપી કૃત્યો માટે અંતઃકરણપૂર્વક પશ્ચાતાપ (તવબા) કરે. તેની સમક્ષ માફી માંગે અને પાપી કૃત્યોથી હંમેશ માટે દૂર રહેવાની પ્રતિજ્ઞા લે તો મહા કૃપાળુ અને દયાળુ પરમેશ્વર બધું માફ કરી દે છે. કોઈ મુસલમાન પાપ કરે અને પરમેશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો તેને પણ નર્કની શિક્ષા ભોગવવી પડે પણ કાયમ માટે નહી. તે શિક્ષા ભોગવ્યા પછી સ્વર્ગમાં જશે. ઈસ્લામના ઈન્કારીઓ માટે નર્કની અગ્નિ શિક્ષા છે.

પરમેશ્વર શિર્ક સિવાય બીજા બધા ગુનાહો-પાપો બક્ષી દે છે. તે ચાહે તેને માફ કરી દે. તે મહા શકિતશાળી, દયાળુ અને કૃપાળુ છે. બહુદેવતાવાદ અને મૂર્તિપુજા (જેને ઈસ્લામની પરિભાષામાં શિર્ક કહેવામાં આવે છે) અક્ષમ્ય મહા પાપ છે. પરમેશ્વરના નાફરમાન મુશરિકો (બહુદેવતાવાદીઓ અને મૂર્તિપુજકો) અને નાસ્તિકો માટે નર્ક છે. જેમાં તેઓએ સદા રહેવાનું છે. તેમાંથી તેઓને કદાપિ મુકિત મળશે નહી.

સુજ્ઞ વાંચકોએ આ સીધું, સાદું, સરળ, સનાતન સત્ય સ્વીકાર કરવાની નૈતિક હિંમત દાખવી સ્વહિતમાં દૃઢ સંકલ્પ કરવાની જરૂર છે. ઈસ્લામનું આમંત્રણ સમસ્ત માનવજાત માટે છે. આવો ! ઈસ્લામનો કલેમો પઢી ઈસ્લામના વિશ્વબંધુત્વમાં શામેલ થઈ જીવન સાર્થક કરો. આ સંદેશ અન્યોને પણ પહોંચાડો. સત્ય ધર્મ ઈસ્લામ સ્વીકાર કરવા માટે માર્ગદર્શન - હિદાયત પરમેશ્વર - અલ્લાહ તરફથી છે.

જમાનો જ્ઞાનનો છે. અંધશ્રદ્ધા હવે ઝાઝો સમય ટકશે નહી. સત્ય જ્ઞાન મેળવવા કુરઆન, હદીસ અને નબી મોહંમદ (સલ.)ની જીવનકથા અને ઈસ્લામી ઈતિહાસનો અભ્યાસ દરેક મનુષ્ય માટે આવશ્યક છે. કોઈ મનુષ્ય ગમે તેટલો મોટો સાક્ષર, વિદ્વાન, પંડિત, પુરોહિત અથવા અનેક ડિગ્રીધારી હોય પણ તે જ્યાં સુધી આ જ્ઞાન મેળવે નહી ત્યાં સુધી તે અશિક્ષિત અને અજ્ઞાની છે. બીજું બધું દુન્યવી જ્ઞાન રોજી-રોટીનું સાધન છે. મનોરંજન માટે છે. તે ખરૂં જ્ઞાન નથી. ધર્મશાસ્ત્રોના તુલનાત્મક અભ્યાસ, મનન અને ચિંતનથી જ સત્યની ખોજ શકય બને છે. જે કોઈ નિષ્ઠાપૂર્વક ઈસ્લામનો અભ્યાસ કરે તો તે જરૂર પ્રભાવિત થાય. ઈસ્લામના શરણમાં સુખ, સંતોષ, આનંદ અને મુકિત છે. બીજાં બધાં ઝાઝવાનાં જળ છે. ઈસ્લામનો દિવ્ય પ્રકાશ જીવન સાફલ્યનો સત્યમાર્ગ બતાવે છે. અન્ય ગુમરાહી,છેતરપિંડી અને ઈશદ્રોહ છે. માનવીએ જીવન સાફલ્ય માટે પોતાની ઈચ્છા શકિત Free will નો સદ્ઉપયોગ કરવો આવશ્યક છે.

૮. (અ) ઈસ્લામ વિરૂદ્ધ જૂઠા પ્રચારનો પ્રતિઉત્તર

સૌથી પ્રાચીન ધર્મ ઈસ્લામ. સૌથી આધુનિક ધર્મ ઈસ્લામ, તે માનવ પ્રકૃતિને અનુરૂપ, સીધો, સાદો, સરળ, સત્ય ધર્મ છે. તો પછી પ્રશ્ન ઉદ્‌ભવે છે કે તેની વગોવણી પરધર્મીઓ ઝનુનપૂર્વક શા માટે કરે છે ? ઉત્તર સ્પષ્ટ છે : ગુલાબનું ફુલ કંટકોથી ઘેરાયેલું છે. અસત્ય પરિબળોએ સત્યનો ઘેરાવ કરી લીધો છે. અસત્યને સત્યનો ભય પેસી ગયો છે. અસત્ય પરિબળો લઘુતાગ્રંથિથી પીડાય છે. તેથી ઈસ્લામની ઝડપી આગેકૂચ થંભાવી દેવા અવરોધો ઊભા કરવાના પ્રયાસો થાય છે. તેના પ્રતિસ્પર્ધીઓ તેના વિષે જુઠો પ્રચાર કરે છે. જેથી તેમના અનુયાયીઓમાં ઈસ્લામ, પયગંબર મોહંમદ (સલ.) શરીઅત અને મુસલમાનો વિષે પૂર્વાગ્રહ બંધાઈ જાય અને તેઓ ઈસ્લામથી દૂર રહે.

ઈસ્લામ સાથે સૌ પ્રથમ સંપર્ક યહુદીઓ અને ખ્રિસ્તીઓને થયો હતો. યહુદી અને ખ્રિસ્તી ધર્મોના ધર્મગુરૂઓ અને અભ્યાસીઓએ પયગંબર મોહંમદ (સલ.)ને તેઓના ધર્મશાસ્ત્રોની ભવિષ્યવાણીના આધારે ઓળખી લીધા હતા. તેઓ પૈકી કેટલાક લોકોએ તેમનો ઈશદૂત તરીકે સ્વીકાર કરી લીધો હતો. બીજા કેટલાક લોકોને સમજ તો પડી ગઈ હતી પણ તેમનો અને તેમના સંદેશનો સ્વીકાર કરવાની તેઓ નૈતિક હિંમત દાખવી શકયા ન હતા. તેઓ ઈસ્લામ અને પયગંબર મોહંમદ (સલ.) ના શત્રુઓ બની બેઠા. ઈસ્લામની પ્રથમ સદીથી જ તેઓની આ શત્રુતાની પરંપરા ચાલતી આવી છે. જેમ જેમ ઈસ્લામની આગેકૂચ તિવ્રતર બનતી જાય છે તેમ તેમ ખ્રિસ્તી અને યહુદી અને હિન્દુઓની શત્રુતા પણ ઉગ્રતર બનતી જાય છે. કુરઆન કહે છે કે ભલે કાફિરો (ઈન્કારીઓ) અને મુશરિકો (બહુદેવતાવાદીઓ)ને ન ગમે પણ તેઓની ફુંકથી અલ્લાહનું નૂર (ઈસ્લામનો દિવ્ય પ્રકાશ) હોલવાઈ જશે નહી. અને તે પરિપૂર્ણ થઈને જ રહેશે. અંતે સત્યનો જય થશે. સત્યના ચઢાણ કપરાં હોય છે.

ઈસ્લામના આગમન સમયે અરબ દ્વિપકલ્પના ઉત્તર ભાગમાં ખ્રિસ્તી રોમન સામ્રાજ્ય હતું. ખિલાફત સમયમાં મુસલમાનોએ રોમન સામ્રાજ્ય જીતી લીધું. હતું. પેલેસ્ટાઈન પર મુસલમાનોનું શાસન સ્થાપિત થયું. તે પાછું મેળવવા દસમી અને અગીયારમી ઈસ્વી સદીમાં યુરોપમાં ધર્મગુરૂઓ, પૉપ, બીશપો વગેરેએ યુરોપના ખ્રિસ્તી રાજવીઓને લલકાર્યા. ખ્રિસ્તી સૈન્યોના ધાડાં ધર્મયુદ્ધ - Crusadeમાં ભાગ લેવા પેલેસ્ટાઈનમાં ઉતરી પડયાં. ખ્રિસ્તી ધર્મગુરૂઓએ સૈનિકોને પ્રોત્સાહિત કરવા ઈસ્લામ, પયગંબર મોહંમદ (સલ.) અને મુસલમાનો વિરૂદ્ધ જુઠો પ્રચાર કર્યો. પણ જ્યારે યુરોપના આ ખ્રિસ્તી સૈનિકો અરબ અને અને તુર્ક મુસલમાનોના સંપર્કમાં આવ્યા ત્યારે તેઓ પૈકી કેટલાક સૈનિકોને જુદો જ અનુભવ થયો. ઈસ્લામ અને

મુસલમાનો વિષે જુઠા પ્રચારનો ભ્રમ ભાંગી ગયો. કેટલાક ખ્રિસ્તીઓએ ઈસ્લામ સ્વીકાર્યો. આથી ખ્રિસ્તી ધર્મગુરૂઓ વધુ ભયભિત થયા.

યહુદીઓ જાતિય ગર્વ અને અહંકાર માટે કુખ્યાત છે. તેઓ માને છે કે પરમેશ્વરના અંતિમ મહાન દૂત તો હાયવાહની માનીતી યહુદી પ્રજામાં પેદા થવા જોઈએ. પણ મોહંમદ (સલ.) તો અરબ પ્રજામાં પેદા થયા. તેમનો ગર્વ ઘવાયો. તેથી તેઓ તેમના અને ઈસ્લામના શત્રુ બન્યા.

અરબ મુસલમાનોએ આખો અરબ દ્વિપકલ્પ અને ઉત્તર આફ્રિકાના દેશો જીતી લીધા. ખ્રિસ્તી શાસનનો અંત આવ્યો. પછી સ્પેન જીતી લીધું. તુર્ક મુસલમાનોએ એશિયા માઈનોર અને પૂર્વ યુરોપ જીતી લીધાં. છેક વીએના સુધી પહોંચી ગયા. આ બધું કેમ સહન કરી શકાય ? યુરોપના ખ્રિસ્તી રાજવીઓ એકતા સાધી શકયા નહી.

ઈ.સ. ૧૧૮૩માં સુલતાન સલાહુદ્દીન અય્યુબી (રહ.)એ પેલેસ્ટાઈન પુનઃ જીતી લીધું.

મુસલમાનોની ઝડપી ફતેહ આગળ ખ્રિસ્તીઓ અને યહુદીઓ લાચાર અને હતાશ થયા. સૈન્ય બળથી મુસલમાનો પર વિજય મેળવી શકાય તેમ ન હતું. યુદ્ધના મેદાનમાં અને ધર્મજ્ઞાનના વાદ-વિવાદમાં ઈસ્લામના ધર્મજ્ઞાનની અને મુસલમાનોની બરોબરી થઈ શકે એમ ન હતું. પણ ખ્રિસ્તીઓએ હઠાગ્રહ છોડયો નહી. શત્રુતા ચાલુ રાખી.

ખ્રિસ્તી અને યહુદી ધર્મગુરૂઓ અને વિદ્વાનોએ પૌર્વાત્ય ધર્મો અને ઈતિહાસના અભ્યાસીઓ - Orientalistsનો વેશ લીધો. તેઓએ કુરઆન, હદીસ, પયગંબર મોહંમદ (સલ.)ના જીવન વૃતાંત, શરીઅત, ઈતિહાસ અને અરબી ભાષાનો અભ્યાસ જ્ઞાન માટે નહી, માર્ગદર્શન માટે નહી પણ ખોડખાપણની શોધખોળ માટે કર્યો. કશું જ વાંધાજનક સાંપડયું નહી. ધાર્મિક ઈર્ષાનો ડંખ હતો. વેરવૃત્તિનો અગ્નિ દિલમાં ભારેલો હતો. તેઓના દિલ અને દિમાગમાં ઈસ્લામ, પયગંબર મોહંમદ (સલ.) અને મુસલમાનો પ્રત્યે ધૃણા હતી. એટલે તેઓએ ઈસ્લામની વિકૃત રજુઆત કરવા કુરઆન મનુષ્યવાણી છે. પયગંબર મોહંમદ (સલ.) જુઠા છે, ચારિત્ર્યહિન છે વગેરે આક્ષેપો કરતાં અનેક પુસ્તકો લખ્યાં અને બહુ મોટા પ્રમાણમાં તેનો પ્રચાર કર્યો. વેરીને સત્ય-અસત્યની પરવા હોતી નથી. તેઓએ અસત્ય અને અર્ધસત્ય બાબતો ઉપજાવી કાઢી અને ખ્રિસ્તી જગતને ઊંધા પાટા બાંધ્યા. જેથી ખ્રિસ્તીઓ ઈસ્લામથી અળગા રહે.

યુરોપના દેશોએ ખ્રિસ્તી ધર્મગુરૂઓના પ્રોત્સાહનથી એશિયા, આફ્રિકા, અમેરિકા - જગતભરમાં શોષણવાદી સામ્રાજ્યવાદની જાળ પાથરી. રાજકિય વર્ચસ્વ આર્થિક શોષણ, સંસ્કૃતિ વિનાશ અને ઈસ્લામ વિરૂદ્ધ પ્રચાર અને ખ્રિસ્તી ધર્મ પ્રચાર, ધન, સત્તા અને સૈન્ય - શસ્ત્રોના બળથી કર્યો.

મુસલમાનો પાસે ઈસ્લામ પ્રચારની સંસ્થાઓ, પ્રચાર સાધનો , સંગઠનો અને નાણાંનો અભાવ હતો. તેઓની નિષ્ક્રિયતા અને હતાશા પણ ખરી. તેથી તેઓ ઈસ્લામ વિરૂદ્ધ થતા જુઠા પ્રચારનો પ્રતિઉત્તર આપવા અસમર્થ હતા. સંજોગો વિપરીત હતા. યુરોપીયન ખ્રિસ્તી સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદની ત્રણ-ચાર સદીઓના સમય કાળમાં મુસલમાનોને ઘણી આપત્તિઓનો સામનો કરવો પડયો હતો.

બીજા વિશ્વયુદ્ધે (ઈ.સ. ૧૯૩૯-૪૫) (જે હકીકતમાં યુરોપિય પશ્ચિમી જગતનું યુદ્ધ હતું) યુરોપને ઢીલું અને કમજોર બનાવી દીધું. તેની સામ્રાજ્યવાદી પકડ ઢીલી બની. સંસ્થાનોને નાછુટકે લાચારીએ સ્વતંત્રતા આપવી પડી. સામ્રાજ્યવાદનો અંત આવ્યો. પરિસ્થિતિ બદલાઈ. મુસલમાન બહુમતીવાળા દેશો સ્વતંત્ર થયા. મુસલમાનોમાં જાગૃતિ આવી; હિંમત આવી.

ઈ.સ. ૧૯૬૨-૬૫માં ખ્રિસ્તી ધર્મના કેથોલીક સંપ્રદાયના બીશપોની વેટીકન કાઉન્સલે એક ઠરાવ પસાર કરીને ઈસ્લામ વિરૂદ્ધ થયેલ જુઠા પ્રચારનો પશ્ચાતાપ કર્યો અને ખ્રિસ્તીઓને મુસલમાનો સાથે સારા સંબંધો સ્થાપિત કરવાનો આદેશ આપ્યો. જો કે ખ્રિસ્તીઓએ પોતાના મલીન હેતુનો ત્યાગ કર્યો નથી.

મુસલમાનોએ રોજી-રોટીની શોધમાં મુસલમાનોએ આફ્રિકા, યુરોપ, અમેરિકા, ઓસ્ટેલેસીઆ, અને દૂર દૂરના દ્વિપોમાં વસવાટ કર્યો. તેઓ પોતાની સાથે ઈસ્લામનો સંદેશ લેતા ગયા. મસ્જીદો અને ઈસ્લામી શૈક્ષણિક કેન્દ્રોની સ્થાપના કરી. ઈસ્લામી સાહિત્યનું પ્રકાશન અને પ્રસારણ કર્યુ. ખ્રિસ્તીઓ મુસલમાનોના સમાગમમાં - સંપર્કમાં આવ્યા. તેઓની રહેણી-કરણી, સંસ્કાર, સંસ્કૃતિથી પ્રભાવિત થયા. ઈસ્લામના ધર્મ શિક્ષણની જાણકારી મેળવી ખ્રિસ્તીઓ અને યહુદીઓ ધર્મ પરિવર્તન કરી ઈસ્લામથી પાવન થવા લાગ્યા. દુનિયાનો કોઈ ખુણો એવો નથી જ્યાં ઈસ્લામનો દિવ્ય પ્રકાશ ફેલાયો ન હોય. અલ્લામા મોહંમદ ઈકબાલ (રહ.) એ લગભગ એક સદી પહેલાં ભવિષ્યવાણી ઉચ્ચારી હતી : "ગુંજેગી મગરિબકી વાદીઓંમેં અઝાં હમારી" તે સત્ય સાબિત થઈ. પશ્ચિમી જગતનું કોઈ એવું શહેર નથી કે જ્યાં અઝાન થતી ન હોય.

કુરઆન ભારપૂર્વક કહે છેઃ "લા ઈકરાહ ફીદ-દીન" દીનમાં - ધર્મમાં બળ જબરી નથી. પશ્ચિમી જગતમાં યુદ્ધના આધુનિક શસ્ત્રો તો ખ્રિસ્તીઓ અને યહુદીઓ પાસે છે. મુસલમાનો પાસે આ શસ્ત્રો નથી. અને પ્રચાર માધ્યમોની માલિકી નથી. પણ સત્યની તાકતના બળે ઈસ્લામનો જગતમાં ઝપડભેર ફેલાવો થઈ રહ્યો છે. તેથી પંડિતો, પૉપ, બીશપો, પાદરીઓ, મીશનરીઓ, રબીઓ, ઓરીએન્ટાલીસ્ટો અને રાજકર્તાઓ ચિંતાગ્રસ્ત છે.

ભારતમાં પણ દલિતો, અસ્પૃશ્યો અને અન્ય પીડીતો ધાર્મિક અને સામાજિક અસમાનતા, અન્યાય, શોષણ અને અત્યાચારમાંથી મુકિત મેળવવા ઈસ્લામનું શરણ

શોધી રહ્યા છે. અખાતના દેશોમાં આજીવિકા માટે જતા એશિયાના હિન્દુઓ, ખ્રિસ્તીઓ, બૌદ્ધો, જૈનો, વગેરે ઈસ્લામના શિક્ષણ અને સંસ્કૃતિથી પ્રભાવિત થઈને ધર્મ પરિવર્તન કરી રહ્યા છે. કોઈ પ્રલોભન કે બળપ્રયોગ નથી.

ઈસ્લામ ભૌતિકવાદી, ઉપભોકતાવાદી, બહુદેવતાવાદી, નાસ્તિકતા અને અમાનુષી ધર્મો, સંસ્કૃતિઓ અને જીવન પદ્ધતિઓનો એક માત્ર વિકલ્પ છે. તેમાં માનવીની સમસ્યાઓનો ઉકેલ છે. તેમાં સમાનતા, માનવતા, ન્યાય, એકતા, પ્રેમ, કરૂણા, અને વિશ્વબંધુત્વના ઉચ્ચ જીવનના ઉચ્ચ આદર્શો છે. તેની ઓથમાં રાહત, સુખચેન, સલામતી અને આત્મસંતોષ રહેલો છે.

ભૂતકાળમાં બધી પ્રજાઓના રાજકર્તાઓએ દેશો અને પ્રદેશો જીતેલા અને પરાજિત પ્રજાઓ પર રાજ્ય કરેલું. વિસ્તારવાદી અને સામ્રાજ્યવાદી યુદ્ધો દુનિયાના કોઈ એક ધર્મના અનુયાયીઓ પુરતાં મર્યાદિત ન હતાં. તેમાં યુરોપના ખ્રિસ્તી રાજવીઓ અને પ્રજાઓ મોખરે રહ્યાં છે.

વિજેતા અને રાજકર્તાના અને સંસ્કૃતિ, ભાષા, રહેણી-કરણી, રીતરિવાજો, પહેરવેશ, વગેરેનું અનુકરણ પરાજિત રૈયત કરે અને ધર્મ પરિવર્તન કરે એ સ્વાભાવિક છે. તેમાં પરાજિત પ્રજાને જાનમાલની સલામતી અને હિતોનું રક્ષણ જણાય. કાંઈ રાજકિય અને આર્થિક લાભોનું પ્રલોભન હોઈ શકે. ખ્રિસ્તી, બૌધ્ધ અને હિન્દુ વિજેતા રાજવીઓના રાજ અમલમાં સામાન્ય પ્રજાનું ધર્મ પરિવર્તન થયેલું મુસ્લિમ વિજેતા રાજવીઓ વિષે એવું જ બન્યું હોય એ અનુમાન ખોટું નથી. યુરોપિય સામ્રાજ્યવાદ અને વસાહતી સંસ્થાનોમાં પ્રચલિત છે કે, "The Cross followed the Flag" એક અમેરિકન આદીવાસી - "Red Indian" લેખક લખે છે કે, જ્યારે યુરોપના ખ્રિસ્તી પાદરીઓ અમેરિકા આવ્યા ત્યારે અમારી પાસે જમીન હતી અને તેઓ પાસે બાઈબલ હતું. આજે અમારી પાસે બાઈબલ છે અને તેઓ પાસે જમીન છે."

ખ્રિસ્તી ધર્મ જગતમાં કેવી રીતે બળજબરીપૂર્વક ફેલાવવામાં આવ્યો હતો તે વિષે એક પ્રચલિત ધર્મ-ગીત છે :

"Onward Christian soldiers unto unknown lands
Prayer book in pockets, rifles in hands,
Taking the happy tidings where trading can be done
Spread the peaceful Gospel with the gatling gun"

- (Barry Willioms ; Modern Africa, p. 7)

ખ્રિસ્તી સૈનિકોએ ખિસ્સામાં પ્રાર્થના પુસ્તક અને હાથમાં બંદુકો લઈને આફ્રિકા, અમેરિકા અને અને ઓસ્ટ્રેલેસીઆમાં ગોસ્પેલના સંદેશનો પ્રચાર કર્યો હતો. આર્યોએ પણ તેવુંજ કરેલું.

આર્યોએ વેદ ધર્મ અને મૂર્તિપુજા ભારતના આદીવાસીઓ પર લાધ્યાં હતાં. ભારતમાં બૌદ્ધ રાજવીઓની મદદથી બૌદ્ધ ધર્મ ફેલાયો હતો. મુસલમાન રાજવીઓના સમયમાં હિન્દુઓએ ઈસ્લામ સ્વીકાર કર્યો હતો. તેમાં બળજબરી કરવામાં આવી હતી આ આક્ષેપ ઐતિહાસિક રીતે આધારભૂત સાબિત થતો નથી.

જો આ આક્ષેપ સત્ય હોય તો સાતસો વર્ષોના મુસ્લિમ રાજઅમલમાં આ ઉપખંડમાં મુસ્લિમ બહુમતી હોત. ભારતમાં એક પણ પંડિત અને પુરોહિત ન હોત. ભારત એક મુસ્લિમ રાષ્ટ્ર હોત. પણ ઈતિહાસ સાક્ષી છે કે મુસલમાન રાજકર્તાઓ ધર્મ સહિષ્ણુતા દાખવતા હતા તેઓ અન્ય ધર્મોના અનુયાયીઓ પ્રત્યે ઉદાર હતા. હિન્દુઓ અને શીખોને સરકાર અને સૈન્યમાં ઉચ્ચ હોદ્દાઓ આપવામાં આવ્યા હતા. કોઈ સામુહિક ધર્મ પરિવર્તન થયું ન હતું. આ ઉપખંડમાં ઈસ્લામનો પ્રચાર મુસ્લિમ વિજેતા રાજકર્તાઓએ કર્યો ન હતો. તેઓ તો રાજ્ય વિસ્તારવાની ફિકરમાં વ્યસ્ત રહેતા અથવા મોજશોખ કરતા. અરબ વેપારીઓ અને સુફી-સંતોના સહવાસથી મૂળ નિવાસીઓએ ઈસ્લામ અંગીકાર કર્યો હતો. મુસ્લિમ સુફી-સંતોએ માનવતાવાદી હતા. માનવજાતની સેવા કરતા. તેમાં ધર્મ ભેદ ન હતો. મુસ્લિમ રાજકર્તાઓએ યુદ્ધો કરેલા, પ્રદેશો જીતેલા પણ રાજસત્તાનો ઉપયોગ કરી ઈસ્લામનો પ્રચાર કર્યો ન હતો. જો કે સત્યનો પ્રચાર કરવાનું દરેક માનવીનું કર્તવ્ય છે.

જો મુસ્લિમ વિજેતાઓએ બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવ્યું હોત તો સ્પેનમાં સાતસો વરસોના રાજઅમલમાં આખું સ્પેન, સાઈપ્રસ, માલ્ટા વગેરેમાં એક પણ ખ્રિસ્તી ન હોત. આ દેશો મુસ્લિમ રાષ્ટ્રો હોત. ઉત્તર, પશ્ચિમ અને પૂર્વ આફ્રિકાના મુસ્લિમ બહુમતી રાજ્યોમાં કોઈ પરધર્મી ન હોત.

મલેશીયા અને ઈન્ડોનેશીઆમાં મુસ્લિમ સામ્રાજ્ય ન હતું. પણ આ રાજ્યોમાં મુસ્લિમ બહુમતી છે. ઈન્ડોનેશીઆ સૌથી મોટો મુસ્લિમ દેશ છે. પૂર્વ એશિયાના દેશો - ફિલીપાઈન્સ, ચીન, જાપાન, થાઈલેન્ડ, બર્મા, વિએટનામ, કંબોડીઆ વગેરેમાં મુસ્લિમ શાસન ન હતું. પણ આ દેશોમાં મુસ્લિમ લઘુમતીઓ છે. મુસ્લિમ અફઘાનિસ્તાનમાં હિન્દુ અને શીખ લઘુમતીઓ સૈકાઓથી વસવાટ કરે છે.

અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીઆ, પેસિફીક અને આટલાંટીક મહાસાગરોના દ્વિપોમાં કોઈ મુસ્લિમ વિજેતાઓએ પગ મૂકયો ન હતો. પણ ત્યાંના મૂળ નિવાસીઓની સારી સંખ્યા મુસ્લિમોની છે.

મધ્ય-પૂર્વ એશિયાના જંગલી તાતારો અને મોંગલોએ મધ્ય પૂર્વ પર આક્રમણ કર્યું. મુસલમાનોની ખૂનરેજી કરી વિનાશ સર્જ્યો હતો. મુસ્લિમ રાજસત્તાનું નિકંદન કર્યું હતું. તેઓ અધર્મીઓ હતા પણ મુસલમાન અરબો અને તુર્કોના સંપર્કમાં આવ્યા પછી તેઓએ ઈસ્લામ સ્વીકાર્યો હતો. વિજેતા પરાજિત બની ગયા હતા.

(બ) મુસ્લિમ સહિષ્ણુતા

ધાર્મિક સહિષ્ણુતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પયગંબર મોહંમદ (સલ.) છે.

મદીનાના ઈસ્લામી સમવાય તંત્ર - Islamic Commonwelthનું બંધારણ (જે જગતનું સૌથી પ્રથમ હતું) Charter of Medina તરીકે ઓળખાય છે. તેના યહુદી નાગરિકોને સમાન નાગરિક, ધાર્મિક અને સામાજિક અધિકારો અને ધાર્મિક સ્વતંત્રતા આપવામાં આવ્યાં હતાં. મદીનામાં અલ્પ સંખ્યામાં ખ્રિસ્તી રોમનો, હબશીઓ અને જરથુસ્તીઓ પણ હતા. સૌ સુખ-શાંતિમય જીવન ગુજારતા હતા. કોઈ પરધર્મીની તેના ધર્મના લીધે કનડગત કરવામાં આવી ન હતી. તેઓને જાનમાલની સલામતી આપવામાં આવી હતી. આ સમવાયતંત્રનું બંધારણ પયગંબર મોહંમદ (સલ.) પોતે તૈયાર કર્યું હતું. તેઓ તેના બંધારણિય અને રાજકિય વડા હતા. પણ તેમનો કોઈ લકબ "Title" ન હતો. જે લોકો મદીનાના કરારમાં સામેલ થયા ન હતા તેઓને રક્ષિત (ઝીમ્મી)નો દરજ્જો આપવામાં આવ્યો હતો.

ખયબરના યહુદીઓ મદીના પર આક્રમણ કરવા અરબ કબીલાઓની ઉશકેરણી કરતા હતા. ઈ. સ. ૬૨૮માં ખયબરનું યુદ્ધ થયું હતું. તેમાં યહુદીઓની હાર થઈ હતી. પયગંબર મોહંમદ (સલ.)એ પરાજિત યહુદીઓ પ્રત્યે ઉદારતા દાખવી હતી. યુદ્ધમાં યહુદી ધર્મશાસ્ત્ર તવરાત - Torah ની કેટલીક નકલો મુસલમાનોના હાથમાં આવી હતી. પયગંબર મોહંમદ (સલ.) તે યહુદીઓને પરત કરી હતી. આ બનાવ વિષે યહુદી વિદ્વાન ડો. ઈઝરાઈલ વેલ્ફનસન લખે છે, "આ બનાવ બતાવે છે કે પયગંબરને યહુદી ધર્મશાસ્ત્ર પ્રત્યે કેટલો આદરભાવ હતો તેમની સહિષ્ણુતા, સદવર્તન અને વિનમ્રતાથી યહુદીઓ પ્રભાવિત થયા હતા. તેઓને આ વાત પણ યાદ હતી કે જ્યારે ઈ.સ. ૧૦માં રોમનોએ જેરૂસલેમ કબજે કરેલું ત્યારે તેઓ (રોમન ખ્રિસ્તીઓએ)એ યહુદી ધર્મશાસ્ત્રો પગ તળે રગડોર્યા હતાં અને બાળી નાખ્યાં હતાં. સ્પેનના ઝનુની ખ્રિસ્તીઓએ સ્પેનના યહુદીઓને રંજાડયા હતા અને તેઓના ધર્મશાસ્ત્રોને બાળી મુકયાં હતાં."

- (Dr. Israel Welphenson; Al-Yahud F. Bilad Arab; p. 7 Quoted by Indian Muslimt scholar Sayyad Abul Hasan Ali Nadwi in his book" "Muhammad Rasullah", p. 301)

મદીનાના અતરાફમાં વસતા યહુદી કબીલા મદીનાના સમવાયતંત્રમાં સ્વેચ્છાએ જોડાયા હતા. બનુ નઝીરના યહુદ કબીલાએ મોહંમદ (સલ.)ના ખૂનનું ષડયંત્ર કર્યું હતું. તેમના પર એક વજનદાર પત્થર એક મકાનના માળ પરથી ફેંકીને તેમને મારી નાખવા માટે એક માણસને તૈયાર કર્યો. નબી મોહંમદ (સલ.)ને શંકા પડી અને ત્યાંથી ચાલ્યા ગયા. મુસલમાનોએ તેઓની વસાહતને ઘેરો ઘાલ્યો.

યહુદીઓ શરણે આવ્યા. મોહંમદ (સલ.) તેઓને પોતાની બધી માલમત્તા સાથે મદીના છોડી જવાનો હુકમ કર્યો. એક પણ યહુદને મારી નાખવામાં, રંજાડવામાં કે કેદી બનાવવામાં આવ્યો ન હતો.

- (ઈબ્ને હિશામ, Sayyad Abul Hasan Ali; Nadwi op. cit. p. 230)

ખયબરની એક યહુદી સ્ત્રીએ પયગંબર મોહંમદ (સલ.) માટે ઝેર મિશ્રિત ખાણું મોકલ્યું હતું. તેમને ઈશપ્રેરિત જાણ થઈ. પેલી સ્ત્રીની પુછપરછ કરવામાં આવી. તેણીએ તેનો સ્વીકાર કર્યો. પણ તેમણે તેણીને કાંઈ પણ શિક્ષા પણ ન કરી. ઠપકો સુદ્ધાં આપ્યો ન હતો.

એક વેળા તેઓ એક ઝાડ નીચે સુતા હતા ત્યારે ગોરાથ નામના એક પરધર્મીએ તેમના પર તલવાર ઉગામી. તેઓ જાગી ગયા. પેલા માણસના હાથમાંથી તલવાર પડી ગઈ. તેમણે તે ઉપાડી લીધી અને તેને જતો કર્યો હતો.

આવા તો અનેક બનાવો તેમના જીવનમાં બન્યા હતા. પણ તેમણે પરધર્મી શત્રુઓ પ્રત્યે સહિષ્ણુતા અને દયાભાવ દાખવ્યાં હતાં.

પયગંબર મોહંમદ (સલ.)મે ખ્રિસ્તીઓને પણ ધર્મ સ્વતંત્રતા, જાન અને માલ-મિલકતની સલામતી, દેવળો અને મઠો અને સાધુ-સંતોને રક્ષણ, હક, અધિકારો આપતા પત્રખતો લખી આપ્યા હતા.

સીનાઈ પર્વત પાસે આવેલ સંત કેથેરીનના ખ્રિસ્તી સાધુઓ નજરાન, યમન અને નાઝેરથના ખ્રિસ્તીઓને તેમજ અલ-જર્બા અને અઘરૂહના ખ્રિસ્તી રાજવીઓને ખતપત્રો આપ્યા હતા. જેમાં તેઓને ધાર્મિક સ્વતંત્રતા, સલામતી, અન્યાય અને આક્રમણથી રક્ષણ અને ધાર્મિક બાબતોમાં હસ્તક્ષેપ કરવામાં ન આવે. કોઈ ખ્રિસ્તીની કનડગત નહી થાય, વગેરેની બાંહેધરી આપવામા આવી હતી.

ખ્રિસ્તી પ્રતિનિધિ મંડળોને મોહંમદ (સલ.) મસ્જીદે નબવીમાં ઉતારો આપતા, સ્વાગત કરતા. નજરાનના ખ્રિસ્તીઓનું પ્રતિનિધિ મંડળ કેટલાક દિવસો સુધી મદીનામાં રહ્યું હતું. ખ્રિસ્તીઓને ઈસ્લામનું આમંત્રણ તેમણે આપેલું. પણ તેના સ્વીકાર માટે કોઈ પણ પ્રકારનું દબાણ કરવામાં આવ્યું ન હતું. ખ્રિસ્તીઓ તેમના સદ્‌વાણી અને સદવર્તનથી ખુબ પ્રભાવિત થતા.

સંત કેથેરીનના સાધુઓને જે ખતપત્ર મોહંમદ (સલ.) આપેલો તેમાં દેવળ અને મઠના સમારકામમાં મુસલમાનોએ સહાય કરશે એમ પણ કહેવામાં આવ્યું હતું. આ ખતપત્ર મઠમાં ઈ.સ. ૧૮૧૦માં એમ. સલમે જોયો હતો.

ખુલફાએ રાશિદીને પણ તેમનું અનુકરણ કર્યું હતું. અને ધાર્મિક સહિષ્ણુતા દાખવી હતી. બીજા ખલીફા ઉમર ફારૂકે (રદી.) જેરૂસલેમની શરણાગતી વખતે અલ્લાહના નામથી ખ્રિસ્તીઓને બધા નાગરિક હકો, સલામતી, અને ધર્મસ્વતંત્રતાનો કરાર લખી આપ્યો હતો.

- (Ref. Finlay; Greece under the Romans, pp. 368.
Dr. Henry Stubb; Account of the Rise and Progress of Mahometanism, p. 182)

ખલીફા ઉમર (રદી.) ઉદારતા અને સહિષ્ણુતાની બાબતમાં યહુદીઓ અને અન્ય પરધર્મીઓ પ્રત્યે પક્ષપાતી વલણ રાખતા હતા.

- (Sir William Muir, Annals of Early Caliphate, p. 20)

ડાં. માઈકલ હાર્ટે તેમના પુસ્તક "The 100" માં ખલીફા ઉમરને સ્થાન આપી તેમના રાજશાસનની પ્રશંસા કરી છે.

આથી ગાંધીજી કહેતા કે મને હિન્દુસ્તાન માટે ઉમરની ખિલાફત જેવું સ્વરાજ જોઈએ છે.

ઈસ્તંબુલમાં (તુર્ક સામ્રાજ્ય -ઉસ્માની ખિલાફતમાં) યહુદીઓ પ્રભાવ અને સત્તાના સ્થાને હતા. સાદીયા બીન જોસેફ, સોલોમન, મોઝેઝ બીન ઈઝરા, અબ્રાહમ ઈબ્ન ઈઝરા, બહયા ઈબ્ન પકુડા જેવા યહુદી વિદ્વાનોનું સન્માન થતું. તેઓ ઉચ્ચ હોદ્દાઓ પર બિરાજમાન હતા.

મુસ્લિમ સ્પેનમાં યહુદા હા-લેવી અને દમાસ્કસમાં મુસા ઈબ્ન મૈમુન (મૈમનાડાઈસ) દરબારીઓને સત્તા અને સન્માન પ્રાપ્ત હતાં.

John Davenport; ("Message of Islam), Duncan Greenless' (The Gospel of Islam.) Sir Thomas Arnold; ("Preaching of Islam") વગેરે અનેક પશ્ચિમી ઈતિહાસકારોએ મુસલમાન રાજવીઓની યહુદી અને ખ્રિસ્તીઓ પ્રત્યે ઉદારતા અને સહિષ્ણુતા, તેઓના જાનમાલ, ઈઝઝત, સ્વમાન અને ધર્મના રક્ષણ વિષે અનેક દષ્ટાંતોનું તેઓના પુસ્તકોમાં વર્ણન કર્યુ છે.

જ્યારે તુર્કોએ ઈસ્તંબુલ જીતી લીધું તે વખતે સુલતાન મોહંમદ બીજાએ સૌ પ્રથમ એક જાહેરનામું બહાર પાડીને જણાવ્યું હતું કે, તે ગ્રીક ઓર્થોડોક્ષ ચર્ચને રક્ષણ પુરૂં પાડશે અને ચેતવણી ઉચ્ચારી હતી કે, ખ્રિસ્તીઓને કાંઈ કનડગત કરવામાં આવશે નહી. તેણે ગ્રીક ઓર્થોડોક્ષ ચર્ચના વડા ધર્મગુરૂને ભેટ-સોગાદ આપી તેનું સન્માન કર્યુ હતું.

- (Sir Thomas Arnold; Preachings of Islam pp 145-147)

અબ્બાસી ખિલાફતમાં તો યહુદી અને ખ્રિસ્તી દરબારીઓ ઘણું વર્ચસ્વ ધરાવતા હતા. મોગલ દરબારમાં પુણ હિન્દુઓ ઉચ્ચ હોદ્દા ભોગવતા હતા. ઈતિહાસમાં તેના અનેક દષ્ટાંતો છે. તેથી માર્મા ડયુક પીથકોલનું એવું મંતવ્ય છે કે

સહિષ્ણુતા મુસલમાનોની નિર્બળતા નહી પણ ઈસ્લામનું શકિતબળ હતું જૉન ડેવનપોર્ટ નામના ઈતિહાસકારે આ મંતવ્યનું સમર્થન કર્યુ છે.



મુસલમાનોની સહિષ્ણુતાની તુલના ખ્રિસ્તીઓ અને યહુદીઓના વર્તનની સાથે કરવાની પણ જરૂર છે.

ઈ.સ. ૧૦૯૯માં ખ્રિસ્તી સૈનિકોએ જેરૂસલેમ જીતી લીધું. તે વેળા તેઓએ મુસલમાનો અને યહુદીઓની એટલી ભયંકર કત્લેઆમ કરી હતી કે ખ્રિસ્તી ક્રુઝેડરો (ધર્મ યુદ્ધના સૈનિકો) ના ઘોડા જેરૂસલેમની શેરીઓમાં ઘુંટણભેર લોહીમાં ચાલતા હતા. શેરીઓમાં લોહીની નદીઓ વહેતી હતી. બાળકોના પગો પકડીને દીવાલો પર ફેંકવામાં આવ્યાં. બીજા દિવસે આથી પણ વધુ ભયંકર પ્રમાણમાં ખૂનરેજી થઈ. પુરુષો, સ્ત્રીઓ અને બાળકોનાં શરીરોના ટુકડે ટુકડા કરી તેના ઢગો ખડકી દેવામાં આવ્યા હતા.

- (Encyclopaedia Britannica; Vol v p. 627; H. G. Wells; A Short History of the World, p. 186)

પેલેસ્ટાઈનમાં હજારો મુસલમાનોની ખ્રિસ્તીઓએ કતલ કરી. હજારો મુસલમાન યુદ્ધ કેદીઓને યુરોપમાં ગુલામો તરીકે વેચ્યા. જેરૂસલેમની અલ-અકસા મસ્જીદમાં શરણ લઈ રહેલા ૭૦,૦૦૦ નિર્દોષ નાગરિકો, ધર્મગુરૂઓ અને વિદ્વાનોને એકજ દિવસે તેઓએ કતલ કર્યા હતા. હજારોને જીવતા બાળી નાખવામાં આવ્યા. અત્યાચારોની તો કોઈ મર્યાદા જ ન હતી.

ઈસ્લામ વિરૂદ્ધ જે જુઠો પ્રચાર સદીથી ચાલતો હતો તેણે ખ્રિસ્તીઓને ઘાતકી અને જંગલી બનાવી દીધા હતા.

ખ્રિસ્તીઓની ક્રૂરતા સાથે મુસલમાનોના વર્તનની તુલના કરવી જરૂરી છે. ઈ.સ. ૧૦૮૩માં ગાઝી સુલતાન સલાઉદ્દીન ઐયુબી (રહ.)એ જેરૂસલેમ જીતી લીધું. હીત્તીના યુદ્ધમાં ખ્રિસ્તીઓ હાર્યા. જેરૂસલેમનો ખ્રિસ્તી રાજા કેદ કરાયો. તેને વિજેતા સુલતાન સમક્ષ લાવવામાં આવ્યો. સુલતાને તેને જીવતદાન આપ્યું. ઈંગ્લેન્ડનો રાજા રિચાર્ડ યુદ્ધ દરમ્યાન માંદો પડયો તો સુલતાને તેની સારવાર માટે પોતાના અંગત તબીબને મોકલ્યો. દરરોજ તેના માટે બરફ અને ફળો મોકલ્યાં.

સુલતાન સલાહુદ્દીને (રહ.) અતિશય સહિષ્ણુતા અને ઉદારતા દાખવી. તેમણે તેમના ઉચ્ચ ચારિત્ર્યનું ઉદાહરણ પુરૂં પાડયું. કોઈ ખ્રિસ્તીને રંજાડવામાં આવ્યો ન હતો. હજારો ખ્રિસ્તી યુદ્ધ કેદીઓની મુકિત માટે રકમ સુલતાને અને તેમના ભાઈ અલ-મલીક અલ-આદીલે ચુકવી. જેરૂસલેમમાં જાહેરાત કરવામાં આવી કે વૃદ્ધ સ્ત્રીઓ અને પુરુષો મુકત છે. તેઓ ગમે ત્યાં જઈ શકે છે. જે યુદ્ધ કેદીઓ પાસે બદલાની રકમ ન હતી તેઓને મુકત કર્યા. પ્રત્યેક યુદ્ધકેદી પાસેથી દસ દીનાર (સીરીઅન

ચલણી નાણું) મુકિતના બદલા તરીકે લેવામાં આવ્યા હતા તે તેમણે ખ્રિસ્તી વિધવાઓ અને અનાથોમાં વહેંચી દીધા. તેમણે ઈસ્લામના પયગંબરનું અનુકરણ કર્યું.

- (Stanely lane - Poole; Saladin, pp. 214, 230, 232 etc)

પણ ખ્રિસ્તીઓનાં દિલ અને દિમાગમાં મુસલમાનો પ્રત્યે ધૃણા ઘર કરી ગઈ હતી. ઈ.સ. ૧૯૧૮માં મિત્ર રાજ્યોએ ઉસ્માની ખિલાફતનો અંત આણ્યો. ખ્રિસ્તી સૈન્યો જેરૂસલેમમાં પ્રવેશ્યા. યુરોપના ખ્રિસ્તી મિત્ર રાજ્યોના કમાન્ડર લોર્ડ એલનબેએ ગર્વપૂર્વક કહ્યું : આજે ધર્મ યુદ્ધ સમાપ્ત થયું અને જ્યારે ફ્રેન્ચ કમાન્ડર દમાસ્કસ ગયો ત્યારે તેણે સુલતાન સલાહુદ્દીનની કબરને લાત મારીને કહ્યું હતું : "સલાદીન, અમે આવી ગયા છીએ. ઉઠ લડવા માટે તૈયાર થા."



પયગંબર મોહંમદે (સલ.) બર્બરતાના જમાનામાં યુદ્ધના મેદાનને પણ માનવતાભર્યુ આચરણ કરવાનું સ્થળ બનાવી દીધું હતું.

- (Prof. K.S. Ramakrishna Rao, Muhammad the Arophet of Islam, p. 6)

પયગંબર મોહંમદે એક સફળ વિજેતા તરીકે યુદ્ધનું સંચાલન માનવતાપૂર્વક કરવાનો આદેશ આપ્યો હતો.

- (James Michener, Islam the Misunderstood Religion, Reader's Digest, May 1955)

યુરોપમાં ધર્મ-તપાસ (Inquistion) ના સમયમાં ખ્રિસ્તી દેવળે (એટલે ધર્મગુરૂઓએ - જે અત્યાચારો પરધર્મીઓ - મુસલમાનો અને યહુદીઓ પર) કર્યા હતા તેની તુલનામાં મુસલમાનોના અત્યાચારોની વાતો પોકળ છે.

- (Sir William Muir, Some Essays and Letters on Religion pp-4)

ઈસ્લામનું મૂળ તત્વ - Spirit ધર્મ ઝનુની fanatic or Xenophobe નથી. બધા યુગોમાં ઈસ્લામના પ્રચારકો સહિષ્ણુતા અને સંસ્કૃતિના સુત્રધારો હતા. મારો પોતાનો મુસ્લિમ જગતનો અનુભવ સાબિત કરે છે કે ઈસ્લામ ઝનુની ધર્મ નથી.

(Edward Montent)

જે સમયમાં ધાર્મિક અને વંશિય અસહિષ્ણુતા એક સદ્‌ગુણ ગણાતો ત્યારે સુલતાન ગાઝી સલાહુદ્દીન, મુસા બીન નુસૈર, તારીક બીન ઝીયાદ, યુસુફ બીન તશફીન, મોહંમદ બીન કાસીમ અને બીજા અનેક મુસ્લિમ સેનાપતિઓ આંતરરાષ્ટ્રિય

સભ્યતા, સહિષ્ણુતા અને માનવતાના ઝંડાધારી હતા. મુસ્લિમોની ઉદાર નીતિના કારણે કેટલાયે યહુદીઓ અને ખ્રિસ્તીઓએ ઈસ્લામ સ્વીકાર્યો હતો. સહિષ્ણુતા ઈસ્લામની નિર્બળતા નહી પણ તાકાત હતી.

- (M. Marmaduke Pickthall)

મુસલમાનો બીજા ધર્મોમાં દખલગીરી કરતા ન હતા. પરધર્મીઓની સતામણી કરતા ન હતા. તેઓએ ધર્મ-તપાસની સ્થાપના કરી ન હતી.

- (John Devenport; Message of Islam)

ઈસ્લામની ઉદારતા અને સહિષ્ણુતા માનવજાતનો જ્વલંત વારસો છે. જેના પાયા પર આખા જગત માટે એક સંપૂર્ણ રાજવ્યવસ્થાની સ્થાપના થઈ શકે.

- (Dancan Greenless; Gospel of the Quran p. 27)

પ્રદેશો અને દેશો જીતવા માટેના યુદ્ધોમાં મુસલમાનોએ જેટલી સહિષ્ણુતા દાખવી હતી તે ઘણાં ખ્રિસ્તીઓ માટે શરમજનક છે.

- (E. Alexander Powell; The Struggle for Power in Moslem Asia, p. 48)

ન્યાયની ભાવના ઈસ્લામના આશ્ચર્યજનક સિદ્ધાંતો પૈકી એક છે.

- (Lectures on Islam - Speoches and Writings of Sarojini Naidoo, p. 167)

સદીઓ સુધી યુરોપે ઈસ્લામને અન્યાય કર્યો છે. મુસ્લિમોની સંસ્કૃતિની સિદ્ધિઓ પ્રત્યે દુર્લક્ષ બતાવ્યું છે.

- (A. J. Abbery; Mysteries of Selfishness, p. xiv)

★ ★ ★

જો મુસલમાનો જુલ્મી, અન્યાયી અને જંગલી હોત તો તેઓ પરાજિત પ્રજાઓનું સંપૂર્ણ નિકંદન કરી નાંખતે. હુણ અને તાર્તેરોએ શું કર્યુ હતું તે ઐતિહાસિક છે.

ઈસ્લામ સ્વીકારી અભણ અને અસંસ્કૃત અરબો એક મહાન પ્રજા બની ગઈ. વિદ્યા, સંસ્કાર અને સંસ્કૃતિના ઝંડાધારી બની ગઈ. મુસલમાનો જ્યાં જ્યાં ગયા ત્યાંની પ્રજાઓ સાથે ઓતપ્રોત થઈ ગયા. પરાજિત પ્રજાને સંસ્કૃત બનાવી અને સમાન દરજ્જો આપી તેના દિલ જીતી લીધાં. જીવનનો સત્ય માર્ગ બતાવ્યો.

મુસલમાન રાજઅમલમાં હિન્દુસ્તાનમાં જાહોજલાલી હતી. તાજમહાલ, કુતુબ મિનાર, લાલકિલ્લો અને સ્થાપતકળાના બીજા અનેક સ્મારકોનો હિન્દુસ્તાનને વારસો આપ્યો છે. હિન્દુસ્તાનની સંસ્કૃતિના વિકાસમાં મુસલમાનોનો જ્વલંત ફાળો છે. જો મુસલમાનો જંગલી હોત તો મોગલ સામ્રનજ્યની જાહોજલાલી ન હોત. ઈતિહાસની વિકૃત રજુઆત કરીને આત્મસંતોષ અને ગર્વ કરવો મૂર્ખતા છે.

મુસલમાનો જંગલી હોત તો સ્પેનને તેના સાતસો વર્ષોના રાજઅમલમાં ખેદાન-મેદાન, બરબાદ કરી નાખતે. મુસ્લિમ સ્પેનમાં કોરડોવા જગવિખ્યાત વિદ્યાધામ હતું. યુરોપના ખ્રિસ્તી રાજકુંવરો, ઉમરાવપુત્રો અને બિશપો જ્ઞાન મેળવવા સ્પેનના જ્ઞાન ધામોમાં પ્રવેશ મેળવતા. જ્યારે ખ્રિસ્તી યુરોપ અંધકાર યુગમાં અટવાતું હતું ત્યારે સ્પેન સંસ્કૃતિના પ્રકાશનું કેન્દ્ર હતું. મુસ્લિમ સ્પેને યુરોપ પર અગણિત ઉપકારો કર્યા હતા. મુસ્લિમ સ્થાપત્યકળાના નમુના સ્પેનના ભવ્ય ભૂતકાળની યાદ તાજી રાખે છે.

મુસલમાનોએ પૂર્વ આફ્રિકામાં સ્વાહીલી સંસ્કૃતિ અને પશ્ચિમ આફ્રિકામાં મંડીગો ફુલાની અને હવસા (હબશી મુસલમાનો)ની સંસ્કૃતિની સ્થાપના કરી, તેનો વિકાસ કર્યો. ઈસ્લામે વિશ્વ સંસ્કૃતિમાં કયો ફાળો આપ્યો છે તે વિષેની જાણકારી યુનેસ્કો દ્વારા પ્રકાશિત ૮૦ પૃષ્ઠોના "The Courier" Aug-Sept. 1981 ના અંકમાં આપવામાં આવી છે.

જંગલી પ્રજા સંસ્કાર અને સંસ્કૃતિનો વિકાસ સાધી ન શકે. સંસ્કૃતિના વિકાસ માટે શાંતિ, સલામતી અને ન્યાય આવશ્યક છે. જુલ્મ પર આધારિત તંદુરસ્ત રાજવ્યવસ્થા સમાજ અને કુટુંબ રચના થતી નથી. જો મુસલમાનો જુલ્મી હોત તો સાતસો વર્ષો સુધી સ્પેન અને હિન્દુસ્તાનમાં રાજ્ય કરી શકતે નહી. રાજ્ય વ્યવસ્થા, ન્યાય, સમાનતા, સહિષ્ણુતા અને માનવતા પર નિર્ભર છે.

પંડિત જવાહરલાલ નેહરૂ લખે છે : અરબો જાગૃત થયા ત્યારે તેઓ પોતાના ધર્મ પ્રત્યે ખુબ ઉત્સાહિત અને સહિષ્ણુ હતા. તેના ઘણાં દષ્ટાંતો છે. ખલીફા ઉમર સહિષ્ણુતા માટે ખાસ આગ્રહી હતા. મુસ્લિમ સ્પેનમાં ખ્રિસ્તીઓની મોટી વસ્તી હતી. તેઓને દરેક પ્રકારની સ્વતંત્રતા હતી. સિંધમાં મુસ્લિમો બીજી પ્રજાઓ સાથે મૈત્રિભર્યો સંબંધ રાખતા. આ સમયના ઈતિહાસમાં યુરોપના ખ્રિસ્તીઓની અસહિષ્ણુતા અને મુસ્લિમ અરબોની સહિષ્ણુતા વચ્ચેનો વિરોધાભાસ એક નોંધનીય બાબત છે.

- (Glimpses of History)

પ્રોફેસર એ. જે. એબેરી લખે છે કે સદીઓથી યુરોપે ઈસ્લામને અન્યાય કર્યો છે. મુસ્લિમ સંસ્કૃતિની સિદ્ધિઓની અવગણના કરી છે. સર ડેનીસન રોસ લખે છે કે, ઈસ્લામમાં જે કાંઈ સારૂં છે તે તદ્દન છુપાવવામાં આવ્યું અને જે કાંઈ ખ્રિસ્તીઓની દષ્ટિમાં સારૂં ન જણાયું તેની અતિશયોકિત કરવામાં આવી અથવા તેની વિકૃત રજુઆત કરવામાં આવી છે.

(ક) શું ઈસ્લામ તલવારથી ફેલાવવામાં આવ્યો છે ?

આ બહું પુરાણું ગીત છે. હીટલરની જર્મન સરકારના માહિતીખાતાના પ્રધાન ગોબેલ્સનું એક વિધાન છે : અસત્યનું પુનરાવર્તન કરતા રહો. આખરે લોકો તેને સંપૂર્ણ સત્ય માની લેશે. બધેબધ સત્ય છુપાવવામાં આવે છે. અસત્યની બોલબાલા છે. સ્વાર્થ કે હિત હોય કે ન હોય અસત્ય પર જ જીવનવ્યવહારનું ગાડું ગબડે છે. અસત્ય અને ખાસ કરીને પરમેશ્વર નામે અસત્ય પાપ છે. તેનો શકય પ્રતિકાર તો કરવો જરૂરી છે. ઈસ્લામ વિરૂદ્ધના પ્રચારમાં અસત્યની ભરમાર હોય છે. વીસમી સદી પહેલાં જુજ સંખ્યામાં એકલ દોકલ મુસલમાનો યુરોપમાં હશે. તેઓ તલવારના આક્ષેપનો રદીયો આપવા અસમર્થ હતા. પણ Renaissance (જ્ઞાનના પુનઃ ઉત્થાન) પછી યુરોપના બુદ્ધિજીવીઓ અંધશ્રદ્ધામાંથી બહાર આવી દરેક બાબતને જ્ઞાન અને બુદ્ધિની કસોટીએ મુકવાનું શરૂ કર્યુ. અને તેઓ પૈકી કેટલાકે સત્ય કહેવાની નૈતિક હિંમત દાખવી. માનવી તો તે છે કે જે જ્ઞાન, બુદ્ધિ અને સમજનો ઉપયોગ કરી સત્ય અભિપ્રાય વ્યકત કરે. "તલવાર"ના આક્ષેપનો રદિયો આપતાં કેટલાક વિદ્વાનોના મંતવ્યો અત્રે રજૂ કરવામાં આવ્યા છે.

મુસ્લિમ સૈનિકો એક હાથમાં કુરઆન અને બીજા હાથમાં તલવાર લઈને આગેકૂચ કરતા હતા એવા ફોટા તદ્દન જુઠાણું છે.

- (E. S. Triton, Islam p - 21)

ખ્રિસ્તી લખાણોમાં જે બાબતોનો પ્રચાર કરવામાં આવ્યો છે કે મુસલમાનો જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેઓએ લોકોને તલવારની અણીએ ઈસ્લામનો સ્વીકાર કરાવ્યો હતો. આ બાબત ઈતિહાસના પુરાવાના આધારે ખોટી છે.

- (Lawrence E. Browne, The Prospects of Islam, p. 14)

ઝનુની મુસલમાનો દુનિયામાં ફરી વળ્યા અને તલવારના બળે પરાજિત પ્રજાઓને ઈસ્લામ સ્વીકાર કરાવ્યો.આ બાબત ઉપજાવી કાઢેલી તદન મૂર્ખતા ભરેલી, બિનઐતિહાસિક દંતકથા છે.જેનું પુનરાવર્તન કેટલાક ઈતિહાસકારોએ કર્યુ છે.

- (De Lacy O'lerry, Islam at the Cross - Roads, p. 6, 8)

શસ્ત્રોથી હિંસા આચરીને અને જીદ્દી ધર્મ પ્રચારકોના દબાણથી ઈસ્લામનો ફેલાવો થયો નથી.પણ સત્ય બાબત તો એ છે કે તેઓએ પરાજિત પ્રજાઓ સમક્ષ કુરઆન રજુ કર્યુ અને કહ્યું: આનો સ્વીકાર કરો અથવા ઈન્કાર કરો.તમો સ્વતંત્ર છો.

- (Laura Veccia Baglieri, Apologie de L' Fslamse pp. 57)

મોહંમદના સંદેશની બે અતિ મહત્ત્વની બાબતો છે. એક પરમેશ્વરવાદ અને માનવ સમજમાં આવે એવો ધર્મ સિદ્ધાંત. આ બાબતો ઈસ્લામના ફેલાવા માટે અગત્યનું અસરકારક બળ છે. નહી કે ગાઝીની તલવાર.

તાર્તર ટોળાં મધ્ય એશિયામાં અને મધ્ય પૂર્વમાં ફરી વળ્યાં અને શસ્ત્રોની

મદદથી પ્રદેશો જીતી લીધા. મુસલમાનોને પરાજિત કર્યા અને કતલ કર્યા. મુસલમાનો આ તાર્તર અધર્મીઓનો પ્રતિકાર કરવા અસમર્થ હતા. પણ વિજેતા તાર્તરો ઈસ્લામથી પ્રભાવિત થયા. અને મુસલમાન થયા. પછી તેઓએ રાજવંશોની સ્થાપના કરી.

- (George Sale; Introduction to the Koran, by Dennison Ross, pp. v-viii)

મુસલમાનો પર એવો જુઠો આક્ષેપ કરવામાં આવે છે કે તેઓએ તલવારથી બીજા ધર્મોનો વિનાશ કર્યો હતો. (Gibbon)

મને સંપૂર્ણ ખાતરી થઈ છે કે ઈસ્લામે તલવારના બળે સ્થાન મેળવ્યું નથી. પણ તેનું અણિશુદ્ધ, સીધું, સાદું અને સરળ ધર્મ શિક્ષણ અને પયગંબર મોહંમદનું ચીવટપૂર્ણ વચનપાલન, વિનમ્રતા, હિંમત, નિર્ભતા, ઈશ્વરમાં સંપૂર્ણ આસ્થા, પોતાના કર્તવ્યની સત્યતામાં સંપૂર્ણ વિશ્વાસ અને પોતાના મિત્રો અને અનુયાયીઓ પ્રત્યે વફાદારી ઈસ્લામના ફેલાવાના મુખ્ય કારણો છે. તલવાર નહી.

- (Gandhiji; Light, 16th Sept. 1924)

બીજા ધર્મોના અનુયાયીઓ પર ઈસ્લામ સ્વીકાર કરાવવા બળપ્રયોગ અને દબાણ કરવામાં આવ્યા ન હતા. ખ્રિસ્તીઓની ઈસ્લામ પ્રત્યેની દુશ્મનાવટભરી ઉશ્કેરણીથી મુસલમાનોને તલવારથી સજ્જ થવું પડયું હતું.

- (C-Baker, Christianity and Islam, p. 83)

પશ્ચિમી ખ્રિસ્તી જગતમાં આ પ્રચલિત માન્યતા છે કે ઈસ્લામના ઝડપી વિકાસનું મોજું તલવારના લીધે સંભવિત હતું પણ કોઈપણ આધુનિક વિદ્વાન આ વિધાન સાથે સંમત નથી.કુર્આન અંતર આત્માની સ્વતંત્રતાના સમર્થનમાં સ્પષ્ટ છે.

- (James A. Michener, Islam the Misundrstood Religion, Reader's Digest, May, 1955)

ઈસ્લામ તલવારથી ફેલાયો હતો એમ કહેવું એક જુઠાણું છે. ઈસ્લામના ફેલાવા માટે તલવારનો ઉપયોગ થયો ન હતો. જો તલવારથી ધર્મનો અથવા કોઈ વાતનો ફેલાવો થતો હોય તો આગળ આવીને કરી બતાવે. જે ધર્મ સદીઓ સુધી ટકી શકયો છે. તેમાં કાંઈ તો વિશિષ્ઠતા હશે - (Prof. Ramdev.)

ઈસ્લામના વિદ્યુત સરખા પ્રબળ અને ઝડપી ફેલાવામાં આપણને ધર્માંધ, ઝનૂની અને યુદ્ધઘેલા માનવીઓની ક્રૂરતા લાગે પણ એ વાત કદાપિ માની શકાય નહી કે ધર્મ પરિવર્તન જુલમથી થાય છે. જુલમથી તો એક બાળક પણ કહ્યું માનતું નથી. તો પછી લાખો માનવીઓનો સમુહ માત્ર તલવારની ધાર જોઈને ધર્મ પલટો કરી બેસે એ બાબત સામાન્ય સમજમાં ઉતરવી મુશ્કેલ છે. ક્રૂરતાનું પરિણામ દસકો બે દસકા કે એકાદ સદી સુધી નભે એમ માની લઈએ તો પણ સદીઓ સુધી ચાલતા ધર્મનો પાયો ક્રૂરતામાં મંડાયો હોય એવી માન્યતા માનવ સ્વભાવની વિરૂદ્ધ છે. જેમ જુલ્મનું તેમજ લાલચ અને પ્રલોભનનું સમજવું. તેના તાત્કાલિક પરિણામ કદાચ

દેખાય પણ તે ઈસ્લામ સરખા વ્યાપક અને ચિરસ્થાયી તો ત્યારે જ બને જ્યારે તેણે માનવ સમાજનો હૃદયપલટો કર્યો હોય. હૃદય પલટા વગર આવો વિશાળ ધર્મ પલટો થઈ શકે જ નહી. (સાક્ષર રમણલાલ વંસતલાલ દેસાઈ; જીવન અને સાહિત્ય)

ખ્રિસ્તી યુરોપે ઈસ્લામ, પયગંબર મોહંમદ અને મુસલમાનો વિરૂદ્ધ સદીઓ સુધી ગંદો અને સદંતર જુઠો પ્રચાર કરી ઈસ્લામની આગેકૂચમાં અવરોધ ઉપસ્થિત કર્યો પણ નિષ્ફળતા મળી. આજે પુરા વિશ્વમાં - દૂર દૂરના પ્રદેશો દ્વિપો, જંગલો અને ધ્રૂવ પ્રદેશોમાં વગર તલવારે ઈસ્લામ પ્રત્યે પરધર્મીઓ આકર્ષાઈ રહ્યા છે.

- (Mourice Bucaille; The Bible, the Quran and Science, p. 14)

(૯) જીહાદ શું છે ?

જીહાદના નામથી પરધર્મીઓ ભડકે છે. ઈસ્લામના શત્રુઓની સદીઓ પુરાણી ઈસ્લામ વિરૂધ્ધની પ્રચંડ ઝુંબેશનો આ વારસો છે. અણસમજુ લોકોના માનસપટમાંથી આ ભય ભુંસી નાંખવો બહુ મુશ્કેલ કાર્ય છે. કારણ કે તેઓ પૂર્વાગ્રહ અને લઘતાગ્રંથિથી પીડાય છે.

જીહાદ અરબી શબ્દ છે. તે જુહદ પરથી બનેલો શબ્દ છે. જુહદનો અર્થ પ્રયત્ન કરવો, ખંત અને ઉત્સાહપૂર્વક આગળ ધપવું, સંઘર્ષ કરવો, મુશ્કેલીઓનો સામનો કરવો વગેરે.

જગતમાં સત્ય અને અસત્ય, ન્યાય અને અન્યાયનો સંઘર્ષ ચાલયા જ કરે છે. અસત્ય, અન્યાય અને અત્યાચારનો સામનો શકય બધા સાધનોથી કરવો એ તો સત્ય અને ન્યાયના આગ્રહીનું કર્તવ્ય છે. આ કર્તવ્ય તે જીહાદ. જીહાદ તો જીવનનો એક મહાન આદર્શ છે. જીવનના કોઈ પણ ક્ષેત્રમાં ખંત અને ઉત્સાહપૂર્વક પ્રયાસ કર્યા વગર પ્રગતિ શકય નથી.

જીહાદ અસત્ય, અન્યાય અને અત્યાચાર વિરૂદ્ધનું શસ્ત્ર છે. જીહાદ વાણીથી અને હાથથી થઈ શકે. જીહાદ આક્રમણ નથી. પણ આક્રમણનો પ્રતિકાર છે.તે ધર્મ પ્રચારનું સાધન નથી.કતલ, ખૂનરેજી, આતંકવાદ,હિંસા અને ત્રાસવાદ જીહાદ નથી.

જીહાદ સત્યના માર્ગમાં અભિયાન છે. અશકતો, અને નિરાશ્રિતોની સહાય છે. જીહાદનો મકસદ શાંતિ અને સલામતીની સ્થાપ્નાનો છે. જીહાદ દરેક ધર્મના અનુયાયીઓ અને તેમના પ્રાર્થનાલયો - જેમાં પરમેશ્વરનું નામ લેવામાં આવે છે - ના રક્ષણ માટે છે. નિર્દોષ માણસોની કતલ કરવી જીહાદ નથી, ક્રૂરતા છે.

કોઈ પણ સમાજમાં અસામાજિક બળો માથાભારે થઈ જાય, શાંતિ અને સલામતી જોખમમાં મુકાય, અવ્યવસ્થા ઉપસ્થિત થાય, અન્યાય અને અત્યાચાર આચરવામાં આવે, જ્યારે તેનો શાંતિમય માર્ગે પ્રતિકાર અશકય બને ત્યારે બળનો ઉપયોગ કરી તેને અંકુશમાં લેવામાં આવે અને નાબુદ કરવામાં આવે છે.

ધર્મ, સંસ્કાર, સંસ્કૃતિ, સલામતી અને સ્વમાન ભયમાં આવી પડે ત્યારે હાથ જોડી શરણાગતીનો સ્વીકાર થઈ શકે નહી. પ્રતિકાર તો કરવો પડે જ. કોઈ

વ્યકિત હિંસા આચરે ત્યારે તમો તેને અહિંસાનો ઉપદેશ આપી શકો નહી. કોઈ તમારા એક ગાલ પર તમાચો મારે તો બીજો ગાલ ધરી શકાય નહી. નહીતર તેનો હાથ તમારા ગળા પર આવી જાય.

તમારો પાડોશી તમારી પત્નિ પર બળાત્કાર કરે અથવા તેણીનું અપહરણ કરે તો તેણીના શિયળનું રક્ષણ કરવાના બદલે તમો તેની સાથે અહિંસાની, ફિલસુફીની વાત કરી ન શકો. રામે શું કરેલું ? આનું નામ જ જીહાદ.

કોઈ પ્રજા પોતાના માનવ અધિકારો, સ્વતંત્રતા, જાનમાલ, ઈઝ્ઝત-આબરૂ, સ્વમાન અને અસ્તિત્વની સલામતી, ન્યાય અને હિતોનાં રક્ષણ માટે અભિયાન ચલાવે એ જીહાદ કહેવાય. જીહાદ પીડીતોનું ધર્મશસ્ત્ર છે.

સર્વથી શ્રેષ્ઠ જીહાદ મનેચ્છાઓ, દુષ્ટ વિચારો અને પાપી કૃત્યો પર કાબુ મેળવી આત્માની શુદ્ધી કરવાનો પ્રયત્ન છે.

જીહાદ કરનાર મુજાહિદ કહેવાય. તે પરમેશ્વરની ખુશનુદી માટે લડે. તે કોઈ પ્રલોભન- ધન, સત્તા, હોદ્દો કે પ્રશંસા માટે લડતો નથી. મુજાહિદ ધાર્મિક કર્તવ્ય બજાવે છે. તે વેતન અને વાહ વાહ માટે લડતો નથી. તે શહીદ થાય તો જન્નતી, જીવતો રહે તો ગાઝી. તે અલ્લાહના માર્ગનો સૈનિક છે. એક સૈનિક માટે યુદ્ધ કરવું વ્યવસાય છે. તેને વેતન મળે. પુરસ્કાર મળે તેની વાહ વાહ થાય. ભલે યુદ્ધ અન્યાયી હોય. તેના દિલમાં દેશપ્રેમની ભાવના ન પણ હોય. સૈનિક સરકાર માટે અને દેશ માટે લડે છે.

સૈનિક અને મુજાહિદ વચ્ચે આ તફાવત છે. એક રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય બજાવે છે. બીજો પરમેશ્વર પ્રત્યેનું કર્તવ્ય બજાવે છે.

દુષ્ટ લોકોને અંકુશમાં લેવા માટે નેક લોકોએ સંઘર્ષ કરવો પડે. જો તેઓ હાથ જોડી બેસી રહે તો સમાજ અને દેશમાં અશાંતિ, અંધાધૂંધી, અરાજકતા અને અવ્યવસ્થા ફેલાય. અલ્લાહ પોતાના સર્જનનો વિનાશ ઈચ્છતો નથી. કુરઆન કહે છે કે, “જો અલ્લાહ કેટલાક (નેક) લોકોથી કેટલાક (દુષ્ટ) લોકોને ટાળે નહી તો દુનિયાની વ્યવસ્થા ખોરવાઈ જાય.” (૨:૨૫૨)

કુરઆનનો ઉપરોકત આદેશનો ઉચ્ચ આશય છે.

કુરઆનની ઉપરોકત ૨:૨૫૨ પંકતિમાં જે હુકમ છે તે સંહાર અને આક્રમણ માટે નથી પણ સુવ્યવસ્થાની જાળવણી માટે દુષ્ટ લોકોનો પ્રતિકાર કરવાનો આદેશ છે. પરમેશ્વરના ઈન્કારીઓ દુનિયાની વ્યવસ્થામાં ખલેલ પહોંચાડે ત્યારે તેના ભકતો ચુપકીદી ધારણ કરી બેસી ન રહી શકે.

દુષ્ટ લોકોને કાબુમાં લેવા નેક લોકોએ સંઘર્ષ કરવો પડે છે. સરકાર પણ દુષ્ટ લોકોને અંકુશમાં રાખવા, પોલીસ, જેલ, કોર્ટ અને સૈન્ય રાખે છે. અને કાયદા ઘડે છે.

★ ★ ★

પયગંબર મોહંમદ (સલ.) મક્કાના લોકોના “સાદિકુલ અમીન” (સત્યવાદી અને પ્રમાણિક) હતા. તેમની યુવા અવસ્થામાં સૌના લાડલા હતા. સન્માનિત હતા.

પણ જ્યારે તેમણે મૂર્તિપુજા વિરૂદ્ધ એક પરમેશ્વરવાદ-તવહીદનો ઈશસંદેશ આપવાનું શરૂ કર્યું ત્યારે મુશરિક કુરૈશ અરબો તેમના જીવલેણ શત્રુ બની ગયા હતા. તેમના અને તેમના સાથીઓ - અનુયાયીઓ ઉપર બેહદ અત્યાચારો કર્યા. તેમનો પ્રાણ લેવાનું ષડયંત્ર રચ્યું. તેમનો સામાજિક અને આર્થિક બહિષ્કાર કર્યો. દસ વર્ષો સુધી બધું સહન કરી લીધું. અલ્લાહના હુકમથી જાન બચાવવા મદીનાની હિજરત કરી. પણ તેમણે અને તેમના સાથીઓએ શત્રુઓ ઉપર હાથ ઉગામ્યો ન હતો.

હિજરત કરી મદીનામાં અતિ વિકટ પરિસ્થિતિમાં વસવાટ કર્યો. પણ મક્કાના મુશરિકો - મૂર્તિપુજકોએ તેમને અને તેમના સાથીઓને સુખ-ચેનથી ઠરેઠામ પડવા ન દીધા. આક્રમણો કર્યા, મદીના નજીક બદર, ઉહદ અને ખંદકની લડાઈઓ થઈ. મુસલમાનોએ સ્વરક્ષણ માટે આક્રમણના પ્રતિકાર કરવો પડયો. અતિશય મુફલીસી, અલ્પ સંખ્યા અને સાધન સામગ્રી અને શસ્ત્રો વિહોણા મુસલમાનોએ મોહંમદ (સલ.)ના સેનાપતિપણા હેઠળ જીહાદ કર્યો.

જો ચોર-ડાકુ તમારા નિવાસ પર હુમલો કરે તો તમો શું કરો ? ભયભિત બનીને શોચાલયમાં સંતાકુકડી કરો ? ઘર છોડી ભાગી જાઓ કે બહાદુરીપૂર્વક તેનો સામનો કરો ?

કુરઆન કહે છે કે : "જે લોકો (મુસલમાનો) સાથે કાફિરો (ઈન્કારીઓ) લડે છે તેઓને હવે લડવાની (આક્રમણનો પ્રતિકાર કરવાની) છુટ મળી છે. કારણ કે તેમના પર અત્યાચાર કરવામાં આવ્યો છે." (૨૨ : ૨૯) અને

"આ તે લોકો છે જેઓને તેમના ઘરોમાંથી વિના કારણે કાઢી મુકવામાં આવ્યા. ફકત એટલા માટે કે તેઓ કહે છે કે અમારો પરવરદિગાર અલ્લાહ છે. લોકોને એક બીજાથી હરાવવામાં ન આવે તો સંત-સાધુઓના મઠો, દેવળો, પ્રાર્થના સ્થળો અને મસ્જીદો જેમાં અલ્લાહનું નામ લેવામાં આવતું હોય તે સઘળાં તોડી પાડવામાં આવતે." (૨૨ : ૪૦ ૪)

શું આ હુકમ માનવ સંહાર માટે છે ? શું આ હુકમ માલ-મતાની લૂંટ અને રાજસત્તા માટે છે ? શું તે ધર્મ પ્રચાર માટે છે ?

ઈસ્લામના આરંભકાળમાં મુસલમાનો નિર્ધન હતા. ઘર-બાર, ધન-દૌલત, ખેતીવાડી, બાગ-બગીચા, દુકાન, કારખાનાં, ઢોર વગેરે કાંઈ સંપત્તિ ન હતી. ફકત પોતાના જાન-માલ અને ઈમાનનો બચાવ કરવાનો હતો. પ્રાણની કુરબાની કરવાની હતી. બાણ-ધનુષ્ય, તલવાર અને ભાલા સિવાય બીજું કોઈ શસ્ત્ર ન હતું. સવારી માટે થોડાંક ઊંટ અને ઘોડા હતા. પગે ચાલીને સામનો કરવાનો હતો. તેઓ પાસે અલ્લાહની મદદમાં ઈમાનનું અખુટ આત્મબળ હતું. તેઓ તો અલ્લાહના પંથના મુજાહિદો હતા. શત્રુઓ પાસે ધન, દૌલત, સાધન, સંપત્તિ, શસ્ત્રો, સવારી માટે પુરતી સંખ્યામાં ઊંટો અને ઘોડા અને સંખ્યાબળ હતાં. નિઃશસ્ત્ર માણસને પણ સ્વબચાવ માટે પત્થર, ઈંટ કે હાથના મુક્કાથી પણ લડવું પડે.

પયગંબર મોહંમદ (સલ.) અને તેમના અનુયાયીઓએ મદીના યહુદીઓ

સાથે લડવું પડેલું. તેઓ મક્કાના કુરૈશો સાથે છુપા ષડયંત્રો કરતા. તેઓને મુસલમાનો પર આક્રમણ કરવા માટે ઉશ્કેરણી કરતા અને સહાય આપતા. તેમનું ખૂન કરવાનું ષડયંત્ર કરેલું. તેઓ મદીનાના રક્ષણની બંધારણિય જવાબદારીનું પાલન કરતા ન હતા. ખયબરના યહુદીઓ અરબ કબીલાઓને મદીના પર આક્રમણ કરવા ઉશ્કેરતા. રોમન ખ્રિસ્તી સૈન્ય ઉત્તર સરહદે આક્રમણ કરવાની હિલચાલ કરી રહ્યું હતું. કયારે તેઓ મદીના પર આક્રમણ કરે તેનો સતત ભય રહેતો. આ ભય ટાળવા લડાઈઓ લડવી પડેલી. Pre-emptive લડાઈ પણ સ્વરક્ષણ માટે હોય છે.

આ લડાઈઓ હતી યુદ્ધો ન હતાં. બે-પાંચ-દસ દિવસોની લડાઈઓ હતી. બંને પક્ષના યોદ્ધાઓ વચ્ચે તલવાર, ભાલા, અને બાણ, ધનુષ્ય સાથે યુદ્ધ થતું. આથી આ લડાઈઓમાં ખુવારી મર્યાદિત હતી. દસ વર્ષો દરમ્યાન આ લડાઈઓમાં બંને પક્ષોની કુલ ખુવારી ફકત ૧૦૧૮ હતી. નબી મોહંમદે(સલ.) તેમના પુરા જીવનમાં અને જીહાદોમાં કોઈ પણ ને માર્યો અથવા મારી નાખ્યો ન હતો. ફકત ઉહદની લડાઈમાં તેમણે મક્કાના કુરૈશ શત્રુ આગેવાન ઉબય બીન ખલફ પર નેજો (ભાલો) ફેંકેલો. જેનો તેને ઉઝરડો પડેલો.

ખિલાફતે રાશિદહના સમયમાં રોમન અને ઈરાની સામ્રાજ્યોના સૈન્યોના આક્રમણો ટાળવા યુદ્ધો થયેલા. તેમાં બંને પક્ષો ખુવારી સહન કરવી પડેલી.



પ્રાચીન સમયમાં યહુદીઓએ મીડીનીઓ સાથે યુદ્ધ કરેલું. બધા પુરુષોની કતલ કરેલી. તેઓના રાજાઓ, ઈવી, રેકેમ, ઝુર, હુર, રેબા, બલામ વગેરેને કતલ કરેલા. મીડીનીઓની સ્ત્રીઓ અને બાળકોને યુદ્ધ કેદીઓ બનાવીને પાળેલા જાનવરો - ઘેટાં, બકરાં, ગાયો વગેરે, બધો માલમતા સાથે લઈ ગયેલા. શહેરોને બાળી નાખ્યા હતાં. - (The Holy Bible = Book of Numbers, 31; 7-10)

બનીઈસરાઈલ (યહુદીઓ)ના યાહવાહે ફરમાન કરેલું કે, તલવાર લઈ તૈયાર થઈ જાઓ. અને છાવણીએ છાવણીએ જઈને કતલ કરો. એકજ દિવસમાં ૩,૦૦૦ પુરુષોની કતલ કરવામાં આવી હતી.

- (The Holy Bible, Exodus; 32; 27-28)

યહુદીઓએ હેશબોનના રાજા સીહોન સામે યુદ્ધ કર્યું હતું. તેના રાજ્યના બધા પુરુષો, સ્ત્રીઓ અને બાળકોની કતલ કરી હતી. કોઈ બચી શકયું ન હતું.

આવા અનેક યુદ્ધો યહુદીઓ લડયા હતા. તેઓએ શત્રુઓની ભયંકર કત્લેઆમ કરી હતી અને તેઓની વસાહતોનો સંપૂર્ણ વિનાશ કર્યો હતો.

- (The Holy Bible / Book of Deuteronomy; 2;31-35; 13-15 1 Samuel 14-47, 15;18,33 માં આ યુદ્ધોની તારાજીનો અહેવાલ છે.

એડવર્ડ ગીબન લખે છે કે જો કોઈ વસતિ તેઓનો પ્રતિકાર કરતું તો તેની સંપૂર્ણ કતલ કરી દેવામાં આવતી. આવી રીતે કેનાનની સાત જાતિઓનો સફાયો

કરી દેવામાં આવ્યો હતો. પશ્ચાતાપ કે ધર્માંતર પણ તેઓને બચાવી શકયાં નહીં.

- (Edward Gibbon, Decline and Fall of the Roman Empire; Volume v p. 359)

★ ★ ★

જ્યારે ખ્રિસ્તીઓએ મુસલમાનો પાસેથી સ્પેન જીતી લીધું ત્યારે રાજા ફર્ડીનાન્ડ અને રાણી ઈસાબેલાએ મુસલમાનોનું અસ્તિત્વ ખતમ કરી દીધેલું. ધર્મ-તપાસ (Inquisition) માં હજારો મુસલમાનો અને યહુદીઓ માર્યા ગયા હતા. તેઓને ખ્રિસ્તી ધર્મ અંગીકાર અથવા મોત વચ્ચે પસંદગીનો વિકલ્પ આપવામાં આવ્યો હતો.

- (George Zedan, History of Islamic Civilisation, Volume iv, p. 282)

ચૌદમી અને પંદરમી સદીનો ખ્રિસ્તી સ્પેનનો ઈતિહાસ ભયંકર ક્રૂરતાનો ઈતિહાસ છે. જેમાં મુસલમાનોનું નિકંદન કાઢી નાખવામાં આવ્યું હતું.

- (Jane Soames Nickerson, A Short History of North Africa, p. 75)

બે સદીના સમયમાં નવ ધર્મયુદ્ધોમાં લાખો મુસલમાનોને મારી નાખવામાં આવ્યા હતા.

આવા તો કેટલાયે યુદ્ધોમાં ખ્રિસ્તીઓએ મુસલમાનોને કતલ કર્યા હતા.

★ ★ ★

રોમીલા થાપર, એ.વી. થીઆગરાજ, પંડિત જવાહરલાલ નેહરૂ વગેરે લેખકો એક મતે જણાવે છે કે આર્યો ઉત્તર-પશ્ચિમ એશિયામાંથી આ ઉપખંડમાં આવ્યા હતા. તે વખતે સિંધુ ખીણ પ્રદેશમાં દ્રાવિડ સંસ્કૃતિ હતી. આર્યોએ આ સંસ્કૃતિનો વિનાશ કરેલો.

ઈ.સ. પૂર્વે બીજા સૈકાથી ઈ.સ. ચોથા સૈકા સુધી ભારતના લગભગ બધા જ મુળ નિવાસીઓ બૌદ્ધ ધર્મ પાળતા હતા.

- (Dr. R. G. Bhandarkar, A Peep into the History of India, p. 44)

આર્યોએ ઈ.સ. પૂર્વે ૧૮૫માં પુશ્યામિત્રની આગેવાની હેઠળ બૌદ્ધ ધર્મ વિરૂધ્ધ અભિયાન ચલાવ્યું હતું.

- (Dr. Ambedkar; Writings and Speeches vol. Three, p. 269)

શંકરાચાર્યના આદેશથી આર્ય રાજા દિગ્વિજયે રામેશ્વરથી હિમાલય સુધીના બૌદ્ધોનો સંહાર કર્યો હતો. અને બૌદ્ધ મઠોનો નાશ કર્યો હતો.

આર્યોએ સંસ્કૃતિ અને સભ્યતાના મહાન સ્મારકોનો નાશ કર્યો હતો. અને ભારતના મૂળ નિવાસીઓને ગુલામ બનાવ્યા હતા.

- (Dr. Radhakamal Chatterjee; O Hindu you Awake)

પંડિત જવારલાલ નેહરૂએ Discovery of India માં ઉપરોકત બાબતોનું સમર્થન કર્યુ છે.

ભાગવત કહે છે કે, કૃષ્ણે ક્ષત્રિયોનો સંહાર કરવા અવતાર લીધો હતો.

ગીતા કહે છે કે, કૃષ્ણે અર્જુનને ધર્મયુદ્ધ માટે પ્રેરણા આપી હતી.

રામે દંડાકરણનાં જંગલમાં આસુરો (આદીવાસીઓ ?)નો સંહાર કર્યો હતો. અને ઋષિઓ એ તેને મદદ કરી હતી.

મહાભારતમાં યુદ્ધોનું વર્ણન છે.

રામે હનુમાનની મદદથી લંકા પર ચઢાઈ કરી હતી.

ઋગવેદમાં યુદ્ધમાં વિજય વિષેના સ્તૃતિ કાવ્યો છે.

પુરાણોમાં યુદ્ધોની વાર્તાઓ છે.



બધી જ પ્રજાઓનો આ ઈતિહાસ છે. પછી મુસલમાનો પર શા માટે આક્ષેપ થોપવામાં આવે છે કે તેઓ ક્રૂર અને જંગલી છે.અને તેઓનો ખૂની ઈતિહાસ છે ?

મુસલમાનોના પયગંબર મોહંમદે (સલ.) તો રક્ષણાત્મક લડાઈઓ લડવી પડી હતી.

જે લોકો પાસે આકાશી ધર્મ ન હતો અથવા જે લોકો ઈસ્લામ માટે ભયરૂપ હતા. તે લોકો વિરૂદ્ધ જીહાદ હતો. જીહાદ બચાવ માટે હતો. આક્રમણ માટે નહી. જ્યારે આક્રમણનો ભય ન રહ્યો ત્યારે પરાજિત લોકો પ્રત્યે મુસલમાનો સહાનુભૂતિ દાખવી. અને તેઓને તેમના કાયદા-કાનુન અને ધાર્મિક માન્યતાઓની આઝાદી આપી હતી - (O. Houdes; Grande Encyclopaedia, p. 1006)

મુસલમાનોએ યુદ્ધ કેદીઓને કતલ કર્યા ન હતા. તેઓ સાથે સદવર્તન કરેલું. પોતે ખજુર અને પાણી પર નિર્વાહ કરીને તેઓને રોટલી અને શાક ખવડાવેલ.. યુદ્ધકેદીઓને મામુલી બદલો લઈને મુકિત આપેલી. તેઓને કાંઈ ઈજા પહોંચાડી ન હતી. સામાન્ય નાગરિકોને, વૃદ્ધ સ્ત્રીઓ અને પુરુષો, ધર્મગુરૂઓ, પુજારીઓ અને બાળકોને કશી ઈજા પહોંચાડી ન હતી. કોઈ યુદ્ધ કેદીને કતલ કરવામાં આવ્યો ન હતો. સ્ત્રીઓની લજ્જાનું રક્ષણ કરવામાં આવ્યું હતું. મકાનો, પ્રાર્થનાલયો, ફળઝાડો, ઊભા પાક, ઢોર વગેરેનો નાશ કરવામાં આવ્યો ન હતો. મુજાહિદોએ મોહંમદ (સલ.)ના ઉપરોકત આદેશ નો અમલ કર્યો છે.

સન આંઠ હિજરીમાં મક્કાની અજોડ જ્વલંત ફતેહ વેળા સૌ શત્રુઓને અને મક્કાની પુરી વસ્તીને આમ માફી આપતી જાહેરાત કરવામાં આવી હતી. ફકત ચાર રીઢા ગુનેગારોને મૃત્યુ દંડની શિક્ષા કરવામાં આવી હતી. બધાએ શરણાગતી સ્વેચ્છાએ સ્વીકારી પણ કોઈ પર પણ ઈસ્લામ સ્વીકાર માટે દબાણ સુદ્ધાં કરવામાં આવ્યું ન હતું. આવા હતા "રહમતુલ-લીલ-આલમીન". પયગંબર મોહંમદ (સલ.).

જીહાદ વિષેના નિયમો કુરઆનમાં આપવામાં આવ્યા છે. જેમકે,

"અલ્લાહના માર્ગમાં લડો. હદથી વધો નહી. (એટલે જુલ્મ ન કરો)"

"જો તેઓ (ઈન્કારીઓ-કાફિરો અને મુશરિકો) પોતે જ લડાઈની શરૂઆત કરે તો તમે પણ લડો." (૨:૧૯૦)

"જે કોઈ પોતાના પર જુલ્મ થયા પછી વ્યાજબી બદલો લે તો એવા લોકો પર પકડ નથી." (૪૨:૪૧)

"તેઓ સાથે એટલી હદમાં લડો કે આતંકવાદ બાકી ન રહે." (૨:૧૯૩)

"અલ્લાહ વાસ્તે ન્યાયપૂર્વક શાક્ષી આપો અને કોઈની દુશ્મનાવટના લીધે અન્યાય કરવા તૈયાર થશો નહીં. જે લોકો સુલેહ-સધીનો ભંગ કરીને તમારી સાથે લડે તો તમે પણ તેઓ સાથે અલ્લાહના પંથમાં લડો પણ હદથી વધો નહીં." (૫:૮)

ઉપરોકત શરતોને આધિન રહી જીહાદ માટે પરવાનગી આપવામાં આવી હતી. "અલ્લાહના પંથમાં અને અશકતોની સહાય માટે તમો કેમ લડતા નથી ? જેઓમાં કેટલાક પુરુષો, સ્ત્રીઓ અને બાળકો છે. તેઓ (કાફિરો અને મુશરિકોના) ત્રાસથી દુઆ માંગી રહ્યા છે કે અમોને આ વસ્તીમાંથી બહાર કાઢો કારણ કે આ લોકો ઘણાં જુલ્મી છે." (૪:૭૫)

જીહાદ દુનિયાની લાલચ, ધન અને સત્તા મેળવવા માટે નથી. બીજાઓને રંજાડવા માટે નથી. પણ અલ્લાહની ખુશનુદી, ઈમાન, ઈસ્લામ, ધાર્મિક હકો, ન્યાય, જાન-માલ, ઈઝઝત અને સ્વમાનના રક્ષણ માટે છે. ભલે શહીદ થઈ જાઓ. આ જીહાદ છે આતંકવાદ કે ત્રાસવાદ નથી. મૂળભૂતવાદીઓ (Fundamentalists) અલ્લાહના સીપાઈઓ; મુજાહિદો છે, ત્રાસવાદીઓ નથી.

૧૦. આક્રોશ

(૧)

ખ્રિસ્તીઓ અને યહુદીઓમાં ઈસ્લામ અને મુસલમાનો પ્રત્યે શરૂઆતથી જ ધૃણા અને વેરવૃત્તિ હતી. અગીયારમી સદીમાં છ ખ્રિસ્તી ધર્મયુદ્ધો થયાં. ઈ.સ. ૧૦૯૯માં જેરૂસલેમ જીતી ખ્રિસ્તીઓએ મુસલમાનોની ભયંકર કત્લેઆમ કરી હતી. સ્પેનમાં ધર્મ તપાસમાં અને અરબ રાજના પતન પછી ખ્રિસ્તી રાજ અમલમાં લાખો મુસલમાનોને કતલ કરવામાં આવ્યા હતા.

મુસલમાનો વિરૂદ્ધ હિંસા આચરવામાં ઈંગ્લેન્ડ, સ્પેન, રશિયા અને ગ્રીસે ઉગ્રતાપૂર્વક ભાગ લીધો હતો.

ઈ.સ.૧૮૬૧માં ભૂમધ્ય સમુદ્રમાં આવેલ ક્રેટ ટાપુ જીતી લઈ ગ્રીસે મુસલમાનો પર ખ્રિસ્તી ધર્મ સ્વીકાર કરવા બળપ્રયોગ કર્યો હતો. ઈ.સ. ૧૮૩૬ માં ક્રેટમાં ૭૦ ટકા મુસ્લિમોની વસ્તી હતી.પણ ૧૯૨૩માં ક્રેટમાં એક પણ મુસલમાન બાકી રહ્યો નહી.

ઈ.સ. ૧૮૨૮ પછી ગ્રીસે તુર્કવંશી મુસલમાનોની બળપૂર્વક હકાલપટ્ટી કરી. કેટલાકને કતલ કર્યા. ઈ.સ. ૧૮૨૦ માં ગ્રીસમાં મુસલમાનોની વસ્તી ૨૫ ટકા હતી. તે ઈ.સ. ૧૯૪૦ માં દોઢ ટકો થઈ ગઈ હતી.

ઈ.સ. ૧૯૧૯માં આંતરરાષ્ટ્રિય કરાર અન્વયે થ્રેસમાં તુર્કવંશી મુસલમાનોને રક્ષણની બાંહેધરી આપવામાં આવી હતી. પણ ગ્રીસે મુસલમાનોની જમીન આંચકી લઈ ૨૫ લાખ મુસલમાનોને તડીપાર કર્યા હતા.

ઈ.સ. ૧૯૭૭-૭૮ માં બાલ્કન યુદ્ધ વેળા બલ્ગેરીઆના ખ્રિસ્તીઓએ બે લાખ મુસલમાનોને કતલ કર્યા હતા. હજારોને દેશ નિકાલ કર્યા હતા. ૨૫ લાખ મુસલમાનોને જીવ બચાવવા તુર્કીની હિજરત કરવી પડી હતી.

ઈ.સ.૧૮૫૩-૫૬ ના ક્રિમીઆના યુદ્ધ વેળા રશિયાના સમ્રાટ ઝારની સરકારે કોકેશીઆના મુસલમાનોને ખ્રિસ્તી ધર્મ સ્વીકાર અથવા સૈન્યમાં ભરતી થવાંનો વિકલ્પ આપ્યો હતો. તેનો મુસલમાનોએ અસ્વીકાર કર્યો અને હિજરત કરવી પડી હતી.
(Kamal A.Karpat; The Status of Muslims under European Rule pp. 10-12, 23)

સામ્યવાદી રશિયાના સરમુખ્યિાતયારોએ કોકેશીઆના મુસલમાનોનો સાઈબીરીઆમાં દેશવટો કર્યો હતો. આફ્રિકામાં યુરોપના ખ્રિસ્તીઓએ યહુદીઓની નાણાંકિય ભાગીદારીથી ગુલામોનો વેપાર ચાર સદીઓ સુધી કરેલો. અને યુરોપિય ખ્રિસ્તીઓ એ બળપૂર્વક અમેરિકામાંના ખ્રિસ્તી જમીનદારોને હબશી ગુલામો વેચી દીધા હતા. આ ગુલામોમાં મોટી સંખ્યા મુસલમાનોની હતી. તેઓને બળપૂર્વક ખ્રિસ્તી બનાવેલા. પાઈપ દ્વારા પાણીનો છંટકાવ કરીને બેયટીઝમ આપવામાં આવતું આજે આ ગુલામોનાં વંશજો જાગૃત થયા છે.

યુરોપિય સામ્રાજ્યવાદમાં એશિયા, મધ્યપૂર્વ અને આફ્રિકાના મુસલમાનોને બીજી પ્રજાઓ કરતાં વધુ પ્રમાણમાં અત્યાચાર, અન્યાય અને શોષણના ભોગ થવું પડયું હતું. તેનું કારણ તેઓની ધાર્મિક શત્રુતા હતી.

ઈ.સ. ૧૮૫૭ ના વિપ્લવમાં હિન્દુસ્તાનના મુસલમાનોને હિન્દુઓ કરતાં વધારે પ્રમાણમાં બ્રિટીશ જુલમો સહન કરવા પડયા હતા. લાખો મુસલમાનોને મારી નાખેલા અને હજારોને જેલભેગા કરવામાં આવ્યા હતા.

આ પરંપરા વીસમી સદીમાં ચાલુ રહી. ઈજીપ્તના વિદ્વાન ઈતિહાસકાર મોહંમદ હયકલ તેમના પુસ્તક **"Life of Muhammad"** માં લખેછે કે,ખ્રિસ્તી ધર્મ ક્રૂર છે. દુનિયામાં સૌથી વધુ માનવીઓનું લોહી ખ્રિસ્તીઓએ રેડયું છે.છેલ્લા એક હજાર વરસોથી દુનિયાભરમાં યુદ્ધોનું ઉદ્‌ભવસ્થાન ખ્રિસ્તી યુરોપ છે.ખ્રિસ્તી ધર્મની શરૂઆતથી દુનિયાનો દરેક દેશ ઈસુખ્રિસ્તના નામે લોહીમાં તરબોળ છે.(પાનું ૨૧૩)

યુરોપ અને યુરોપિય વંશના ગોરા ખ્રિસ્તી વસાહતી અમેરિકા (યુ.એસ.એ.)એ જગતની શાંતિ, અન્ય દેશોની સ્વતંત્રતા અને સલામતી ભયમાં મુકી દીધાં છે. તેઓ શસ્ત્રોના ઉત્પાદકો અને સોદાગરો છે. બંને વિશ્વ યુદ્ધો અન્ય અનેક પ્રાદેશિક યુદ્ધો અને આંતર વિગ્રહો તેઓની જ નીપજ છે. રાજકિય અસ્થિરતા અને આંતરગ્રિહ ની આગ અમેરિકાની ગુપ્તચર સંસ્થા સી.આઈ.એ. ચાંપે છે.

★ ★ ★

ઈ.સ. ૧૯૧૪-૧૮ના વિશ્વ યુદ્ધ (હકીકતમાં યુરોપિય યુદ્ધ)નો એક હેતુ યુરોપની પૂર્વ સરહદે આવેલ ઉસ્માની તુર્ક મુસ્લિમ સલતનતના વિભાજનનો હતો. ઈ.સ. ૧૯૧૯માં ઈંગ્લેન્ડ અને ફ્રાન્સે તેના મધ્ય પૂર્વના પ્રદેશો વહેંચી લીધા અને અરબો સાથે છેતરપિંડી કરી.

ઈંગ્લેન્ડે પેલેસ્ટાઈન પર વર્ચસ્વ મેળવ્યું અને ઈ.સ. ૧૧૮૭માં સુલતાન

સલાહુદ્દીન અય્યુબીએ પેલેસ્ટાઈન ખ્રિસ્તી ક્રુઝેડરો પાસેથી જીતી લીધું હતું. તેનું વેર વાળ્યું. અને યુરોપના યહુદીઓની પેલેસ્ટાઈનમાં ઘુસણખોરી કરવા માર્ગ મોકળો કરી આપ્યો. ઈ.સ. ૧૯૧૭ના બ્રિટીશ સરકારની બાલ્ફર જાહેરાતમાં તેની યહુદ તરફી અને મુસ્લિમ વિરોધી નીતિ સ્પષ્ટ થતી હતી. ઈ.સ. ૧૯૧૭ પછી પેલેસ્ટાઈનમાં યહુદી વસ્તી વધતી ગઈ.

અમેરિકા અને ઈંગ્લેન્ડનું આ ષડયંત્ર હતું. ઈ.સ. ૧૯૪૮માં તેઓના વર્ચસ્વવાળા રાષ્ટ્ર સંઘ - UNO ની સામાન્ય સભાએ બીજી વેળાના દાબદબાણના મતદાનમાં ફકત એકજ મતની બહુમતીથી પેલેસ્ટાઈનનું વિભાજન કરી ઈઝરાઈલની સ્થાપના કરવાનો ઠરાવ અમેરિકાએ ઈંગ્લેન્ડ, ફ્રાન્સ અને રશિયાના સહકારથી પસાર કર્યો હતો. તેમાં તેઓની ખુલ્લી ઈસ્લામ શત્રુતા હતી.

અમેરિકા ઈઝરાઈલના અસ્તિત્વને ટકાવી રાખવા તેને વાર્ષિક બે અબજ ડોલરની આર્થિક, નાણાંકિય અને શસ્ત્રોની સહાય કરે છે. જેથી અરબ રાજ્યોને ભયભીત રાખી શકાય. સલામતી સમીતીમાં ઈઝરાઈલના હિતમાં અનેક વેળા વીટો વાપરી અમેરિકા તેને રાજદ્વારી પીઠબળ પુરૂં પાડે છે. અમેરિકાના પીઠબળથીજ ઈઝરાઈલ ત્રણ યુદ્ધો પાડોશી અરબ રાજ્યો સાથે લડી શકયું છે.

છેલ્લા ત્રણેક વર્ષોથી અમેરિકા ઈઝરાઈલ અને પાડોશી અરબ રાજ્યો વચ્ચે મંત્રણા, અને વધુ મંત્રણા યોજવામાં અમેરિકાનો હેતુ ઈઝરાઈલની નાબુદી થતી અટકાવવાનો છે. પણ મોડે વહેલે ઈઝરાઈલનું ઉઠમણું થઈ જશે એવાં એંધાંણ છે.

ઈઝરાઈલ હજી પેલેસ્ટાઈન, દક્ષિણ લેબનોન, સીરીઆનો ગોલન હાઈટસ્ પ્રદેશ અને જેરૂસલેમનો કબજો જમાવી બેઠું છે.

અમેરિકા અને ઈઝરાઈલ યુનોની સલામતી સમીતીના ઠરાવો પ્રત્યે દુર્લક્ષ સેવે છે. યુનોની સલામતી સમીતી તો અમેરિકાની કઠપુતળી છે. તે ઈચ્છે તેમ આંતરરાષ્ટ્રિય રાજકારણમાં વર્તન કરી શકે છે. અમેરિકા ગમે તે દેશની આંતરિક બાબતમાં હસ્તક્ષેપ કરવા મનગમતો ઠરાવ પસાર કરાવીને સૈન્ય મોકલી તેને દબડાવે છે. તેના એક હાથમાં ડોલર અને બીજા હાથમાં દંડો છે. તે જગતનો પોલીસમેન છે. ઈરાક, પનામા, હૈટી અને નીકારાગુઆ તેના દષ્ટાંતો છે. ઈરાક સાથે આથડી પડવા અમેરિકા બહાનું શોધે છે. અમેરિકાએ પોતાના પ્રતિસ્પર્ધી સોવીએટ રશિયાને ઠેકાણે પાડવાના હેતુથી અફઘાન મુજાહિદોને શસ્ત્રોની મદદ કરવા પાકિસ્તાનનો ઉપયોગ કર્યો. રશિયા ખોખરૂં થઈ ગયું. અફઘાનિસ્તાનમાં તેની હાર થઈ. અમેરિકાનો હેતુ પાર પડયો. હવે અમેરિકાને પાકિસ્તાનની અને અફઘાન મુજાહિદોની જરૂર ન રહી. એટલે બંનેને સહાય બંધ કરી દેવામાં આવી. અફઘાન મુજાહિદોના સશસ્ત્ર સંગઠનો એકતા સાધી ઈસ્લામી રાજ્ય વ્યવસ્થાની સ્થાપના કરે એ બાબત અમેરિકા કેવી રીતે સાંખી લે ? એટલે તેની ગુપ્તચર સંસ્થા સી.આઈ. એ અફઘાનિસ્તાનમાં આંતરવિગ્રહની આગ ચાંપી છે.

સોવિયેટ રશિયાના વિભાજન બાદ હવે અમેરિકા એક માત્ર સુપર પાવર છે. કોઈ પ્રતિસ્પર્ધી દેશ ન હોવાથી આંતરરાષ્ટ્રિય રાજકારણમાં તેનો કક્કો ચલાવવા માટે તે મનમાની કરે છે. નાના રાજ્યોને તેણે સામ, દામ, દંડ અને દંડાનો ઉપયોગ કરીને ખંડિયા Banana Republics બનાવી દીધાં છે.

ભૂતપૂર્વ પ્રમુખ બુશે "New World Order" ની આંતરરાષ્ટ્રીય રાજનીતિની જાહેરાત કરી હતી. તેનો હેતુ ઈસ્લામને ખ્રિસ્તી જગતનો પ્રતિસ્પર્ધી ગણવો. મુસ્લિમ રાજ્યોમાં આંતરવિગ્રહ સળગાવવો, રાજકિય અસ્થિરતા પેદા કરવી, સુધારાવાદી મુસ્લિમ રાજકારણીઓને સહાય કરી. ઈસ્લામી રાજવ્યવસ્થાની સ્થાપના થતી અટકાવવી. ઈસ્લામિક રાજવ્યવસ્થાના હિમાયતીઓને આતંકવાદી મૂળભૂતવાદીઓ- Fundamentalists તરીકે બદનામ કરી પરધર્મીઓનું મુસલમાનો અને ઈસ્લામ વિરૂદ્ધ માનસ તૈયાર કરવું. મુસ્લિમ રાજ્યોની એકતા-સંગઠનમાં વિક્ષેપ પાડવો, જીહજુરીઆ રાજકર્તાઓને સહાય કરી પંપાળવા, જો મુસલમાનો પોતાની સ્વતંત્રતા, હિતોની રક્ષા અને માનવ અધિકારો માટે અભિયાન ચલાવે તો તેઓ પર ત્રાસવાદના જુઠા આક્ષેપો મૂકવા, અને જેલભેગા કરવા, ગુપ્તચર સંસ્થા દ્વારા હિંસક બનાવોની યોજના કરી સંડોવવા, જો કોઈ મુસ્લિમ દેશ જીહજુરીઆ થવાની ના પાડે અને સ્વતંત્ર રાજનીતિ પર અમલ કરવાનો પ્રયાસ કરે તો તેની આર્થિક અને નાણાંકીય સહાય બંધ કરીને અને તેના પર વેપાર - વાણિજ્યના પ્રતિબંધો લાદીને ઢીલો કરવો - ઘુંટણીયે પાડવો. એવા મુસ્લિમ દેશોને કાળી યાદીમાં મુકવા (ભલે પશ્ચિમી ખ્રિસ્તી દેશો અને ઈઝરાઈલ અણુશસ્ત્રોનો ભંડાર રાખે પણ) મુસ્લિમ દેશો પાસે અણુ અને પરમાણું શસ્ત્રો, તેની ટેકનોલોજી અને ક્ષમતા હોવાં ન જોઈએ. અને જો કોઈ દેશ આ દિશામાં પ્રયાસ કરે તો તેના અણુમથકો નષ્ટ કરવાં, તેના પર પ્રતિબંધો લાદવા અને ધમકીઓ ઉચ્ચારવી. જરૂર પડે આક્રમણ કરવું. ઈસ્લામ અને મુસલમાનોના હિતો વિરૂદ્ધની બાબતોમાં સહકાર અને ઉત્તેજન આપવા. એક બાજુ ઈસ્લામના વખાણ કરી મુસલમાનોને ગફલતમાં રાખવા અને ઈસ્લામ વિરૂદ્ધ પ્રચાર માટે સલમાન રૂશ્દીઓ અને તસનીમા નસરીનોને ઉત્તેજન પુરૂં પાડવું. અને તેઓની સલામતી, માનદ્ ઉપાધીઓ, પુરસ્કાર અને પ્રચાર પાછળ સરકારી તિજોરીમાંથી લખલૂટ ખર્ચ કરવો વગેરે આ હેતુ સિદ્ધ કરવાના સાધનો છે.

તેની આ નીતિનો અમલ તેણે ઈરાક, ઈરાન, અલ્જીરીઆ, અફઘાનિસ્તાન, નાઈજીરીઆ, સુદાન, લીબીઆ, વગેરે દેશોમાં તાજેતરના વરસોમાં કર્યો છે. સી.આઈ.એ. સ્કોલેન્ડ યાર્ડ અને મોસાદ તેની આ કુટ નીતિ પર વ્યવસ્થિતપણે અમલ કરે છે.

બોસનીઆ એક મુસ્લિમ બૃહુમતીવાળુ નાનકડું બાલ્કન રાજ્ય આ "ન્યુ વર્લ્ડ ઓડર"ની અમેરિક કુટ નીતિનું ભોગ બન્યું છે. તેમાં નાટોના પશ્ચિમ યુરોપના ખ્રિસ્તી રાજ્યોનો અમેરિકાને સાથ છે. યુરોપમાં એક ઈસ્લામી રાજ્ય વ્યવસ્થાવાળું મુસ્લિમ રાજ્ય અસ્તિત્વમાં રહે એ કેમ તેઓ સાંખી લે ? એટલે છેલ્લા ચાર વરસોથી બોસનીઆને સ્વરક્ષણ માટે અત્યંત જરૂરી શસ્ત્રો ન મળે તેટલા માટે તેના પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. જ્યારે ખ્રિસ્તી સર્બોને જોઈતા શસ્ત્રો તેના પાડોશી મિત્રદેશો પુરાં પાડે છે. જેથી આ એક પક્ષી યુદ્ધમાં બોસનીઆના મુસ્લિમોની કત્લેઆમ થઈ રહી છે. તેઓની માલ-મિલકતનો વિનાશ થઈ રહ્યો છે. મુસ્લિમ સ્ત્રીઓ પર જાહેરમાં સર્બ સૈનિકો વિષય વાસનાના વરૂઓ બળાત્કાર કરતા રહે છે. પણ Love Thy Neighbour નો ઈસુ ખ્રિસ્તનો ધર્મ સંદેશ ખ્રિસ્તીઓ ભુલી ગયા છે. બોસનીઆ તબાહ-બરબાદ થાય તેટલા માટે સર્બોને ખુશ રાખવાની નીતિ - Appeasement Policyનું પાલન

થઈ રહ્યું છે. જ્યારે એવું લાગે કે બોસનીઆનું સૈન્ય યુદ્ધ મેદાનમાં જીત મેળવી રહ્યું છે ત્યારે નાટો યુદ્ધ વિરામ લાદે છે.

રશિયાએ ચેચેનીઆ પર આક્રમણ કર્યું તેનું ગળું ઘૂંટી રહ્યું છે.

આવા બનાવો વિષે મુસ્લિમોની તરફેણમાં બે-પાંચ ખ્રિસ્તી રાજ્યોના વડાઓ સહાનુભૂતિના નિવેદનો કરી મુસ્લિમોને ખુશ કરવા અને તેઓને ગફલતમાં રાખવાની ચાલબાજી કરે છે. તેઓ મગરનાં આંસુ પાડવાની કળામાં પારંગત છે.

★ ★ ★

ઈ.સં. ૧૯૪૮-૧૯૯૫ સુધીના સમય ગાળામાં ઈઝરાઈલે પેલેસ્ટાઈના અને પાડોશી દેશોના અરબો પર અત્યાચારોની ઝડી વરસાવી છે. ઈ.સ. ૧૯૪૮, ૧૯૬૭ અને ૧૯૭૩ના યુદ્ધોમાં અમેરિકાની સહાય વગર ઈઝરાઈલ હારી ગયું હોત. યહુદીઓ અહંકારી પ્રજા છે.તેઓ મુસલમાનોના કટ્ટર ધાર્મિક શત્રુઓ પૈકીમાંના છે.

ઈઝરાઈલે પેલેસ્ટાઈનના મુસ્લિમો પર અસંખ્ય અત્યાચારો કર્યા છે. ઈ.સ. ૧૯૪૮માં કીગ ડેવીડ હોટલમાં અરબોની કતલ, ઈ.સ. ૧૯૬૮માં મસ્જીદે અકસાને યહુદીઓએ લગાડેલી આગ, મસ્જીદે અકસાના બાંધકામને નુકસાન પહોંચવા અને તોડી પાડવા માટે પુરાતત્વની શોધખોળના નામે થતું ખોદકામ, ઈ.સ. ૧૯૭૬માં દીએર યાસીનની ખૂનરેજી, તેલ ઝાતરની ખૂનરેજી, સબ્રા અને શતીલાની પેલેસ્ટાઈનની નિરાશ્રિત છાવણીઓ પરનો બોંબમારો, ઈ.સ. ૧૯૮૨માં દક્ષિણ લેબનોન પર આક્રમણ અને કબજો, તેના ખીણ પ્રદેશ પર સતત બોંબમારો, બગદાદ (ઈરાક)ના અણું મથક પર હુમલો કરી તેનો કરેલ વિનાશ, ઈ.સ. ૧૯૯૩ના રમઝાન માસમાં હેબ્રોન શહેરની મસ્જીદે ખલીલમાં સવારની નમાઝ પઢી રહેલા રોઝાવાળા મુસલમાનોની કતલ વગેરે ઈઝરાઈલના અત્યાચારોના ઉદાહરણો છે.

હજી ઈઝરાઈલ પેલેસ્ટાઈને મર્યાદિત સત્તાવાળું આંતરિક સ્વરાજ પણ આપતું નથી.કરારના પાલન માટેના જુઠાવાયદા અને અર્થહીન મંત્રણાની પરંપરા ચાલુ છે.

ઈઝરાઈલ કેવું રાજ્ય છે તેનો ખ્યાલ તાજેતરના એક સમાચાર પરથી આવી શકે. હેબ્રોન શહેરમાં ચાર હજાર યહુદી વસાહતીઓની વસ્તીને ૨૪ કલાક પાણી પુરવઠો આપવામાં આવે છે. તેમના બાગબગીચા અને સ્વમીંગ પુલો છે. જ્યારે તેઓની પાડોશમાં રહેતા એક લાખ અરબોના ૭૫ ટકા કુટુંબોને દરરોજના વપરાશ માટે પુરતો પાણી પુરવઠો આપવાની સગવડ નથી.

ખ્રિસ્તીઓના અને યહુદીઓના જુલ્મ-સિતમ છતાં અલ્લાહ ભરોસે મુસલમાનો પોતાનું અને ઈસ્લામનું અસ્તિત્વ જાળવી શકયા છે.

(૨)

હવે માદરે વતનમાં ભાઈબંધ કોમ મુસલમાનો પ્રત્યે કેવી નીતિનું અનુસરણ થઈ રહ્યું છે તેનો ઈતિહાસ જુઓઃ

ઈ.સ. ૧૯૩૬માં રાષ્ટ્રીય સેવક સંઘ (R.S.S.) ના ગુરૂ ગોલવાકરે તેનાં "ભારતકી સાંસ્કૃતિક વીરાસત" નામના પુસ્તકમાં અને ઈ.સ. ૧૯૩૯માં "We and Our Nation Defined" નામના પુસ્તકમાં એક વિચારધારાની રજુઆત કરી હતી કે આર્યો વિશુદ્ધ પ્રજા છે; તેઓ આ ઉપખંડના મૂળ નિવાસીઓ છે.તેથી તેઓનું

રાજકિય વર્ચસ્વ હિન્દુસ્તાનમાં હોવું જોઈએ. વગેરે.

આ વિચારધારાથી ઉગ્રવાદી હિન્દુત્વવાદનો ઉદય થયો હતો અને ઉત્તરોત્તર તેનો વિકાસ થયો. આ ઉગ્રવાદી વિચારધારાની પ્રશ્વાદ ભૂમિકાના સંદર્ભમાં અગમચેતી આપતાં પંડિત જવાહરલાલ નેહરૂએ અનેક વેળા ભારપૂર્વક કહ્યુ હતું કે ભારતને સામ્યવાદનો નહી પણ કોમવાદનો ભય રહેલો છે. અને આ કોમવાદ રાષ્ટ્રવાદના ઓથા હેઠળ આચરવામાં આવશે.

- (Y. D. Gundevia's Memoirs, Outside the Archieves Quoted in the "Frontine" dated Dec. 17, 1993)

તેમણે વધુમાં કહ્યું હતું કે ભારતમાં ફાસીવાદ કોમવાદના સ્વરૂપમાં આવશે. તે ભયંકર હશે. કારણ કે તે ભારતિય સમાજનું વિભાજન કરશે.

ગુરૂ ગોલવાલકર જર્મન સરમુખ્તીયાર એડોલ્ફ હીટલરનો ઘણો પ્રશંસક હતો. તેણે તેની આ વિચારધારાની પ્રેરણા હીટલરના પુસ્તક "Mein Kampf" માંથી લીધી હતી. હીટલરે પણ એવું પ્રતિપાદન કરવાનો પ્રયાસ કર્યો હતો કે જર્મન આર્ય પ્રજા દુનિયાની એક શ્રેષ્ઠ પ્રજા છે. યહુદીઓ પણ માને છે કે તેઓ પરમેશ્વરની માનીતી પ્રજા છે. અને બીજી બધી પ્રજાઓ "Gentiles" છે. તેથી બીજી પ્રજાઓએ તેઓના વર્ચસ્વ હેઠળ રહેવું જોઈએ. સફેદ ચામડીવાળા લોકો રંગીન અને કાળી ચામડીવાળા લોકો વિષે પણ એવી જ માન્યતા ધરાવે છે. આર્યો અનાર્યો પ્રત્યે આજ મંતવ્ય રાખે છે.

ભારતના ઈતિહાસકારો એકમતે એવો અભિપ્રાય ધરાવે છે કેઃ

આર્યો આ ઉપખંડની મૂળ પ્રજા નથી. તેઓ ઉત્તર - પશ્ચિમ એશિયા અથવા કેસ્પીયન પ્રદેશમાંથી આવ્યા હતા. તેઓ પશુપાલકો હતા. વેદની સંસ્કૃત ભાષા આ બાબતનું સમર્થન કરે છે. આર્યોના વેદ અને જરથુસ્તીઓના ઝંદ અવસ્તા અને દસાતીરની ભાષા, કેટલીક ધાર્મિક માન્યતા અને વિધિઓ વચ્ચે સામ્ય છે. ઋગવેદની ભાષા અને પુરાણી ઈરાની ભાષા વચ્ચે સંબંધ છે. એટલે આર્યો આ ઉપખંડના મૂળ નિવાસીઓ નથી પણ પરદેશી આક્રમણકારો છે.

તેઓના આગમન પૂર્વે આ ઉપખંડમાં નિગ્રેટો, પ્રોટો, ઓસ્ટ્રેલાઈડ, ઓસ્ટ્રીક, નોર્લ્ડસ, દ્રાવિડો, વગેરે જાતિઓ વસવાટ કરતી હતી. અને તેઓની એક વિકસિત સંસ્કૃતિ હતી. તેના અવશેષો ઉત્તર-પૂર્વ અને સિંધુ નદીના તટપ્રદેશમાં મોહનજીડરો, હરાપ્પા, રંગપુર, લોથલ વગેરે સ્થળોમાં મળી આવ્યા છે. આર્યોએ આ ઉપખંડના મૂળ નિવાસીઓને "અનાર્યો" તરીકે ઓળખાવ્યા હતા. "આર્યો" અને "અનાર્યો" વચ્ચે યુદ્ધો થયેલાં. આર્યો પશુપાલકો હતા. અનાર્યો ખેતી કરતા. પશુપાલકો ખેડુતો કરતાં વધુ શારીરિક તાકતવાન હોય છે. એટલે અનાર્યો હારી ગયા. આર્યોએ આ ઉપખંડની સંસ્કૃતિનો વિનાશ કર્યો હતો. ઉત્તર ભારતના આ આદીવાસીઓ અને મધ્ય અને દક્ષિણ ભારતના દ્રાવિડો આ ઉપખંડના મૂળ નિવાસી પ્રજાઓ છે. આર્યોએ આ મૂળ નિવાસીઓનું શોષણ કર્યુ. ગુલામો બનાવ્યા અને દેશના દક્ષિણના અને ઉત્તર-પૂર્વના જંગલોમાં તગેડી મુકયા હતા.

માર્ટીન લૉ નામના બ્રિટીશ ઈતિહાસકાર જણાવે છે કે આર્યો હિમાલયની ઉત્તરે

મધ્ય એશિયાના ઉચ્ચ પ્રદેશ - Stepps ના - ઘાસના મેદાનોનાં રહેવાસીઓ હતા. અને તેઓએ હિન્દુસ્તાન પર આક્રમણ કર્યુ હતું.

પંડિત જવાહરલાલ નેહરૂએ તેમના પુસ્તક "Discovery of India" માં આ બાબતનું સમર્થન કર્યુ છે.

બૌધ્ધો, દલિતો અને દ્રાવિડો અહીનાં મૂળ વતનીઓ હતા. આર્યો આવ્યા પછી ઈરાનીઓ, ગ્રીકો, પાર્થીઓ , બકત્રીઓ, શીથીઅનો, હુણો, અફઘાનો, મોગલો, અરબો, ખ્રિસ્તી યુરોપીઅનો, યહુદીઓ, જરથુસ્તીઓ, હબશીઓ વગેરે પ્રજાઓ હિન્દુસ્તાનમાં આવી અને તેઓએ આ દેશની સંસ્કૃતિના વિકાસમાં ફાળો આપ્યો હતો.

પુરાતત્વવાદીઓ પણ જણાવે છે કે હિન્દુસ્તાનના લોકો દ્રાવિડો, આર્યો, મોગલીઅનો અને શીથીઅનોનું મિશ્રણ છે.

સંક્ષિપ્તમાં આર્યો પરદેશી આક્રમણકારો હતા અને આર્યો વિશુદ્ધ પ્રજા નથી. દુનિયાની કોઈ પણ પ્રજા વિશુદ્ધ અને શ્રેષ્ઠ હોવાનો દાવો કરી શકે નહી.

આવો દાવો કરનાર પ્રજા બીજી પ્રજાઓ પર પોતાનું રાજકિય અને ધાર્મિક વર્ચસ્વ બળનો પ્રયોગ કરી ઠોકી બેસાડવાનો પ્રયાસ કરે છે.

પરદેશી આર્ય આક્રમણકારોએ ઉપખંડના મૂળ નિવાસીઓ પર વર્ચસ્વ જમાવ્યું અને વર્ણવ્યવસ્થા ઠોકી બેસાડી. તેને ધાર્મિક સ્વરૂપ આપ્યું. તેમાંથી ઉચ્ચ વર્ગના બ્રાહ્મવાદનો ઉદય થયો.પરાજિત મૂળ નિવાસીઓ હિન્દુ સમાજના નીચ વર્ગના શોષિત-પીડીતો બની ગયા.તેઓ પર પોતાનો ધર્મ ઠોકી બેસાડયો. મૂર્તિપુજા દાખલ કરી. બૌદ્ધ અને જૈન ધર્મોનું અસ્તિત્વ આ ઉપખંડમાંથી નાબુદ કરવામાં આવ્યું.

આર્યો-ઉચ્ચ વર્ણના દક્ષિણ પંથી સંગઠનોનો હેતુ છે કે મુસ્લિમો પણ તેઓના ધર્મમાં સમાવિષ્ઠ થઈ જાય. તેઓની સંસ્કૃતિનો સ્વીકાર કરે. બીજી બધી પ્રજાઓએ તેઓની શરણાગતી સ્વીકારી લેવી પડી હતી પણ ફકત મુસલમાનોએ જ તેનો દ્રઢતાપૂર્વક પ્રતિકાર કર્યો છે. શિકારી જાનવર એક વાર લોહી ચાખી લે પછી તે શિકારની તાકમાં પ્રવૃત્ત રહે છે. હિન્દુઓએ જૈનો અને શીખોને હિન્દુઓમાં સમાવિષ્ઠ કરી લીધા હવે મુસલમાનો તેઓનું લક્ષ્ય છે.

ભારતના મુસલમાનોના પૂર્વજોએ હિન્દુ ધર્મના અન્યાય, શોષણ અને અસમાનતાથી મુકિત મેળવવા ઈસ્લામ સ્વેચ્છાએ સ્વીકાર્યો હતો. તેથી તેઓ પરદેશી નથી. ઈતિહાસની પરિભાષામાં તેઓ આ દેશના આદીવાસીઓ છે. તેઓમાં કદાચ જ પાંચ-દસ ટકા પરદેશી - અરબ, અફઘાન, મોગલ કે તુર્કનું લોહી મીશ્રિત હશે. દુનિયાની લગભગ પ્રજાઓ મિશ્રિત છે.

આર્ય વિચારધારામાં સરમુખ્તીયારશાહી છુપાયેલી છે. એટલે પ્રજાતંત્ર લોકશાહીને તે ભયરૂપ છે. રાજકારણીઓએ આ બાબતને ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લેવી જોઈએ.

જર્મન શ્રેષ્ઠ, વિશુદ્ધ આર્ય પ્રજાની વિચારધારા બીજા વિશ્વયુદ્ધ માટે જવાબદાર હતી. અને ભારતમા પણ આ વિચારધારા આ દિશામાં વીકસી રહી છે. પંડિત જવાહરલાલ નેહરૂની અગમવાણી સત્ય સાબિત થઈ રહી છે.

કોઈ પણ વિચારધારાના અમલ માટે રાજકિય સત્તા જરૂરી બને છે. હીટલરે

રાજસત્તા હાથ કરી તેનો અમલ શરૂ કરેલો. ભારતના હિન્દુ દક્ષિણપંથી સંગઠનો રાજસત્તા હાથમાં લેવાનો પ્રયાસ કરે છે. જર્મન ફાસીવાદ- નાઝીવાદમાં વંશિય સર્વોપરિતાની વિચારધારા હતી. ભારતમાં આર્ય વંશિય સર્વોપરિતામાં ધાર્મિક પાસાનો સમાવેશ થાય છે.

Hate Policy - ધિક્કાર નીતિના અમલ માટે લક્ષ્ય જોઈએ. "આર્ય" વિચારધારાનું લક્ષ્ય મુસલમાનો છે આ પ્રાશ્વાદ ભૂમિકાના સંદર્ભમાં ભારતના વર્તમાન રાજકારણને સમજી શકાય.

આઝાદી પહેલાં પણ દક્ષિણપંથી હિન્દુત્વાદી અર્ધલશ્કરી અને રાજકિય સંગઠતનો હતાં તે તાજેતરના વર્ષોમાં વધુ સક્રિય અને આક્રમક બન્યાં છે. આ સંગઠનનો હેતુ "રામ રાજ્ય"ની સ્થાપ્ના કરવાનો છે. ભારતને એક હિન્દુ સાંપ્રદાયિક રાષ્ટ્ર બનાવવાનો છે.

તેઓ ભારતના મુસલમાનોને દેશના ભાગલા માટે જવાબદાર ઠેરવે છે. પણ હકીકતમાં બ્રિટીશ રાજનીતિ તેમજ હિન્દુઓ અને મુસલમાનો વચ્ચેનો પરસ્પરનો અવિશ્વાસ તેના ખરા કારણોં હતા.

ઈ.સ. ૧૯૦૯ના મોન્ટેગ્યુ ચેમસફર્ડ ઈ.સ. ૧૯૧૯ના મોર્લીમીન્ટો સુધારા અને ઈ.સ. ૧૯૩૫ના પ્રાંતિક સ્વરાજના અમલમાં હિન્દુઓએ મુસલમાનોના હિતોની અવગણના કરી અવરોધો ઉપસ્થિત કર્યા હતા. તેમાંથી અલગતાવાદ અને ભાગલાવાદનો જન્મ થયો હતો. અને અવિશ્વાસનાં બીજો રોપાયાં હતાં.

ઠેઠ બ્રિટીશ ઈસ્ટ ઈન્ડીયા કું.ના સમયથી ઈ.સ. ૧૯૪૭ સુધી રાષ્ટ્રવાદી મુસલમાનોની ધાર્મિક નેતાગીરી આઝાદીના સંગ્રામમાં આગળ હતી. તેણે અખંડ હિન્દુસ્તાનના હિમાયત કરી હતી. પણ આ રાષ્ટ્રયવાદી મુસ્લિમ નેતાગીરીની અસર ઉત્તરોત્તર ઓછી થઈ ગઈ હતી. અઝાદીના અણીના સમયે મૌલાના અબુલકલામ આઝાદ (રહ.)ને કોંગ્રેસ પ્રમુખપદ પરથી હઠાવવામાં આવ્યા. કોંગ્રેસમાં તેમનો અવાજ રૂંધવામાં આવ્યો. અને કોંગ્રેસની નેતાગીરીએ દેશના ભાગલા સ્વીકારી લીધા. છેક છેલ્લે સુધી મૌલાના આઝાદ (રહ.) ભાગલાનો વિરોધ કરતા રહ્યા હતા. પણ તેમનું કોઈએ સાંભળ્યું નહી. મુસ્લિમ રાષ્ટ્રવાદી પરિબળોએ ભોંઠપ અનુભવી. આઝાદી પહેલાંના એક દસકાના સમયમાં મૌલાના આઝાદ કોંગ્રેસના પ્રમુખ હતા અને તેમણે દેશને આઝાદીના દ્વારે લાવી દીધો હતો.

વિશ્વમાં અનેક દેશોમાં વિભાજન થયું છે. હિન્દુસ્તાનમાં અગાઉ વિભાજન થયુ હતું. અને જો કોઈ દેશનો અમુક વર્ગ એવું માને કે તે અરક્ષિત છે, તેના હકો અને અધિકારો સલામત નથી, તેને સમાન તકો આપવામાં આવતી નથી અને તેનું શોષણ અને દમન થાય છે તો ભાગલાવાદી પરિબળો અસ્તિત્વમાં આવે છે. અવિશ્વાસ અને સંઘર્ષ ઉત્પન્ન થાય છે. કુટુંબ, સમાજ કે દેશમાં અત્યાચાર, અન્યાય, શોષણ અને દમન થાય ત્યારે વિભાજન થાય જ. તાજેતરનો દાખલો રશિયાનો છે. ઈંગ્લેન્ડમાં ઉત્તર આયલેન્ડની પ્રજાની પણ આ જ માંગણી છે.

બહુમતી લઘુમતીઓને પોતાની જોહુકમીનું લક્ષ્ય બનાવે તો સંઘર્ષ થાય જ. ઈતિહાસનો આ બોધપાઠ છે. કોઈ સમાજ કે દેશ કેટલો સંસ્કૃત અને સંસ્કારી છે. તેનો

માપદંડ તેની સંતુષ્ઠ લઘુમતીઓ છે. દુર્ભાગ્યે ભારતમાં આદીવાસીઓ, દલીતો, હરીજનો અને મુસલમાનો હિન્દુત્વવાદી ઉચ્ચવર્ણના કહેવાતા "આર્યો"ના પીડીતો છે.

ભારતના દક્ષિણપંથી હિન્દુત્વવાદને ઈસ્લામનો "ભય" પેસી ગયો છે. ઈસ્લામના ધર્મ શિક્ષણ આગળ અન્ય ધર્મોનું શિક્ષણ નિર્માલ્ય છે. આથી તેઓના અનુયાયીઓ લઘુતાગ્રંથિથી પીડાય છે. વળી ઈસ્લામના ઝડપી ફેલાવાના લીધે તેઓ ચિંતાગ્રસ્ત છે.

બહુમતી લઘુમતીને રંજાડે તો તેમાંથી ત્રાસવાદ અને આતંકવાદ નીપજે. પોતાના અસ્તિત્વ માટે તો પશુ પણ પ્રતિકાર કરે છે.

કમનસીબે ભારતમાં બહુમતી અને લઘુમતી વચ્ચે ધાર્મિક આતંકવાદે ઊંડી તિરાડ પેદા કરી દીધી છે. Every action begets re-action. દરેક કાર્યની પ્રતિક્રિયા થાય છે. આ તો સીધી સાદી બાબત છે.

આતંકવાદના રાજકિય, ધાર્મિક, અને સામાજિક સ્વરૂપો હોય છે. જ્યારે ધાર્મિક આતંકવાદ રાજકિય સ્વરૂપ ધારણ કરે ત્યારે તે વધુ આક્રમક બને છે.

ભારતમાં દક્ષિણપંથી હિન્દુત્વવાદીઓ - Fundamentalists ઉગ્ર બને તો તેનો પ્રતિકાર મુસ્લિમો કરે છે. આથી કોમી હુલ્લડો થાય છે. આ ધાર્મિક આતંકવાદ - ત્રાસવાદ છે. તેઓનો હેતુ મુસલમાનોનું મનોબળ તોડવાનો અને તબાહ કરવાનો છે. આઝાદી પછી લગભગ ૪,૦૦૦ નાના-મોટાં હુલ્લડોમાં મુસલમાનોના જાનમાલની ભયંકર ખુવારી થઈ. ભારતના મુસલમાનો સૌથી કંગાળ અને પછાત વર્ગમાં ધકેલાઈ ગયા. મુફલીસ થઈ ગયા. તેઓની બહુમતી સંખ્યા ગરીબીની રેખાથી પણ નીચે ગઈ. તેઓની અબજો રૂપિયાની માલમિલકત, રહેઠાણો, દુકાનો, કારખાના, વેપાર, ધંધા, ઉદ્યોગ, ખેતીવાડી, વાહનો અને ધર્મસ્થળો ભસ્મીભૂત કરી નાખવામાં આવ્યા. મુસલમાનો પાસે લારી-ગલ્લા અને કેબીનો જ રહી ગયાં. તેઓના આજીવિકાના સાધનો મોટા પ્રમાણમાં મર્યાદિત થઈ ગયાં.

મુસલમાનોને જીવતા રહેંસી નાખવામાં આવ્યાં. જીવતા બાળવામાં આવ્યા. બાળકોને તેઓના મા-બાપની હાજરીમાં રહેંસીનાખવામાં આવ્યા. કુટુંબીઓની હાજરીમાં સ્ત્રીઓને જાહેરમાં નગ્ન કરી લાજ લુંટવામાં આવી. તેની વીડીઓ કેસેટો ઉતારવામાં આવી. તે જોઈને મનોરંજન મેળવ્યું. નાચ્યા, કુદયા પરદેશોમાં આ કેસેટોનું વિતરણ કર્યુ. હિન્દુઓએ સહ કુટુંબ આ કેસેટો જોઈ. આનંદ માણ્યો. આ તે કેવી પ્રજા ? માનવીઓ કે પાશવીઓ? ભારતમાં માનવતાનું લીલામ થઈ ગયું.ભારત મેરા મહાન !

એક ઉગ્રવાદી હિન્દુત્વવાદી સંસ્થાની એક પત્રિકાનો દેશ-પરદેશમાં પ્રચાર થયો. તેમાં તેના અનુયાયીઓને આદેશ આપવામાં આવ્યો છે કે,

"મુસ્લિમો સાથે હુલ્લડ કરો, તેઓ સાથે નજીકના સંબંધ હોવાનો ડોળ કરો, મુસ્લિમ ઘરોમાં કામ કરો, મોકો મળતાં તેઓની સ્ત્રીઓ સાથે સંભોગ કરો અને તેઓનાં ગર્ભમાં હિન્દુ બીજ મુકો. મુસ્લિમ નવજાત શીશુના કાનમાં ૐ મંત્ર બોલો, તેમનાં નવજાત બાળકોને અપંગ કરો,મુસ્લિમોના આવકના સાધનો નષ્ટ કરો" વગેરે.

દક્ષિણપંથી હિન્દુત્વવાદી "આર્યો" મુસ્લિમોને ધમકીઓ આપે છે કેઃ હિન્દુ બનો, હિન્દુ નામ ધારણ કરો, હિન્દુ પહેરવેશ અપનાવો, વંદેમાતરમ્ ગાઓ, હિન્દુ તહેવારોની

રાષ્ટ્રિય તહેવારો તરીકે ઉજવણી કરો, રામને રાષ્ટ્ર વીર તરીકે સન્માન આપો. નહીતર ખુલ્લી ધમકી આપવામાં આવી છે કે,

ભારત છોડો... પાકિસ્તાન જાઓ, અરબસ્તાન જાઓ અથવા, કબ્રસ્તાન જાઓ. ન જાઓ તો ? એક મોટું પ્રશ્ન ચિન્હ છે. પણ અર્થ તદ્દન સ્પષ્ટ છે.

મતલબ કે હિન્દુ ધર્મમાં સમાવિષ્ઠ થઈ જાઓ અથવા ભારતમાંથી ભાગી જાઓ. મુસલમાનો માને છે કે ભારત તેમનું માદરે વતન છે. તેઓ પરદેશી નથી. તેઓ દેશદ્રોહી નથી. દુનિયાની કોઈ તાકત ભારતને બીજું સ્પેન બનાવી શકશે નહી. આ દેશમાં ઈસ્લામ અને મુસલમાનો છે અને સદા રહેશે. ઈમાનના બળથી તેઓ જીવતા રહેશે. પાન ઈસ્લામીઝમની તેઓને હૂંફ છે. હિન્દુઓ અન્ય કોમોને બળપૂર્વક હિન્દુ ધર્મમાં સમાવિષ્ઠ કરી શકયા પણ મુસલમાનો લલકારે છે કે :

"મર જાએંગે; ઈમાનકા સોદા ન કરેંગે,
કટ જાએંગે; ઈસ્લામકો ન છોડેંગે."

વંદેમાતરમ્ હિન્દુ ધર્મ ગીત છે. રાષ્ટ્ર ગીત નથી. તે મૂર્તિપુજકોનું ધર્મ ગીત છે. જેમાં દુર્ગા, લક્ષ્મી અને સરસ્વતી દેવીઓની સ્તૃતિ છે. તે ગાવાથી એક મુસલમાન મુશરિક બની જાય છે. મુસલમાનો માટે શિર્ક ભયંકર પાપ છે. મુસલમાનો એક ઈશ્વરવાદમાં માને છે. તે આ શિર્કનું ગીત કદાપિ ગાઈ શકે જ નહી.

સંખ્યા, સત્તા અને દંડા બળે મુસલમાનો પર હિન્દુત્વવાદ કદાપિ થોપી શકાશે નહી. આવા પ્રયાસનો તેઓ પ્રતિકાર કરે તો તેઓને આતંકવાદી અને દેશદ્રોહી કહેવામાં આવે છે. મુસલમાનો માટે સૌ પ્રથમ ઈશપ્રેમ અને પછી દેશપ્રેમ. દેશપ્રેમને ઈમાનનો ભાગ કહેવામાં આવ્યો છે.

જગતની સૌથી વધુ પીડીત પ્રજા ભારતના મુસલમાનો છે. "અહિંસા પરમો ધર્મ", "ભારત મેરા મહાન", પણ દેશ હિંસક બનતો જાય છે. આ કડવી હકીકત છે. અને તેનું લક્ષ્ય મુસલમાનો છે. ફકત એટલા માટે કે તેઓ "લા ઈલાહ ઈલ્લલ્લાહ; મોહંમદુર્રસુલુલ્લાહ"નો કલેમો પઢે છે શું આ કલેમો પઢવો રાષ્ટ્ર દ્રોહ છે ? શું આ જુલમ નથી ?

ભારતના મુસલમાનોની સરખામણીમાં હિન્દુત્વવાદીઓમાં રાષ્ટ્રવિરૂદ્ધની પ્રવૃત્તિ કરનારા ઉગ્રવાદી પરિબળો અને સંગઠનોનું પ્રમાણ અનેકગણું વધારે છે. મુસલમાનોનું કોઈ અર્ધ-લશ્કરી સંગઠન નથી. આવા હિન્દુ સંગઠનો અનેક છે. તેના નેતાઓ છડેચોક ભગવા રાષ્ટ્રવાદના નામે આતંકવાદ અને હિંસા આચરે છે. અને ઉશ્કેરણી કરે છે.મુસલમાનોને રાષ્ટ્રવાદના પ્રવાહમાં જોડાઈ જવાનો આગ્રહ કરવામાં આવે છે.

કયો રાષ્ટ્રવાદ ? ભગવો હિન્દુત્વવાદી સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ ? કોઈને દુઃખ પહોંચાડીને વફાદારી, પ્રેમ અને સન્માનની આશા રાખી ન શકાય.

ભારતના મુસલમાનોની કેવી આર્થિક દુર્દશા કરી નાખવામાં આવી છે તેની કેટલીક અધિકૃત માહિતી અત્રે રજુ કરવામાં આવે છે.

નેશનલ સેમ્પલ સર્વે ઓરગીનીઝેશનનો ૧૯૮૭-૮૮નો અહેવાલ જણાવે છે કે, શહેરોની અર્ધોઅર્ધ મુસ્લિમ વસ્તી શહેરોના જુના વિસ્તારોમાં વસવાટ કરે છે. જ્યાં

સ્વચ્છતા અને પાયાની સ્વાસ્થ્યની જરૂરિયાતોની ઘણી અછત છે. મુસ્લિમો શહેરોની સરહદે આવેલ ભાંગ્યા તૂટયા ઉપનગરોમાં નાના કારીગરો, નાના દુકાનદારો અને પરચુરણ રોજગારના મજુરો તરીકે જીવન ગુજારે છે. મુંબઈ શહેરમાં નેવું ટકા મુસ્લિમ વસ્તી ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરે છે. શહેરોની અર્ધો અર્ધ મુસ્લિમ વસ્તી ગરીબાઈની નીચે જીવન ગુજારે છે. મુસ્લિમોને જીવતા રહેવા માટે સંઘર્ષ કરવો પડે છે. જીવન નિર્વાહ માટે તેઓની આવક ઘણી અપુરતી છે. હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે ગરીબાઈનો તફાવત ઘણો વધારે છે.

- (C. V. Sridhar, Fiction and Fact " The Real Plight of the Minorities" Frontline dated 12-25 Oct., 1995)

નેશનલ માયનોરીટી કમિશનનો રિપોર્ટ જણાવે છે કે મુસ્લિમોની દેશની કુલ વસ્તીનું પ્રમાણ ૧૧.૨ ટકા હોવા છતાં આર્થિક, સરકારી મુલ્કી, પોલીસ અને સૈન્ય ના ત્રણે વિભાગોમાં તેઓની નોકરીનું પ્રમાણ ચિંતાજનક છે. તેની ટકાવારી નીચે મુજબ છે.

	ટકાવારી
ધોરણ દસ (મેટ્રીક)માં મુસ્લિમ વિદ્યાર્થીઓ	૪.૦૦
ઉદ્યોગ અને વેપારના પરવાના	૨.૦૦
સરકારી નાણાંકિય સહાય	૩.૭
આઈ.એ.એસ. અધિકારીઓ	૩.૦૦
કેન્દ્ર સરકારની નોકરીઓ	૪.૪૧
બેંક લોન	૫.૦૬
પ્રોવીન્સીઅલ આર્મડ કોન્સ્ટેબલરી	૪.૦૦
સેન્ટ્રલ રીઝર્વ પોલીસ	૫.૫
રેપીડ એકશન ફોર્સ	૬.૦૦

નેશનલ માયનોરીટી કમિશનના ભૂતપૂર્વ પ્રમુખ એસ. એમ. એસ. બર્ની જણાવે છે કે યોજના હોવા છતાં મુસ્લિમોને સરળ હપ્તે નાણાંકિય સહાય કદાપિ મળ તી નથી. કેન્દ્ર સરકારમાં આ હાલત છે તેવી જ અથવા તેથી વધુ ખરાબ પરિસ્થિતિ રાજ્યોમાં છે. એક દક્ષિણ પંથી રાજકારણીએ પણ કહેવું પડયું કે મુસ્લિમોને તો સરકાર તરફથી માત્ર Lollipops લોલીપોપ્સ પ્રાપ્ત થઈ શકયાં છે.

- (India To-Day dated 31-1-1993)

બંધારણમાં અને કાયદામાં તો સૌને સમાન નાગરિક હકો આપવામાં આવેલા છે. પણ વાસ્તવિક જીવનમાં અસમાન તકો છે. મુસલમાનો પોતાના હિતોના રક્ષણ વિષે અસંતુષ્ઠ છે. અસલામતીની તલવાર તેઓના માથા પર લટકતી રહે છે. તેઓ અત્યાચાર અને અન્યાયના ભોગ બનતા રહે છે.

ઉત્તર ભારતમાં ઉર્દુ ભાષા હિન્દુ-મુસ્લિમની માતૃભાષા હતી. તે રાષ્ટ્રીય ભાષા બનવાને ક્ષમતા રાખે છે. હવે તેનું પ્રાંતિય ભાષા જેટલું પણ સ્થાન રહ્યું નથી. ઉગ્ર હિન્દુત્વવાદીઓ ઉર્દુભાષી સમાચાર બુલેટીન ટી.વી. પર બંધ કરવા માંગણી કરે; ગૌ વધ બંધ કરી મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને કેટલીયે હિન્દુ જાતિઓનો

સસ્તો પ્રોટીન ખોરાક ઝુંટવી લેવામાં આવે શાળાઓમાં હિન્દુ પ્રાર્થના ગીતો અને ગરબા ગવડાવવામાં આવે, સરસ્વતીની સ્તૃતિ થાય, વંદેમાતરમ્ ગાવાનો હુકમ થાય, ટી.વી. પર મહાભારતની ફિલ્મ સિરિઝ બતાવવામાં આવે, સરકારી સમારંભોમાં દીવો પ્રગટાવીને હિન્દુ ધર્મ વિધિ મુજબ ઉદ્‌ઘાટન થાય. રાષ્ટ્રપતિના હાથે અર્જુન અને દ્રોણાચાર્યની મૂર્તિઓ રમતગમતના ખેલાડીઓને રાષ્ટ્રિય પુરસ્કાર તરીકે આપવામાં આવે, સરકારી માલિકીના જાહેર વાહનવ્યવહારના સાધનોમાં દેવો-દેવીઓના શણગારેલા ફોટા અને ધર્મસુત્રો હોય. શાળાના પાઠયપુસ્તકોમાં હિન્દુત્વવાદનો પ્રચાર કરવામાં આવે, ઈતિહાસને વિકૃત કરી અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવે. જાહેર પ્રચાર માધ્યમોમાં મુસલમાનોની લાગણી દુભાય એવા લખાણોની ભરમાર રહે - એ બધું વા ની દિશા સુચવે છે.

સરકારી વહીવટીતંત્ર, ધારાગૃહો, શિક્ષણ, પોલીસ, સૈન્ય, ન્યાયતંત્ર વગેરેમાં બિનસાંપ્રદાયિકતા, ઝડપભેર અદશ્ય થઈ રહી છે. તાજેતરની ચુંટણીના પરિણામો ભયસૂચક છે. ગુજરાત ધારાસભામાં ફકત એક મુસ્લિમ સભ્ય. સુરત નગરપાલિકામાં શૂન્ય. રાજકારણ પર ઉગ્ર હિન્દુત્વવાદી પકડ મજબુત થતી જાય છે.

ઈતિહાસની વિકૃતિ કરવાના પ્રયાસો વિષે રોમીલા થાપર, સર્વપલ્લી ગોપાલન, ઈરફાન હબીબ, આર.એસ.શર્મા, કે.એન. પાનીકર, અમીયા કુમાર બાગચી વગેરે સુપ્રસિદ્ધ ઈતિહાસકારો ચિંતા વ્યકત કરે છે.

બાબરી મસ્જીદનો ધ્વંશ ભારતનું એક મહાન કલંક - તેના ઈતિહાસનું કાળું પૃષ્ઠ છે. આર્કીઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયા (ASI)ના ડાયરેકટર જનરલ પ્રો. બી.બી. લાલ અને તેના ભૂતપૂર્વ વધારાના ડાયરેકટર જનરલ કે.વી. સોન્દ્રારાજ, પ્રો. આર. એસ. શર્મા, ડો. સુશીલ વાસ્તવ, ન્યુ દિલ્હીની જવાહરલાલ યુનિવર્સિટીના નિવૃત્ત ઈતિહાસકાર શ્રી સર્વપલ્લી ગોપાલ (ભૂતપૂર્વ રાષ્ટ્ર પ્રમુખ ડો. રાધાકૃષ્ણ સર્વપલ્લીના પુત્ર) વગેરે અનેક ઈતિહાસકારો અને અન્ય વિદ્વાનોનું મંતવ્ય છે કે બાબરી મસ્જીદના સ્થળે અયોધ્યામાં કોઈ મંદિર ન હતું અને કોઈ રામ મંદિર ન હતું. બાબરી મસ્જીદનો ધ્વંશ એક મહાન દુર્ઘટના છે. પણ સંઘ પરિવારના હિન્દુત્વવાદીઓને ઈતિહાસ (સત્ય) સાથે કશી લેવા-દેવા નથી. તેઓનું ધાર્મિક ઝનૂન તેઓ માટે બસ છે.

જૈનો અને બૌદ્ધોના દેરાસરો, સ્તુપો, અને મઠોનો નાશ કરનારા આર્યોના વંશજો મુસ્લિમોની મસ્જીદ અને મકબરાનો ધ્વંશ કરી રાજીરેડ થાય છે. પરધર્મીઓના ધર્મસ્થળોમાં ઘુસી જઈ તેને ભ્રષ્ટ કરી શકે છે. કાશી અને મથુરાની મસ્જીદો સહિત દેશની ચાર હજાર મસ્જીદોના ધ્વંશ માટે જાહેરાત કરી શકે છે શીખોના સુવર્ણ મંદિરને ભ્રષ્ટ કરી શકે છે. મુસલમાનોના જગ વિખ્યાત દેવબંદ અને લખનૌના દારૂલ ઉલૂમો (વિદ્યાપીઠો)માં આતંકવાદીઓની તપાસના બહાને પોલીસ દરોડા પાડી શકે છે. કશું જ વાંધાજનક હાથ ન લાગતાં કોઈ શરમ આવતી નથી. પણ જુઠાણાનો પ્રચાર ચાલુ જ રહે છે. તેઓને ઉર્દુ ભાષા પ્રત્યે ધૃણા છે. તેને લગભગ મૃત્યુ પ્રાય બનાવી દીધી. જામીયહ મિલ્લીયહ અલીગઢ અને હેદ્રાબાદની મુસ્લિમ યુનિવર્સિટીઓનું હિન્દીકરણ (કે હિન્દુકરણ ?) કરી તેની ઈસ્લામીક વિશિષ્ઠતા નાબૂદ કરી. પણ બનારસ હિન્દુ વિદ્યાપીઠ અકબંધ ! વાહ રે બિન સાંપ્રદાયિકતા !

રંગ ઉપવનમાં તો વિવિધ રંગોના ફુલોની શોભા અને સુવાસ હોય. વિવિધ સંસ્કૃતિઓના સહ-અસ્તિત્વથી સમાજ અને દેશ શોભે. બધા હળી મળીને શાંતિમય જીવન ગુજારે અને પ્રગતિ કરે. કેટલું સરસ ! આજના જમાનામાં કોઈ દેશમાં ફક્ત એકજ પ્રજા રહેતી નથી. વિવિધ જાતિઓ લગભગ બધા જ દેશોમાં વસવાટ કરે છે. પણ કોઈ સંઘર્ષ નથી. ફક્ત ભારત જ એવો દેશ છે કે જ્યાં લઘુમતીઓ અને ખાસ કરીને મુસ્લિમો અને તેઓની સંસ્કૃતિનું અસ્તિત્વ હિન્દુત્વવાદી સંઘ પરિવારને આંખમાં કણાંની જેમ ખટકે છે. મુસલમાનોએ રાજ કરેલું. ભાગલા પછી પણ તેઓ ભારતમાં રહે છે. તેઓને ઈસ્લામનો "ભય" ડરાવે છે એટલે મુસલમાનોને રંજાડવા એજ તેઓના રાજકારણનો ધ્યેય છે. આ આર્ય સભ્યતા અને સજ્જનતા છે !

હવે મનુકોડવાળાને "મુસ્લિમ પર્સનલ લૉ" નાબુદ કરવાનો અભરખો છે. દુનિયાભરમાં વિવિધ ધર્મોના અનુયાયીઓ એક મેકના ધર્મની બાબતોમાં ડખલગીરી કરતા નથી. તેઓ શાંતિમય જીવન ગુજારે છે. પણ ભારતમાં તો મુસલમાનોની કનડગત કરવાની નીતિ અનુસરવામાં આવે છે. મુસ્લિમ પર્સનલ લૉ નાબુદ કરવા તેઓ પ્રયત્નશીલ છે. દુનિયાભરમાં ઈસ્લામી શરીઅત જેવો કોઈ કોડ નથી. જો સમાન સિવિલ કોડનો હેતુ પુરો પાડવો હોય તો મુસ્લિમ શરીઅત તે જરૂરિયાત બહુ સારી રીતે પુરી કરી શકે. પણ તેમ નહી થાય. હિન્દુ કોડ મુસ્લિમોને લાગુ પાડો. હિન્દુ કોડ હિન્દુ સ્ત્રીઓનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગયો છે. મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓનું જે સ્વમાનભર્યું સ્થાન છે અને તેણીઓને જે હકો ઈસ્લામે આપેલા છે તેવા હકો પરધર્મી - ખાસ કરીને હિન્દુ સ્ત્રીઓના નસીબમાં નથી. તેથી દહેજના પ્રશ્ને હિન્દુ સ્ત્રીઓ આપઘાત કરવા પ્રેરાય છે. મુસ્લિમ સમાજમાં "તંદુરી" બનાવ બનતા નથી. ભલે ગરીબી અને મુફલીસી હોય. હિન્દુતત્વવાદીઓએ તો હિન્દુ ધર્મની સુધારણા માટે પ્રયત્ન કરવા જોઈએ. પણ તેઓ તો મુસલમાનોની સામાજિક અને ધાર્મિક બાબતોમાં નાહક માથું મારે છે. મુસલમાનોને રંજાડીને રાજીરેડ થાય છે. હિન્દુઓ પ્રથમ પોતાનું ઘર સંભાળે અને સુધારે. સેવા હિન્દુ ધર્મ અને સમાજની કરે. પણ તેઓ મોહંમદ પયગંબર(સલ.) અને મુસલમાનોની નિંદા- નાલેશીના જુઠા પ્રચારમાં તેઓ મગ્ન છે.તે માટે જાહેર પ્રચાર માધ્યમોનો છુટથી ઉપયોગ થાય છે.

ઈસ્લામ ધર્મ અને ઈતિહાસનું જ્ઞાન ન હોવા છતાં પોતાને વિદ્વાનો સમજી ઈસ્લામ, પયગંબર મોહંમદ (સલ.) અને મુસલમાનો વિરૂદ્ધ ગંદા લખાણો અને ભાષણો દ્વારા મુસલમાનોની લાગણી દુભાવવામાં આવે છે.

"અલ્લાહ દેવ છે. કાબા શિવનું મંદિર હતું. પયગંબર મોહંમદના માતા-પિતા હિન્દુ હતા. પયગંબર મોહંમદ ચારિત્ર્યહીન લુટારા હતા. મુસલમાનોનો ખૂની ઈતિહાસ છે. વગેરે" માનસિક સમતુલા ગુમાવીને અશ્લિલ ભાષામાં બકવાસ કરવો વિદ્વાન તો શું સામાન્ય માનવી માટે પણ શોભાસ્પદ નથી.

અલ્લાહ દેવ નથી; દેવતા નથી. અલ્લાહ પરમેશ્વરનું અરબી ભાષી નામ છે. પયગંબર મોહંમદ મહાન ઈશદૂત હતા.તેઓ સદ્‌ગુણોના નમૂના હતા. તેમણે લુંટ, ચોરી તો શું બીજાની માલીકીનું એક ઘુંટ પાણી પણ તેના માલિકની રજા વગર પીધું ન હતું . દિવસો સુધી તેમના ઘરમાં ચુલો સળગતો ન હતો. તેમણે તેમના

માતા-પિતા અને તેમના હાશીમી ખાનદાનના કોઈ પણ માણસે કદાપિ મૂર્તિપુજા કરી ન હતી. કાબા શિવ મંદિર હતું એવો કોઈ ઐતિહાસિક પુરાવો નથી. કાબા અલ્લાહનું સૌ પ્રથમ ઘર છે. મક્કા અને મદીના મુસ્લિમોના પવિત્ર તિર્થધામો છે. મુસલમાનોના હૈયામાં આ બંને શહેરોમાં આવેલા - કાબા, મસ્જીદે હરામ, મસ્જીદે નબવી અને પયગંબર મોહંમદ (સલ.)ની આરામગાહ માટે અનહદ પ્રેમ છે. જેમ હિન્દુઓ - ગમે તે દેશના નાગરિકો હોય તો પણ તેઓ અયોધ્યા, કાશી અને મથુરા માટે પ્રેમભાવ રાખી શકે તો મુસલમાનો મક્કા અને મદીના માટે પ્રેમભાવ રાખે તો તેમાં ખોટું શું ? ધર્મ પ્રેમને રાષ્ટ્રિય સીમાડા હોતા નથી. ઈસ્લામ અને પયગંબર મોહંમદની નિંદા-નાલેશી ઈશદ્રોહ છે. તેઓની માનસિક દુષ્ટતાનું આ લક્ષણ છે.

દક્ષિણપંથી સંઘ પરિવારની રાજ્ય સરકારો મુસલમાનો પર ખોટા ખરા આક્ષેપો હેઠળ જેલમાં પુરી કેસો ઊભા કરી મુસલમાનોને રંજાડે છે. જેથી મુસલમાનોનું મનોબળ તૂટે. આ કપરા દિવસો પણ વીતી જશે. જુલ્મ પર દુનિયા હંમેશા નભતી નથી.

મુસલમાનો અલ્લાહથી ડરે. શિસ્તમય, સંસ્કારી અને સદ્ગુણી જીવન જીવે. ભલે ગરીબી હોય. એક ઈમાનવાળો અલ્લાહનો બંદો અલ્લાહની દષ્ટિમાં ઉચ્ચ દરજ્જો ધરાવે છે. કારણ કે તેના દિલમાં ઈમાન છે તે મુસ્લિમ છે. ઈમાનના બળે તે જીવે છે. મુલક અલ્લાહનો છે. તે ચાહે તેને સત્તા આપે અને લઈ લે. કાળચક્રને ફરી જતાં વાર લાગતી નથી. આજે સત્તાસ્થાને છો તો મુસલમાનોને રંજાડી રાજી થાઓ. દુષ્ટ લોકોનો આવો જ તરીકો હોય છે. મુસલમાનો પાસે ઈમાનનું મનોબળ છે. જે એક મહાન શકિતનું સ્ત્રોત છે. મુસલમાનો પોતાનું ઈમાન, આગવું અસ્તિત્વ અને ઈસ્લામી સંસ્કૃતિ પ્રતિકૂળ સંજોગોમાં પણ જાળવી રાખશે ઈન્શાઅલ્લાહ. અલ્લાહ બેલી કાફી છે.

"તવહીદ કી અમાનત હૈ હમારે સીનેમેં
આસાં નહી હે મીટાના નામોનિશાં હમારા"

પરધર્મીઓને ભલે ન ગમે પણ ઈસ્લામનો દિવ્ય પ્રકાશ (અલ્લાહનું નૂર) સંપૂર્ણ થઈનેજ રહેશે. અલ્લાહનું વચન સત્ય છે. ભારતના મુસલમાનો ચિંતીત છે પણ અલ્લાહની કૃપાથી નિરાશ નથી. Ismamic Fundamentalism મુસલમાનોનો આદર્શ છે. તેઓને દઢ મનોબળ આપતી આધ્યાત્મિક પ્રેરણા છે. અને વિશ્વ મુસ્લિમ બીરાદરીની અતૂટ કડી છે. Pan Islamism નો પાયો Islamic Fundamentalism પર રહેલો છે. તેનો ઉદ્દેશ મુસલમાનોને ઈસ્લામનું ધર્મશિક્ષણ જીવન આચરણમાં મુકી નેક બને; એક બને. અલ્લાહના આજ્ઞાંકિત બંદા અને મોહંમદ (સલ.)ના સાચા અનુયાયી તરીકે જીવન જીવે. તો અલ્લાહની મદદ તેઓ સાથે હશેજ. મુસલમાનો એક અલ્લાહની બંદગી કરે છે અને તેનીજ મદદની યાચના કરે છે.

★ ★ ★

લેખક પરિચય

લેખક ઈતિહાસ, રાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રના વિષયોમાં ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ છે. તેઓ ઉપરોકત વિષયોના અભ્યાસ, વાંચન અને સંશોધનમાં વ્યસ્ત રહે છે. ધર્મશાસ્ત્રોના તુલનાત્મક અભ્યાસનો તેમનો ખાસ શોખ છે.

તેઓ કાઝી શહાબુદ્દીન મેરીટ સ્કોલર હતા. નવસારીની ગાર્ડા કોલેજમાં અભ્યાસ કરી મુંબઈ યુનિવર્સિટીની બી.એ., (ઓનર્સ સ્પેશીયલ) ની ઉપાધી મેળવી તેમણે સર સી. જે. એન્ડ મદ્રેસા (હાઈસ્કૂલ), નવસારીમાં શિક્ષક તરીકે સાત વર્ષ સેવા આપી હતી. આ સમય દરમ્યાન મુંબઈ સરકારે તેમની માધ્યમિક શાળાંત પરીક્ષાના નવસારી કેન્દ્રના સુપરવાઈઝર અને ગુજરાત સરકારે ચેરીટી કોર્ટના માનદ્ એસેસર તરીકે નિમણુંક કરી હતી. યુવાન વયમાં તેમણે આ કાર્યોમાં બહુ ઉત્સાહપૂર્વક ફરજ બજાવી હતી.

ઈ. સ. ૧૯૫૭માં ટાંઝાનીઆ ગયા અને આગાખાન સ્કુલમાં શિક્ષક અને હેડમાસ્તર તરીકે કામ કર્યું હતું. યુનિવર્સિટી ઓફ દારેસલામના Extra Mural Department ના મોરોગોરો ખાતે અર્થશાસ્ત્રના માનદ્ લેકચરર તરીકે પણ સેવા આપી હતી.

ઝાંબીઆના પાટનગર લુસાકામાં પ્રખ્યાત ડેવીડ કઉન્ડા સેકન્ડરી સ્કૂલમાં ઈતિહાસ વિભાગના વડા હતા. તેમણે કેમ્બ્રીજ પરીક્ષાના અંગ્રેજી અને ઈતિહાસના વિષયોના પરીક્ષક અને મોડરેટર તરીકે કામ કર્યું હતું. યુનિવર્સિટી ઓફ ઝાંબીઆના ઈતિહાસના ગ્રેજ્યુએટોને ટીચર્સ ટ્રેઈનીંગની માનદ્ સેવા આપી હતી.

તેઓ અંગ્રેજી અને ગુજરાતી ભાષી લેખક છે. તેમના લેખો અભ્યાસપૂર્ણ હોય છે. તેમણે કેટલાક પુસ્તકો લખ્યાં છે.

તેઓ નિવૃત્ત જીવનમાં માનવ સેવા, વાંચન અને લેખન કાર્યોમાં કાર્યરત રહે છે.

: લેખકનું સરનામું :

બારોલીઆ, તા. ચીખલી, જિ. વલસાડ,

ગુજરાત - ભારત

પીન કોડ ૩૯૬૪૩૦

દિવ્ય પ્રકાશ

વિષય સૂચિ

પ્રસ્તાવના

ઈસ્લામ અરબી શબ્દ છે. જેનો અર્થ આજ્ઞા પાલન, આધિનતા, અને તાબેદારીનો થાય છે. કુર્આનની પરિભાષામાં ઈસ્લામ તે આકાશી ધર્મનું નામ છે. જે નબીઓ (ઈશદૂતો) મારફત અલ્લાહ તરફથી આવ્યો.

સમગ્ર માનવજાતના પિતામહ હઝ. આદમ (અલ.)થી આ ક્રમ શરૂ થઈ અંતિમ પયગમ્બર (સંદેશ વાહક) હઝ. મોહમ્મદ (સલ.) ઉપર પૂર્ણ થયો. એટલે જ દરેક નબીના નબુવ્વત યુગમાં તેના વડે આવેલ દીન (ધર્મ)ને ઈસ્લામ કહેવાતો હતો. અને દરેક તે વ્યકિત જે એ ધર્મને આધિન હોય તે મુસ્લિમ કહેવાવાની હકદાર હતી. પરંતુ છેલ્લે જ્યારે આ ક્રમ અંતિમ નબી ઉપર આવી થંભી ગયો તો સત્ય ધર્મ આપના વડે મોકલવામાં આવેલ ધર્મનું નામ બની ગયો અને માત્ર તેને જ ઈસ્લામનું બિરૂદ આપવામાં આવ્યું. હવે ઈસ્લામ માત્ર તે જ ધર્મનું ના છે અન્ય કોઈ દીન ઉપર એ બોલાશે નહિ. અને હવે કોઈ અન્ય દીન (ધર્મ)ના અનુયાયીઓને મુસ્લિમ કહેવાય નહિ.

ખુદાએ પાક તરફથી છેલ્લું ૯, ઝીલ્હજ હિજરી દસ, જુમ્મઅહના દિવસે એલાન કરી દેવામાં આવ્યું :

"આજના દિવસે મેં તમારો દીન (ધર્મ) તમારા માટે સંપૂર્ણ કરી આપ્યો અને પોતાની નિઅમત પૂર્ણ કરી આપી. અને તમારા માટે ઈસ્લામને જ દીન રૂપે પસંદ કર્યો." (સુ. માઈદહ)

હઝ. મુહમ્મદ (સલ.) તો ઈસ્લામના હજારો પયગમ્બરો (સંદેશ વાહકો) પૈકીના અંતિમ પયગમ્બર (સંદેશ વાહક) છે. મુસ્લિમો આપનું અનુકરણ કોઈ પક્ષપાતને લઈને નહિ બલ્કે અલ્લાહના અંતિમ પયગમ્બર (સંદેશ વાહક) હોવાને લઈ કરે છે. માનવજાતિના માર્ગદર્શન માટે ઈસ્લામનો સૌ પ્રથમ સંદેશ હઝ. આદમ દ્વારા માનવ જાતિમાં ફેલાયો. એમણે સૌ પ્રથમ પોતાના સંતાનોને એક અલ્લાહની આજ્ઞાપાલનનું શિક્ષણ આપ્યું. વિવિધ યુગમાં, વિવિધ પ્રદેશોમાં ખુદા તરફથી અનેક સંદેશ વાહકો આવ્યા અને સૌએ માનવજાતને ખુદાઈ - આજ્ઞાપાલન અને તાબેદારીનો સંદેશ આપ્યો.

હઝ. મુહમ્મદ (સલ.) દ્વારા અલ્લાહે ઈસ્લામને પરિપૂર્ણ સ્વરૂપ આપી દીધું. અને કયામત સુધીની માનવજાત માટે આપનું અનુસરણ ફરજિયાત ઠેરવી દીધું. માણસ પ્રાકૃતિક રીતે જ પોતાની હકીકતની શોધમાં છે. આ સૃષ્ટીમાં મનુષ્ય પોતે કોના માટે અને કયાંથી આવ્યો છે અને એણે કયાં જવાનું છે, માનવ જીવનનો હેતુ શું છે ? અને માણસને આ ભૌતિક સાધનો કોણે આપ્યાં ? તે બતાવનાર માધ્યમ અને વ્યકિતત્વ એ જ પયગમ્બર (સંદેશ વાહક) અને રસુલ (ઈશદૂત).

ઈસ્લામનો કોઈ ખાનદાન વંશ કે દેશ સાથે કોઈ ખાસ પ્રકારનો સંબંધ નથી. કોઈ ચોક્કસ યુગ કે સમાજ પૂરતો એ મર્યાદિત નથી. ઈસ્લામ તો સમગ્ર માનવકુળ માટે જાહેર આમંત્રણ છે, જે દરેક વ્યકિતને પોતાની જાત અને સ્વભાવ સાથે ન્યાયપૂર્વક વર્તવાનું આહ્વાન આપે છે.

સૃષ્ટિના સર્જનહારે હઝ. મુહમ્મદ (સલ.)ના માધ્યમથી માનવજાતીના માર્ગદર્શન માટે જે જીવન બંધારણ આપ્યું તે બંધારણ એક પરિપૂર્ણ અને સર્વગ્રાહી છે. તેના સિદ્ધાંતો એટલા ગતિશીલ છે કે સમયના બદલાતા જતા વહેણ સાથે સરળતાપૂર્વક અનુકૂળતા સાધી લે છે. અને દરેક યુગ માટે અમલપાત્ર બની રહે છે. એના આદેશો માનવ જીવનના તમામ વિભાગો અને તેના તમામ પાસાઓને સાંકળી લે છે. માનવ જીવનનું કોઈ નાનું પાસું પણ આ જીવન બંધારણની પકડથી બહાર રહી નથી શકયું.

ઈસ્લામનું ચિરંજીવ અને સર્વગ્રાહી માળખું અત્યંત ટકાઉ હોવાનું મૂળભૂત કારણ પણ એ જ છે કે એના સિદ્ધાંતો અને બંધારણ બુદ્ધિગમ્ય અને દલીલબધ્ધ હોવાની સાથે સરળ અને ગતિશીલ છે. માનવ જીવનમાં ઉદ્ભવતા વિવિધ સંજોગોને પોતાના સાંચામાં ઢાળવા માટે સક્ષમ છે. અને સામાજિક મૂલ્યોમાં જોવા મળતી ઊંચ-નીચની જગ્યાએ સમતુલા સ્થાપવાની કુશળતા ધરાવે છે. ઈસ્લામની આ જ વિશેષતા છે, જેને લઈ એ અન્ય ધર્મો ઉપર સર્વોપરિતા ભોગવે છે. અને ઈસ્લામની આ ખૂબી જ એના વિરોધીઓ અને શત્રુઓને એના પ્રારંભિક કાળથી ખટકી રહી છે. અને તેઓ વિવિધ ષડયંત્રો અને ચાલબાજીઓ દ્વારા

ઈસ્લામ રૂપી આ પ્રકાશથી માનવજીવનને પ્રકાશિત થતું રોકવા માટે અડચણો ઊભી કરતા આવ્યા છે. આ સિલસિલો તે દિવસથી અવરિત રૂપમાં ચાલી રહ્યો છે જે દ્વિસે અલ્લાહના અંતિમ પયગમ્બર (સંદેશ વાહક) હઝ. મુહમ્મદ (સલ.)એ સફા પર્વત ઉપર ઊભા રહી સમગ્ર કુરૈશને અલ્લાહનો સંદેશ સંભળાવ્યો કે, અય લોકો ! લાઈલાહા ઈલ્લલ્લાહ કહો, સફળતા પામશો અને આપના આ આમંત્રણના જવાબમાં આપના કાકા અબુ લહુબે એવું કહી અડચણ ઊભી કરી કે તારૂં સત્યાનાશ થાય. શું આટલા માટે અમને ભેગા કર્યા હતા.

સને લહકાર રહા હૈ અઝલ સે તાઈમરોઝ

ચીરાગે મુસ્તફવી સે શરારે બુલહબી

પરંતુ અબુ લહબની આ ગતિવિધિઓથી ડરી કે નાસીપાસ થઈ આપે (સલ.) પોતાની જવાબદારી અને ફરજ અદા કરવાનું છોડયું નહિ. બલ્કે દિવસે - દિવસે અબુ લહબના સમૂહમાં વધારો થતો રહ્યો અને અડચણો ઊભી કરવા માટે તે યુગની સાધન સંપત્તિથી સજ્જ એક મહાન જૂથ ઊભું થઈ ગયું. પરંતુ આપ (સલ.) પણ પોતાની ફરજ પ્રત્યે એટલા જ અડગ રહ્યા કે એક સમયે જ્યારે આપના સૌથી મોટા સહાયક અને પીઠબળ પૂરૂં પાડનાર આપના કાકા અબુ તાલીબે કુરૈશના પ્રતિનિધિ મંડળ તરફથી રજૂ કરવામાં આવેલ લાલચ અને પ્રલોભન પ્રતિ આપનું ધ્યાન દોર્યું તો આપે સ્પષ્ટ શબ્દોમાં સુણાવી દીધું કે સોગંદ છે તે અલ્લાહના, જેણે મુહમ્મદ (સલ.)ને પોતાના રસુલ (ઈશદૂત) બનાવી મોકલ્યા. અગર મારી એક મુઠ્ઠીમાં સૂર્ય અને બીજી મુઠ્ઠીમાં ચંદ્ર લાવીને આપી દેવામાં આવે તો પણ મુહમ્મદ (સલ) તે કામ નહિ છોડે જેના માટે અલ્લાહે એમને મોકલ્યા છે. ત્યાં સુધી કે તે કામ પૂર્ણ કરૂં અથવા એમાં જ ખપી જાઉ.

અને તે દિવસથી આજ પર્યંત શત્રુઓ અને વિરોધીઓ પોતાની સંપૂર્ણ શકિત અને સાધનો વડે ઈસ્લામના આ પ્રકાશને અવરોધવા માટે એડી-ચોટીનું જોર લગાવી રહ્યા છે. જેનો આછો ચિતાર આ પુસ્તકના છેલ્લા પ્રકરણમાં જોવા મળશે. પરંતુ ઈસ્લામના સાચા અનુયાયીઓ પોતાના પ્રાણપ્રિય પયગમ્બર (સલ.)ના સાચા અનુકરણનો દાખલો પૂરો પાડતા આવ્યા છે. આજે જ્યારે ચારે તરફથી ઈસ્લામ અને તેના આદેશો સિદ્ધાંતો ધર્મ ચિહ્નો (કુર્આન, કા'બા, નબી) ઉપર અણછાજતા ખંડાત્મક શબ્દ પ્રયોગો વડે ટીકા જ નહિ બલ્કે તેઓનું ઘોર અપમાન કરવામાં આવી રહ્યયું છે. તેના પ્રત્યુત્તરમાં એ જ શૈલી અપનાવવાને બદલે ઈસ્લામે આ ટાણે જે માર્ગ ચીધ્યો છે તે અપનાવી ઈસ્લામની ખૂબીઓ પ્રતિ માનવજાતિનું ધ્યાન દોરવાની જરૂરત હતી. આજે પણ વિશ્વમાં એવા બુદ્ધિશાળીઓ છે જેઓ કોઈનું આંધળું અનુકરણ કરી કોઈ વ્યકિત અથવા ધર્મ કે જનસમૂહ માટે કોઈ અનુમાન કાયમ નથી કરતા. બલ્કે વાસ્તવિકતા અને હકીકતને પારખી તેના ઉપર સંપૂર્ણ વિચાર-વિમર્શ કરી નિર્ણય લે છે. એવા લોકો માટે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.વાંચો અને વિચારો અને પછી ઈસ્લામ ધર્મની સીધી જ જાણકારી મેળવવા પ્રયત્ન કરો. આજે પ્રચાર અને પ્રોપેગન્ડાનું જોર એટલું બધું છે કે લોકો એના વડે સત્યને અસત્ય અને પ્રકાશને અંધકાર બતાવી માનવજાત ઉપર કુઠારાઘાત કરી રહ્યા છે. ઈસ્લામ બાબત પણ કાંઈક એવું જ છે. કોઈ ધર્મ સાથે આટલો મોટો અન્યાય અને તેના ઉપર આવો મહાન અત્યાચાર નથી થયો, જેટલો ઈસ્લામ ઉપર થયો અને થઈ રહ્યો છે.

માનવંત બિરાદર જ. હસન મુસા રાવત સાહબે આ પુસ્તક વડે ઈસ્લામ ધર્મ સાથે થતા આ અન્યાય અને અત્યાચારને દૂર કરવાની જે કોશિશ કરી છે તે બિરદાવવા લાયક છે. અમારા દેશ બાંધવો અને હિન્દુ ભાઈઓને નમ્ર અપીલ કરૂં છું કે, તેઓ કોઈના ભ્રામક પ્રચારનો ભોગ ન બનતાં વાસ્તવિક રૂપમાં ઈસ્લામ ધર્મથી પરિચય મેળવે. ઈસ્લામ ધર્મમાં કોઈ વસ્તુ છુપાવવામાં નથી આવી, તેનું તમામ સાહિત્ય દરેક વ્યકિત માટે હર ઘડી પ્રાપ્ય છે. દરેક વ્યકિતને જોઈએ કે ઈસ્લામ માટે કોઈ પણ મત અન્ય કોઈના માધ્યમથી નહિ બલ્કે સીધે સીધું ઈસ્લામનું વાંચન કરી કેળવે.

જમીઅતે ઉલમા, વલસાડ જિલ્લાએ આ પુસ્તકને વાંચકો સમક્ષ રજૂ કરી પોતાની એક ફરજ બજાવવાની અલ્પ કોશિશ કરી છે. અલ્લાહ તઆલા લેખક અને પ્રકાશક બન્નેવની મહેનતોને કબૂલ ફરમાવી સમગ્ર માનવ જાતિ માટે ફળદાયી બનાવે. (આમીન)

વસ્સલામ

અહમદ ખાનપુરી